દૈનિક મુંબઈ સમાચાર
૨૦૫ વર્ષ
સૌરાષ્ટ્ર આવૃત્તિ
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 179 ■ વિક્રમ સંવત ૨૦૮૨
આષાઢ વદ-૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 30 July 2026, Thursday ■ REGD.No. MCS/058/2018-20
ગુરુવાર, ૩૦ જુલાઈ ૨૦૨૬ (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
લાડકી પૂર્તિ ૮ ૯ ૧૦
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# અમિત શાહને ઈશારે વિદ્યાર્થીઓ પર દમનઃ રાહુલ

## કૉંગ્રેસના નેતાએ લોકસભામાં ઈડિયટ અને અંધભક્ત શબ્દ વાપરતા ભારે હોબાળો

નવી દિલ્હીઃ લોકસભામાંના વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ બુધવારે આક્ષેપ કર્યો હતો કે કેન્દ્રના ગૃહ પ્રધાન અમિત શાહે પોલીસને વિદ્યાર્થીઓ પર અત્યાચાર ગુજારવા પરવાનગી આપી હતી. આ ઉપરાંત રાહુલ ગાંધીએ એક વિદ્યાર્થી સાથેની વાતચીતને આધારે સ્ટૂડન્ટ, ઇડિયટ અને અંધભક્ત શબ્દનો ઉપયોગ કરતા લોકસભામાં જબરજસ્ત ધમાલ થઈ હતી. રાહુલે કહ્યું હતું કે, કેટલાક લોકોનું એક જૂથ છે જેને લાગે છે જ્ઞાન તેમનામાંથી જ આવે છે અને તેઓ પોતાને ભગવાન માને છે. આવા લોકો ઇડિયટ કહેવાય છે.

સંસદીય બાબતોના પ્રધાન કિરણ રિજિજુએ રાહુલ ગાંધીના આ નિવેદન સામે વાંધો ઉઠાવ્યો હતો અને તેમની પાસે માફીની માગણી કરી હતી. અંતે રાહુલે એવી સ્પષ્ટતા કરવી પડી હતી કે પોતે સત્તાપક્ષની કોઈ વ્યક્તિને ઇડિયટ નથી કહી. જોકે બહુ હોબાળા પછી ઇડિયટ અને અંધભક્ત શબ્દોને લોકસભાના રેકોર્ડમાંથી છેકી નાખવામાં આવ્યા હતા.

પછીથી લોકસભામાં બોલતા કેન્દ્રીય પ્રધાન જિતેન્દ્ર સિંહે જણાવ્યું હતું કે, ગોળીઓ ચલાવાઈ જ નથી તો આદેશનો સવાલ જ નથી ઊભો થતો. આદેશ આપવાનો અધિકાર મેજિસ્ટ્રેટને પાસે હોય છે, પ્રધાન પાસે નહીં.

પરીક્ષાના પેપર ફૂટતા રોકવા માટે સજા અને દંડની વિવિધ જોગવાઇ ધરાવતા સુધારિત ખરડા પર લોકસભામાં ચર્ચા દરમિયાન કૉંગ્રેસના નેતાએ કરેલા આક્ષેપને પગલે ભારે ધાંધલ-ધમાલ થઇ હતી. રાહુલ ગાંધીએ ભાજપના ટેકેદારોને 'અંધભક્ત' (જુઓ પાનું ૨) ▸▸



### રાહુલ જૂઠું બોલે છેઃ ભાજપ

નવી દિલ્હીઃ કેન્દ્રના ગૃહ પ્રધાન અમિત શાહે વિદ્યાર્થીઓ પર અત્યાચાર અને ગોળીબાર કરવા પોલીસને પરવાનગી આપી હોવાનું અને શાહ ડરના માર્યા ૩૦ કારના કાફલા સાથે ફરતા હોવાનું કહેતા કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધીના આક્ષેપને ભાજપે પાયાવિહોણો અને ખોટો ગણાવ્યો હતો અને સામો આક્ષેપ કર્યો હતો કે લોકસભામાંના વિપક્ષના નેતા રાજકીય હેતુસર જૂઠું બોલે છે.

અહીં આવેલા ભાજપના વડા મથક ખાતે ભાજપના પ્રવક્તા સંબિત પાત્રાએ પત્રકાર પરિષદમાં (જુઓ પાનું ૨) ▸▸

## હવે જન્મ-મૃત્યુનાં રજિસ્ટ્રેશનમાં વિલંબ સંબંધિત કડક કાયદો

નવી દિલ્હીઃ જન્મ અને મૃત્યુની નોંધણીમાં વિલંબ સંબંધિત કડક નિયમોને લગતો ખરડો બુધવારે લોકસભામાં રજૂ કરવામાં આવ્યો હતો.

આ ખરડામાં જન્મ કે મૃત્યુના બે વર્ષ કરતાં વધુ સમય બાદ નોંધણી કરાવનાર માટે જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ (ફર્સ્ટ ક્લાસ)ની મંજૂરી લેવાનું ફરજિયાત બનાવવામાં આવ્યું છે. ઍન્ટિ-પેપર લીક બિલને મુદ્દે ચાલી રહેલી ચર્ચા દરમિયાન ગૃહમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી ને ગૃહ પ્રધાન અમિત શાહની ગેરહાજરીને મામલે વિપક્ષના ભારે વિરોધ વચ્ચે રાજ્ય કક્ષાના ગૃહ પ્રધાન નિત્યાનંદ રાયે રજિસ્ટ્રેશન ઑફ બર્થ્સ ઍન્ડ ડેથ્સ (એમેન્ડમેન્ટ) બિલ ૨૦૨૬ લોકસભામાં રજૂ કર્યો હતો.

પ્રક્રિયાનું પાલન કરતાં સ્પીકર ઓમ બિરલાએ વિપક્ષના અમુક સભ્યોને આ ખરડાનો વિરોધ (જુઓ પાનું ૨) ▸▸

## ઈ-૨૦ના વપરાશને કારણે વાહનનાં માઈલેજ પર કોઈ અસર નહીંઃ વાહન ઉત્પાદકોની સ્પષ્ટતા

નવી દિલ્હીઃ પહેલી એપ્રિલ ૨૦૦૫થી ૨૦૧૬ અગાઉ ઉત્પાદન કરવામાં આવેલાં બીએસ-૩ વાહનોમાં ઈથેનોલ મિશ્રિત (ઈ-૨૦) ઈંધણનો ઉપયોગ કરવામાં આવતો હોય તો તેવાં વાહનોનાં રબરના પાર્ટ્સ અને ગાસ્કેટ્સ બદલવાની જરૂર પડી શકે છે, એમ સરકારે બુધવારે કહ્યું હતું. રાજ્યસભામાં લેખિત જવાબમાં રોડ, પરિવહન અને હાઈવે ખાતાના પ્રધાન નીતિન ગડકરીએ જણાવ્યું હતું કે ઈ-૨૦ના ઉપયોગથી વાહનના માઈલેજ પર થતી અસર અંગે વાહન ઉત્પાદકો અને વ્હીકલ-એન્જિન ટેસ્ટિંગ એજન્સીએ સ્પષ્ટતા કરી છે કે વાહનોનું માઈલેજ માત્ર ઈંધણના પ્રકાર જ નહીં, પરંતુ અન્ય પરિબળો પર પણ આધાર રાખે છે.

ગડકરીએ કહ્યું હતું કે ટૂ-વ્હીલર અને ફૉર-વ્હીલર પર ઈ-૨૦ ઈંધણની અસરનું મૂલ્યાંકન કરવા માટે ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિ. (આઈઓસીએલ), ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ પેટ્રોલિયમ (આઈઆઈપી)-દેહરાદૂન, સોસાયટી ઑફ ઈન્ડિયન ઑટોમોબાઈલ મેન્યુફેક્ચરર્સ (એસઆઈએએમ) અને ઑટોમેટિવ રિસર્ચ એસોસિયેશન ઑફ ઈન્ડિયા (એઆરએઆઈ) દ્વારા સંયુક્ત રીતે અભ્યાસ હાથ ધરવામાં (જુઓ પાનું ૨) ▸▸

## બંગાળની સરકારી બસના ભૂતપૂર્વ ડ્રાઈવરના ઘરેથી ૧૫ કિલો સોનું, ₹૨૦ કરોડથી વધુ રોકડા પકડાયા



સુરીઃ એન્ફોર્સમેન્ટ ડિરક્ટરેટ (ઇડી)ને પશ્ચિમ બંગાળના બીરભૂમ જિલ્લાના સુરી સદર સબડિવિઝનમાં આવેલા દેવચા ગામમાં આવેલા પશ્ચિમ બંગાળની સરકારી બસના ભૂતપૂર્વ ડ્રાઇવર મીનાર મંડલના બે માળના નિવાસસ્થાનેથી એક-એક કિલોગ્રામ સોનાની ૧૪ લગડી (બાર) એટલે કે કુલ ૧૪ કિલોગ્રામની લગડીઓ, દરેક ૧૦૦ ગ્રામ સોનાની ૧૦ બિસ્કિટ એટલે કે કુલ એક કિલોગ્રામ સોનાની બિસ્કિટ અને રૂપિયા ૨૦ કરોડથી વધુની રોકડ રકમ મળી હતી. રોકડ રકમની ગણતરી મોડી રાત સુધી ચાલુ હતી, પરંતુ તેનો આંકડો રૂપિયા ૨૦ કરોડને વટાવી ગયો હતો.

પશ્ચિમ બંગાળના ભૂતપૂર્વ પ્રધાન પાર્થ ચેટરજીના નજીકનાં સાથી અપ્રિતા મુખરજીને ત્યાંથી ચાર વર્ષ પહેલાં પકડાયેલી સંપત્તિ કરતાં આ રકમ ઘણી વધુ છે.

મીનાર મંડલ સરકારી બસના ડ્રાઇવરની નોકરી છોડીને પથ્થરનો વેપારી બની ગયો છે. તેના ઘરમાંથી અત્યાર સુધીમાં કુલ ૧૫ કિલોગ્રામ સોનું મળ્યું છે.

રોકડ રકમ અનેક બૅગમાં રખાયેલી હતી અને (જુઓ પાનું ૨) ▸▸

## થાઈલૅન્ડમાં ત્રણ પર્યટકના અપહરણ બદલ પાંચ ભારતીયની ધરપકડ

બૅંગકોકઃ થાઈલૅન્ડમાં ત્રણ ભારતીય પર્યટકનું અપહરણ કરી તેમની મુક્તિ માટે બાનની રકમ માગવા બદલ પાંચ ભારતીયની ધરપકડ કરવામાં આવી હોવાનું સ્થાનિક પ્રસારમાધ્યમના અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું.

વિદેશ જતા વિમાનમાં ડવાની રાહ જોઈ રહ્યા હતા ત્યારે બૅંગકોકના ખલૉન્ગ તાન વિસ્તારસ્થિત હૉટેલમાંથી આ પાંચેની ધરપકડ કરવામાં આવી હતી.

શંકાસ્પદોને અવતાર સિંહ (૩૮), જગજિત સિંહ (૩૮), રામબાલક કુમાર (૨૪), સુખબિર સિંહ (૩૭) અને કુલરા સિંહ (૨૭) તરીકે ઓળખી કાઢવામાં આવ્યા હતા.

શંકાસ્પદોએ તપાસકર્તાઓને જણાવ્યું હતું કે પાકિસ્તાની નાગરિકે અમને આ ત્રણેનું અપહરણ કરવાની સૂચના આપી હતી. એ લોકો એકમેકને છેલ્લા એક મહિનાથી ચૅટ ઍપ્લિકેશનથી ઓળખતા હતા.

એક અહેવાલ મુજબ કથિત માસ્ટરમાઈન્ડ દુબઈનો હોવાનું માનવામાં આવે છે અને તેણે બાનની રકમ ક્રિપ્ટો કરન્સીમાં મેળવવાની યોજના બનાવી હતી.

આ કામગીરી પતાવવા આરોપીઓને મૂલ્યવાન વસ્તુઓ, રોકડ રકમ અને થાઈલૅન્ડ છોડી જવા વિમાનની ટિકિટ આપવાનું વચન આપવામાં આવ્યું હતું.

પોલીસે સોમવારે સાંજે તેમને છોડાવ્યા તે અગાઉ ઘટનાનો ભોગ બનેલાઓને ઓછી કિંમતના સાત દિવસના પટાયા પૅકેજ મારફતે લલચાવવામાં આવ્યા હતા અને ઘરે લઈ જઈ તેમને કેદમાં રાખી તેમના પર અત્યાચાર કરવામાં આવ્યા હતા. (એજન્સી) ■

## મૃત્યુ પછી કોલસાકાંડમાંથી મનમોહન સિંહનો છુટકારોઃ કેસ સુપ્રીમ કોર્ટે બંધ કર્યો

નવી દિલ્હીઃ સર્વોચ્ચ અદાલતે કોલસાના બ્લૉક ફાળવણીનો ભૂતપૂર્વ વડા પ્રધાન (સ્વ.) મનમોહન સિંહ સામેનો કેસ બુધવારે બંધ કર્યો હતો. તેઓ ગુજરી ગયા હોવાથી તેમને અદાલતમાં બોલાવાનો આદેશ પણ રદ કરાયો હતો. મનમોહન સિંહ ૨૦૨૪ની ૨૭ ડિસેમ્બરે ગુજરી ગયા હતા અને તેઓ હવે આ ફોજદારી કેસમાંથી સત્તાવાર રીતે છૂટી ગયા છે.

દેશના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ જોયમાલ્યા બાગચી તેમ જ ન્યાયાધીશ વી. મોહનની બનેલી બૅન્ચે ભૂતપૂર્વ વડા પ્રધાન અને અન્ય આરોપીઓને નિર્દોષ જાહેર કરતો સીબીઆઇનો અંતિમ અહેવાલ સ્વીકાર્યો હતો. સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે કેસ બંધ કરવાનો સીબીઆઇનો અહેવાલ નકારવાનું આ ખટલો ચલાવનારી અદાલતના ન્યાયાધીશ પાસે કોઇ કારણ નથી. તેણે જણાવ્યું હતું કે આ કેસમાં વાદી ગુજરી ગયા હોવાથી કેસ ચલાવવો નિરર્થક છે. અમે સીબીઆઇનો કેસ બંધ કરતો અહેવાલ સ્વીકારીએ છીએ.

અગાઉ, કોલસાના ઓડિશામાં તલબીરા-ટૂ (જુઓ પાનું ૨) ▸▸

## માઓવાદી મિસિર બસરાની ધરપકડ સાથે નક્સલવાદના દૂષણનો અંતઃ ડીજીપી

રાંચીઃ ઝારખંડ, ઓડિશા અને પ. બંગાળમાં ૧૭૫ કેસને મામલે વૉન્ટેડ અને માથે ૨.૨ કરોડ રૂપિયાનું ઈનામ ધરાવતા માઓવાદી મિસિર બસરાની ઝારખંડના ધનબાદ જિલ્લામાંથી ધરપકડ કરવામાં આવી હોવાનું ડીજીપી તાડાશા મિશ્રાએ બુધવારે કહ્યું હતું.

કાર્યવાહી દરમિયાન અન્ય બે માઓવાદી મેહનાત ઉર્ફે મોચુ અને ગૌરવની પણ ધરપકડ કરવામાં આવી હતી. મેહનાતના માથે ૧૫ લાખ રૂપિયાનું ઈનામ જાહેર કરવામાં આવ્યું હતું.

આ ત્રણે કુલ ૩૨૦ કેસને મામલે વૉન્ટેડ હોવાનું તેમણે કહ્યું હતું.

આ સફળતાને તેમણે નક્સલવાદ વિરુદ્ધની કાર્યવાહીમાં મળેલી એક મહત્ત્વપૂર્ણ સફળતા લેખાવી હતી.

દેશના મૉસ્ટ વૉન્ટેડ નક્સલવાદી નેતાની ધરપકડ સાથે જ રાજ્યમાંથી નક્સલવાદનું દૂષણ લગભગ સંપૂર્ણપણે નાબૂદ થઈ ગયું હોવાનો તેમણે દાવો કર્યો હતો.

ઑપરેશન દૌરા પહાડ દરમિયાન મંગળવારે સાંજે ૬૫ વર્ષના બસરાની બારવાડ્ડા પોલીસ સ્ટેશનની હદના માનિયાદિહ વિસ્તારમાંથી ધરપકડ કરવામાં આવી હતી, એમ તેમણે કહ્યું હતું. ગિરિદિહ જિલ્લાના મદનાદિહ ગામનો રહેવાસી બસરા ટોચના મઓવાદી પોલિટબ્યૂરોનો એકમાત્ર સક્રિય સભ્ય હતો.

ઝારખંડ અને ઓડિશા સરકાર દ્વારા સંયુક્ત રીતે બસરાના માથા પર ૨.૨ કરોડ રૂપિયાનું ઈનામ જાહેર કરવામાં આવ્યું હતું. (એજન્સી) ■

## પર્યાવરણની મંજૂરી વિના શરૂ કરાતા પ્રોજેક્ટ્સની વિરુદ્ધ સુપ્રીમ કોર્ટનો ચુકાદો

નવી દિલ્હીઃ પર્યાવરણની મંજૂરી લીધા વિના શરૂ કરાયેલા પ્રૉજેક્ટ્સને બાદમાં અગાઉથી અમલી બને એ રીતે કેન્દ્ર અને અન્ય સત્તામંડળ દ્વારા પર્યાવરણની મંજૂરી આપવાની પરવાનગી આપતા ૨૦૨૧ના ઑફિસ મેમૉરેન્ડમને સર્વોચ્ચ અદાલતે બુધવારે રદ કર્યો હતો.

દેશના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ જોયમાલ્યા બાગચી તેમ જ ન્યાયાધીશ વિપુલ એમ. પંચોલીની બનેલી બૅન્ચે સર્વાનુમતે આ ચુકાદો આપ્યો હતો.

બૅન્ચે જણાવ્યું હતું કે આ ચુકાદો ભવિષ્યના પ્રૉજેક્ટ્સ માટે લાગુ પડશે અને તેથી હાલમાં પર્યાવરણના કાયદાનો ભંગ કરીને શરૂ કરાયેલા અને બાદમાં અગાઉથી અમલી બને એ રીતે પર્યાવરણની મંજૂરી મેળવનારા પ્રૉજેક્ટ્સને નહિ તોડાય તેમ જ અન્ય દંડ નહિ કરાય.

પર્યાવરણની અગાઉથી મંજૂરી લીધા વિના શરૂ કરાયેલા અને બાદમાં અગાઉથી અમલી બને એ રીતે પર્યાવરણની મંજૂરી મેળવનારા પ્રૉજેક્ટ્સમાં (જુઓ પાનું ૨) ▸▸

## સુરેન્દ્રનગરમાં તરણેતરનો મેળો ૧૪ થી ૧૬ સપ્ટેમ્બર દરમિયાન યોજાશે, તડામાર તૈયારી શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરેન્દ્રનગર જિલ્લાના તરણેતર ખાતે પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ આગામી ૧૪ થી ૧૬ સપ્ટેમ્બર, ૨૦૨૬ દરમિયાન યોજાનાર છે. આ લોકમેળા માટે તંત્ર દ્વારા તડામાર તૈયારી શરૂ કરી દેવામાં આવી છે.

ચોટીલા પ્રાંત કચેરી ખાતે જિલ્લા કલેક્ટર જી.એચ. સોલંકીની અધ્યક્ષતામાં એક ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં વિવિધ વિભાગોની તૈયારીઓની વિગતવાર સમીક્ષા કરીને જરૂરી માર્ગદર્શન અને જવાબદારીઓ સોંપવામાં આવી હતી.

આ અંગે કલેક્ટરએ જણાવ્યું હતું કે, તરણેતરના મેળામાં આવતા લાખો શ્રદ્ધાળુઓ, પ્રવાસીઓ અને સ્થાનિક લોકોને કોઈ મુશ્કેલી ન પડે તે માટે મેળા દરમિયાન રસ્તા, પાર્કિંગ, કાયદો અને વ્યવસ્થા, આરોગ્ય સેવાઓ, એમ્બ્યુલન્સ, શુદ્ધ પીવાના પાણીની વ્યવસ્થા, સ્વચ્છતા અને અવિરત વીજ પુરવઠા જેવી પ્રાથમિક સુવિધાઓને વધુ મજબૂત બનાવવામાં આવશે. તે ઉપરાંત મુલાકાતીઓની સુરક્ષા અને સલામતીને પ્રાથમિકતા આપતાં કલેક્ટરે તરણેતરના કુંડ અને તળાવ પાસે કુશળ તરવૈયાઓની તહેનાતી કરવા સૂચના આપી હતી. તળાવ અને મેળા મેદાનની સફાઈ, સ્ટેજનું રીનોવેશન, ગ્રામીણ ઓલિમ્પિક્સ, પશુ સ્પર્ધાઓ, સાંસ્કૃતિક કાર્યક્રમો અને આગંતુકોના સ્વાગત માટે યોગ્ય વ્યવસ્થા કરવા સંબંધિત વિભાગોને આદેશ આપવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, સુરેન્દ્રનગરના થાન તાલુકાના તરણેતર ગામની સીમમાં ત્રિનેત્રેશ્વર મહાદેવ મંદિરના સાંનિધ્યમાં આ મેળો યોજાય છે. તરણેતરનો મેળો ઐતિહાસિક, સામાજિક, સાંસ્કૃતિ અને આધ્યાત્મિક મહત્ત્વ ધરાવે છે. આ લોક મેળો મસ્તી, લોકગીત, દુહા અને લોકનૃત્યનો મેળો છે. તરણેતરનો મેળો ત્રીજ, ચોથ અને પાંચમ એમ ત્રણ દિવસ ચાલે છે. ■

## ભાવનગર જિલ્લા જેલના શૌચાલયમાંથી મોબાઈલ ફોન મળ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ જિલ્લા જેલમાં જેલની ઝડતી સ્કવોડ દ્વારા રાત્રિના સમયે હાથ ધરાયેલી સરપ્રાઇઝ તપાસ દરમિયાન જેલની બેરેક નંબર ૨ના શૌચાલયમાંથી સીમકાર્ડ વગરનો મોબાઇલ ફોન મળી આવતા જેલરે નિલમબાગ પોલીસ મથકમાં અજાણ્યા શખ્સ સામે ફરિયાદ દાખલ કરાવી હતી.

જાણવા મળતી વિગતો અનુસાર ભાવનગર જિલ્લા જેલમાં જેલર તરીકે ફરજ બજાવતા જયદેવસિંહ જી. ગોહિલે નિલમબાગ પોલીસ મથકમાં અજાણ્યા શખ્સ સામે ફરિયાદ નોંધાવી હતી કે, ગતરાત્રિના આશરે ૧૧ કલાકે અધિક્ષકની સૂચનાથી તેઓ તથા સ્થાનિક ઝડતી સ્કવોડ દ્વારા રાત્રિના સમયે સરપ્રાઇઝ ઝડતી કરતા જેલની અંદર જૂની બેરેક-૨ માં જતા ત્રીજા નંબરના જનરલ શૌચાલયના લોખંડના દરવાજાની ખીચીમાં છુપાવી રાખેલ બેટરી સાથે સીમકાર્ડ વગરનો એક મોબાઇલ ફોન જેલના જનરલ સુબેદાર બળદેવભાઈ કે. મીરને મળી આવ્યો હતો. જેલરની ફરિયાદના આધારે પોલીસે અજાણ્યા શખ્સ સામે ગુન્હો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી. ■

## આતંકવાદને મદદઃ ટેલિગ્રામનો સ્થાપક પાવેલ દુરોવ રશિયાના વૉન્ટેડ લિસ્ટમાં

મોસ્કોઃ રશિયાની મુખ્ય સ્થાનિક સુરક્ષા એજન્સીએ બુધવારે જણાવ્યું હતું કે મેસેજિંગ એપ્લિકેશન ટેલિગ્રામના સ્થાપક અને માલિક પાવેલ દુરોવ પર આતંકવાદને મદદ કરવાનો આરોપ મૂકવામાં આવ્યો છે અને તેમને આંતરરાષ્ટ્રીય વોન્ટેડ યાદીમાં મૂકવામાં આવ્યા છે.

રશિયામાં જન્મેલા અને કારકિર્દી શરૂ કરનારા પરંતુ પછીથી વિદેશમાં સ્થળાંતર કરનારા દુરોવ સામેના આરોપો ત્યારે આવ્યા જ્યારે રશિયન અધિકારીઓએ દેશની સૌથી લોકપ્રિય મેસેજિંગ એપ્લિકેશનોમાંની એક, ટેલિગ્રામને પ્રતિબંધિત કરી દીધી.

આ ઇન્ટરનેટને ક્રેમલિનના સંપૂર્ણ નિયંત્રણ હેઠળ લાવવાના લાંબા ગાળાના પ્રયાસનો એક ભાગ છે, જે ફેબ્રુઆરી ૨૦૨૨માં મોસ્કો દ્વારા યુક્રેન પર સંપૂર્ણ પાયે આક્રમણ શરૂ કર્યા પછી વધુ તીવ્ર બન્યું છે.

ફેડરલ સિક્યુરિટી સર્વિસ ( ૠજ્ઞ્ઇ)એ એક નિવેદનમાં ટેલિગ્રામના વહીવટ પર ''અસંખ્ય ચેનલો, ચેટ્સ અને બોટ્સ'' દૂર કરવામાં નિષ્ફળ રહેવાનો આરોપ મૂક્યો છે જેનો ઉપયોગ યુક્રેનની ગુપ્તચર એજન્સીઓ, આતંકવાદીઓ અને ઉગ્રવાદી સંગઠનો દ્વારા રશિયામાં તોડફોડ અને આતંકવાદ, સામૂહિક હત્યા અને સાયબર છેતરપિંડીના કૃત્યો તૈયાર કરવા અને સંકલન કરવા માટે સક્રિય રીતે કરવામાં આવે છે, જેના પરિણામે અસંખ્ય માનવ જાનહાનિ થઈ છે.એજન્સીએ યુક્રેનની સુરક્ષા સેવાઓ (જુઓ પાનું ૨) ▸▸

**એક્સ્ટ્રા અફેર**

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ડૉ. મનમોહનસિંહને ક્લીન ચીટઃ કોલસા કૌભાંડમાં ભીનું સંકેલાયું?

**સુપ્રીમ** કોર્ટે કોલસા બ્લોક ફાળવણી કેસમાં ભૂતપૂર્વ વડા પ્રધાન ડૉ. મનમોહનસિંહને ક્લીન ચીટ આપી એ સાથે જ ભારતના ઈતિહાસમાં સૌથી વધારે ગાજેલા એક મહાકૌભાંડની યાદ તાજી થઈ છે. સીબીઆઈ કોર્ટે ૨૦૧૫માં કોલસા કૌભાંડમાં ડૉ. મનમોહનસિંહની સંડોવણી હોવાનું સ્વીકારીને સમન્સ મોકલવા આદેશ આપ્યો હતો પણ સુપ્રીમ કોર્ટે આ આદેશને એમ કહીને રદ કરી દીધો છે કે, ડૉ. મનમોહનસિંહની સંડોવણીના કોઈ પુરાવા નથી તેથી તેમને સમન્સ ના મોકલી શકાય. સુપ્રીમ કોર્ટે ડૉ. મનમોહનસિંહ સામેની ફોજદારી કાર્યવાહી કરવાના નિર્ણયને પણ રદ કર્યો છે ને મનમોહનસિંહને સંપૂર્ણ ક્લીન ચીટ આપી દીધી છે.

ડૉ. મનમોહનસિંહ આપણી વચ્ચે નથી તેથી સુપ્રીમ કોર્ટના આદેશથી તેમને કોઈ ફરક પડવાનો નથી પણ સીબીઆઈ કોર્ટના આદેશના કારણે શરૂ થયેલી ફોજદારી કાર્યવાહી અને સમન્સના કારણે તેમના નામ બર બટ્ટો ચોક્કસ લાગી ગયો હતો. ડૉ. મનમોહનસિંહ બિચારા કોલસા કૌભાંડીનું લેબલ લઈને જીવ્યા અને ગુજરી પણ ગયા. સુપ્રીમ કોર્ટના આદેશના કારણે સિંહના નામે લાગેલું કલંક દૂર થયું છે. કોલસા કૌભાંડનો કેસ ચાલ્યા કરે ત્યારે ત્યારે ડૉ. મનમોહનસિંહનું નામ આવ્યા કરે તેથી તેમના પરિવારને પણ તકલીફ થાય જ. સુપ્રીમ કોર્ટનો આદેશ તેમના માટે સૌથી વધારે રાહતરૂપ છે. મનમોહનસિંહની દીકરીઓ પિતાના નામ પર લાગેલું કલંક ધોવાઈ ગયું તેના સંતોષ અને રાહત સાથે હવે જીવી શકશે.

ડૉ. મનમોહનસિંહને સમન્સ મોકલવવાના આદેશના મૂળમાં ૨૦૦૫માં હિન્દાલ્કોને કરાયેલી તાલાબિરા-૨ બ્લોકની ફાળવણી હતી. આ કારણે મનમોહનસિંહ સિવાય આદિત્ય બિરલા ગ્રૂપના કર્તાહર્તા કુમાર મંગલમ બિરલા, ભૂતપૂર્વ કોલસા મંત્રાલય સચિવ પી.સી. પરખ સહિત છ લોકો સામે સમન્સ નિકળ્યાં હતાં. બીજા બધા મનમોહનસિંહની સરખામણીમાં ટૂણિયાટ કહેવાય તેથી તેમની કોઈ ચર્ચા નહોતી પણ મનમોહનસિંહ બરાબરના વગોવાયા હતા. મનમોહનસિંહ દેશના વડા પ્રધાન હતા ને પહેલી વાર દેશના વડા પ્રધાન રહી ચૂકેલા માણસ સામે કોર્ટે ભ્રષ્ટાચારના કેસમાં સમન્સ કાઢ્યું તેના કારણે હાહાકાર મચી ગયેલો. મનમોહનસિંહે પોતે કોઈ ગોબાચારી નહીં કરી હોવાનું પણ કોઈ તેમની વાત સાંભળવા તૈયાર નહોતું. મીડિયાએ તો પોતાની રીતે જ ટ્રાયલ શરૂ કરીને મનમોહનસિંહ પર કોલસા કૌભાંડીનું લેબલ લગાડી જ દીધેલું. હવે આ લેબલ પણ દૂર થયું છે ને મનમોહનસિંહને કોઈ કોલસા કૌભાંડી નહીં કહી શકે.

ડૉ. મનમોહનસિંહને ક્લીન ચીટ મળી એ સુપ્રીમ કોર્ટનો આદેશ છે તેથી તેના વિશે કશું ના બોલી શકાય પણ આ ક્લીન ચીટે આપણી સિસ્ટમ કેવી બકવાસ છે એ ફરી સાબિત કરી દીધું. ડૉ. મનમોહનસિંહ ૨૦૦૪થી ૨૦૨૪ના વડા પ્રધાન હતા ત્યારે કોલસા બ્લોકની ફાળવણીમાં મોટા પાયે ભ્રષ્ટાચાર થયો હોવાના આક્ષેપો થયા હતા. આ કૌભાંડમાં બહુ બધા લોકો સામેલ હતા પણ દેશના વડા પ્રધાને પોતે ચોક્કસ ઉદ્યોગપતિઓને ફાયદો કરાવવા માટે દબાણ કરેલું એવા પણ આક્ષેપ થયા હતા. દરમિયાનમાં મીડિયામાં કોલસાના બ્લોકને મેળવવા માટે ઉદ્યોગપતિઓએ કેવા કેવા ગોરખધંધા કરેલા તેની વાતો આવવા માંડી ને તેમાં એક વાત એવી બહાર આવી કે, મનમોહનસિંહે આદિત્ય બિરલાની કંપનીને ફાયદો કરાવવા માટે ખાસ મહેનત કરી હતી.

મીડિયા રિપોર્ટ પ્રમાણે, કુમાર મંગલમ બિરલાએ હિંદાલ્કોને કોલ બ્લોક મળે એ માટે જોરદાર લોબિઈંગ કર્યું હતું ને તેમાં છેવટે પરખ સાથે ચેનલ ગોઠવી દીધી હતી. પરખે મનમોહનસિંહને સાધીને બિરલાને કોલસા બ્લોકની ફાળવણી કરાવી દીધી હતી. પ્રાઈમ મિનિસ્ટર્સ ઓફિસ (પીએમઓ)ના જોઇન્ટ સેક્રેટરી જાવેદ ઉસ્માની અને ડેપ્યુટી સેક્રેટરી કે વી પ્રતાપે પોતાના રિપોર્ટમાં બિરલાની કંપનીને કોલ બ્લોક ફાળવવા સામે ચેતવણી આપેલી પણ મનમોહનસિંહના ફરમાનથી એ ચેતવણીને ઘોળીને પી જઈને હિંદાલ્કોને કોલ બ્લોક ફાળવી દેવાયા હતા.

કોલ બ્લોકની ફાળવણીનો મામલો એ વખતે સુપ્રીમ કોર્ટમાં ગયેલો ને સીબીઆઈ સુપ્રીમ કોર્ટની નજર હેઠળ તપાસ કરતી હતી. સુપ્રીમ કોર્ટે સીબીઆઈને મનમોહનસિંહની સંડોવણી અંગે તપાસ કરવા કહેલું. મનમોહનસિંહ સત્તામાં હતા ને સીબીઆઈ તેમની તાબેદાર હતી તેથી સીબીઆઈ કોઈ પુરાવા લાવે એ વાતમાં માલ જ નહોતો. સીબીઆઈએ એ જ કરેલું ને આક્ષેપોમાં દમ નથી એવું કહીને ક્લોઝર રિપોર્ટ રજૂ કરેલો. નીચલી કોર્ટે આ વાત સ્વીકારી લીધેલી તેથી મામલો સુપ્રીમ કોર્ટમાં ગયેલો.

દરમિયાનમાં મનમોહનસિંહની સરકાર ઘરભેગી થઈ ગઈ ને મોદી સરકાર સત્તામાં આવી. કેગ દ્વારા જૂનાં મડદાં ઉખાડાયાં તેમાં કોલસા કૌભાંડને લગતી બાબતો પણ હતી. દરમિયાનમાં સુપ્રીમ કોર્ટમાં કેસ ખૂલતાં સુપ્રીમે સીબીઆઈને તતડાવી નાખી. નીચલી કોર્ટે પણ સુપ્રીમ કોર્ટના તેવર જોયા પછી સીબીઆઈના ક્લોઝર રિપોર્ટને ફગાવી દીધો. તેમાં મનમોહનસિંહ સામે સમન્સ નીકળવાનો આદેશ નીકળી ગયો. મનમોહનસિંહના વકીલો તેની સામે સુપ્રીમ કોર્ટમાં ગયા તેથી ગયા વરસે સમન્સ સામે સ્ટે મળેલો પણ તલવાર લટકતી હતી. હવે એ તલવાર દૂર થઈ ગઈ છે.

હવે સવાલ એ છે કે, ૧૦ વર્ષ પહેલાં સુપ્રીમ કોર્ટે પોતે જ મનમોહનસિંહ સામે તપાસ કરવા ફરમાન કરેલું ને સીબીઆઈને ખખડાવી નાખેલી. હવે એ જ સુપ્રીમ કોર્ટે સીબીઆઈના ક્લોઝર રિપોર્ટને માન્ય રાખીને સિંહને ક્લીન ચીટ આપી દીધી છે. વચ્ચેના ગાળામાં સીબીઆઈએ કોઈ નવી તપાસ કરી નથી કે બીજું કશું કર્યું નથી. સીબીઆઈ ૧૦ વર્ષ પહેલાં પણ મનમોહનસિંહ દૂધે ધોયેલા હતા એવું કહેતી હતી પણ કોર્ટને તેની વાતમાં ભરોસો નહોતો. હવે ૧૦ વર્ષ પછી સીબીઆઈની વાત સુપ્રીમ કોર્ટને સાચી લાગે છે એ બકવાસ ના કહેવાય તો બીજું શું કહેવાય?

મનમોહનસિંહને મળેલી ક્લીન ચીટને કારણે કોલસા કૌભાંડ અંગે જે વાતો અત્યાર સુધી ચાલી તેની વિશ્ર્વસનિયતા સામે પણ શંકા થઈ ગઈ છે. બલકે ખરેખર આવું કૌભાંડ થયું હતું કે પછી કોઈએ મીડિયાને સાધીને કોંગ્રેસ સરકારને બદનામ કરવા માટેનો કારસો કરેલો એવો સવાલ પણ થઈ રહ્યો છે. ભારતમાં એક આખી પેઢી એવું માનીને જ મોટી થઈ કે, કોંગ્રેસ સરકારે અબજોનું કોલસા કૌભાંડ કર્યું ને આ કૌભાંડીઓને ડૉ. મનમોહનસિંહે છાવર્યા હતા. હવે અચાનક ૧૦ વર્ષ પછી મનમોહનસિંહ દૂધે ધોયેલા સાબિત થઈ ગયા તેથી આ કૌભાંડના અસ્તિત્વ વિશે જ શંકા થવી સ્વાભાવિક છે.

મોદી સત્તામાં આવ્યા ત્યારે કોંગ્રેસ સરકારના શાસનમાં થયેલાં કૌભાંડોના દોષિતોને સજા કરવાની મોટી મોટી વાતો કરી હતી પણ કશું થયું નહીં. ટેલિકોમ સ્કેમ, કોલ બ્લોક સ્કેમ, જમાઈરાજ રોબર્ટ વાડરાની કબાડેબાજી સહિતના કોઈ પણ કેસમાં કોઈને સજા થઈ નથી કે સંતોષ થાય એવી કામગીરી થઈ નથી એ જોતાં આ સરકારની નિષ્ઠા સામે પણ શંકા જાગે જ છે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન-સૌર વર્ષાઋતુ, ગુરુવાર, તા. ૩૦-૭-૨૦૨૬, ઈષ્ટિ

- ભારતીય દિનાંક ૮, માહે શ્રાવણ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, આષાઢ વદ -૧
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે આષાઢ, તિથિ વદ -૧
- પારસી શહેનશાહી રોજ ૨૦મો બહેરામ, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૫
- પારસી કદમી ૧૫મો દએપમહેર, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૬
- પારસી ફસલી રોજ ૧૨મો મોહોર, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૧૫મો, માહે ૨જો સફર, સને ૧૪૪૮
- મીસરી રોજ ૧૬મો, માહે ૨જો સફર, સને ૧૪૪૮
- નક્ષત્ર શ્રવણ સાંજે ક. ૧૭-૪૪ સુધી, પછી ધનિષ્ઠા
- ચંદ્ર મકરમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મકર (ખ, જ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૬, અમદાવાદ ક. ૦૬ મિ. ૧૧, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૩, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૧, સ્ટા. ટા.
- -ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતીઃ બપોરે ક. ૧૨-૪૮, મધ્યરાત્રે પછી ક. ૦૦-૩૭
- ઓટઃ સાંજે ક. ૧૮-૫૯

વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, ‘પિંગલ’ નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, ‘પરાભવ’ નામ સંવત્સર, આષાઢ કૃષ્ણ - પ્રતિપદા. ઈષ્ટિ, સૂર્ય મહાનક્ષત્ર પુષ્યમાં, વાહન ઉંદર.

- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા વિશેષરૂપે, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, ગુરુ-ચંદ્ર દેવતાનું પૂજન, આંકડાના વૃક્ષનું પૂજન, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, પરદેશગમનનું પસ્તાનું, પરગામ પ્રયાણ મધ્યમ, વાહન, સવારી, દુકાન, માલ લેવો, બાળકને અન્નપ્રાશન, નામકરણ દેવદર્શન, રાજ્યાભિષેક, પાટઅભિષેક પૂજા, વૃક્ષ વાવવા, ધજા-કળશ પતાકા ચઢાવવી, વસ્ત્ર, આભૂષણ, શાંતિ પૌષ્ટિક, સર્વશાંતિ, ધાન્ય ભરવું.
- આચમનઃ ચંદ્ર-શનિ અર્ધત્રિકોણ કામમાં સતત પ્રવૃત્ત રહે.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-શનિ અર્ધત્રિકોણ
- ગ્રહગોચરઃ સૂર્ય-કર્ક, મંગળ-વૃષભ, માર્ગી બુધ-મિથુન, માર્ગી ગુરુ-કર્ક, શુક્ર-સિંહ, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચ્યુન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

**મુખ્બિરે ઈસ્લામ**

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

# હઝરત અલી અલૈહિ સલ્લામની અદાલતઃ એક ખૂનીને જ્યારે ‘માફી’ અપાઈ

**સાદગીના** શહેનશાહ, ઈલ્મોજ્ઞાનના ભંડાર હઝરત અલી અલૈયહિ સલ્લામના ઈન્સાફનું ઉમદા દૃષ્ટાંત રજૂ કરતો, ખિલાફત (સત્તા-વહીવટ) કાળમાં બનેલ એક ખૂનના આરોપ માટે બે વ્યક્તિ દ્વારા કરવામાં આવેલ એકરારનો અજીબોગરીબ પ્રસંગ આજના અરાજકતાભર્યા સમયમાં ન્યાય કરનારાઓ માટે પ્રેરણાદાયી હોઈ, શેરે ખુદા, ઈમામે આદિલ, સચ્ચાઈ અને સાદગીના માલિક હઝરત અલી અલૈયહિ સલ્લામે નિર્દોષને કઈ રીતે ન્યાય આપ્યો તે અંગે લેખના આ બીજા ભાગમાં જાણીશુંઃ

અસલ હત્યારો પોતે હોવાની કબૂલાત કરનાર શખસની વાત સાંભળી ખલીફતુલ મુસ્લેમીન હઝરત અલી અલૈયહિસલ્લામે ખરા ખૂનીને ફરમાવ્યુંઃ એ તો પુરવાર થઈ ગયું છે કે ખૂન તમે જ કર્યું છે પણ લોકો જ્યારે આ વાતથી તદ્દન અજાણ હતા અને તમારી જગ્યાએ પકડાયેલ આ નિર્દોષ મુસાફર ગુનાનો એકરાર કરી ચૂક્યો હતો અને એના માટે દેહાંત દંડની શિક્ષા નક્કી કરી હતી, તો પછી તમે શા માટે મોતના મુખમાં પડવા તૈયાર થયા?

ખૂનીએ કહ્યુંઃ મોઅમીનોના અમીર! મેં જેનું ખૂન કર્યું છે તેની સાથે મારે જૂની અદાવત હતી. એ મારા ભાઈનો હત્યારો હતો. હું મારા ભાઈની હત્યાનો બદલો લેવા માગતો હતો. આજે અચાનક વેરાન જંગલમાં મેં તેને જોયો. તેને જોતાં જ મારા ગુસ્સાનો પાર ન રહ્યો. મારું લોહી ઉકળી ઉઠ્યું. ઘણાં સમયથી જેની રાહ જોતો હતો, તે ઉત્તમ તક અનાયાસે સાંપડતા મેં તેની હત્યા કરી, મારા મરહૂમભાઈની હત્યાનો બદલો લીધો. વેરની વસૂલાત કરી. પણ આ માણસને મારી તરફ આવતો જોઈ હું ટેકરી પાછળ સંતાઈ ગયો. ત્યાર બાદ તરત જ આ માણસોનું ટોળું ત્યાં આવી પહોંચ્યું. આ નિર્દોષ વ્યક્તિને ખૂની સમજી પકડી લીધો પછી આપની સમક્ષ પેશ કર્યો. એ લોકોની પાછળ પાછળ હું પણ અત્રે આવી પહોંચ્યો. જ્યારે મેં જોયું કે આ નિર્દોષ માણસે દોષનો ટોપલો પોતાના માથે લઈ લીધો છે તો મારું હૃદય ચિત્કાર કરી ઉઠ્યું. મને મારી જાત પ્રત્યે નફરત થઈ આવી. હું વિચારવા લાગ્યો કે જો હું આજે ચૂપ રહીશ, તો આ દુનિયામાંથી તો બચી જઈશ પણ ખાલિકે કાયનાત (સૃષ્ટિના સર્જનહાર)ના દરબારમાં શી રીતે છટકી શકીશ? અને એ પણ એક નહીં પણ બે માનવ હત્યા માટે! કયામતના દિવસે બમણી સજા ભોગવવી પડશે. મારા અંતરાત્માનો અવાજ સાંભળી, મારા પાપનું પ્રાયશ્ચિત કરવા, મેં કરેલા અપકૃત્યની સજા ભોગવવાના ત્વરિત મક્કમ નિર્ધાર સાથે હું આગળ આવ્યો.

અય ઝુલ્ફીકારના સ્વામી અમીરૂલ મોએમીન્! આપ સમક્ષ મેં સત્ય હકીકત બયાન કરી છે. આપ ઈમામે આદિલ છો. આપને યોગ્ય લાગે તે ન્યાય આપો. હું સજા ભોગવવા તૈયાર છું.

આરોપીની સર્વ હકીકત શાંતિથી સાંભળ્યા પછી હઝરત અલી અલૈયહિસલ્લામે સાહેબઝાદા હઝરત ઈમામ હસન અલૈયહિસલ્લામ કે જેઓ પણ ત્યાં ઉપસ્થિત હતા અને સઘળી બીના ખૂબ લક્ષપૂર્વક સાંભળી રહ્યા હતા, તેમને ઉદ્દેશીને ફરમાવ્યુંઃ આપ આ બનાવ વિશે શું વિચારી રહ્યા છો? આ અંગે આપનો અભિપ્રાય શો છે, તે વ્યક્ત કરો.

આપ હઝરતે અર્ઝ કરીઃ યા અમીરૂલ મોએમીન! આપ મારું મંતવ્ય જાણવા માગો છો એ મારું સદ્‌ભાગ્ય છે. બાકી ઈન્સાફ કરવો એ આપના હસ્તક છે. આપ ઈમામે આદિલ છો. જ્ઞાન નગરીના દ્વાર છો. આપે જ્યારે મારા વિચારો જાણવાની ઈચ્છા વ્યક્ત કરી છે, તો મારા નમ્ર મત મુજબ જેવી રીતે ખૂનીએ એકનું ખૂન કર્યું છે તો બીજાનો જીવ બચાવ્યો છે, તેને જીવતદાન અપાવ્યું છે. ખૂની તેના આ નેક કામના બદલામાં મારા અલ્પજ્ઞાનના પ્રમાણે માફીને પાત્ર છે. જેનું ખૂન થયું છે. તેના વારસદારોને બયતુલમાલમાંથી તેના બદલાની રકમ ચૂકવી આપવાની ન્યાયની શાન જળવાતી હોવાનું માનું છું.

હઝરત ઈમામ હસન અલૈયહિસલ્લામનાં મંતવ્યો સાંભળી મુશ્કિલ કુશા મૌલા અલી અલૈયહિસલ્લામના આનંદનો પાર ન રહ્યો. આપે ફરમાવ્યુંઃ હસનના વિચાર સાથે અમે સહમત છીએ. અમારો પણ આજ ફેંસલો છે.

અમીરૂલ મોઅમેનીન હઝરતઅલી અલૈયહિ સલ્લામના ઈન્સાફના અનેક પ્રેરણારૂપ દૃષ્ટાંતો પૈકી અનન્ય એવા આ કિસ્સામાં એક ખૂન માટે બે વ્યક્તિના એકરારથી જે પરિસ્થિતિએ વળાંક લીધો હતો તેને પોતાના ઈલ્મોજ્ઞાન અને સચ્ચાઈના શહેનશાહે કઈ રીતે ન્યાય આપ્યો તે આજના અરાજકતાભર્યા યુગમાં અંતરાત્માના અવાજને જાગૃત કરનારું બની રહેવા પામશે.

* * *

**સાપ્તાહિક સંદેશઃ**

કસૂરની શિક્ષા આપવા માટે ઉતાવળ ન કરો. કસૂર અને શિક્ષા વચ્ચે ક્ષમા માટે અંતર રાખો.

**- અમિરૂલ મુઆમિનીન હઝરતઅલી** ■

## સઉદી જોડાયું યુદ્ધમાંઃ ઈરાન સમર્થિત ટેરર ગ્રૂપ પર હુમલા

કૈરોઃ ઇરાન દ્વારા છોડવામાં આવેલી મિસાઈલોને જૉર્ડને બુધવારે વહેલી સવારે આંતરી હતી. અખાતના દેશસ્થિત અમેરિકાના દળોને નિશાન બનાવી ઇરાન દ્વારા કરવામાં આવેલા મિસાઈલ હુમલાને નિષ્ફળ બનાવવામાં આવ્યો હોવાનું અમેરિકાની સેનાએ જણાવ્યાના ગણતરીના કલાકો બાદ આ ઘટના બની હતી.

અમેરિકાએ કહ્યું હતું કે સઉદી અરેબિયા સાથે મળીને અમે ઇરાકમાં ઇરાન સમર્થિત આતંકવાદી જૂથો પર હુમલા કર્યા હતા કેમ કે આ જૂથો છેલ્લા કેટલાક દિવસથી સઉદી અરેબિયાને નિશાન બનાવી રહ્યા હતા. અમેરિકા દ્વારા કરવામાં આવેલા હુમલામાં અમારા ૨૦ યોદ્ધા માર્યા ગયા હોવાનું આતંકવાદી જૂથે કહ્યું હતું. યુદ્ધ સમાપ્ત કરવા માટે ચાલી રહેલી વાટાઘાટોમાં પ્રગતિ થઈ હોવાનું મધ્યસ્થીઓએ જણાવ્યું હોવા વચ્ચે આ હુમલા કરવામાં આવ્યા હતા.

૨૮ ફેબ્રુઆરીએ અમેરિકા અને ઇઝરાયલ દ્વારા ઇરાન પર કરવામાં આવેલા હુમલા સાથે આ યુદ્ધ શરૂ થયું હતું.

બંને પક્ષે જૂન મહિનામાં વચગાળાના કરાર પર સહી કરી હોવા છતાં હોર્મુઝ સામુદ્રધુની ફરી કઈ રીતે ખોલવી એ મુદ્દે મતભેદો સર્જાતા અમેરિકા દ્વારા આ મહિને ઇરાન પર ફરી ભારે બૉમ્બમારો શરૂ કરવામાં આવ્યો હતો.

વિશ્વના ઊર્જા પુરવઠા માટે હોમુર્ઝ ખાડી મહત્ત્વનો જળમાર્ગ છે અને યુદ્ધ દરમિયાન ઇરાને આ માર્ગ અસરકારક રીતે બંધ કરી દીધો હતો.

અમેરિકા દ્વારા ઇરાન પર નવેસરથી શરૂ કરવામાં આવેલા હુમલા દર્શાવે છે કે આ યુદ્ધનો અંત આણવાનું ટ્રમ્પ માટે કેટલું મુશ્કેલ છે.(એજન્સી)■

## કંગના ‘જનરેશન ગટર’ વિધાનનો બચાવ કરે છે

નવી દિલ્હીઃ વિદ્યાર્થી આંદોલનની તાજેતરમાં જ કરેલી કડક આલોચનાને વધુ ઉગ્ર બનાવતાં અભિનેત્રી કંગના રનૌતે જેન-ઝીના પ્રદર્શનકર્તાઓને ‘ગટર છાપ’ અને ‘ફેમિ-નાઝી’ લેખાવ્યા હતા અને કોક્રૉચ જનતા પાર્ટી (સીજેપી) પર આકરાં પ્રહાર કર્યા હતા. ઉશ્કેરણીજનક નિવેદનો માટે જાણીતી કંગના ‘નીટ-યુજી’ પરીક્ષામાં આચરવામાં આવેલી કથિત ગેરરીતિના વિરોધમાં સીજેપી દ્વારા કરવામાં આવેલા આંદોલનને નિશાન બનાવી સોશ્યલ મીડિયા પર કરેલી પૉસ્ટ અને ટીપ્પણીને કારણે વિવાદ ભડકી ઉઠ્યો હતો. કંગનાએ ‘જેન-ઝી’ને ગટર છાપ અને તેમની રિલને ‘ઉબકા આવે તેવી’ લેખાવી હતી અને પ્રશ્ન કર્યો હતો કે આ લોકોને જન્મ કોણ આપે છે અને કોણ તેમને ઉછેરે છે? આ નિવેદનને કારણે કંગના ફરી વિવાદના ઘેરામાં આવી ગઈ હતી અને વિપક્ષે તેનાં આ નિવેદનની આકરી ટીકા કરી હતી. બુધવારે ઈન્સ્ટાગ્રામ પર મૂકેલા સૅલ્ફી વીડિયોમાં કંગનાએ જણાવ્યું હતું કે ‘મેં માત્ર એટલું જ કહ્યું હતું કે કેટલાક પ્રદર્શનકર્તાઓ રસ્તા પર બાળકો, મહિલાઓ અને વડીલો સાથે જે ‘ગટર છાપ’ ગંદુ અને અનૈતિક વર્તન કરી રહ્યા છે તેને સામાન્ય ગણી સ્વીકાર્ય ન બનાવવું જોઈએ. આપણો સમાજ આવા વર્તનને સ્વીકારતો નથી, એમ તેણે કહ્યું હતું. (એજન્સી) ■

## બિહાર ટ્રાન્સજેન્ડર બોર્ડ મોદીનું મંદિર બનાવશે

પટણાઃ બિહાર રાજ્ય ટ્રાન્સજેન્ડર કલ્યાણ બૉર્ડે બુધવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને સમર્પિત મંદિર બનાવવાના પ્રસ્તાવને મંજૂરી આપી હતી કારણ કે તેમણે સમુદાયને સન્માન અને અધિકારો આપ્યા છે, તેવું બોર્ડના સભ્ય રંજન સિંહે જણાવ્યું હતું.

રાજ્ય સરકારના સમાજ કલ્યાણ વિભાગ હેઠળ કાર્યરત બોર્ડની પહેલી બેઠકમાં સિંહે આ પ્રસ્તાવ મૂક્યો હતો.

સિંહે જણાવ્યું હતું કે બિહારમાં ટ્રાન્સજેન્ડર સમુદાયનું પોતાનું કોઈ મંદિર ન હોવાથી, મેં નરેન્દ્ર મોદી માટે મંદિર બનાવવાનો પ્રસ્તાવ મૂક્યો કારણ કે તેમણે અમને આદર અને અધિકારો આપ્યા છે. આ પ્રસ્તાવને બધા સભ્યોનો ટેકો મળ્યો અને બોર્ડ દ્વારા તેને મંજૂરી આપવામાં આવી.

બિહાર સરકારે ગયા વર્ષે ઓગસ્ટમાં ટ્રાન્સજેન્ડર સમુદાયના અધિકારોનું રક્ષણ કરવા અને તેમના સામાજિક વિકાસ અને સશક્તિકરણ માટે પગલાં લેવા માટે કલ્યાણ બોર્ડની રચના કરી હતી.ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓ (અધિકારોનું રક્ષણ) અધિનિયમ, ૨૦૧૯ લાગુ થયા પછી બિહાર રાજ્ય ટ્રાન્સજેન્ડર કલ્યાણ બોર્ડની આજની બેઠક પ્રથમ બેઠક હતી, તેવું સિંહે જણાવ્યું હતું. ■

પહેલા પાનાનું ચાલુ

### અમિત શાહને ઈશાર

કહેતા પણ ઉગ્ર બોલાચાલી થઇ હતી. સાર્વજનિક પરીક્ષામાંની ગેરરીતિ રોકવા માટેના સુધારા ખરડા ‘પબ્લિક એક્ઝામિનેશન (પ્રિવેન્શન ઑફ અનફૅર મીન્સ) અમેન્ડમેન્ટ બિલ - ૨૦૨૬’ પર લોકસભામાં બુધવારે થયેલી ચર્ચા વખતે રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે કેન્દ્રના ગૃહ પ્રધાન (અમિત શાહ) અમારાથી ડરી ગયા હોવાથી લોકસભામાં ગેરહાજર છે. કિરણ રિજિજુએ સવાલ કર્યો હતો કે રાહુલ ગાંધી ક્યા આધારે આ આક્ષેપ કરી રહ્યા છે? આ નિવેદન સામે અમને ઘણો જ વાંધો છે. તમારે માફી માગવી જોઇએ. ગૃહની બેઠકમાં ભારે શોરબકોર થતાં તે બે વખત મુલતવી રાખવાની ફરજ પડી હતી. રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ) દેશની શિક્ષણ પદ્ધતિ પર ભારે પ્રભાવ ધરાવે છે અને તેના નિર્દેશ મુજબ પુસ્તકો તૈયાર કરાય છે. તેમણે જણાવ્યું હતું કે શિક્ષણ મંત્રાલય ધર્મેન્દ્ર પ્રધાન નહિ, પરંતુ આરએસએસ ચલાવતું હતું. દેશના ભવિષ્ય સમાન યુવાનોએ જે રસ્તા પર દેખાવ-પ્રદર્શન કરીને કરી દેખાડ્યું, તેના માટે દરેક ભારતીયને ગર્વ હોવો જોઇએ. (એજન્સી) ■

### રાહુલ જૂઠું બોલે છે

જણાવ્યું હતું કે વડા પ્રધાનની સાથે પણ ૩૦ કારનો કાફલો નથી હોતો. રાહુલ ગાંધીએ અમિત શાહની સાથે ૩૦ કારનો કાફલો રહેતો હોવાનું જનતાને બતાવવું જોઇએ. તેમણે જણાવ્યું હતું કે અમિત શાહથી તો નક્સલવાદીઓ અને ત્રાસવાદીઓ પણ ડરે છે. સંબિત પાત્રાએ જણાવ્યું હતું કે રાહુલ ગાંધી કહે છે કે વિદ્યાર્થીઓ પર ગોળીઓ છોડાઇ હતી. તેઓ ખોટું બોલે છે. વિદ્યાર્થીઓ પર એક પણ ગોળી નહોતી છોડાઇ. જ્યારે એક પણ ગોળી નથી છોડાઇ, તો પછી ગોળીબાર કરાયો હોવાનો સવાલ જ ક્યાંથી આવે? રાહુલ ગાંધી અને કૉંગ્રેસ લોકોને ગૂંચવીને ગેરમાર્ગે દોરે છે. તેઓ ચૂંટણી જીતી શકતા નહિ હોવાથી જુઠ્ઠાણું ફેલાવે છે. (એજન્સી) ■

### હવે જન્મ

કરવા બોલાવ્યા હતા, પરંતુ તેમાંનું કોઈ ન બોલતાં રાજ્ય કક્ષાના ગૃહ પ્રધાન નિત્યાનંદ રાયે રજિસ્ટ્રેશન ઑફ બર્થ્સ ઍન્ડ ડૅથ્સ (એમેન્ડજમેન્ટ) બિલ ૨૦૨૬ લોકસભામાં રજૂ કર્યો હતો. આ ખરડાને કેન્દ્રીય પ્રધાનમંડળે ૨૦ જુલાઈએ મંજૂરી આપી દીધી હતી. આ ખરડામાં રજિસ્ટ્રેશન ઑફ બર્થ્સ ઍન્ડ ડૅથ્સ (એમેન્ડજમેન્ટ) ઍક્ટ ૧૯૬૯ની કલમ ૧૩ (૩)માં જન્મ અને મૃત્યુની નોંધણીમાં વિલંબ સંબંધિત કડક નિયમોમાં (વર્ષ ૨૦૨૩માં કરવામાં આવેલા સુધારાની જેમ) સુધારો કરવાની માગણી કરવામાં આવી હતી. (એજન્સી) ■

### મૃત્યુ પછી

ખાતે આવેલા બ્લૉકની ૨૦૦૫માં કરાયેલી ફાળવણીના કહેવાતા કૌભાંડમાં મનમોહન સિંહ, ઉદ્યોગપતિ કુમાર મંગલમ બિરલા, કોલસા મંત્રાલયના ભૂતપૂર્વ સચિવ પી. સી. પારખ અને અન્ય ત્રણને ખાસ અદાલત દ્વારા સમન્સ પાઠવાયા હતા. તેઓ પર ભારતીય દંડસંહિતાની કલમ ૧૨૦બી (ગુનાઇત ષડ્યંત્ર) અને ૪૦૯ (જનતાના સેવક દ્વારા વિશ્વાસનો ભંગ કરવો) તેમ જ ભ્રષ્ટાચાર-વિરોધી કાયદાની જોગવાઇ હેઠળ ગુનો નોંધાયો હતો.અદાલતે મેસર્સ હિંદાલ્કો, તેના અધિકારીઓ - શુભેન્દુ અમિતાભ અને ડી. ભટ્ટાચાર્યને પણ સમન્સ પાઠવ્યા હતા. (એજન્સી) ■

### ઈ-૨૦ના

આવ્યો હતો. ગડકરીના જણાવ્યા અનુસાર અભ્યાસનાં તારણોમાં ટૂ-વ્હીલર અને ફૉર-વ્હીલરનાં એન્જિનમાં કોઈ સુધારા કરવાની જરૂર ન હોવાનું જણાઈ આવ્યું હતું. ગડકરીના જણાવ્યા અનુસાર જૂનાં વાહનોમાં પણ ઈ-૨૦ના વપરાશને કારણે કામગીરીમાં કોઈ મહત્ત્વનો ફેરફાર કે અસાધારણ ઘસારો પણ જોવા નહોતો મળ્યો. ઈ-૨૦ના વપરાશને કારણે વાહનનાં માઈલેજ, સ્ટાર્ટ થવાની ક્ષમતા, ધાતુ અને પ્લાસ્ટિકની સુસંગતતા જેવા માપદંડોમાં પણ કોઈ સમસ્યા જોવા ન મળી હોવાનું તેમણે કહ્યું હતું. (એજન્સી) ■

### બંગાળની સરકારી

તેની ગણતરી મોડી રાત સુધી ચાલુ હતી. પોલીસે જણાવ્યું હતું કે મીનાર મંડલ ભાગેડુ વેપારી તુલ્લુ મંડલ ઉર્ફે મોહમ્મદ નઝીબુદ્દીનનો નજીકનો સગો છે. મુખ્ય પ્રધાન સુવેન્દુ અધિકારી જેને ‘રેતીનો માફિયા’ ગણાવે છે, તે તુલ્લુ મંડલ ઉર્ફે મોહમ્મદ નઝીબુદ્દીન બીરભૂમ જિલ્લામાં પથ્થરનો મોટો વેપાર ધરાવે છે, પણ તે હાલમાં નાસતો ફરે છે. પશ્ચિમ બંગાળની સરકાર દ્વારા બીરભૂમ જિલ્લામાં ચાલતા ગેરકાયદે ખનન સામે કડક પગલાં લઇ રહી છે.અગાઉ, પશ્ચિમ બંગાળના ભૂતપૂર્વ શિક્ષણ પ્રધાન પાર્થ ચેટરજીના નજીકનાં સાથી અર્પિતા મુખરજીને સંબંધિત હોવાનું કહેવાતી પ્રૉપર્ટી ખાતેથી ૨૦૨૨ની જુલાઇમાં રોકડા, સોનું અને વિદેશી ચલણ મળીને કુલ રૂપિયા પચાસ કરોડની બેનામી સંપત્તિ મળી હતી. (એજન્સી) ■

### આતંકવાદને મદદ

પર ટેલિગ્રામ પર એક લોકપ્રિય ડેટિંગ ચેટબોટનો ઉપયોગ રશિયનોને તોડફોડ અને આતંકવાદી પ્રવૃત્તિઓ માટે લલચાવવા અને ભરતી કરવા માટે કરવાનો આરોપ મૂક્યો હતો અને કહ્યું હતું કે ૧૨ થી ૨૨ વર્ષની વયના ચેટબોટના ૪૬ વપરાશકર્તાને જુલાઈ ૨૦૨૫થી સમગ્ર રશિયામાં કાયદા અમલીકરણ અધિકારીઓ પર હુમલો કરવા, આગ લગાડવા અને અન્ય કૃત્યો માટે અટકાયતમાં લેવામાં આવ્યા છે. આ વર્ષની શરૂઆતમાં દુરોવે જાહેરાત કરી હતી કે રશિયન અધિકારીઓએ તેમની સામે ફોજદારી તપાસ શરૂ કરી છે અને ‘‘ગોપનીયતા અને વાણી સ્વતંત્રતાના અધિકારને દબાવવા‘‘ના પ્રયાસના ભાગ રૂપે ટેલિગ્રામની ઍક્સેસને પ્રતિબંધિત કરવા માટે બનાવટી બહાના બનાવવાનો આરોપ મૂક્યો હતો.જો દોષિત ઠેરવવામાં આવે તો, દુરોવને રશિયામાં આજીવન કેદની સજા થઈ શકે છે. ■

### પર્યાવરણની

પર્યાવરણની મંજૂરી મેળવનારા પ્રૉજેક્ટ્સમાં ઓડિશાની ‘એઇમ્સ’, કર્ણાટકના વિજયનગરના ગ્રીનફિલ્ડ ઍરપોર્ટ અને પર્યાવરણ જાળવણી માટે જરૂરી ગંદું પાણી સાફ કરવાના અનેક પ્લાન્ટનો સમાવેશ થાય છે. આમ છતાં, સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે કેન્દ્રને પર્યાવરણ સુરક્ષા અધિનિયમ, ૧૯૮૬ની કલમ ત્રણમાં કાયદેસર જાહેરનામા (નૉટિફિકેશન) દ્વારા પર્યાવરણની અગાઉથી અમલી બને એ રીતે મંજૂરી આપવાની સત્તા છે. પર્યાવરણની આવી મંજૂરી માત્ર વહીવટી ઑફિસ મેમોરેન્ડમ દ્વારા આપી ન શકાય.બૅન્ચે જણાવ્યું હતું કે ૨૦૨૧નો ઑફિસ મેમોરેન્ડમ માત્ર વહીવટી આદેશ હતો અને તેના દ્વારા પર્યાવરણને લગતી અગાઉથી અમલી બનતી મંજૂરી અપાઇ હતી. તેમાં પ્રૉજેક્ટ્સને પર્યાવરણની મંજૂરી આપતા માપદંડમાં પણ ફેરફાર કરાયો હતો. (એજન્સી) ■

# ગુજરાતમાં ત્રણ અલગ-અલગ અકસ્માતમાં છ જણનાં મોત, છ ઈજાગ્રસ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યના રોડ રસ્તા રક્તરંજિત થવાનો સિલસિલો યથાવત્? રહ્યો હતો. બુધવારે અમદાવાદ, રાજકોટ અને પાલનપુરમાં અકસ્માતની બનેલી ત્રણ ઘટનામાં ૬ જણના મોત થયા હતા, જ્યારે છ લોકો ઘાયલ થયા હતા.

અકસ્માત અંગે મળતી વિગતો અનુસાર બનાસકાંઠા જિલ્લામાં પાલનપુર નજીક આવેલી ખરોડિયા ચોકડી પાસે વડગામ તરફથી આવી રહેલી એક પેસેન્જર રિક્ષા અને સામેથી આવતી એસ.ટી. બસ વચ્ચે સામસામે જોરદાર ટક્કર થઈ હતી. આ ભયાનક અકસ્માતમાં રિક્ષામાં સવાર ૩ લોકોના ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યા હતા, જ્યારે અન્ય ૬ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. ટક્કર એટલી જોરદાર હતી કે રિક્ષાનો સંપૂર્ણપણે કચ્ચરઘાણ વળી ગયો હતો. બનાવ બનતા જ સ્થાનિક રાહદારીઓ મદદ માટે દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્તોને બહાર કાઢ્યા હતા. ઘટનાની જાણ થતાં જ ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તમામ ઘાયલોને તાત્કાલિક સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

અકસ્માતના બીજા બનાવ અંગે મળતી વિગત પ્રમાણે, રાજકોટ-જામનગર હાઇવે ધ્રોલના લૈયારા ગામે રહેતા નટુભા સીદુભા જાડેજા(ઉ.વ.૬૪) અને તળશીભાઈ કુરજીભાઈ શીંગાળા (ઉ.વ.૭૦)ના બંને મિત્રો બાઈક લઈને સણોસરા ગામે જતા હતા ત્યારે સણોસરા ગામના પાટિયા પાસે પહોંચતા પુરપાટ ઝડપે આવતી કારે બાઇકને ઠોકર મારતા બંને પ્રૌઢ બાઈક સમેત રોડ પર પટકાતા ઈજાઓ થઇ હતી. બનાવના પગલે આસપાસના લોકો દોડી આવ્યા હતા અને ૧૦૮ને જાણ કરતા બંનેને ગંભીર હાલતમાં રાજકોટની સિનર્જી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં ટૂંકી સારવાર દરમિયાન દમ તોડી દેતા પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો.

ત્રીજો બનાવ અમદાવાદમાં વટવા ગામમાં બન્યો હતો. વટવામાં રહેતા યુનુસભાઈ રાત્રે બીબી તળાવ ચાર રસ્તા પાસેથી પસાર થઈ રહ્યાં હતા ત્યારે આરોપી કારચાલકેએ તેમને અડફેટે લીધા હતા. ટક્કર માર્યા પછી પણ આરોપીએ વૃદ્ધ પર ગાડી ચઢાવી અને ત્યાંથી ફરાર થઈ ગયો હતો. ટક્કર એટલી જોરદાર હતીકે, ૬૮ વર્ષીય યુનુસભાઈનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. આ તમામ કેસમાં પોલીસ તપાસ કરી રહી છે. ■

# ગુરુપૂર્ણિમાને સાર્થક ન ઠેરવી સુરતના ગુરુએ છ વર્ષનાં બાળકને અમાનુષી માર માર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ બુધવારે ગુરુપૂર્ણિમાના દિવસે ગુરુની પૂજા થાય છેઅને ભારતીય સંસ્કૃતિમાં તેમને દૈવીય સ્થાન આપાવમાં આવ્યું છે, પરંતુ ઘણા કિસ્સા એવા બને છેજેમાં ગુરુ આ ભાવનાને સાર્થક ઠેરવતા નથી.

ફરી આવો કિસ્સો ગુરુપૂર્ણિમાના દિવસે જ સુરતના ઉધનાની એક પ્રાથમિક શિક્ષણ સમિતિની સ્કૂલમાં શિક્ષકે છ વર્ષના બાળકને સોટીથી ક્રુરતાપૂર્વક માર મારવાની ઘટના પ્રકાશમાં આવી હતી. બાળકને બાળપણથી શારીરિક બીમારીઓ હોવાથી તે ભણવામાં ધીમો હતો અને આ અંગે સ્કૂલને માતા-પિતાએ પહેલેથી જાણ કરી હતી, છતાં શિક્ષકે તેને માર માર્યો હોવાની ફરિયાદ મા-બાપે કરી હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. બાળકને પીઠ,વાંસા, છાતીના ભાગે માર માર્યો હતો અને તેના કાળા નિશાન પડી ગયા હતા. માતા-પિતાને જાણ થતા તેમણે સિવિલ હૉસ્પિટલમાં તેને દાખલ કર્યો હતો. દરમિયાન માતા-પિતાએ સ્કૂલ પ્રિન્સપાલનો સંપર્ક સાધ્યો ત્યારે તેમણે ઉડાઉ જવાબ આપ્યો હોવાનો આક્ષેપ માતા-પિતાએ કર્યો હતો. દરમિયાન શિક્ષિણ સમિતિના સૂત્રોએ મીડિયા સાથે વાત કરતા જણાવ્યું હતું કે આ ક્લાસના શિક્ષક ન હોવાથી અન્ય શિક્ષક વધારાના ક્લાસનું ધ્યાન રાખી રહ્યા હતા. બાળક અમુક વાત ન માનતો હોવાથી શિક્ષકે સંયમ ગુમાવ્યો હતો અને તેને માર્યો હતો. તેમણે તપાસના રિપોર્ટ આવ્યા બાદ શિક્ષક સામે કડક પગલાની ખાતરી આપી હતી. ■

# મહેસાણા જિલ્લામાં ચાંદીપુરાને કારણે એક બાળકીનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મહેસાણા જિલ્લામાં ચાંદીપુરા વાયરસે પગપેસારો કર્યો હતો. બહુચરાજીના દેલવાડા(ખાંટ) ગામની બાળકીનું ચાંદીપુરા વાયરસથી મોત થયું હતું. મહેસાણા જિલ્લામાં ચાદીપુરા વાયરસથી પ્રથમ મોત થતાં તંત્રમાં દોડધામ મચી ગઈ હતી.

સૂત્રો દ્વારા મળતી વિગત પ્રમાણે, મહેસાણા જિલ્લાના બહુચરાજી તાલુકાના દેલવાડા (ખાંટ) ગામની બાળકીનું વડનગરની સિવિલ હૉસ્પિટલમાં સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. જિલ્લામાં ચાંદીપુરા વાયરસથી પ્રથમ મોત થતાં તંત્ર હરકતમાં આવ્યું હતું. ૪ વર્ષની બાળકીને ૨૬ જુલાઈએ અચાનક સખત તાવ અને ઊલટીઓ થવા લાગી હતી. પરિવાર તેને તરત જ મહેસાણાની ખાનગી હૉસ્પિટલમાં લઈ ગયા હતા. લક્ષણો શંકાસ્પદ લાગતાં બાળકીના લોહીના સેમ્પલ ગાંધીનગર લેબમાં મોકલાયા હતા. સોમવારે રિપોર્ટમાં ચાંદીપુરા વાયરસ હોવાની પુષ્ટિ થતાં જ તેને વધુ સારી સારવાર માટે વડનગર સિવિલ હૉસ્પિટલ લઈ જવામાં આવી હતી. જોકે, ડૉક્ટરોના તમામ પ્રયાસો છતાં તેને બચાવી શકાઈ નહોતી. વ્હાલસોયીના મોતથી પરિવારજનો શોકમગ્ન થઈ ગયા હતા. માતાએ તેની દીકરીના મોતથી હૈયાફાટ રૂદન કરતાં માહોલ ગમગીન બની ગયો હતો.જિલ્લામાં ચાંદીપુરા વાયરસથી આ પહેલું મોત હોવાથી આરોગ્ય વિભાગ હરકતમાં આવ્યું હતું. ટીમે બાળકીના ઘર સહિત આખા ગામમાં ફરીને લોકોના સ્વાસ્થ્યની તપાસ કરી હતી. આ વાયરસ વધુ ન ફેલાય તે માટે સમગ્ર ગામમાં જંતુનાશક દવાનો છંટકાવ કર્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# ગુજરાતમાં છેલ્લાં ત્રણ વર્ષમાં ૧,૮૯૯ વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરીઃ કૉંગ્રેસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનીષ દોશીએ જણાવ્યું હતું કે ગુજરાતમાં છેલ્લા ત્રણ વર્ષમાં ૧,૮૯૯ વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી છે.

વર્ષ ૨૦૨૪માં ૫૬૮ વિદ્યાર્થીઓએ જીવન ટૂંકાવ્યું છે. એટલે ગુજરાતમાં સરેરાશ દર બે દિવસે ત્રણ વિધાર્થીઓ આપઘાત કરી જીવન ટૂંકાવ્યું છે. પરીક્ષામાં નાપાસ થવાના ડરથી ૧૦૮ માસૂમ વિદ્યાર્થીઓએ જીવન ટૂંકાવ્યું જ્યારે બેરોજગારીના લીધે ૧૫૯ યુવાનોએ આપઘાત કરી જીવન ટુંકાવ્યું હોવાનું તેમણે જણાવ્યું હતું. ગુજરાતમાં છેલ્લા ત્રણ વર્ષમાં ૧,૦૨૪થી વધુ દીકરીએ આપઘાતનું અતિમ પગલું ભર્યું છે. તાજેતરમાં નીટની પરીક્ષાનાં પેપર લીક્ના કારણે હતાશ - નિરાશ થઈને ૨૧ જેટલા આશાસ્પદ બાળકોએ આત્મહત્યા કરી જીવન ટુંકાવ્યું હતું જેમાંથી એક આશાસ્પદ વિદ્યાર્થી ગુજરાતનો છે. રાજ્યમાં વિદ્યાર્થીઓનું માનસિક સ્વાસ્થ્ય, શિક્ષણ વ્યવસ્થા અને રોજગારની આશાઓ ગંભીર સંકટમાંથી પસાર થઈ રહી છે. વર્ષ ૨૦૨૪માં દેશમાં ૧૪,૪૮૮ વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી, દેશમાં છેલ્લા ત્રણ વર્ષમાં ૪૧,૪૨૪ જેટલા વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી છે. છેલ્લા એક દાયકામાં વિદ્યાર્થી આત્મહત્યાના કેસોમાં ૮૦ ટકા વધારો નોંધાયો છે. વર્ષ ૨૦૧૪થી ૨૦૨૪ દરમિયાન ૧.૨૩ લાખથી વધુ વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી,જ્યારે ૨૫,૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ માત્ર પરીક્ષામાં નિષ્ફળતાના કારણે જીવન ટૂંકાવ્યું હોવાનું તેમણે જણાવ્યું હતું. વર્ષ ૨૦૧૯થી ૨૦૨૪ દરમિયાન ૧૮ વર્ષથી ઓછી ઉંમરના ૬૩,૯૧૫ બાળકો અને કિશોરોએ આત્મહત્યા કરી એટલે કે દેશમાં દરરોજ સરેરાશ ૪૦થી વધુ બાળકો અને કિશોરો આત્મહત્યા કરે છે.

ભારત અને ગુજરાતમાં વિદ્યાર્થીઓની આત્મહત્યાઓ હવે વ્યક્તિગત દુખદ ઘટનાઓ નથી રહી, પરંતુ દેશની શિક્ષણ, રોજગાર અને માનસિક આરોગ્ય વ્યવસ્થાની ગંભીર નિષ્ફળતાનું પ્રતિબિંબ છે. આજે લાખો વિદ્યાર્થીઓ અસહ્ય શૈક્ષણિક દબાણ, પેપર લીક, પરીક્ષા ગેરરીતિઓ, ભરતીમાં વિલંબ, વધતી બેરોજગારી અને શિક્ષણના બેફામ વ્યાપારીકરણ વચ્ચે પોતાનું ભવિષ્ય શોધવા માટે સંઘર્ષ કરી રહ્યા છે, તેવો આક્ષેપ તેમણે કર્યો હતો. વિદ્યાર્થીઓ પુસ્તકો સામે નહીં, પરંતુ ભ્રષ્ટ અને નિષ્ફળ શિક્ષણ વ્યવસ્થા સામે હારી રહ્યા છે ત્યારે, અતિ બેફામ ખર્ચાળ શિક્ષણ વ્યવસ્થા, પેપરલીક, પરીક્ષા ગેરરીતિ અને ભરતી કૌભાંડ સામે માત્ર ''એક્ટ નહિ એક્શન''ની માંગ તેમણે કરી હતી. ■

# અમદાવાદમાં કર્ણાવતી ક્લબ પાસે ફરીથી દીપડો દેખાયાની વાત વન વિભાગે નકારી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદમાં દીપડો જોવા મળ્યાના તાજા અહેવાલો બાદ ગુજરાત વન વિભાગે શોધખોળ અભિયાન શરૂ કરી હતી. તાજેતરનો દાવો કર્ણાવતી ક્લબ અને એસ.પી. રિંગ રોડ વચ્ચેના વિસ્તારમાંથી આવ્યો છે, જ્યાં રસ્તાની બાજુમાં આવેલા કાફેના એક કર્મચારીએ જણાવ્યુ હતું કે તેણે વહેલી સવારે એક દીપડો જોયો હતો. જોકે, વન વિભાગે સ્પષ્ટતા કરી છે કે સ્થળ પર મળેલા પગના નિશાન દીપડાના નથી. વન વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું કે પગના નિશાન દીપડાના પગના નિશાન ગણી શકાય નહીં. દીપડાના પગના નિશાનમાં, પંજા સામાન્ય રીતે દેખાતા નથી કારણ કે તે પાછળની તરફ રહે છે. જોકે, સ્થળ પર મળેલા નિશાનોમાં સ્પષ્ટપણે પંજાના નિશાન જોવા મળ્યા હતા, આથી શ્વાનના નિશાન હોવાની સંભાવના હોવાનું તેમણે જણાવ્યું હતું. વિભાગે ઉમેર્યું હતું કે તેમને શહેરના ચાર સ્થળોએથી દીપડા જોવા મળ્યા હોવાના અહેવાલો મળ્યા હતા, પરંતુ તેમાંથી માત્ર એક સ્થળે દીપડાની હાજરી હોવાના પુરાવા મળ્યા છે. કર્ણાવતી ક્લબ અને એસ.પી. રિંગ રોડને જોડતા રસ્તા પર કામ કરતા કાફે કર્મચારીએ દાવો કર્યો હતો કે તેણે સવારે લગભગ ૪ વાગ્યે કાફેની પાછળ ખુલ્લા વિસ્તારમાં એક દીપડો બેઠો જોયો હતો. તેના કહેવા મુજબ, તેણે તાત્કાલિક ઇમરજન્સી હેલ્પલાઇન ૧૧૨ પર ફોન કર્યો પરંતુ કોઈ જવાબ મળ્યો નહીં. ત્યારબાદ તેણે કાફે મેનેજરને જાણ કરી, જેના પગલે વન વિભાગ અને પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. પહેલા અહીં પાંજરુ પણ ગોઠવવામાં આવ્યું હતું, પરંતુ વન વિભાગે દીપડો ન હોવાનું કહેતા હટાવી દેવામાં આવ્યું હતું. ■

# અમદાવાદ, વડોદરા, સુરત સહિત રાજ્યમાં ભારે વરસાદની સંભાવના, અમુક જિલ્લામાં આજે ઓરેન્જ અલર્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં સિઝનનો ૫૨ ટકા કરતા વધારે વરસાદ વરસી ચૂક્યો છે. આ વરસાદ જુલાઈ મહિનામાં જ વરસ્યો છે ત્યારે મહિનો પૂરો થતા પહેલા આજથી ફરી ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. ગયા અઠવાડિયે વરસેલા ભારે વરસાદને કારણે ઊભી થયેલી સમસ્યાઓથી રાજ્ય હજુ પૂર્ણપણે બહાર આવ્યું નથી ત્યાં ફરી આજથી ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે, જે તંત્ર અને સામાન્ય જનતાની પરીક્ષા સમાન બની રહેશે.

ભારતીય હવામાન વિભાગ (આઈએમડી) એ આગામી ચાર દિવસ, એટલે કે ૧ ઓગસ્ટ સુધી રાજ્યના કેટલાક ભાગોમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે. આઈએમડીએ વિવિધ જિલ્લાઓ માટે યેલ્લો, ઓરેન્જ અને રેડ એલર્ટ જારી કર્યા છે, જેમાં અતિ ભારે વરસાદની ચેતવણી આપવામાં આવી છે. ૩૧મી જુલાઈએ અમદાવાદ, સુરત અને વડોદરામાં પણ રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

આજે મહિસાગર, દાહોદ, પંચમહાલ અને છોટા ઉદેપુરમાં ભારે વરસાદ અને પવન ફૂંકાવાની શક્યતા છે. જ્યારે રાજ્યના અન્ય ભાગોમાં છુટાછવાયા ઝાંપટા પડવાની સંભાવના છે.

૩૦ જુલાઈના રોજ છોટા ઉદેપુર, નર્મદા, સુરત, તાપી, ડાંગ, નવસારી, વલસાડ, દમણ અને દાદરા અને નગર હવેલી માટે ઓરેન્જ એલર્ટ જારી કરવામાં આવ્યું છે, જ્યાં ખૂબ ભારે વરસાદની સંભાવના છે. પંચમહાલ, દાહોદ, વડોદરા અને ભરૂચ માટે પણ યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. જ્યારે ૩૧મી જુલાઈએ અમદાવાદ, આણંદ, વડોદરા, નર્મદા, ભરૂચ, સુરત, તાપી અને ડાંગમાં અતિભારે વરસાદની સંભાવના સાથે રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. જ્યારે દક્ષિણ અને ઉત્તર ગુજરાતના અમુક જિલ્લામાં પણ ભારે વરસાદની આગાહી છે જ્યારે રાજ્યના મોટાભાગના જિલ્લાઓમાં યેલ્લો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ૧ ઓગસ્ટે બનાસકાંઠા, વાવ-થરાદ, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, અમદાવાદ, આણંદ અને ભરૂચમાં ઓરેન્જ એલર્ટ જાહેર કરાયું છે. પંચમહાલ, મહિસાગર, વડોદરા, સુરત, નવસારી, વલસાડ, સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, પોરબંદર, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, મોરબી, દેવભૂમિ દ્વારકા, ગીર સોમનાથ, બોટાદ અને કચ્છ માટે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે, જ્યાં ભારે વરસાદની સંભાવના છે. આઈએમડીએ જણાવ્યું હતું કે ગુજરાતમાં દક્ષિણપશ્ચિમથી પશ્ચિમ દિશાના પવનો લોઅર લેવલ પર ફૂંકાઈ રહ્યા છે, જેના કારણે આગામી થોડા દિવસોમાં રાજ્યભરમાં વ્યાપક વરસાદ માટે અનુકૂળ પરિસ્થિતિઓ સર્જાઈ છે. ■

# પૂરની સ્થિતિ અને વરસતા વરસાદમાં ૧૦૮ની ટીમે ૭૫ સગર્ભાને પ્રસૂતિમાં મદદ કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ભારે વરસાદને કારમે પુરની સ્થિતિ સર્જાઈ હતી. આને કારણે રસ્તા બંધ, વીજલાઈનોને અસર થઈ હતી અને એક સ્થળેથી બીજે સ્થળે જવું એક પડકાર બન્યો હતો. આવી સ્થિતિમાં જે પરિવારોમાં સગર્ભા સ્ત્રીઓ હોય તેમની માટે મુશ્કેલીઓ વિશેષ હતી, પરંતુ આવી સ્થિતિમાં પણ ૧૦૮ની ટીમ આ પરિવારોની મદદે આવી હતી. મળતી માહિતી અનુસાર છેલ્લા પાંચ દિવસમાં ૭૫ પ્રસૂતિ સંબંધિત ઈમરજનેસીમાં ૧૦૮ની ટીમે મદદ પહોંચાડી હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. આવી જ એક બચાવ કામગીરી ૨૫ જુલાઈના રોજ ધોળકાના ત્રાંસદ ગામમાં થઈ હતી, જ્યાં ૨૦ વર્ષીય ગર્ભવતી મહિલાને પ્રસૂતિ પીડા થઈ હતી. રસ્તાઓ પર પાણી ભરાઈ જવાને કારણે એમ્બ્યુલન્સ તેના ઘરે પહોંચી શકી ન હતી. ગામમાં પહોંચ્યા પછી, ૧૦૮ની ટીમ, જેમાં ડ્રાઇવર, એક ઇમરજન્સી મેડિકલ ટેકનિશિયન અને અન્ય બે લોકોનો સમાવેશ થાય છે, પાણી ભરાયેલા રસ્તાઓમાંથી પસાર થઈને તેમનાં સુધી પહોંચી. ત્યારબાદ તેમણે મહિલાને સ્પાઇન બોર્ડ પર લઈ ગયા, જે સામાન્ય રીતે કરોડરજ્જુની ઇજાઓવાળા દર્દીઓ માટે વપરાય છે, તેને એમ્બ્યુલન્સ સુધી પહોંચાડી. ત્યારબાદ ધોળકાના આરોગ્ય કેન્દ્રમાં તેણે નોર્મલ ડિવિલરી દ્વારા બાળકને જન્મ આપ્યો, તેમ અધિકારીએ જણાવ્યું હતું. અધિકારીઓએ જણાવ્યું હતું કે છેલ્લા અમુક દિવસથી સતત ભારેથી અતિ ભારે વરસાદને કારણે રાજ્યના અનેક ભાગોમાં રસ્તાઓ પાણીમાં ડૂબી ગયા છે અને પરિવહન ખોરવાઈ ગયું છે, જેના કારણે ગર્ભાવસ્થા સંબંધિત ઇમરજન્સી કોલ્સમાં વધારો થયો છે. આ સમયગાળા દરમિયાન, ૧૦૮ની ટીમોએ પ્રસૂતિ પીડાતી મહિલાઓને હોસ્પિટલોમાં પહોંચાડી હતી અથવા લગભગ ૭૫ કેસમાં તબીબી સુવિધા સુધી પહોંચે તે પહેલાં પ્રસૂતિમાં મદદ કરી હતી. અન્ય એક ઘટનામાં, કોઠ જવાનો રસ્તો પૂરના પાણીથી બંધ થઈ ગયો હતો, જેના કારણે ગાંગડ ગામ નજીક એક માત્ર વીસ વર્ષની મહિલા પાસે હૉસ્પિટલ પહોંચવાનો કોઈ રસ્તો ન હતો. આથી ૧૦૮ની ટીમે પ્રસૂતિ કરાવી હતી અને ત્યારબાદ શક્ય બન્યુ ત્યારે તેમને વધુ સંભાળ મટે હૉસ્પિટલે પહોંચાડ્યા હતા. ■

# અમદાવાદમાં એએસઆઈ ₹ ૧૦,૦૦૦ની લાંચ લેતા રંગેહાથ ઝડપાયો, એસીબીએ છટકું ગોઠવી પકડ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ભ્રષ્ટ સરકારી કર્મચારીઓને ઝડપી પાડવા માટે લાંચરૂશ્વત વિરોધી બ્યુરો (એસીબી) સતત પ્રયાસ કરી રહ્યું છે. અમદાવાદ શહેરમાં એસીબીએ મોટી કાર્યવાહી કરીને ''એલ'' ડિવિઝન ટ્રાફિક પોલીસ સ્ટેશનના એએસઆઈ મુકેશજી જીવણજી રાજપુતને રૂ. ૧૦,૦૦૦ ની લાંચ સ્વીકારતા રંગેહાથ ઝડપી પાડ્યા હતા.

ફરિયાદીના અસીલ વિરુદ્ધ ''એલ'' ડિવિઝન ટ્રાફિક પોલીસ સ્ટેશન ખાતે અકસ્માત અંગેની એક અરજી આવેલી હતી, જેની તપાસ એએસઆઈ મુકેશજી જીવણજી રાજપુત કરી રહ્યા હતા. આ અરજીનો નિકાલ કરવા અને તેને દફતરે કરવાના બદલામાં મુકેશજી રાજપુતે ફરિયાદી પાસે રૂ. ૧૦,૦૦૦ (અંકે રૂપિયા દસ હજાર પૂરા) ની લાંચની માંગણી કરી હતી.

ફરિયાદી આ લાંચ આપવા માગતા ન હોવાથી તેમણે એસીબીના ટોલ ફ્રી નંબર ૧૦૬૪ પર સંપર્ક કરીને આ અંગે સત્તાવાર ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદીની ફરિયાદના આધારે એસીબીની ટીમે ૨૮ જુલાઈ ૨૦૨૬ ના રોજ લાંચના છટકાનું આયોજન કર્યું હતું.

સુભાષ બ્રિજ પોલીસ ચોકીની બાજુમાં આરોપી મુકેશજી જીવણજી રાજપુતે ફરિયાદી સાથે હેતુલક્ષી વાતચીત કરી રૂ. ૧૦,૦૦૦ ની લાંચની રકમ સ્વીકારી હતી. રકમ સ્વીકારતા જ સ્થળ પર હાજર એસીબીની ટીમે તેમને ઝડપી લીધા હતા અને લાંચની સંપૂર્ણ રકમ રૂ. ૧૦,૦૦૦ રિકવર કરી ગુનો નોંધ્યો હતો. અમદાવાદ શહેર એસીબી પોલીસ સ્ટેશનની ટીમે આ છટકું ગોઠવી સીફતપુર્વક આરોપીને ઝડપી પાડ્યો હતો. ■



**નિરિક્ષણઃ** પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળના મંડળ રેલ પ્રબંધક વેદ પ્રકાશ તથા ઠક્કરબાપા નગર વિધાનસભા ક્ષેત્રનાં ધારાસભ્ય શ્રીમતી કંચનબેન વિનુભાઈ રાદડિયાએ અસારવા-હિંમતનગર રૂટ પર આવેલા ઓમનગર અને ચમનપુરા વચ્ચેના લેવલ ક્રોસિંગ નં. ૩ પર નર્મિાણાધીન લિમિટેડ હાઈટ સબવેનું સવારે ૬:00 વાગ્યે સંયુક્ત નિરીક્ષણ કર્યું હતું. નિરીક્ષણ દરમિયાન અધિકારીઓએ જણાવ્યું કે આ પ્રોજેક્ટને 30 સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધી પૂર્ણ કરવાનો લક્ષ્ય રાખવામાં આવ્યો છે.

# ગૂગલ મેપથી મંદિરમાં ચોરી કરતી ગેંગ ઝડપાઇ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગૂગલ મેપથી મંદિર શોધીને ચોરી કરતી ગેંગને પોલીસે ઝડપી પાડી હતી. મંદિરોને નિશાન બનાવતી આ ટોળકી કોણ ક્યાં ઉભા રહે તે પણ ગૂગલ મેપથી નક્કી કરતી હતી. તેમજ ચોરી કર્યા બાદ ન પકડાય તે માટે રૂ. ૧૦,૦૦૦ના દાનની બાધા રાખી હતી અને ૧૦ દિવસ સુધી ન પકડાયા માનતા પૂર્ણ પણ કરી હતી, તેવી માહિતી સૂત્રોએ આપી હતી. મળતી વિગત પ્રમાણે સાણંદમાં આવેલા ઉમિયા મંદિરમાં તાજેતરમાં ચોરી થઈ હતી. મંદિરમાં લાગેલા સીસીટીવીમાં ૫ આરોપીએ ગર્ભ ગૃહમાં પ્રવેશ કરીને ચાંદીનું છત્તર અને ચાંદીની મૂર્તિ ચોરી કરી હોવાના દશ્યો કેદ થયા હતા. જે બાદ પોલીસે તપાસ શરૂ કરી હતી. પોલીસે પાંચ આરોપીઓને ઝડપી પૂછપરછ કરતા આરોપીઓએ ચોરીનો ફિલ્મી સ્ટાઇલમાં પ્લાન બનાવ્યો હોવાની કબૂલાત કરી હતી. આરોપીઓ ગૂગલ મેપથી મંદિર શોધીને ચોરી કરતા હતા અને પોલીસ પકડથી બચવા માનતા પણ રાખી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર સાણંદ પોલીસે ઉમિયા માતાની મંદિરમાં ચોરી કરનાર લક્ષ્મણ ગુર્જર, કિશન ગુર્જર, મુકેશનાથ કાલબેલિયા, સુરેશનાથ કાલબેલિયા અને અજયનાથ કાલબેલિયાની ધરપકડ કરી હતી. આ પાંચેય આરોપીઓએ ગત તા. ૧૭ જુલાઈએ મોડી રાત્રે સાણંદ બાયપાસ રોડ પર આવેલા ઉમિયા માતાના મંદિર ખાતે ચોરી કરી હતી. આરોપી લક્ષ્મણ ગુર્જર ચોરીનો માસ્ટર માઈન્ડ છે અને તેને ઈન્સ્ટાગ્રામ પરથી આ ચોરી કરવા માટેનો આઇડિયા આવ્યો હતો. પોલીસથી બચવા માટે તેમજ ચોરી કર્યા બાદ ભાગવા માટેના પણ તમામ રસ્તા તેણે અગાઉથી જ તૈયાર કરી રાખ્યા હતા. ■

# સુરત શહેરમાં મહિલાઓના પર્સ અને કિંમતી સામાન ઝૂંટવી લેતી ગેંગ ઝડપાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત શહેરમાં મહિલાઓના પર્સ અને કિંમતી સામાન ઝૂંટવી લઈ ફરાર થઈ જતી ગેંગના સાગરીતોથી લોકો પરેશાન થઈ ગયા હતા. આ ગેંગને ઝડપી પાડવા માટે પોલીસે ચક્રો ગતિમાન કર્યા હતા. આ કુખ્યાત સ્નેચિંગ ગેંગના બે કુખ્યાત આરોપીઓની મહિધરપુરા પોલીસે બાતમી અને ટેકિન્કલ સર્વેલન્સના આધારે ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પકડાયેલા આરોપીઓની ઓળખ ૨૬ વર્ષીય રાહુલ પ્રવીણભાઈ પખાલે અને ૨૨ વર્ષીય મોઈનખાન ઉર્ફે મોઈન બોબડા પઠાણ તરીકે થઈ છે. પોલીસે બંનેની કડક પૂછપરછ હાથ ધરી છે

પોલીસે આ બંને કુખ્યાત આરોપીઓ પાસેથી કુલ ૩.૯૪ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. જપ્ત કરાયેલી ચીજવસ્તુઓમાં ગુનામાં વપરાયેલું મોપેડ, સોનાની પેન્ડલ ચેઈન, રૂદ્રાક્ષની સોનાની માળા, ચાંદીની ચેઈન અને રોકડ રકમનો સમાવેશ થાય છે.

પોલીસના હાથે પકડાયેલા આ બંને આરોપી બાઈક પર સવાર થઈને એકાંત કે ભીડભાડવાળા વિસ્તારોમાં મહિલાઓને ટાર્ગેટ કરતા હતા. ખાસ કરીને ચાલતી ઓટોરિક્ષામાં કે બાઈક પર મુસાફરી કરતી વખતે જે મહિલાઓ પર્સ ઢીલી રીતે પકડી રાખતી હોય, તેમની નબળી પકડનો લાભ લઈને પળભરમાં પર્સ ઝૂંટવીને ફરાર થઈ જતા હતા. ■

# વરસાદની આગાહીના પગલે તંત્ર સજ્જ વેધર વૉચ ગ્રૂપની બેઠક યોજાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)



અમદાવાદઃ હવામાન વિભાગની આગાહી મુજબ આગામી દિવસોમાં ગુજરાતમાં વરસાદની તીવ્રતા વધવાની શક્યતા છે. તા. ૩૧ જુલાઈના રોજ અમદાવાદ, આણંદ, વડોદરા, ભરૂચ, નર્મદા, સુરત, તાપી અને ડાંગમાં રેડ એલર્ટ, જ્યારે સૌરાષ્ટ્રના અનેક વિસ્તારોમાં ઓરેન્જ એલર્ટ સાથે ભારેથી અત્યંત ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. તદુપરાંત તા. ૨૯ અને ૩૦ જુલાઈ દરમિયાન પંચમહાલ, દાહોદ, વડોદરા, ભરૂચ, સુરત અને દક્ષિણ ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં છૂટાછવાયા સ્થળોએ ભારેથી અતિભારે વરસાદની ચેતવણી આપવામાં આવી છે. વધુમાં, તા. ૧ ઓગસ્ટના રોજ ઉત્તર ગુજરાતમાં ઓરેન્જ એલર્ટ સાથે છૂટા છવાયા વિસ્તારોમાં ભારેથી અત્યંત ભારે વરસાદ વરસવાની સંભાવના છે. રાજ્યમાં ચોમાસાની ઋતુમાં આગામી દિવસોમાં વરસાદની સંભાવનાઓને ધ્યાનમાં રાખીને બુધવારે સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર, ગાંધીનગર ખાતે રાહત કમિશનર ગૌરાંગ મકવાણાના અધ્યક્ષસ્થાને 'વેધર વૉચ ગ્રુપ'ની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ચોમાસા દરમિયાન વરસાદી પરિસ્થિતિ સામે નાગરિકોની સુરક્ષા અને આપત્તિ વ્યવસ્થાપન માટેની વહીવટી તંત્રની તૈયારીઓની સર્વગ્રાહી સમીક્ષા કરવામાં આવી હતી. હવામાન વિભાગની આગાહીને ધ્યાને રાખીને તમામ સંકલિત વિભાગોને પોતાના સાધનો,ટીમોનું મેપિંગ કરી તુરંત એક્શન માટે તૈયાર રહેવા રાહત કમિશનરે સૂચના આપી છે. ભારે પવન અને વરસાદના કોમ્બિનેશનથી થતા નુકસાનને અટકાવવા માર્ગ અને મકાન વિભાગને નગરપાલિકા, મહાનગરપાલિકાના હોર્ડિંગ્સ, બેનર્સ તથા જર્જરિત બિલ્ડિંગોને તાત્કાલિક અસરથી હટાવવા સૂચના આપવામાં આવી છે. કમિશનર મકવાણાએ વધુમાં જણાવ્યું હતું કે, રાજ્યમાં હાલમાં વરસાદની અત્યંત વિષમ પેટર્ન જોવા મળી રહી છે. રાજ્યના કેટલાક વિસ્તારો જેમ કે દ્વારકા બાજુ ઓછો વરસાદ છે, તો બીજી તરફ વલસાડ અને નવસારી જેવા વિસ્તારોમાં અંદાજે ૧૦૦ ટકા જેટલો વરસાદ નોંધાયો છે. આવી વિષમ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકાર દ્વારા તમામ સંબંધિત વિભાગો, જિલ્લા કલેક્ટરો અને આપત્તિ વ્યવસ્થાપન ટીમોને હાઈ એલર્ટ પર રહેવા સૂચનાઓ આપવામાં આવી છે. ■

# વરસાદી માહોલ વચ્ચે આજે વડોદરાના માંજલપુર બેઠકની પેટાચૂંટણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં બે દિવસના વિરામ બાદ ફરી આજથી વરસાદી માહોલ ઊભો થવાની આગાહી છે ત્યારે આજે વડોદરાના માંજલપુર વિધાનસભાની પેટાચૂંટણી પણ યોજાનાર છે. આ બેઠકના ભાજપના વિધાનસભ્ય યોગેશભાઈ પટેલના અવસાન બાદ બેઠક ખાલી હોવાથી ચૂંટણી યોજવામાં આવી રહી છે. આ ચૂંટણીમાં ભાજપ અને કૉંગ્રેસ વચ્ચે સીધો જંગ છે. ભાજપે સતીશ પટેલને ઉમેદવાર બનાવ્યા છે, જ્યારે કોંગ્રેસે ભીખાભાઈ રબારીને મેદાનમાં ઉતાર્યા છે.

મતદાન માટે તંત્રએ વિશેષ તૈયારીઓ કરી છે. વરસાદી વાતાવરણની શક્યતાને ધ્યાનમાં લઈ મતદાતાઓની સુવિધાનો ખાસ ખ્યાલ રાખવામાં આવી રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આ સાથે મતદારો સાથે મોબાઈલ લઈને જઈ શકશે નહીં ત્યારે તેમની માટે મોબાઈલ ડિપોઝિશન સેન્ટર બનાવવામાં આવ્યા છે.

સવારે ૭ વાગ્યાથી શરૂ થનારા મતદાનમાં ૨ લાખ ૧૯ હજારથી વધુ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. સમગ્ર મતદાન પ્રક્રિયા માટે ૨૬૦ મતદાન મથકો તૈયાર કરવામાં આવ્યા છે. ■

### મુંબઈ મહાનગરપાલિકામાં તાગડધિન્ના

# છ મહિના પહેલા ખરીદેલી સ્કોર્પિયો નથી ગમતી, ઈનોવા જોઈએ

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકા પદાધિકારીઓ માટે માત્ર છ મહિનામાં ફરી મોંઘી નવી કાર ખરીદવાની યોજના બનાવી રહ્યું છે. વહીવટીતંત્ર જાન્યુઆરી - ફેબ્રુઆરીમાં ખરીદેલી 'સ્કોર્પિયો એન' કાર દૈનિક આવનજાવન માટે અનુકૂળ અને આરામદાયક ન હોવાથી એની જગ્યાએ મોંઘી 'ઇનોવા ક્રિસ્ટા' કાર ખરીદવા પ્રસ્તાવ તૈયાર થઈ રહ્યો છે. આ દરખાસ્ત ટૂંક સમયમાં પાલિકા કમિશનર અશ્વિની ભીડેને મંજૂરી માટે મોકલવામાં આવશે.

મહાનગરપાલિકામાં નવા ચૂંટાયેલા મેયર, ડેપ્યુટી મેયર અને વિવિધ સમિતિઓના અધ્યક્ષોની નિમણૂક થયા બાદ વહીવટી તંત્ર દ્વારા તેમને વાહનો આપવામાં આવ્યાં હતાં. આમાં, મેયર રીતુ તાવડેને આશરે ૩૦ થી ૩૫ લાખ રૂપિયાની 'ઇનોવા હાઇક્રોસ હાઇબ્રિડ' કાર આપવામાં આવી છે. ડેપ્યુટી મેયર, ગૃહના નેતા, વિરોધ પક્ષના નેતા અને વિવિધ વૈધાનિક સમિતિઓના અધ્યક્ષને 'સ્કોર્પિયો એન' વાહનો આપવામાં આવ્યાં છે. જોકે, ગૃહના નેતા ગણેશ ખણકરે ફરિયાદ કરી છે કે 'સ્કોર્પિયો એન' વાહન મુસાફરી માટે અનુકૂળ નથી. એટલે હવે ગૃહના નેતા, વિરોધ પક્ષના નેતા, ડેપ્યુટી મેયર અને ત્રણેય વૈધાનિક સમિતિઓના અધ્યક્ષો માટે નવી 'ઇનોવા ક્રિસ્ટા' કાર ખરીદવાની માગણી જોર પકડવા લાગી છે.

રસપ્રદ વાત એ છે કે મહાનગરપાલિકામાં વહીવટી શાસન દરમિયાન ચૂંટણી પહેલા એટલે કે જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં, મહાનગરપાલિકાના ઘન કચરા વ્યવસ્થાપન વિભાગે પદાધિકારીઓ માટે ૧૩ નવા વાહન ખરીદ્યા હતા. મહાનગરપાલિકાએ આ ૧૩ વાહનો પાછળ ૨ કરોડ ૧૬ લાખ રૂપિયાનો ખર્ચ કર્યો હતો. છેલ્લા સાડા ચાર વર્ષથી મહાનગરપાલિકામાં કોઈ નગરસેવક અને પ્રમુખ ન હોવાથી અધિકારીઓ અગાઉનાં વાહનોનો ઉપયોગ કરી રહ્યા હતા. ચૂંટણી પછી મહાનગરપાલિકામાં નગરસેવક, કાર્યકરો અને નાગરિકોની અવરજવર વધવાથી પદાધિકારીઓ માટે આ નવાં વાહનો ખરીદવામાં આવ્યાં હતાં.

આ મુદ્દે ભૂતપૂર્વ મેયર કિશોરી પેડણેકરે કહ્યું હતું કે 'હું આમાંથી બે-ત્રણ બાબતો પર પ્રકાશ પાડીશ. ૫૪ વાહન ખરીદવામાં આવ્યાં હતાં. કેટલાક વાહનો વોર્ડ પ્રમુખોને આપવામાં આવ્યાં હતાં. કમિશનરને પણ આમાંથી વાહનો આપવામાં આવ્યાં છે. અમને આપવામાં આવેલા વાહનોની એવરેજ ૭-૮ કિલોમીટર છે. કેટલાક લોકો કહી રહ્યા છે કે વાહન યોગ્ય નથી, તેનાથી પીઠમાં દુખાવો થાય છે. જો આ રીતે નગરપાલિકાને લૂંટી રહ્યા હોય તો તે યોગ્ય નથી.'

## શરદ પવાર - અમિત શાહ સોદાબાજીથી એનસીપીના પેટમાં તેલ રેડાયુંઃ અંજલિ દમણિયા

મુંબઈઃ છેલ્લા કેટલાક દિવસોથી બે બાબતની તીવ્ર ચર્ચા થઈ રહી છે. એક એ છે કે શરદ પવાર એનડીએમાં જોડાશે. બીજી એ છે કે બંને રાષ્ટ્રવાદી પક્ષોનું વિલીનીકરણ થશે. પરંતુ આ બંને ચર્ચામાં તથ્ય નથી તેવું બહાર આવ્યું છે. શરદ પવારે સ્પષ્ટ કર્યું છે કે બંને રાષ્ટ્રવાદી પક્ષોનું વિલીનીકરણ નહીં થાય. આમ બીજો મુદ્દો ઉકેલાઈ ગયો છે. જોકે, હવે એક નવો મુદ્દો સામે આવ્યો છે. પવારે કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ સાથે સીમાંકન ખરડાના સમર્થન અંગે સોદાબાજી કરી છે એવો દાવો સામાજિક કાર્યકર્તા અંજલિ દમણિયાએ કર્યો છે. 'મને મારો પક્ષ પાછો સોંપો, હું સીમાંકનને સમર્થન આપીશ' પવારે કહ્યું હોવાનો દાવો કરવામાં આવ્યો છે.

શરદ પવારે અમિત શાહને કહ્યું છે કે તેમના સંસદસભ્યો સીમાંકન બિલને સમર્થન આપશે, પરંતુ બદલામાં પક્ષ પાછો જોઈએ છે. એટલા માટે સુનીલ તટકરે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને અમિત શાહને મળ્યા હતા. સુપ્રિયા સુળે પણ મળ્યા હતા. અંજલિ દમણિયાએ દાવો કર્યો છે કે એનસીપી ટૂંક સમયમાં એનડીએમાં જોડાશે. એવો દાવો દમણિયાએ કર્યો છે.

## ફડણવીસ શ્રેષ્ઠ શિક્ષણ પ્રધાન સાબિત થાયઃ સંજય રાઉત

મુંબઈઃ શિવસેનાના સંસદસભ્ય સંજય રાઉતે બુધવારે કહ્યું હતું કે 'મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ શિક્ષણ પ્રધાન પદ માટે સૌથી યોગ્ય વ્યક્તિ છે. નીટ પેપર લીક વિરોધ અંગે દબાણ વધતા ધર્મેન્દ્ર પ્રધાને રાજીનામું આપ્યા બાદ આ ટિપ્પણી કરવામાં આવી છે. સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં તેમણે જણાવ્યું હતું કે વડા પ્રધાન મોદીએ તેમને પણ કહ્યું છે કે તેમણે દિલ્હી આવવું પડશે. તો રાહ શેની જોવાય છે? દેવેન્દ્ર ફડણવીસ જેવા શિક્ષિત લોકોને શિક્ષણ પ્રધાન બનાવવા જોઈએ.'

સીએમ ફડણવીસને આગામી કેન્દ્રીય શિક્ષણ પ્રધાન તરીકે ધ્યાનમાં લેવાની અટકળો વહેતી થતા શિવસેના (યુબીટી)ના પ્રવક્તાની આ ટિપ્પણી આવી છે. ધર્મેન્દ્ર પ્રધાને નરેન્દ્ર મોદીને રાજીનામું આપ્યું એ જ દિવસે ફડણવીસ ગૃહ પ્રધાન અમિત શાહને મળ્યા હતા ત્યારે આ વાત વહેતી થઈ હતી.

જોકે, ધર્મેન્દ્ર પ્રધાને રાજીનામું આપ્યા બાદ પ્રહલાદ જોશીને શિક્ષણ મંત્રાલયનો વધારાનો હવાલો સોંપવામાં આવ્યો હતો. તેઓ હાલમાં કેન્દ્રીય ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ અને નવી અને નવીનીકરણીય ઊર્જા પ્રધાન પણ છે.

## જરાંગે ૨૯ ઓગસ્ટથી રાજ્યવ્યાપી આંદોલન કરશે

મુંબઈઃ મરાઠા અનામત આંદોલનકારી મનોજ જરાંગેએ બુધવારે ૨૯ ઓગસ્ટથી છેલ્લા અને નિર્ણાયક આંદોલનની ચેતવણી આપી હતી. તેમણે આક્ષેપ કર્યો હતો કે ૫૮ લાખ કુણબી નોંધો મળી આવી હોવા છતાં મહારાષ્ટ્ર સરકાર હૈદરાબાદ ગેઝેટ મુજબ જાતિનાં પ્રમાણપત્રો આપવામાં નિષ્ફળ રહી છે. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે જણાવ્યું હતું કે બાકી રહેલા કેસોની સંખ્યા ઓછી છે અને જો કોઈ વાસ્તવિક ફરિયાદો બાકી હોય તો સરકાર ચર્ચા કરવા તૈયાર છે.

તેમણે કહ્યું કે, રાજ્યમાં ૫૮ લાખ કુણબી નોંધો મળી છે. આ નોંધોના આધારે જાતિનાં પ્રમાણપત્રો આપવા માટે સરકારને વારંવાર કહ્યું છે, પરંતુ તે તેમ કરી રહી નથી. આ જ કારણે બીજું આંદોલન શરૂ કરવું પડી રહ્યું છે.

જરાંગે એ તમામ પાત્ર વ્યક્તિઓને જાતિના પ્રમાણપત્રો માટે અરજી સબમિટ કરવાનો આગ્રહ કર્યો હતો જેમના રેકોર્ડ મળી આવ્યા છે, અને મરાઠા સમાજના લોકોને ૨૯ ઓગસ્ટે ઘરે ન બેસી રહેવાની અપીલ કરી હતી.

તેમણે કહ્યું કે, જો હૈદરાબાદ ગેઝેટ મુજબ ૨૮ ઓગસ્ટ સુધીમાં પ્રમાણપત્રો આપવામાં નહીં આવે, તો ૨૯ ઓગસ્ટથી આંદોલન શરૂ થશે. આ અંતિમ અને નિર્ણાયક આંદોલન હશે.

જરાંગેની જાહેરાતનો જવાબ આપતાં ફડણવીસે જણાવ્યું હતું કે મહાયુતિ સરકારે અગાઉની કોઈ પણ સરકાર કરતાં મરાઠા સમાજના કલ્યાણ માટે વધુ નિર્ણયો લીધા છે. જેમણે અરજી કરી છે તેમને જાતિનાં પ્રમાણપત્રો આપી દેવામાં આવ્યા છે.

## બારામતીમાં ગુંબજના ઉદ્‌ઘાટન માટે શરદ પવાર વડા પ્રધાનને આમંત્રણ આપશે

પુણેઃ પુણેના બારામતીમાં એક શૈક્ષણિક સંસ્થાના ટ્રસ્ટીઓએ એનસીપી (એસપી)ના પ્રમુખ શરદ પવારને વિનંતી કરી છે કે તેઓ વડા પ્રધાન નરેન્દ્ર મોદીને ભગવાન બુદ્ધની પ્રતિમા અને જાણીતા સમાજ સુધારકોના પ્રદર્શન માટે નવા બનેલા ગુંબજનું ઉદ્‌ઘાટન કરવા આમંત્રણ આપે. અગ્રણી શૈક્ષણિક સંસ્થા વિદ્યા પ્રતિષ્ઠાનના અધ્યક્ષ પવારે ટ્રસ્ટીઓને ખાતરી આપી છે કે પોતે તેમની ઈચ્છા વડા પ્રધાન સમક્ષ વ્યક્ત કરી તેમને પ્રેરણા સ્થળ નામના ગુંબજના ઉદ્‌ઘાટન માટે આમંત્રણ આપશે. શરદ પવારના ગઢ ગણાતા બારામતીમાં સંસ્થાના પરિસરમાં આવેલા ગુંબજમાં ભગવાન બુદ્ધ, છત્રપતિ શિવાજી મહારાજ, રાજર્ષિ શાહુ મહારાજ, મહાત્મા જ્યોતિબા ફૂલે, ડૉ. બી.આર. આંબેડકર, અહલ્યાદેવી હોળકર અને અણ્ણા ભાઉ સાઠેની પ્રતિમા છે. વિદ્યા પ્રતિષ્ઠાનના ટ્રસ્ટીએ મંગળવારે જણાવ્યું હતું કે આ સુવિધામાં એક મ્યુઝિયમ, એક ધ્યાન હોલ અને યોગ કેન્દ્ર પણ છે. તેમણે નોંધ્યું હતું કે 'અમે તેને 'પ્રેરણા સ્થળ' કહીએ છીએ કારણ કે તેનો હેતુ આ મહાન હસ્તીઓના જીવન અને કાર્ય દ્વારા મુલાકાતીઓને પ્રેરણા આપવાનો છે.' (પીટીઆઈ)

## ગ્રાહક અદાલતે એરલાઇન સામેની અરજી ફગાવી, 'સામાનની મર્યાદા અને ચેક-ઇન સમયમર્યાદાનો અમલ એ સેવામાં ખામી નથી'

મુંબઈઃ એક મુસાફરે બ્રસેલ્સ એરલાઇન્સ સામે કરેલી ફરિયાદ ગ્રાહક આયોગે ફગાવી દીધી છે. ફરિયાદ મુજબ મુસાફરે વધારાના સામાનની ફી ચૂકવવાનો ઇનકાર કરવાને કારણે ચેક-ઇનની સમયમર્યાદા ચૂકી જતા ફ્લાઇટમાં બેસવાની મંજૂરી આપવામાં આવી નહોતી.વધારાના જિલ્લા ગ્રાહક વિવાદ નિવારણ આયોગ, મુંબઈ સબર્બને મંગળવારે આપેલા આદેશમાં જણાવ્યું હતું કે, કરારની પ્રમાણભૂત શરતનો અમલ કરવા બદલ કોઈ એરલાઇનને ''સેવામાં ખામી'' માટે જવાબદાર ઠેરવી શકાય નહીં.

વર્સોવાના રહેવાસી ફરિયાદીએ ૧૨ સપ્ટેમ્બર, ૨૦૧૭ના રોજ મુંબઈથી માન્ચેસ્ટર જવા માટે પોતાની અને પોતાના બે બાળકો માટે ઈકોનોમી-ક્લાસની ટિકિટો બુક કરાવી હતી. તેમનો સામાન માન્ય કરતાં ઘણો વધારે હતો, તેથી ગ્રાઉન્ડ સ્ટાફે તેમને વધારાના સામાનનો ચાર્જ ચૂકવવાનું કહ્યું હતું .ફરિયાદીએ પૈસા ચૂકવવાનો ઇનકાર કર્યો અને આગ્રહ કર્યો કે તેમને કોઈપણ વધારાના ચાર્જ ચૂકવ્યા વિના મુસાફરી કરવાની મંજૂરી આપવામાં આવે. ત્યારબાદ તેમણે તેમના સામાનને ફરીથી ગોઠવવાનું નક્કી કર્યું, પરંતુ જ્યારે તેઓ ચેક-ઇન કાઉન્ટર પર પાછા ફર્યા, ત્યારે ચેક-ઇનનો સમય સમાપ્ત થઈ ગયો હતો.

તેમણે અન્ય એરલાઇન દ્વારા મુસાફરી કરવી પડી હતી અને ત્યારબાદ બ્રસેલ્સ એરલાઇન્સ પાસેથી વળતર મેળવવા માટે ગ્રાહક આયોગનો સંપર્ક કર્યો હતો.

આયોગે નોંધ્યું કે વધારાના સામાન માટે પૈસા ચૂકવવાનો ઇનકાર કરવાને કારણે ફરિયાદી ચેક-ઇનની સમયમર્યાદા ચૂકી ગયા હતા. એરલાઇને તેની માનક સામાન નીતિ અનુસાર કાર્ય કર્યું હતું.

## વેર વાળવાને ઈરાદે પાંચ જણે ચોપરથી હુમલો કરતાં યુવકનું મોતઃ બે જખમી

થાણેઃ ભિવંડીમાં જૂની અદાવતનું વેર વાળવાને ઇરાદે પાંચ જણના જૂથે ચોપર અને અન્ય તીક્ષ્ણ હથિયારોથી હુમલો કરી યુવકને મોતને ઘાટ ઉતાર્યો હતો, જ્યારે બે ગંભીર રીતે ઘવાયા હતા.પોલીસના જણાવ્યા મુજબ ભિવંડી શહેરના ભંડારી ચોક ખાતે સોમવારની મધરાતે ૧૨.૧૫ વાગ્યાની આસપાસ બનેલી ઘટનામાં જીવ ગુમાવનારા યુવકની ઓળખ અંકુશ સુભાષ અધે (૨૦) તરીકે થઈ હતી. આ હુમલામાં દીપક શંકર રાઠોડ (૨૩) અને ભાબેશ પરિહાર (૨૩) જખમી થયા હતા. અધે અને ફરિયાદી રાઠોડ તેમના મિત્રો પરિહાર અને ભગવાન ઝા (૨૬) સાથે એક હોટેલ નજીક પાનની દુકાન પાસે વાતચીત કરતા ઊભા હતા. તે સમયે મુખ્ય આરોપી સાંઈ નિર્મલ, ઉમેશ સિંહ, સની રાઠોડ અને પવન જાધવ ત્યાં આવ્યા હતા.

## બિઝનેસમૅનને ૩૪ લાખનો ચૂનો ચોપડ્યોઃ દંપતી સામે ગુનો

થાણેઃ સ્ટોન ક્રશર મશીન વેચવાને બહાને મીરા રોડના બિઝનેસમૅન સાથે ૩૪ લાખ રૂપિયાની કથિત છેતરપિંડી આચરનારા દંપતી વિરુદ્ધ પોલીસે ગુનો નોંધ્યો હતો.૪૬ વર્ષના બિઝનેસમૅનની ફરિયાદને આધારે નયાનગર પોલીસે ૨૭ જુલાઈએ બાશાસાબ નીલી અને તેની પત્ની રેશમા વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. એફઆઈઆર અનુસાર ફરિયાદીએ જાન્યુઆરી, ૨૦૨૫માં સોશિયલ મીડિયા પર એક જાહેરખબર જોઈ હતી, જેમાં ક્રશર મશીન વેચવાની હોવાનું જણાવાયું હતું. પાલઘરમાં વ્યવસાય શરૂ કરવાની ફરિયાદીની ઇચ્છા હોવાથી તેણે નીલીનો સંપર્ક સાધ્યો હતો. નીલીએ મશીનની કિંમત ૧.૧૫ કરોડ રૂપિયા હોવાનું કહ્યું હતું.

## એર્નાકુલમ-પુણે સુપરફાસ્ટમાં ખામી

થાણેઃ બુધવારે સવારે નવી મુંબઈના પનવેલ રેલવે સ્ટેશન પર યાંત્રિક ખામી જણાતાં એર્નાકુલમથી પુણે જતી સુપરફાસ્ટ એક્સપ્રેસ ટ્રેનનો એક કોચ ટ્રેનથી અલગ કરવામાં આવ્યો હતો.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, ત્યારબાદ રેલવે તંત્રએ મુસાફરોને અન્ય કોચમાં બેસાડવાની વ્યવસ્થા કરી હતી. પનવેલ સ્ટેશન પુણે જંક્શનથી લગભગ ૧૦૦ કિમી દૂર આવેલું છે.

સેન્ટ્રલ રેલવેએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, જ્યારે એર્નાકુલમ-પુણે સુપરફાસ્ટ એક્સપ્રેસ (ટ્રેન નંબર ૨૨૧૪૯) સવારે લગભગ ૬:૩૦ વાગ્યે પનવેલ સ્ટેશન પર પહોંચી, ત્યારે 'ઇ૧ કોચમાં કંટ્રોલ આર્મ તૂટેલું જોવા મળ્યું હતું, જેના પરિણામે કેરેજ એન્ડ વેગનની ખામી સર્જાઈ હતી.'(પીટીઆઈ)

## સગીરાનું અપહરણ કરી દુષ્કર્મઃ નેપાળી યુવકને ૧૦ વર્ષની સજા

પાલઘરઃ પાલઘર જિલ્લાની કોર્ટે ૨૦૧૮માં સગીરાનું અપહરણ કરવા તેમ જ તેની સાથે દુષ્કર્મ આચરવા બદલ ૩૪ વર્ષના નેપાળી યુવકને ૧૦ વર્ષની સખત કેદ ફટકારી હતી.એડિશનલ સેશન્સ જજ એ.આર. રહાણેએ આરોપી નરેન્દ્રબહાદુર ગોરખબહાદુર પાંડેને ભારતીય દંડસંહિતા તથા પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સીસ (પોક્સો) એક્ટની સુસંગત જોગવાઇઓ હેઠળ દોષી ઠેરવ્યો હતો. આરોપી અને પીડિતા વચ્ચે સંમતિથી પ્રેમસંબંધ બંધાયો હોવાની બચાવ પક્ષના વકીલની દલીલને ફગાવી દેતા કોર્ટે કહ્યું હતું કે પીડિતા સગીર હોવાથી તેની સંમતિ કાયદેસર રીતે માન્ય નથી. કોર્ટે પાંડેને પોક્સો એક્ટની કલમ ૬ હેઠળ ૧૦ વર્ષની સખત કેદ તેમ જ પાંચ હજાર રૂપિયાનો દંડ ફટકાર્યો હતો. પાંડેને ભારતીય દંડસંહિતાની કલમ ૩૬૩ હેઠળ પાંચ વર્ષની સાદી કેદ અને એક હજાર રૂપિયાનો દંડ પણ ફટકારાયો હતો. વિશેષ સરકારી વકીલ સંજય મોરેએ કહ્યું હતું કે આરોપી વિરુદ્ધ આરોપ પુરવાર કરવા માટે પીડિતા સહિત તપાસકર્તા પક્ષના સાત સાક્ષીદારને તપાસવામાં આવ્યા હતા. (પીટીઆઇ)

## જૈન મરણ

**દશા શ્રીમાળી જૈન**

વિલે પાર્લા નિવાસી હાલ અમદાવાદના નિકુંજ અશ્વિનભાઈ ગોસલીયા (ઉં. વ. ૪૯) ૨૬.૭.૨૬, રવિવારના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. અશ્વિનભાઈ તથા સ્વ. શીલાબેનના પુત્ર. સેજલ હિરેન તન્ના, વિજલ સંદીપ દોશી, અભિજીત ગોસલીયાના ભાઈ. નિશા ગોસલીયાના દિયર, નિશિતા (એક્સ વાઈફ)ના પતિ. દિયાનના પિતા. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**સુરત વીશા ઓસવાલ શ્વેતાંબર મૂર્તિપૂજક જ્ઞાતિ જૈન**

સુરત નિવાસી હાલ મુંબઈ અજીતભાઈ અમરચંદભાઈ ઝવેરી (ઉં. વ. ૭૫) ૨૮.૭.૨૬ના અરિહંતશરણ પામ્યા છે. તે સ્વ. અંજણાબેન તથા સ્વ. અમરચંદભાઈ ફુલચંદભાઈના દીકરા. પ્રિતીબેન (નીરૂબેન)ના પતિ. સ્વ. મંગળાબેન તથા સ્વ. માણેકચંદભાઈના જમાઈ. તે ખ્યાતિ, મિતેશ તથા ટ્યુલીપના પિતા. જીતેનભાઈ, ભાવી તથા દિશાના સસરા. રીશાન, જેનીશા તથા નિવાનના દાદા. પ્રાર્થનાસભા ૩૧.૭.૨૬, શુક્રવારના રાખેલ છે. સ્થળઃ વનિતા વિશ્રામ હોલ, પ્રાર્થનાસભા સમાજ, મુંબઈ-૪૦૦૦૦૪. સમયઃ બપોરે ૪ થી ૬.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

કોટડી મહાદેવપુરીનાં ભાણજી મુરજી ગાલા (ઉં.વ. ૮૨) તા. ૨૮-૭-૨૬નાં અવસાન પામેલ છે. રતનબેન મુરજી દેવજી ગાલાના પુત્ર. ઝવેરબેનના પતિ. શૈલેષ, રાજેશ, મુકેશના પિતા. લીલાધર (મઠોબાપા), લીલબાઇ, દમયંતી, કલ્પના, મણીબેનના ભાઇ. ચાંગડાઇના હીરબાઇ શીવજી કરમશીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. શૈલેષ ગાલા, ડી-૧૧૦, વિજય સ્મૃતિ, લેન નં. ૪, પેંડસેનગર, ડોંબીવલી (પૂર્વ).

ફરાદીના જીતેન્દ્ર (ભોગીભાઇ) નાનજી ગાલા (ઉં.વ. ૭૫) તા. ૨૮-૭-૨૬નાં અરિહંત શરણ પામેલ છે. માતુશ્રી સુંદરબેન/માતુશ્રી ગુણવંતીબેન નાનજીના પુત્ર. કલ્પના (કસ્તુર)ના પતિ. રોહન, ટીનાના પિતા. નિર્મળા, તરૂણા, ચંદ્રવદન, ભરત, દિપક, મુકેશના મોટા ભાઇ. માતુશ્રી સાકરબેન શીવજીના જમાઇ. પ્રા. શ્રી માટુંગા સુમતિનાથ આરાધના ભવન, નાથાલાલ પારેખ માર્ગ, ગુજરાત ક્લબની બાજુમાં, માટુંગા, મું. ૧૯. ટા. ૩.૩૦ થી ૫.

મોટી ખાખરનાં સુરેશ કુંવરજી છેડા (ઉં.વ. ૮૧) તા. ૨૮-૭-૨૬નાં અવસાન પામેલ છે. વેજબાઇ કુંવરજી મોનજીના પુત્ર. સરોજ (દમયંતી)ના પતિ. કવિતા, પ્રતિક, તારીકાના પિતા. શાંતિલાલ, જયંતીલાલ, લક્ષ્મીબેનના ભાઇ. નાગલપુર નાનબાઇ નાનજી પુંજાના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. સુરેશ કુંવરજી, ડી/૭, જવાનનગર, એસ.વી. રોડ, બોરીવલી (વે.).

**જેતપુર પોરવાડ જૈન**

હાલ ચેમ્બુર મુંબઈ, સ્વ. દિપકભાઈ શાંતિલાલ પારેખ (ઉં.વ. ૮૦) સ્વ. કાંતાબેન સ્વ. શાંતિલાલ પારેખના સુપુત્ર રવિવારના તા. ૨૬-૭-૨૬ અરિહંતશરણ પામ્યા છે. મૃદુલાના (મધુબેન)ના પતિશ્રી. તેજસ - બિમલના પિતાશ્રી. કોમલ - શિલ્પાના સસરા. સ્વ. વિજયભાઈ (બીનાબેન), દિલીપભાઈ (લતાબેન), ભરતભાઈ (સ્નેહાબેન), સ્વ. લીનાબેન દોશી, નીતાબેન મહેતા, દત્તાબેન દેઢીના ભાઈ. નીતિનભાઈ નગીનદાસ દોશીના સઢુ. પ્રાર્થનાસભા ગુરુવારે તા. ૩૦ જુલાઈ ૨૦૨૬ સાંજે ૫-૩૦ થી ૭-૦૦. સ્થળઃ ચેમ્બુર જીમખાના, ૧૬મો રસ્તો, ચેમ્બુર પૂર્વ, આંબેડકર ગાર્ડન પાસે.

**માંગરોળ જૈન**

મુલુંડ નિવાસી, સ્વ. નગિનદાસ અમૃતલાલ શાહના પત્ની વિજયાલક્ષ્મીબેન શાહ (ઉં.વ. ૯૩) મંગળવાર, તા. ૨૮/૭/૨૬ના અરિહંત શરણ પામ્યા છે. તે વિરેન્દ્ર, રિટા, નિના, આશા અને કવિતાના માતુશ્રી. કલ્પના, વિજયકુમાર, રાજેશકુમાર અને અજયકુમારના સાસુ. ઉન્નતિ અને પરિતાના દાદી. સ્વ. જયાલક્ષ્મી હરકિશનદાસ શાહના દીકરી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ધારી નિવાસી હાલ બોરીવલી, સ્વ. જ્યોત્સનાબેન ઉમેદભાઈ બજરીયાના પુત્ર નલીનભાઈ (ઉં.વ. ૬૪) તા. ૨૮/૭/૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે હર્ષાબેનના પતિ. નિશિથ તથા જાન્હવીના પિતા. શિખા તથા વરુણના સસરા. વિપુલાબેન મુકેશભાઈ જસાણી, જાગૃતિબેન જયેશભાઈ શેઠ, નીતાબેન પરેશભાઈ શેઠ, પિયુષભાઈ, શિલ્પાબેન અતુલભાઈ ગાંડાણીના ભાઈ. સ્વ. લાભુબેન લલીતચંદ્ર રવાણીના જમાઈ. પ્રાર્થનાસભા તા. ૨/૮/૨૬ રવિવાર સવારે ૧૦ થી ૧૨. સ્થળ- વિદ્યામંદિર બેન્કવેટ હોલ, વિદ્યામંદિર સ્કૂલની નીચે, સી. એસ. રોડ, દહિસર ઇસ્ટ.

## હિન્દુ મરણ

**ગોહિલવાડ દશાશ્રીમાળી વણીક**

દિહોર નિવાસી હાલ ઘાટકોપર અ. સૌ. હસુમતી જીતેન્દ્ર મહેતા (ઉં. વ. ૮૮) તે જીતેન્દ્ર હરકિશનદાસ કુંવરજી મહેતાના ધર્મપત્ની. હિમાંશુ તથા તપનના માતુશ્રી. સૌ. આશા તથા સૌ. ઝંખનાના સાસુ. ફોરમ તથા રાજનાં દાદી. માંગરોળ નિવાસી વિણાબેન મણીલાલ શાહના પુત્રી. કુસુમબેન, પ્રમિલાબેન, અરૂણાબેન અને સ્વ. ભારતીબેનના ભાભી સોમવાર, ૨૭-૭-૨૬ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. તેમની પ્રાર્થનાસભા પરમકેશવબાગ, નવરોજી લેન, ઘાટકોપર (વેસ્ટ) તા. ૩૧-૭-૨૬. સમય ૫ થી ૭.

**ઔદિચ્ય સહસ્ત્ર બ્રાહ્મણ**

ગામ ઉનાવા હાલ બોરીવલી સ્વ. શાંતાબેન વાસુદેવ રાવલના પુત્ર કિરીટભાઈ વાસુદેવ રાવલ (ઉં. વ. ૭૬) મુંબઈ મુકામે સોમવાર, ૨૭-૭-૨૬ના દેવલોક પામ્યા છે. તે રમાબેનના પતિ. સાગર તથા પરીનના પિતાશ્રી. નેહા સાગર રાવલ તથા ખ્યાતિ પરીન રાવલના સસરા. હેત અને વૈશ્વીના દાદા. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા લાડ વણિક**

મુળ વતન સુરત (હાલ ઘાટકોપર) સ્વ. બિપીનભાઈ રતિલાલ કાપડીયા (ઉં. વ. ૮૧) તે પ્રજ્ઞાબેનના પતિ. જીજ્ઞેશ અને ચૈતાલીના પિતા. પંચિની (રૂપા) અને આનંદ કૃષ્ણમૂર્તિના સસરા ૨૬-૭-૨૬, રવિવારના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા ૩૧-૭-૨૬, શુક્રવારના ૫ થી ૬.૩૦ કલાકે ઘાટકોપર બાલકનજી બારી, રાજાવાડી બગીચા પાસે, રોડ નં. ૩, રાજાવાડી, ઘાટકોપર (પૂર્વ). (લૌકિક વહેવાર બંધ છે.)

**હાલાઇ લોહાણા**

મૂળગામ મોટીવેરાવળ નિવાસી હાલ દહિસર, સ્વ. દિવાળીબેન દામજીભાઇ નથવાણીના પુત્ર સ્વ. વશરામભાઇ (સુખાભાઈ) નથવાણી (ઉં.વ. ૮૦) તા. ૨૭/૭/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. સ્વ. પ્રભુદાસભાઈ, સ્વ. દેવચંદભાઈ, રાકેશભાઈ (બાબાભાઈ), અનસૂયાબેન નારણદાસ, કાંતાબેન પ્રવીણભાઈ, મંજુબેન યોગેશભાઈ, કપીબેન અનિલભાઈના ભાઈ. સ્વ. જયાબેનના દિયર. સ્વ. રૂક્ષ્મણીબેન તથા ભાવનાબેનના જેઠ. સતિષભાઈ તથા જગદીશભાઈના કાકા. પ્રાર્થનાસભા તા. ૩૦/૭/૨૬ના ગુરુવાર સમય સાંજે ૫ થી ૬. લુહાર સુથારની વાડી, કાર્ટર રોડ નં ૩, અંબા માતા મંદિર પાસે, બોરીવલી ઈસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**લુહાર સુતાર**

ગામ ઉગલવાણવાળા હાલ કાંદિવલી, સ્વ. બાબુભાઇ છગનભાઈ મકવાણા (ઉં.વ. ૯૯) રવિવાર, તા. ૨૬/૭/૨૬ના રામશરણ પામેલ છે. તે સ્વ. નર્મદાબેનના પતિ. દુર્લભભાઈ, રમેશભાઈ, શામજીભાઈ, હિમંતભાઈ, મનુભાઈ, રસીલાબેન, હંસાબેન, રેખાબેન, હર્ષાબેનના પિતા. ભીખાભાઇ, રતિભાઈ, પ્રભુભાઈ, જેન્તીભાઇ, વલ્લભભાઈના મોટાભાઈ. ગામ દુધાળાવાળા સ્વ. બચુભાઈ પરષોત્તમભાઈ ડોડીયાના બનેવી. વિપુલ, ચિરાગ, હિતેષ, જતીન, વિરાજ, આકાશ, ધ્રુવ, વેદાંતના દાદા. ચંદ્રિકાબેન, ગુલાબબેન, ભાવનાબેન, જયાબેન, જાગૃતિબેન, સોનાના સસરા. તેમની સાદડી ૩૦/૭/૨૬ના ૫ થી ૭. લુહાર સુથાર વાડી, કાર્ટર રોડ ૩, અંબા માતા મંદિર પાસે, બોરીવલી ઈસ્ટ.

**હાલાઇ લોહાણા**

મૂળગામ સાતુદળ હાલ કાંદિવલી, સ્વ. લીલાવતીબેન નાનાલાલ રાજાણીના પુત્ર રમેશભાઈ (ઉં.વ. ૭૮) તે રચનાબેનના પતિ. અમિત તથા અનિતા જીજ્ઞેશભાઈ મણિયારના પિતા. સ્વ. વિજયાબેન કાકુભાઇ સિમરીયાના જમાઈ. નેહા અમિત રાજાણીના સસરા. સ્વ. રાજેન્દ્ર, ગં.સ્વ. ચંદાબેન પ્રભુદાસ પુજારા, શોભાબેન પ્રવીણભાઈ ગોકાણી તથા ગં.સ્વ. વસુબેન હર્ષદભાઈ સાંઘાણીના ભાઈ. તા. ૨૭/૭/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. બંને પક્ષની પ્રાર્થનાસભા ૩૦/૭/૨૬ના ૪ થી ૫.૩૦. પાવનધામ એમ. સી એ ગ્રાઉન્ડ પાસે, પહેલે માળે, સત્યાનગર કાંદિવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

અ.સૌ. માધુરી (ઉં.વ. ૫૪) કચ્છ ગામ અંજાર હાલ બદલાપુર, તે ગં.સ્વ. ચંદ્રમણી હરિલાલ ગણાત્રાની પુત્રવધૂ. તે ધર્મેશભાઈના પત્ની. સ્વ. મણિબેન લક્ષ્મીદાસ ધીરાવાણીના પુત્રી. હર્ષિલના માતુશ્રી. તક્ષાના સાસુજી. ભાવના અનિશ ગણાત્રા અને રીના (હીના) રાજેન્દ્ર સચદેના ભાભી. મંગળવાર, ૨૮/૭/૨૬ના રામશરણ પામેલ છે. બંને પક્ષની પ્રાર્થનાસભા ગુરુવાર, ૩૦/૭/૨૬ના સાંજે ૫ થી ૭, ગોપુરમ હોલ, ડૉ. આર. પી. રોડ, જ્ઞાન સરિતા સ્કુલ પાસે, મુલુંડ પશ્ચિમ.

**લોહાણા**

મૂળ ગામ જામખંભાળિયા હાલ થાણે, ગં.સ્વ.

## પારસી મરણ

મેહરુ અસપી રૂવાલા તે મરહુમ અસ્પી રૂવાલાના ધણીયાણી. તે મરહુમ કેખશરૂ અને જરબાનુ ડ્રાઈવરના દીકરી. તે નાજનીન વાકડિયાના મામાજી. તે ફરહાદ વાકડિયાના સાસુ. તે વિવાન અને વિવિયાના મમઈજી. તે રેયોમંદ, પોરૂસ્પ, હોસેદાર, બીનાઈ ફરના મામીજી. (ઉં. વ. ૭૬) ઠે. જ-૨, ભરુચા બાગ, એસ. વી. રોડ, અંધેરી (વે.), મુંબઈ-૪૦૦૦૫૮. ઉઠમણાની ક્રિયાઃ ૩૧-૭-૨૬ ને દીને બપોરે ૫.૦૦ વાગે અંધેરી પટેલ અગિયારીમાં છે.

રોશન એરચ ખરસ (ઉં. વ. ૮૮) ૨૯-૭-૨૬નાં ગુજરી ગયાં છે. એરચનાં પત્ની. મરહુમ કુંવરજી અને શિરીનબાઈ દમણિયાના દીકરી. મરહુમ ખોરશેદ, આલુ, દારાનાં બહેન. મરહુમ પિરોજા અને માણેકશૉ ખરસના વહુ. ઉઠમણું ૩૧-૭-૨૬ના. ઠે. બિલ્ડીંગ નં. ૧, રૂમ નં. ૫, ટાટા કોલોની, તાડદેવ, મુંબઈ-૩૪.

---

પુષ્પાબહેન (ઉં.વ. ૮૫) મંગળવાર, તા. ૨૮/૭/૨૬ના શ્રીજીચરણ પામ્યાં છે. જગદીશભાઈ (નાનુભાઈ) કરસનદાસ તન્નાના ધર્મપત્ની. દેવેન, ભાવેશ, મોનિકા (મનીષા) જીતેશ કારિયાના માતુશ્રી. સ્વ. મનુભાઈ ભીમજીયાણીના દિકરી. માલા અને દિશાના સાસુ. મિથિલ, ઝરણાં, પ્રાચીના દાદી. દક્ષેશના નાની. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૩૦/૭/૨૬ના સાંજે ૪:૩૦ થી ૬:૦૦ શ્રી રઘુવંશી હોલ, શ્રી થાણા હાલાઈ લોહાણા મહાજનવાડી, ખારકર આળી, થાણા-પશ્ચિમ.

**ઘોઘારી મોઢ વણિક**

ગામ બોટાદ, હાલ વિલે પાર્લે પૂર્વ નિવાસી, તનસુખ ફુલચંદ પારેખ (ઉં.વ. ૯૦) તા. ૨૮-૭-૨૬ના અક્ષર નિવાસી થયા છે. તે સ્વ. સરલાબેનના પતિ. સ્વ. લાભુબેન ફુલચંદ પારેખના પુત્ર. સ્વ. લીલાવતી શાંતિલાલ મહેતાના જમાઈ. મનોજ - ધર્મેશ - કેયુરના પિતા. અ.સૌ. શીલા - ભાવના - પાયલના સસરા. સ્વ. તાપીબેન- સ્વ. ચંદ્રાબેન- સ્વ. ઘનશ્યામભાઈ - સ્વ. રમેશભાઈ - રજનીકાંતભાઈ અને ડૉ. ભાસ્કરના ભાઈ. સાદડી તથા લૌકિક વ્યાવહાર બંધ રાખેલ છે.

**હાલાઈ લોહાણા**

મુળ ગામ જામસલાયા હાલ મલાડ, પંકજભાઈ જટણીયા (ઉં.વ. ૬૫ ) તે સ્વ. લીલાવતીબેન તથા સ્વ. લખમીદાસ સુંદરજી જટણીયાના સુપુત્ર. સ્વ. દીનાબેનના પતિ. ડૉ. સુનિલભાઈ, પરેશભાઈ તથા અનુપભાઈના પિતાશ્રી. હરીશભાઈ, પ્રદીપભાઈ, સ્વ. રમોલાબેન શશીકાંત પંચમતીયા તથા અ.સૌ. પ્રતિમાબેન ઉદયસિંહ આશરના ભાઈ. સ્વ. કમળાબેન પરસોત્તમ રૂઘનાથ કાપડીયા (બદીયાણી)ના જમાઈ. અ.સૌ. ડૉ. તૃપ્તીબેન, અ.સૌ. શીતલબેન, અ.સૌ. માનસીબેનના સસરા, તા. ૨૮/૭/૨૬ના મંગળવારના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૩૦/૭/૨૬ના ગુરુવારે સાંજે ૪.૩૦ થી ૬.૩૦. જેવીજી બેંકવેટ હોલ, હાલાઈ લોહાણા બાલાશ્રમ, મથુરાદાસ એક્સ્ટેન્શન રોડ, અતુલ ટાવર પાસે, કાંદિવલી વેસ્ટ, લૌકિક વ્યવહાર બંધ છે.

**દેસાઈ સઈ સુથાર સમાજ**

તણસા વાવડી હાલ ભાયંદર, સ્વ. પ્રવિણભાઈ રતિભાઈ સરવૈયા (ઉં.વ. ૭૦) તા. ૨૮/૭/૨૬ના મંગળવારે સદ્‌ગત પામ્યા છે. તે ગં.સ્વ. જયાબેનના દીકરા. ગં.સ્વ. મીનાના પતિ. વિવેક, મેહુલ, વર્ષા જયેશ સોલંકી, દર્શના સંજય પટેલ, કોમલ પીયુષ હિંગુના પિતા. સ્વ. શંભુ, સ્વ. દિનેશ, રમેશ, રાજેશ, મહેશ, ભુપત, સ્વ. અરવિંદના મોટાભાઈ.દકાનાવાળા હાલ અંધેરી સ્વ. જયંતિલાલ મોનજીભાઈ રાઠોડના જમાઈ. બન્ને પક્ષની સાદડી અને પ્રાર્થનાસભા તા. ૩૦/૭/૨૬ ગુરુવારે બપોરે ૪ થી ૬. સ્થળઃ રાજસ્થાન ભુવન હોલ, નવરંગ હોટલની બાજુમાં, ૬૦ ફૂટ રોડ, ભાયંદર વેસ્ટ. લૌકિક પ્રથા બંધ છે.

સ્વ. રમેશ ટેકચંદ દાવડા (ઉં.વ. ૭૦) ગામ લખપત હાલે ઘાટકોપર, તા. ૨૯/૭/૨૬ બુધવારના શ્રીજલારામ શરણ પામેલ છે. સ્વ. સુશીલાબેન ટેકચંદ દાવડાના પુત્ર. મીનાક્ષી બેનના પતિ. પ્રિતેશ, આનંદના પિતાશ્રી. કનૈયાલાલ, પ્રવીણભાઈના નાનાભાઈ તેમજ વિજય, જયશ્રી સુભાષ પુજાણી, હંસા શરદભાઈ રાછ અને ભરતના મોટાભાઈ. પ્રેમાબેન કલ્યાણજી ગણાત્રા ગામ મંગવાણા સાવિત્રીબેન પ્રાગજી ગણાત્રાના જમાઈ. અંતિમયાત્રા શુક્રવાર, તા. ૩૧/૭/૨૬ સવારના ૯:૦૦ વાગે એમના નિવાસ્થાનેથી નીકળશે. સ્થળઃ સી/૧૨/૧ શ્રી જલારામ મંદિરના બાજુમાં ભટવાડી, ઘાટકોપર વેસ્ટ.

## ઝારખંડના યુવકે બનાવેલી ૯૧ એપીકે ફાઇલથી સાયબર ઠગોએ આચરી ૬૩.૬૯ કરોડની ઠગાઇ

### આરોપી પાસેથી ૩૭,૨૦૦ લોકોની બૅંકિંગની ગુપ્ત માહિતી મળી આવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં ૭૦,૫૦૦ રૂપિયાની ઓનલાઇન છેતરપિંડીના કેસમાં ડી. બી. માર્ગ પોલીસ અને તેમની સાયબર ટીમે ઝારખંડના ૨૬ વર્ષના યુવકની પશ્ચિમ બંગાળથી ધરપકડ કરી હતી, જેણે બનાવેલી ૯૧ એપીકે ફાઇલથી સાયબર ગુનેગારોએ દેશભરમાં ૨,૯૯૩ નાગરિકો સાથે ૬૩.૬૯ કરોડ રૂપિયાની ઠગાઇ આચરી હતી. યુવક પાસેથી પોલીસને ૯૭૬ એપીકે ફાઇલ સહિત ૩૭,૨૦૦ લોકોની બૅંકિંગની ગુપ્ત માહિતી પણ મળી આવી હતી.



ડી.બી. માર્ગ પોલીસે ધરપકડ કરેલા યુવકની ઓળખ એસ.કે. મોંડલ તરીકે થઇ હતી. પોલીસે તેની પાસેથી ૧૦ મોબાઇલ, એક લેપટોપ, સાત સિમકાર્ડ અને ચાર ડેબિટ-ક્રેડિટ કાર્ડ જપ્ત કર્યાં હતાં. આરોપી મોંડલ એપીકે ફાઇલ બનાવતો હતો અને તેને અન્ય આરોપીઓને વેચતો હતો. તેને એક એપીકે ફાઇલ પાછળ પંદરથી ૨૦ હજાર રૂપિયા મળતા હતા. આરોપી મોંડલ છેલ્લા છ મહિનાથી એપીકે ફાઇલ બનાવીને વેચતો હતો.

પોલીસના જણાવ્યા મુજબ ડી.બી. માર્ગ પોલીસ સ્ટેશનમાં ૩ જુલાઇએ છેતરપિંડીનો ગુનો દાખલ કરાયો હતો, જેમાં ફરિયાદીને મહાનગર ગેસ લિમિટેડના નામે મેસેજ મોકલવામાં આવ્યો હતો અને બાદમાં એપીકે ફાઇલ ઇન્સ્ટોલ કરવાનું કહીંને તેના બૅંક ખાતામાંથી ૭૦,૫૦૦ રૂપિયાની ઉચાપત કરવામાં આવી હતી.

ગુનામાં સંડોવાયેલા આરોપીની શોધ માટે પોલીસ ટીમને પશ્ચિમ બંગાળ અને ઝારખંડ મોકલવામાં આવી હતી અને પોલીસે ગયા અઠવાડિયે આરોપી મોંડલને પશ્ચિમ બંગાળથી ઝડપી પાડ્યો હતો, એમ અધિકારીએ જણાવ્યું હતું.

આરોપીની પૂછપરછમાં પોલીસને જાણવા મળ્યું હતું કે તેણે ૯૧ એપીકે ફાઇલ બનાવી હતી અને તેને અન્ય આરોપીઓને વેચી દીધી હતી. આરોપીઓએ ૯૧ એપીકે ફાઇલથી દેશભરમાં ૨,૯૯૩ લોકો સાથે ૬૩.૬૯ કરોડ રૂપિયાની છેતરપિંડી આચરી હતી. છેતરાયેલા લોકોમાં મુંબઈ સહિત મહારાષ્ટ્રના ૫૧૨ લોકોનો સમાવેશ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# રાહુલ ગાંધીનો એકમાત્ર એજન્ડા અરાજકતાઃ ફડણવીસ

મુંબઈઃ કૉંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ નવા શિક્ષણ પ્રધાન પ્રહલાદ જોશી પર ટીકા કરી હતી. રાહુલ ગાંધીની આ ટીકાનો જવાબ આપતાં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કહ્યું કે, રાહુલ ગાંધી કંઈ પણ બોલી શકે છે. તેઓ શું બોલે છે તે દેશ જાણે છે. રાહુલ ગાંધી પાસે અરાજકતા એ જ એકમાત્ર એજન્ડા છે. તેમને દેશ સાથે કોઈ લેવાદેવા

નથી. રાહુલ ગાંધીએ સંસદમાં આરોપ લગાવ્યો હતો કે વિદ્યાર્થીઓ પર પેલેટ ગન ચલાવવાનો આદેશ કેન્દ્રીય ગૃહ મંત્રાલયનો હતો. ગાંધીના આ આરોપ પર વળતો પ્રહાર કરતાં ફડણવીસે કહ્યું કે, મેં રાહુલ ગાંધીનું ભાષણ સાંભળ્યું નથી. તેમના ભાષણમાં કશું હોતું નથી. રાહુલ ગાંધી દેશના યુવાનો માટે સકારાત્મક શું બોલ્યા? દેશના યુવાનોનું કલ્યાણ થાય તેવું શું કહ્યું? રાહુલ ગાંધી આખો દિવસ માત્ર જુઠ્ઠું બોલી રહ્યા છે. મોદીજીએ યુવાનોનો વિચાર કર્યો છે. બિલ પસાર થયા પછી પરીક્ષા પદ્ધતિ વધુ સુરક્ષિત બનશે એમ ફડણવીસે કહ્યું હતું.

આ સમયે ફડણવીસે સ્પષ્ટતા કરી કે, તેમણે રાજ્યમાં આંદોલન દરમિયાન વિદ્યાર્થીઓ પર નોંધાયેલા કેસો (મુખ્યત્વે જમાવબંધીના) પાછા ખેંચવાના આદેશ ગૃહ અને પોલીસ વિભાગને આપી દીધા છે.

# વળસે પાટીલ - શરદ પવાર મુલાકાતમાં શું રંધાયું?

પુણેઃ હાલમાં શરદ પવારના રાષ્ટ્રવાદી પક્ષ વિશે વિવિધ ચર્ચા ચાલી રહી છે. એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે આ પક્ષ ટૂંક સમયમાં એનડીએમાં જોડાઈ શકે છે. પવારના કોઈપણ નેતાએ હજુ સુધી આ દાવા અંગે જાહેર સ્પષ્ટતા નથી કરી. પરંતુ એવું કહેવામાં આવી રહ્યું છે કે પડદા પાછળ ઘણી બધી બાબતો ચાલી રહી છે. થોડા દિવસો પહેલા શરદ પવાર અને સુપ્રિયા સુળે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યા હતા. ત્યારબાદ તાજેતરમાં સુપ્રિયા સુળે કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહને પણ મળ્યા છે. આ મુલાકાતના ફોટોગ્રાફ પણ જોવા મળ્યા છે. બીજી તરફ અજિત પવાર જૂથના નેતા દિલીપ વળસે પાટીલ શરદ પવારને મળ્યા છે. આ મુલાકાત બાદ અનેક લોકોના ભંવા ઊંચકાયા છે. દરમિયાન, પવાર- વળસે પાટીલની મુલાકાતમાં ખરેખર શું થયું એનો ખુલાસો થયો છે. શરદ પવારને મળ્યા બાદ દિલીપ વળસે પાટીલે મીડિયા પ્રતિનિધિઓ સમક્ષ સ્પષ્ટતા કરી હતી કે કોઈ રાજકીય ચર્ચા માટે નહીં, પણ શિક્ષણ સંસ્થા સંબંધિત પૂર્વ-આયોજિત બેઠક હતી. આ બેઠકમાં ચંદ્રકાંત દળવી, ભગીરથ શિંદે વગેરે હાજર હતા.



**મુંબઈચા રાજાનું પાદ્યપૂજનઃ** લાલબાગની ગણેશ ગલીમાં આવેલા મુંબઈના અત્યંત લોકપ્રિય અને મુંબઈચા રાજાના નામે ઓળખાતા સાર્વજનિક ગણેશ મંડળના ગણપતિનું પાદ્યપૂજન ગુરુપૂર્ણિમાને ધ્યાનમાં રાખીને બુધવારે કરવામાં આવ્યું હતું. (અમય ખરાડે)

# મહારાષ્ટ્રના વન્યજીવન સંરક્ષણમાં નોંધપાત્ર પ્રગતિઃ મુખ્ય પ્રધાન

નાગપુરઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે બુધવારે નાગપુરમાં જણાવ્યું હતું કે ભારતમાં હવે વિશ્વના લગભગ ૩૦ ટકા વાઘ નિવાસ કરતા હોવાથી વાઘ સંરક્ષણમાં આપણું સ્થાન વૈશ્વિક નેતાનું છે. વન વિભાગ, તેના અધિકારીઓ, કર્મચારીઓ અને સામાજિક સંગઠનોના સંનિષ્ઠ પ્રયાસોને કારણે મહારાષ્ટ્રે વન્યજીવન સંરક્ષણમાં પણ નોંધપાત્ર પ્રગતિ કરી છે. ફડણવીસ આઈઆઈએમ, નાગપુર ખાતે આંતરરાષ્ટ્રીય વાઘ દિવસ નિમિત્તે રાષ્ટ્રીય પુરસ્કારો - ૨૦૨૬ વિતરણ સમારોહને સંબોધિત કરી રહ્યા હતા. આ કાર્યક્રમ મહારાષ્ટ્ર વન વિભાગની વાઇલ્ડલાઇફ વિંગ અને એશિયાટિક બિગ કેટ સોસાયટી દ્વારા સંયુક્ત રીતે આયોજિત કરવામાં આવ્યો હતો. મુખ્ય પ્રધાનએ વન્યજીવન સંરક્ષણમાં ઉત્કૃષ્ટ યોગદાન બદલ ત્રણ વ્યક્તિને રાષ્ટ્રીય પુરસ્કાર - ૨૦૨૬ અર્પણ કર્યા હતા. મહારાષ્ટ્રમાં વન્યજીવન સંરક્ષણ, સંરક્ષિત વિસ્તાર વ્યવસ્થાપન, વન્યજીવન ગુના તપાસ અને સમુદાય-આધારિત સંરક્ષણમાં ૨૫ વર્ષથી વધુ કાર્ય માટે વિશાલ બંસોડને આ પુરસ્કાર મળ્યો હતો. (પીટીઆઈ)■

# સ્થાનિક સંસ્થાઓમાં હવે મોડર્ન ટૅકનોલૉજીનો ઉપયોગ

મુંબઈઃ મહારાષ્ટ્રમાં સ્થાનિક સંસ્થાઓમાં સરકારી ભંડોળથી હાથ ધરવામાં આવતા વિકાસ કાર્યોમાં પારદર્શિતા અને ગુણવત્તા લાવવા માટે રાજ્ય સરકારે એક મહત્ત્વપૂર્ણ પગલું ભર્યું છે. વિકાસ કાર્યોના ટેકનિકલ અને સામાજિક ઓડિટ કરવા માટે આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ (એઆઈ), જીઓ-ટેગિંગ અને જીઆઈએસ મેપિંગ જેવી અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવશે. ૨૦૨૬ના ચોમાસુ સત્રમાં રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ સ્થાનિક સંસ્થાઓમાં વિકાસ કાર્યોમાં ગુણવત્તા, પારદર્શિતા અને જવાબદારી વધારવા માટે આધુનિક ટેકનોલોજી આધારિત ઓડિટના તબક્કાવાર અમલીકરણની જાહેરાત કરી હતી. એ અનુસાર હવે કમિશનર અને મ્યુનિસિપલ કાઉન્સિલ વહીવટ નિયામકના નિયામકની અધ્યક્ષતામાં એક ખાસ અભ્યાસ જૂથની રચના કરવામાં આવી છે. આ સંદર્ભમાં બુધવારે એક સરકારી નિર્ણય જારી કરવામાં આવ્યો હતો.

# ગુરુપૂર્ણિમા નિમિત્તે સાંઈચરણોમાં ₹ ૪૭ લાખ રૂપિયાનો સોનાનો હાર

## બે દિવસમાં કરોડોનું ગુપ્તદાન

મુંબઈઃ બુધવારે દેશભરમાં ગુરુપૂર્ણિમાની ભવ્ય ઉજવણી કરવામાં આવી. આ અવસરે શિરડીમાં પણ સાઈબાબાના દર્શન માટે ભક્તોની ભારે ભીડ ઊમટી પડી હતી અને સાઈભક્તો તરફથી દાનનો પ્રવાહ સતત ચાલુ હતો. મુંબઈના એક ગુપ્ત સાઈભક્તે સાઈચરણોમાં રૂ. ૪૭ લાખની કિંમતનો ૩૦૦ ગ્રામનો આકર્ષક સોનાનો હાર અર્પણ કર્યો.

છેલ્લા બે-ત્રણ દિવસમાં સાઈબાબાના ચરણોમાં લગભગ રૂ. ૧ કરોડ ૭૦ લાખનું સોનાનું દાન પ્રાપ્ત થયું છે. મુંબઈના એક સાઈભક્તે પોતાની ઓળખ ગુપ્ત રાખીને બુધવારે સાઈચરણોમાં આશરે રૂ. ૪૭ લાખની કિંમતનો સોનાનો હાર અર્પણ કર્યો હતો. અત્યંત આકર્ષક બનાવટ અને સુંદર નકશીકામ ધરાવતો આ સુવર્ણહાર સંસ્થાનને વિધિવત રીતે સોંપવામાં આવ્યો હોવાની માહિતી શ્રી સાઈબાબા સંસ્થાનના સીઈઓ ગોરક્ષ ગાડીલકરે આપી હતી.

ગુરુપૂર્ણિમાના બે દિવસમાં સાઈભક્તો તરફથી સોનાના દાનનો રેકોર્ડબ્રેક પ્રવાહ જોવા મળ્યો. મંગળવારે પણ રૂ. ૧ કરોડ ૩ લાખની કિંમતનો ૬૪૨ ગ્રામ વજનનો સોનાનો મુગટ સાઈચરણોમાં અર્પણ કરવામાં આવ્યો હતો.

હવે આ ૩૦૦ ગ્રામના સુવર્ણહારનો ઉમેરો થતાં માત્ર બે જ દિવસમાં સાઈબાબાના ચરણોમાં આશરે રૂ. ૧ કરોડ ૭૦ લાખનું સોનાનું દાન અર્પિત થઈ ચૂક્યું છે.

ગુરુપૂર્ણિમા અને પોતાના જન્મદિનના એક દિવસ પહેલાં અભિનેતા સોનુ સૂદે પણ શિરડીના સાઈબાબાના દર્શન કર્યા હતા.

# સાર્વજનિક સ્થળે કચરો ફેંકનારા પર નજર રાખવા સીસીટીવી બેસાડાશે

## કચરો ફેંકનારા સામે આકરી દંડાત્મક કાર્યવાહી સાથે ફોજદારીનો ગુનો નોંધાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં ગમે ત્યાં કચરો ફેંકવાની આદત હોય તો સુધરી જવાની ચેતવણી નાગરિકોને આપવામાં આવી છે. મુંબઈની ઝૂંપડપટ્ટી સહિતના સંવેદનશીલ વિસ્તારમાં સીસીટીવી કેમેરા બેસાડીને સાર્વજનિક સ્થળે કચરો ફેંકનારા વિરુદ્ધમાં આકરી દંડાત્મક કાર્યવાહી કરવાનો અને આવશ્યકતા જણાઈ તો ફોજદારી ગુનો નોંધવાનો નિર્દેશ મુંબઈ મહાનગરપાલિકાના કમિશનર અશ્વિની ભીડેએ આપ્યો છે. એટલું જ નહીં પણ તેમણે દરેક વોર્ડની સ્થાનિક ભૂગોળ રચના, વસ્તીની ગીચતા, કચરાનું ઉત્પાદન અને સ્થાનિક જરૂરિયાતોના આધારે સ્વચ્છતા યોજના (સેનિટેશન પ્લાન) તૈયાર કરવાની પણ સૂચના પણ અધિકારીઓને આપી છે.

બુધવારે પૂર્વીય ઉપનગરોમાં માનખુર્દ અને ગોવંડી અને દક્ષિણ મુંબઈમાં પરેલમાં જાહેર સ્વચ્છતા વ્યવસ્થાના નિરીક્ષણ દરમિયાન આ નિર્દેશો કમિશનર દ્વારા આપવામાં આવ્યા હતા. આ જગ્યાઓની મુલાકાત દરમ્યાન કમિશનરે સ્વચ્છતા ચોકીઓ, જાળવણી ડેપો અને રોડ રિપેર યુનિટનું નિરીક્ષણ કર્યું હતું. દૈનિક કામગીરીની સમીક્ષા કરી હતી. તેમ જ ચાલુ કાર્યોની પ્રગતિનું મૂલ્યાંકન કરીને અધિકારીઓ સાથે વાતચીત કરી હતી.

સતત સ્વચ્છતાની જરૂરિયાત પર ભાર મૂકતા કમિશનરે અધિકારીઓને કચરાના એક જ જગ્યાએ ભેગો થતો રોકવા માટે ખાસ ધ્યાન આપવાનો નિર્દેશ આપ્યો. તેમ જ કચરો એકત્રિત કરવાનું કામ દરરોજ બે શિફ્ટમાં કરવાનું અને સમયસર કચરાનો નિકાલ સુનિશ્ચિત કરવા માટે કચરાના પરિવહન વાહનો અને તેમની ટ્રીપની સંખ્યા વધારવાની સૂચના આપી હતી.

કમિશનરે ઝૂંપડપટ્ટી અને અન્ય ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં કચરાના સંગ્રહને લઈને કહ્યું હતું કે કોઈ પણ સ્થળને ડમ્પિંગ પોઈન્ટ બનવા દેવો જોઈએ નહીં. તેમણે અધિકારીઓને સ્થાનિક જનપ્રતિનિધિઓ સાથે નજીકથી કામ કરવા અને સ્વચ્છતા જાળવવા અને સ્વચ્છતા પ્રયાસોનું નિરીક્ષણ કરવામાં તેમની સક્રિય ભાગીદારી સુનિશ્ચિત કરવા સૂચના આપી હતી. તેમણે અધિકારીઓને ફૂટપાથ સ્વચ્છ તથા અતિક્રમણમુક્ત અને રાહદારીઓની અવરજવર માટે સલામત રહે તે સુનિશ્ચિત કરવાની સૂચના આપી હતી. અધિકારીઓને નિયમિત નિરીક્ષણ કરવા અને અતિક્રમણ, બાંધકામનો કાટમાળ, સામગ્રીનો અનધિકૃત સંગ્રહ, અવરોધો ઊભા કરતા ફેરિયાઓ અને કચરાના ઢગલા થવા સામે તાત્કાલિક પગલાં લેવાની સૂચના પણ આપી હતી.■

# ૧૬ હજાર શાળામાં પબ્લિક અનાઉન્સમેન્ટ સિસ્ટમ માટે ૨૧ કરોડ રૂપિયાનો ખર્ચ મંજૂર

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારે સ્થાનિક સ્વ-સરકારી સંસ્થાઓ દ્વારા સંચાલિત લગભગ ૧૬ હજાર શાળાઓમાં પબ્લિક અનાઉન્સમેન્ટ (પીએ) સ્પીકર સિસ્ટમ શરૂ કરવા રૂ. ૨૦.૮૦ કરોડના ખર્ચને મંજૂરી આપી છે. આનો ઉદ્દેશ્ય શિક્ષણ-શિક્ષણ વાતાવરણમાં સુધારો કરવાનો છે એવી રજૂઆત કરવામાં આવી છે.

બુધવારે શાળા શિક્ષણ અને રમતગમત વિભાગ દ્વારા જારી કરાયેલા સરકારી ઠરાવ (જીઆર) દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો હતો, જેમાં પીએ સિસ્ટમ્સની ખરીદી માટે વહીવટી મંજૂરી આપવામાં આવી હતી. આ પગલું બાળકોના મફત અને ફરજિયાત શિક્ષણના અધિકાર આરટીઈ અધિનિયમ, ૨૦૦૯ અને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (એનઈપી) ૨૦૨૦ સાથે સુસંગત છે જે આનંદદાયક અને પ્રોત્સાહક શિક્ષણ વાતાવરણ બનાવવા પર ભાર મૂકે છે એમ જીઆરમાં જણાવાયું છે. (પીટીઆઈ)

### વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ આતંકવાદી નથી

# સરકારે તેમને હેરાન કરવાનું બંધ કરવું જોઈએઃ દીપકેની ચેતવણી

છત્રપતિ સંભાજીનગરઃ 'કોક્રોચ જનતા પાર્ટી' (સીજેપી) ના સ્થાપક અભિજિત દીપકેએ બુધવારે જણાવ્યું હતું કે સરકારે વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓને પરેશાન કરવાનું બંધ કરવું જોઈએ, કારણ કે તેઓ આતંકવાદી નથી પરંતુ દેશનું ભવિષ્ય છે.

તેમણે એમ પણ કહ્યું કે જો સરકાર યોગ્ય માર્ગે નહીં ચાલે, તો યુવાનો તેને બદલી નાખશે. દિલ્હીથી પરત ફર્યા બાદ છત્રપતિ સંભાજીનગર એરપોર્ટ પર પત્રકારો સાથે વાતચીત કરતી વખતે દીપકે એ આ વાત કરી હતી. છત્રપતિ સંભાજીનગરમાં ઉતર્યા બાદ દીપકે કહ્યું કે તેઓ ખુશ છે કે હવે તેઓ તેમના માતા-પિતાને મળી શકશે. દીપકે એ કહ્યું કે વિરોધ પ્રદર્શન બાદ ઘણાં રાજ્યોની સરકારો વિદ્યાર્થીઓને પરેશાન કરી રહી છે .એક પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રાજીનામું આપીને 'ઇન્ફ્લુએન્સર' બની જવું જોઈએ, કારણ કે ''તેઓ આ કામમાં

ખૂબ જ કુશળ છે. તેમણે કહ્યું કે સરકારે એવું ન માનવું જોઈએ કે પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાને કારણે વિદ્યાર્થીઓનો રોષ ઓછો થયો છે.

દીપકેએ બાદમાં વાલુજ એમઆઈડીસી વિસ્તારમાં તેમના ઘરે જતા પહેલા બંધારણના મુખ્ય ઘડવૈયાને શ્રદ્ધાંજલિ આપવા માટે ડો. બાબાસાહેબ આંબેડકર મરાઠવાડા યુનિવર્સિટી નજીક ડો. બી. આર. આંબેડકરની પ્રતિમાની મુલાકાત લીધી હતી .

ઉલ્લેખનીય છે કે, તેમણે નીટ પેપર લીક મુદ્દે એક મહિના સુધી ચાલેલા ઉગ્ર વિરોધનું નેતૃત્વ કર્યું હતું, જે બાદમાં દેશવ્યાપી આંદોલનમાં ફેરવાઈ ગયું હતું અને અંતે કેન્દ્રીય મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને રાજીનામું આપવું પડ્યું હતું.

# રાજેશ ખન્નાના અગાઉના બંગલાને ભૂતિયો, શાપિત, કમનસીબ નહિ કહોઃ હાઈ કોર્ટ

મુંબઈઃ બોમ્બે હાઇ કોર્ટે પ્રસારમાધ્યમો અને ઓનલાઇન પ્લેટફોર્મ્સને બાંદ્રામાં આવેલા સ્વ. સુપરસ્ટાર રાજેશ ખન્નાની અગાઉની માલિકીના બંગલા 'આશીર્વાદ'ને 'શાપિત', 'ભૂતિયો' કે 'કમનસીબ' કહેતા રોકતો આદેશ આપ્યો હતો.

ન્યાયાધીશ આરિફ એસ. ડૉક્ટરે ૨૪ જુલાઇએ આપેલા વચગાળાના આદેશમાં જણાવ્યું હતું કે આ બંગલાને 'શાપિત', 'ભૂતિયો' કે 'કમનસીબ' કહેવો પ્રાથમિક દૃષ્ટિએ બદનક્ષી ગણાશે અને તેને વાદીના શાંતિ અને માનભેર રહેવાના મૂળભૂત અધિકારનો ભંગ થતો ગણવામાં આવશે.

વાદી વેપારી શશી શેટ્ટીએ થોડા વર્ષ પહેલાં આ બંગલો ખરીદ્યો હતો. તેમણે આ બંગલાને 'શાપિત', 'ભૂતિયો' કે 'કમનસીબ' કહેતા અનેક લેખ અને ઇન્ટરનેટ પરની પોસ્ટ્સ તેમ જ વીડિયો જોયા બાદ અદાલતમાં ધા નાખી હતી.

વાદી શશી શેટ્ટીના વકીલ વીરેન્દ્ર સરાફે અદાલતને જણાવ્યું હતું કે મારા અસીલે રાજેશ ખન્નાના મૂળ બંગલાને તોડ્યા બાદ ત્યાં નવું ઘર બાંધ્યું હતું, પરંતુ તેનું નામ 'આશીર્વાદ' નહોતું બદલ્યું.

વાદીએ જણાવ્યું હતું કે એક વૅબસાઇટે તાજેતરમાં દેશના ૧૯ ભૂતિયા ઘર અંગે લેખ પોસ્ટ કર્યો હતો અને તેમાં 'આશીર્વાદ' બંગલાનો પણ ઉલ્લેખ હતો.

ન્યાયાધીશે જણાવ્યું હતું કે આ બંગલાના નવા માલિકને વચગાળાની રાહત મળવી જરૂરી છે. જો તેઓના બંગલાને હવે કોઇ ભૂતિયો કે શાપિત કહેશે, તો તે બદનક્ષી ગણાશે. (એજન્સી)■

# કળંબ બીચ પરના રિસોર્ટમાં સરપંચના પતિએ કર્યો ગોળીબાર

પાલઘરઃ પાલઘર જિલ્લામાં આવેલા કળંબ બીચ પરના રિસોર્ટમાં પાર્ટી દરમિયાન થાણે જિલ્લાની સરપંચના પતિએ ઉત્સાહમાં આવી ગોળીબાર કર્યો હતો. બિલ્ડિંગ મટીરિયલ સપ્લાય કરનારા આરોપીની પોલીસે ધરપકડ કરી હતી. અર્નાળા સાગરી પોલીસના જણાવ્યા મુજબ ધરપકડ કરાયેલા આરોપીની ઓળખ સંદેશ ગુરવ (૩૨) તરીકે થઈ હતી. મંગળવારની મધરાતે દોઢ વાગ્યાની આસપાસ તેણે એક રાઉન્ડ હવામાં ફાયર કર્યું હતું. રિસોર્ટ નજીક પેટ્રોલિંગ પર હાજર પોલીસ બીટ માર્શલે ગોળીબારનો અવાજ સાંભળ્યો હતો. તે તરત જ રિસોર્ટ પહોંચ્યો હતો અને ગોળીબારના અવાજ સંદર્ભે પૂછપરછ

કરી હતી. જોકે રિસોર્ટ મૅનેજમેન્ટ અને ત્યાં હાજર લોકોએ આવી કોઈ ઘટના બની ન બની હોવાનું શરૂઆતમાં કહ્યું હતું.

જોકે બાદમાં બીટ માર્શલની માહિતીને આધારે વરિષ્ઠ પોલીસ અધિકારી ચકાસણી માટે રિસોર્ટ પહોંચ્યા હતા. તપાસ દરમિયાન રિસોર્ટ કમ્પાઉન્ડમાંથી ફાયર કરાયેલી ખાલી કારતૂસ મળી આવી હતી.

અધિકારીએ આકરી પૂછપરછ કરતાં ગુરવે રિસોર્ટમાં આયોજિત પાર્ટીમાં ઉત્સાહમાં આવી હવામાં ફાયર કર્યું હોવાનું જાણવા મળ્યું હતું. આ પ્રકરણે અર્નાળા સાગરી પોલીસે ગુનો નોંધી ગુરવને કસ્ટડીમાં લીધો હતો.

ગુરવની ધરપકડ કરી ખાલી કારતૂસ જપ્ત કરવામાં આવી હતી. તે ભિવંડીની સરપંચનો પતિ હોવાનું તપાસમાં જણાયું હતું. ગોળીબાર લાઈસન્સવાળી પિસ્તોલમાંથી કરાયો હતો કે કેમ તેની તપાસ પોલીસ કરી રહી છે. (પીટીઆઈ)

# જૂની પાક વીમા નીતિ જ ચાલુ રહેશેઃ કૃષિ પ્રધાન

મુંબઈઃ પાક વીમા નીતિમાં કોઈ ફેરફાર કરાયો નથી અને જૂની નીતિ જ ચાલુ રહેશે. રાજ્યના ૩૧ લાખ પ્રોત્સાહક અનુદાન લાભાર્થીઓમાંથી ૧૭ લાખ લોકોને દેવામાફી અપાઈ રહી છે, અને પાંચ લાખ લોકોનું કેવાયસી પૂર્ણ થઈ ગયું હોવાથી નાણાં ચૂકવવામાં કોઈ અડચણ નહીં આવે.

રાજ્યના ૨૩ લાખ ખેડૂતોની પ્રોત્સાહક યાદી છે. તેથી જરાય ચિંતા કરશો નહીં. રકમ ઓછી આવી હોય તો પણ બાકીની રકમ રાષ્ટ્રીયકૃત બેંક ચૂકવશે, તેથી ખેડૂતોએ ચિંતા કરવાની જરૂર નથી, એમ રાજ્યના કૃષિ પ્રધાન દત્તાત્રય ભરણેએ જણાવ્યું હતું.

**ખાતર બાબતે ડરવાની જરૂર નથીઃ દત્તાત્રય ભરણેઃ** છત્રપતિ શિવાજી મહારાજ યોજના હેઠળ બાકી રહી ગયેલા ખેડૂતોને રકમ આપવામાં આવશે. જેમાં પાત્ર ખેડૂતોને તેમની રકમ મળશે. આ ઉપરાંત ખાંડના ભાવમાં વધારો થયો છે, જેનો લાભ ખેડૂતોને ચોક્કસપણે થશે. મરાઠવાડામાં ઓછો વરસાદ પડી રહ્યો છે અને અત્યાર સુધી મરાઠવાડા વિભાગમાં ૭૭ ટકા વરસાદ પડ્યો છે, જ્યારે કોંકણમાં વરસાદ વધારે છે. કોંકણમાં ૮૪ ટકાથી વધુ વાવણી થઈ ગઈ છે, તો બીજી તરફ અમરાવતીમાં ૯૨ ટકા વાવણી થઈ છે અને થાણે જિલ્લામાં સૌથી ઓછી વાવણી નોંધાઈ છે. આ વર્ષે મકાઈ અને સૂર્યમુખીના પાકની વાવણી વધુ થઈ છે, જે ૪૫ લાખ ૧૦ હજાર હેક્ટરમાં થઈ છે. સોયાબીનની વાવણી અંગે ૨૪ હજાર હેક્ટર માટે ફરિયાદો આવી છે. રાજ્યમાં માગ મુજબ ખાતરનો સ્ટોક ઉપલબ્ધ છે, તેથી ખાતર બાબતે ડરવાની કોઈ જરૂર નથી, તેમ કૃષિપ્રધાન દત્તાત્રય ભરણે જણાવ્યું હતું.

**રાજ્યમાં સરેરાશ ૮૪ ટકા વાવણીઃ અમરાવતીમાં ૯૨ ટકા જ્યારે સૌથી ઓછી થાણે જિલ્લામાંઃ દત્તાત્રય ભરણેઃ**

આજે રાજ્યમાં બધે જ સારો એવો વરસાદ પડી રહ્યો છે. ખાસ કરીને ડેમોના પાણીના સ્તરમાં વધારો થઈ રહ્યો છે. ફક્ત મરાઠવાડામાં વરસાદ ઓછો છે, પરંતુ આવનારા દિવસોમાં ત્યાં પણ વરસાદનું અનુમાન છે. કોંકણમાં ૧૧૧ ટકા, નાશિકમાં ૮૩, પુણેમાં ૮૭, મરાઠવાડામાં ૭૭ અને વિદર્ભમાં ૭૩ ટકા પાણીનો સંગ્રહ છે. જ્યારે રાજ્યમાં સરેરાશ ૯૪ ટકા વરસાદ થયો છે. રાજ્યમાં સરેરાશ ૮૪ ટકા વાવણી થઈ ગઈ છે. અમરાવતીમાં ૯૨ ટકા જ્યારે સૌથી ઓછી વાવણી થાણે જિલ્લામાં થઈ છે. રાજ્યમાં મકાઈ અને સૂર્યમુખીની વાવણી સૌથી વધુ છે. રાજ્યમાં ૪૫ લાખ હેક્ટરમાં વાવણી પૂર્ણ થઈ હોવાની માહિતી કૃષિપ્રધાન દત્તાત્રય ભરણે આપી હતી.

# આઈઆઈટી બૉમ્બેના વિદ્યાર્થીનો હોસ્ટેલ રૂમમાં આપઘાત

## એકતરફી પ્રેમમાં અંતિમ પગલું ભર્યાની શક્યતા

મુંબઈઃ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલૉજી (આઈઆઈટી) બૉમ્બેના બીજા વર્ષના વિદ્યાર્થીએ હોસ્ટેલની રૂમમાં કથિત આપઘાત કર્યો હતો. પોલીસને રૂમમાંથી રોમેન્ટિક કવિતાઓ લખેલો કાગળ મળતાં વિદ્યાર્થીએ એકતરફી પ્રેમમાં અંતિમ પગલું ભર્યું હોવાની શક્યતા વ્યક્ત કરાઈ રહી છે.પવઈ પોલીસના જણાવ્યા મુજબ મૃતકની ઓળખ સોહેલ રાજકુમાર સાંગવાન (૨૦) તરીકે થઈ હતી. દિલ્હીનો વતની સોહેલ મટીરિયલ સાયન્સના બીજા વર્ષનો વિદ્યાર્થી હતો. તે આઈઆઈટી બૉમ્બે હોસ્ટેલ નંબર-૪માં ચોથા માળે આવેલી રૂમમાં રહેતો હતો. આ પ્રકરણે એડીઆર નોંધી વધુ તપાસ કરવામાં આવી રહી છે.કહેવાય છે કે મંગળવારે સોહેલના વડીલો વારંવાર તેને ફોન કૉલ કરી રહ્યા હતા, પરંતુ તે કૉલ રિસીવ કરતો નહોતો. પરિણામે તેમણે હોસ્ટેલના નંબર પર ફોન કરી આ અંગે જાણ કરી હતી. હોસ્ટેલનો સિક્યોરિટી ઇન્ચાર્જ એક સ્ટુડન્ટ સાથે સોહેલની રૂમમાં ગયો ત્યારે ઘટના પ્રકાશમાં આવી હતી.

પવઈ પોલીસના જણાવ્યા મુજબ રાતે ૧૧.૪૫ વાગ્યે તેમને ઘટનાની માહિતી મળી હતી. ચોથા માળની રૂમમાં સીલિંગ ફૅન સાથે બેડશીટ બાંધી ગળાફાંસો ખાધેલી હાલતમાં તેનો મૃતદેહ મળી આવ્યો હતો. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે કૂપર હૉસ્પિટલમાં મોકલી આપ્યો હતો. પોલીસનું માનવું છે કે ઘટના મંગળવારની બપોરે બની હશે.પોલીસે સોહેલના ક્લાસમેટ્સનાં નિવેદન નોંધ્યાં હતાં. રૂમમાંથી પોલીસને હાથે લખેલા કેટલાક કાગળ મળી આવ્યા હતા, જેના પર રોમેન્ટિક કવિતાઓ લખવામાં આવી હતી. લખાણ સૂચવે છે કે તે એકતરફી પ્રેમમાં હતો. પરિણામે તેણે આ જ કારણસર જીવન ટૂંકાવ્યું કે કેમ તેની તપાસ પોલીસ કરી રહી છે. ■

# જીએસટીની મહિલા અધિકારી, કન્સલટન્ટની લાંચના કેસમાં ધરપકડ

*જાલનાઃ* જાલના જિલ્લામાં વેપારીની ઇનપુટ ટેક્સ ક્રેડિટ (આઇટીસી)ને અનબ્લૉક કરવા માટે ૬૦ હજાર રૂપિયાની લાંચ માગવા બદલ એન્ટિ-કરપ્શન બ્યૂરો (એસીબી)એ જીએસટીની મહિલા અધિકારી તથા ખાનગી ટેક્સ કન્સલટન્ટની ધરપકડ કરી હતી.

ઇલેક્ટ્રોનિક્સની દુકાન ધરાવતા વેપારીની ઇનપુટ ટેક્સ ક્રેડિટ બ્લૉક થયા બાદ તેને ૬ જૂનના રોજ કારણદર્શાવો નોટિસ મળી હતી. વેપારીએ આ સંદર્ભે ૧૭ જુલાઇએ ટેક્સ કન્સલટન્ટનો સંપર્ક સાધ્યો હતો ત્યારે તેણે વેપારીને જણાવ્યું હતું કે ડેપ્યુટી કમિશનર, સ્ટેટ ગૂડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી) ઓફિસની ૪૪ વર્ષની મહિલા અધિકારીએ આઇટીસી અનબ્લૉક કરવા માટે એક લાખ રૂપિયાની માગણી કરી છે.

૨૮ વર્ષના ટેક્સ કન્સલ્ટન્ટે કથિત રીતે વેપારીને તડજોડ માટે મહિલા અધિકારીને મળવાનું કહ્યું હતું અને તડજોડને અંતે રકમ ૮૦ હજાર નક્કી કરવામાં આવી હતી અને ૬૦ હજાર રૂપિયાની પ્રથમ ચુકવણી કરવાનું વેપારીને જણાવાયું હતું. જોકે વેપારીને લાંચ આપવી ન હોવાથી તેણે એસીબીનો સંપર્ક સાધ્યો હતો અને ફરિયાદ નોંધાવી હતી. આ અંગે તપાસ કરવામાં આવ્યા બાદ એસીબીના અધિકારીઓએ મંગળવારે છટકું ગોઠવ્યું હતું અને મહિલા અધિકારીને તેની કેબિનમાં લાંચ લેતાં પકડી પાડી હતી, ત્યારે કન્સલટન્ટને ત્યાર બાદ તાબામાં લેવામાં આવ્યો હતો. (પીટીઆઇ)

# કોમનવેલ્થ ગેમ્સઃ બોક્સરોનો જબરજસ્ત પંચ, આઠ મેડલ પાક્કા










ગ્લાસગોઃ કોમનવેલ્થ ગેમ્સમાં મહિલાઓના હાઈ જમ્પમાં ભારતને નિરાશાનો સામનો કરવો પડ્યો છે. એશિયન ચેમ્પિયન પૂજા સિંહ ૧.૮૨ મીટરનો સ્કોર પાર કરવામાં નિષ્ફળ ગઈ અને સ્પર્ધામાંથી બહાર થઈ ગઈ હતી. આ ૧૯ વર્ષીય મહિલાનું કોમનવેલ્થ ગેમ્સમાં ડેબ્યૂ હતું. ભારે વરસાદને કારણે રમત થોડા સમય માટે રોકવામાં આવી હતી. ફરી રમત શરૂ થઈ ત્યાર પછી પણ પૂજા તેના ત્રીજા અને અંતિમ પ્રયાસમાં ૧.૮૨ મીટરનો સ્કોર પાર કરવામાં નિષ્ફળ ગઈ, જેના કારણે તેનું અભિયાન સમાપ્ત થઈ ગયું હતું. બોક્સિંગમાં ભારતની ફાઈનલ મેડલની સંખ્યા હવે ચાર થઈ ગઈ છે, અનુભવી બોક્સર લવલીના બોરગોહેન સેમિફાઇનલમાં પોતાનું અભિયાન શરૂ કરી રહી છે, જેનાથી તેણીનો મેડલ અગાઉથી નક્કી છે. આટલું જ નહીં પણ બોક્સરો અંકુશ યાદવ, સાક્ષી ચૌધરી, અરુંધતી ચૌધરી અને સચિન સિવાચે શાનદાર દેખાવ સાથે ભારતને આઠ મેડલ નિશ્ચિત કર્યા હતા.સાક્ષી ચૌધરી અને અરુંધતી ચૌધરીએ કોમનવેલ્થ ગેમ્સ બોક્સિંગ સ્પર્ધામાં ભારત તરફથી પ્રભાવશાળી પ્રદર્શન કર્યું હતું અને બુધવારે પોતપોતાની કેટેગરીમાં સેમિફાઇનલમાં પહોંચીને વધુ બે મેડલ પાક્કા કર્યા હતા. ભારતીય બોક્સર સાક્ષી ચૌધરીએ કોમનવેલ્થ ગેમ્સમાં ૫૧ કિગ્રા સેમિફાઇનલમાં પહોંચીને ઓછામાં ઓછો બ્રોન્ઝ મેડલ નિશ્ચિત કરી લીધો છે. ૨૬ વર્ષીય સાક્ષીએ ઉત્તરી આયરલેન્ડની કેટલીન ફ્રાયર્સને ૫-૦થી હરાવી હતી. લવલીના બોરગોહેન (૭૫ કિગ્રા), પ્રીતિ પવાર (૫૪ કિગ્રા) અને જાદુમણી સિંહ (પુરુષોના ૫૫ કિગ્રા) પછી તે ગેમ્સમાં મેડલ પાક્કો કરનારી પાંચમી ભારતીય બોક્સર બની ગઇ છે.

કોમનવેલ્થ ગેમ્સ ૨૦૨૬માં ભારતે વધુ બે સિલ્વર મેડલ જીત્યા હતા. હરજિંદર કૌરે મહિલાઓની ૬૯ કિગ્રા વેઇટલિફ્ટિંગ કેટેગરીમાં સિલ્વર મેડલ જીત્યો, જ્યારે ગુલવીર સિંહ ૧૦,૦૦૦ મીટર દોડમાં બીજા સ્થાને રહ્યા, જેના કારણે ભારતને મંગળવારે કોમનવેલ્થ ગેમ્સમાં બે મેડલ જીતવામાં મદદ મળી હતી. તે સિવાય ભારતીય બોક્સરોએ પણ પ્રભાવશાળી પ્રદર્શન કર્યું હતું. એશિયન ગેમ્સની બ્રોન્ઝ મેડલ વિજેતા પ્રીતિ પવાર (૫૪ કિગ્રા), વર્તમાન એશિયન ચેમ્પિયન પ્રિયા ઘંઘાસ (૬૦ કિગ્રા), અને જાદુમણી સિંહ (પંચાવન કિગ્રા) એ પોતપોતાના વજનની કેટેગરીમાં સેમિફાઇનલમાં પહોંચીને ભારત માટે મેડલ સુરક્ષિત કર્યા હતા. બર્મિંગહામ કોમનવેલ્થ ગેમ્સ ૨૦૨૨માં ૭૧ કિગ્રા કેટેગરીમાં બ્રોન્ઝ મેડલ જીતનાર ૨૯ વર્ષીય હરજિંદર સિંહે ચાલુ ગેમ્સમાં ભારતનો સાતમો વેઇટલિફ્ટિંગ મેડલ મેળવ્યો.

### ગોળાફેંકની ફાઈનલમાં તજિન્દર પાલ અને સમરદીપ

કોમનવેલ્થ ગેમ્સ ૨૦૨૬માં ભારતના તજિન્દર પાલ સિંહ તૂર અને સમરદીપ સિંહ ગિલ ગોળા ફેંકની ફાઇનલ માટે ક્વોલિફાય થયા છે. તજિન્દર ૨૦.૧૪ મીટરના થ્રો સાથે ક્વોલિફાયમાં બીજા સ્થાને રહ્યો હતો, જ્યારે સમરદીપ ૧૯.૯૫ મીટરના થ્રો સાથે પાંચમા સ્થાને રહ્યો હતો. બંને ફાઇનલમાં મેડલ જીતવાનો પ્રયાસ કરશે. ગોળા ફેંકની ફાઇનલ ૩૦ જુલાઈએ રાત્રે ૧૧:૩૦ વાગ્યે શરૂ થશે.

## સમાપન સમારંભમાં શંકર મહાદેવન, ભૂમિ ત્રિવેદી પરફૉર્મ કરશે

### હૅન્ડઓવર સેરેમનીમાં ભારતીય સંસ્કૃતિની ઝલક દેખાડાશે

ગ્લાસગોઃ ગ્લાસગોમાં ચાલી રહેલા કોમનવેલ્થ ગેમ્સના બીજી ઓગસ્ટના રોજ સમાપન સમારોહમાં ભારતની સાંસ્કૃતિક પ્રસ્તુતિમાં મુખ્ય આકર્ષણ રહેશે. આ દિવસે સત્તાવાર રીતે અમદાવાદમાં યોજાનારા ૨૦૩૦ કોમનવેલ્થ ગેમ્સના યજમાન તરીકે દેશને સત્તાવાર રીતે ધ્વજ પ્રાપ્ત થશે. વર્ષ ૨૦૩૦માં યોજાનારી કોમનવેલ્થ ગેમ્સ એ આ રમતોની ૧૦૦મી વર્ષગાંઠ હશે. કોમનવેલ્થ ગેમ્સનો ધ્વજ ઔપચારિક રીતે સમાપન સમારોહમાં ભારતને સોંપવામાં આવશે, જે આગામી યજમાનને જવાબદારી સોંપવાનું પ્રતીક છે. ભારતની પ્રસ્તુતિ લગભગ ૨૦ મિનિટ ચાલશે અને સંગીત, નૃત્ય અને પરંપરાગત પ્રદર્શન દ્વારા દેશના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાનું પ્રદર્શન કરવામાં આવશે. દર્શકોને દેશના કેટલાક સૌથી પ્રતિષ્ઠિત ગીતો મારફતે એક અવિસ્મરણીય સફર પર લઈ જવામાં આવશે, જે શંકર મહાદેવન અને તેમના પુત્રો સિદ્ધાર્થ અને શિવમ મહાદેવને કંમ્પોઝ કર્યું છે. આ પ્રદર્શનમાં ગુજરાતની સિંગર ભૂમિ ત્રિવેદી પણ સામેલ હશે. કોમનવેલ્થ ગેમ્સ ૨૦૨૬ના સમાપન સમારોહમાં ભારતની જીવંત સંસ્કૃતિ અને કોમનવેલ્થ પરિવાર સાથેના તેના સહિયારા મૂલ્યોને પ્રદર્શિત કરવામાં આવશે. ભારતના કેટલાક મોટા સંગીત અને નૃત્ય સ્ટાર્સ સમાપન સમારોહ દરમિયાન પ્રતિષ્ઠિત હાઇડ્રો સ્ટેજ પર પરફોર્મ કરશે જ્યારે આગામી કોમનવેલ્થ ગેમ્સના યજમાન તરીકે ભારતને કોમનવેલ્થ ગેમ્સનો ધ્વજ સોંપવામાં આવશે. એક રિપોર્ટ અનુસાર, 'હેન્ડઓવર સેગમેન્ટ' ત્રણ હિસ્સામાં રજૂ કરાશે. પ્રથમ હિસ્સામાં ભારતના રાષ્ટ્રીય ગાન અને એકતાના પ્રતીક વંદે માતરમના ૧૫૦ વર્ષ પૂર્ણ થવાની ઉજવણી કરાશે. અભિનેત્રી અને મિસ વર્લ્ડ માનુષી છિલ્લરના નેતૃત્વમાં ડાન્સર્સ ભારતની સમૃદ્ધ સાંસ્કૃતિક ઓળખને જીવંત બનાવશે. બીજા હિસ્સામાં ભારતના અગ્રણી સિતારવાદકો અને સ્કોટલેન્ડના ટોચના સિતારવાદકો એકસાથે પરફોર્મ કરશે. ઋષભ રિખીરામ શર્મા અને રોસ એન્સલી સિતાર અને પરંપરાગત સ્કોટિશ પાઇપ અને વ્હિસલ વચ્ચે એક શક્તિશાળી સંગીત સંવાદ રચશે જે ગ્લાસગો ૨૦૨૬ થી અમદાવાદ ૨૦૩૦ સુધી જોડશે. અંતિમ હિસ્સામાં ભારતભરનો એક પ્રવાસ હશે જેમાં ગુજરાતની પણ ઝલક હશે.

## શુભમન ગિલ વન-ડેમાં નં. વનઃ સૂર્યવંશીની ૨૩૦ ક્રમની છલાંગ

દુબઈઃ ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન શુભમન ગિલ ફરી એકવાર આઈસીસી વન-ડે બેટ્સમેન રેન્કિંગમાં વિશ્વનો નંબર વન બેટ્સમેન બની ગયો છે. ઝિમ્બાબ્વે સામે તાજેતરમાં પૂર્ણ થયેલી ટી-૨૦ સીરિઝમાં તેના પ્રભાવશાળી પ્રદર્શન બાદ ૧૫ વર્ષીય વૈભવ સૂર્યવંશી ટી-૨૦ બેટ્સમેન રેન્કિંગમાં ૨૩૦ સ્થાનની છલાંગ લગાવીને ૪૮મા સ્થાને પહોંચી ગયો છે. આ તેની કારકિર્દીમાં ત્રીજી વખત છે, જ્યારે શુભમન ગિલ વન-ડે રેન્કિંગમાં ટોચના સ્થાને પહોંચ્યો છે.

ભારતીય કેપ્ટન શુભમન ગિલ બુધવારે જાહેર કરાયેલ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સિલ રેન્કિંગમાં વિશ્વનો નંબર વન વન-ડે બેટ્સમેન ફરી એકવાર બન્યો છે. ઝિમ્બાબ્વે સામેના તેના પ્રભાવશાળી પ્રદર્શન બાદ સૂર્યવંશી ટી-૨૦ રેન્કિંગમાં ૨૩૦ સ્થાનની છલાંગ લગાવીને ૪૮મા સ્થાને પહોંચી ગયો છે. ગિલે ન્યૂ ઝીલેન્ડના બેટ્સમેન ડેરિલ મિશેલને પાછળ છોડીને વન-ડે રેન્કિંગમાં ટોચનું સ્થાન મેળવ્યું છે. સૂર્યવંશીએ ઝિમ્બાબ્વે સામેની ત્રણ ટી-૨૦ આંતરરાષ્ટ્રીય મેચમાં ૫૦.૩૩ ની સરેરાશથી ૧૫૧ રન કર્યા હતા ,જેમાં બે અડધી સદીનો સમાવેશ થાય છે. તેના પ્રભાવશાળી પ્રદર્શનથી ૧૫ વર્ષીય બેટ્સમેન ટોચના ૫૦માં સ્થાન મેળવવામાં મદદ મળી છે. સૂર્યવંશીના ૫૩૬ રેટિંગ પોઈન્ટ છે.

ઈશાન કિશન ૯૧૦ રેટિંગ પોઈન્ટ સાથે ટી-૨૦માં નંબર વન બેટ્સમેન છે, તેણે બીજા ક્રમે રહેલા પાકિસ્તાનના સાહિબજાદા ફરહાન (૮૪૮) પર નોંધપાત્ર લીડ જાળવી રાખી છે. દરમિયાન તિલક વર્મા બે ક્રમની છલાંગ લગાવીને છઠ્ઠા સ્થાને પહોંચી ગયો છે, જ્યારે ટી-૨૦ કેપ્ટન શ્રેયસ ઐયર સાત સ્થાન ઉપર ૨૪મા સ્થાને પહોંચી ગયો છે.

લેગ-સ્પિનર રવિ બિશ્નોઈ ટી-૨૦ બોલરોની યાદીમાં ૪૧મા સ્થાને પહોંચી ગયો છે. જોકે, ઈજાને કારણે ઝિમ્બાબ્વે પ્રવાસ ગુમાવનાર વરુણ ચક્રવર્તી ત્રણ સ્થાન નીચે સરકી ગયો છે, પરંતુ ટોચના ૧૦માં યથાવત્ છે. ■

## આરસીબીની બ્રૅન્ડ વેલ્યુ 30 કરોડ ડૉલર, નવો ઈતિહાસ

નવી દિલ્હીઃ રોયલ ચેલેન્જર્સ બેગ્લૂરુ (આરસીબી) દુનિયાની પ્રથમ ક્રિકેટ ટીમ બની ગઈ છે જેની બ્રૅન્ડ વેલ્યુ ૩૦ કરોડ અમેરિકન ડોલર (આશરે ૨,૯૭૯ કરોડ રૂપિયા)ને પાર પહોંચી ગઈ છે.

જ્યારે આઈપીએલની બિઝનેસ એન્ટરપ્રાઇઝ વેલ્યૂ વધીને ૨૦.૬ અબજ અમેરિકન ડોલર થઈ ગઈ છે. ગ્લોબલ ઇન્વેસ્ટમેન્ટ બેન્ક હાઉલિહાન લોકીએ પોતાના એક રિપોર્ટમાં આ વાતનો ખુલાસો કર્યો છે. બેન્કના ૨૦૨૬ના 'બ્રૅન્ડ વેલ્યૂએશન રિપોર્ટ'માં કહેવામાં આવ્યું છે કે આઈપીએલની વેલ્યૂ ૧૧.૪ ટકા વધીને ૨૦.૬ અબજ યુએસ ડોલર થયું છે. આરસીબીએ ૩૧.૨ કરોડ યુએસ ડોલરની બ્રૅન્ડ વેલ્યુ સાથે આઈપીએલ ફ્રેન્ચાઇઝીમાં તેનું પ્રથમ સ્થાન જાળવી રાખ્યું છે.

મુંબઈ ઇન્ડિયન્સ ૨૬.૪ કરોડ ડોલરની બ્રૅન્ડ વેલ્યુ સાથે બીજા સ્થાને છે, ત્યારબાદ કોલકાતા નાઈટ રાઇડર્સ (૨૪.૫ કરોડ ડોલર) અને ચેન્નઈ સુપર કિંગ્સ (૨૪.૪ કરોડ ડોલર)નો નંબર આવે છે.

અભ્યાસમાં કહેવામાં આવ્યું છે કે વર્ષ દરમિયાન ઓનરશિપ સાથે જોડાયેલા મોટી ડીલે લીગની કમર્શિયલ અપીલને વધુ મજબૂત કરી છે. ■

## દુલીપ ટ્રોફી માટે ઈસ્ટ ઝોનની ટીમનો વાઈસ કૅપ્ટન વૈભવ સૂર્યવંશી

નવી દિલ્હીઃ ભારતીય ઘરેલુ ક્રિકેટમાં પ્રતિષ્ઠિત ટૂર્નામેન્ટ ૨૦૨૬ દુલીપ ટ્રોફી માટે ઈસ્ટ ઝોન ટીમની જાહેરાત કરવામાં આવી છે. યુવા અને અનુભવી ખેલાડીઓથી બનેલી આ ટીમની કેપ્ટનશીપ વિકેટકીપર-બેટ્સમેન ઇશાન કિશનને સોંપવામાં આવી છે જ્યારે ૧૫ વર્ષીય ખેલાડી વૈભવ સૂર્યવંશીને વાઈસ કેપ્ટન બનાવવામાં આવ્યો છે. નાની ઉંમરે આટલી મહત્વપૂર્ણ જવાબદારી સંભાળ્યા પછી વૈભવ માટે બીજી ભૂમિકામાં પોતાને સાબિત કરવાની તક હશે.

ઈસ્ટ ઝોન પસંદગી સમિતિએ ૨૦૨૬-૨૭ દુલીપ ટ્રોફી માટે તેની ૧૫ સભ્યોની ટીમની જાહેરાત કરી છે. દુલીપ ટ્રોફી ૨૩ ઓગસ્ટથી શરૂ થવાની છે. આ ટીમ પસંદગીમાં સૌથી મોટા સમાચાર વૈભવ સૂર્યવંશીની વાઈસ કેપ્ટન તરીકે પસંદગી છે. કોલકાતાના ઇડન ગાર્ડન્સ ખાતે યોજાયેલી પસંદગી સમિતિની બેઠકમાં છ ભારતીય રાજ્ય સંગઠનોના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. બંગાળ અને ઝારખંડના ખેલાડીઓનો આ ટીમમાં દબદબો જોવા મળી રહ્યો છે.

### ટીમઃ

ઈશાન કિશન (કેપ્ટન), વૈભવ સૂર્યવંશી (વાઈસ-કેપ્ટન), અભિમન્યુ ઈશ્વરન, સુદીપ કુમાર ઘરામી, શાહબાઝ અહમદ, સૂરજ સિંધુ જયસ્વાલ, મોહમ્મદ શમી, મુકેશ કુમાર, કુમાર કુશાગ્ર, શિખર મોહન, અનુકુલ રોય, વિરાટ સિંહ, સુભ્રાંશુ સેનાપતિ, ડેનિશ દાસ અને અભિજીત સરકાર.

## પ્રથમ ટેસ્ટમાં વેસ્ટ ઈન્ડિઝનો ૯૦ રનથી વિજય, પાકિસ્તાન ૧૨૦ રનમાં ઓલઆઉટ

તારોબા (ટ્રિનિદાદ)ઃ જેડન સીલ્સની પાંચ વિકેટની મદદથી વેસ્ટ ઈન્ડિઝે પ્રથમ ટેસ્ટમાં પાકિસ્તાનને ૯૦ રનથી હરાવ્યું અને બે મેચની શ્રેણીમાં ૧-૦ ની લીડ મેળવી હતી. બ્રાયન લારા સ્ટેડિયમ ખાતે રમાયેલી પ્રથમ ટેસ્ટના ચોથા દિવસે પાકિસ્તાનને ૯૦ રનથી શરમજનક હારનો સામનો કરવો પડ્યો હતો.

રોસ્ટન ચેઝની કેપ્ટનશિપ હેઠળની વેસ્ટ ઈન્ડિઝે પાકિસ્તાનને કારમી હાર આપી હતી. ૨૧૧ રનના લક્ષ્યનો પીછો કરતા પાકિસ્તાન ચોથા દિવસે બીજા દાવમાં માત્ર ૧૨૦ રનમાં જ સમેટાઈ ગયું હતું. વેસ્ટ ઈન્ડિઝના ફાસ્ટ બોલર જેડન સીલ્સે ઘાતક બોલિંગ કરીને પાંચ વિકેટ લીધી હતી. ચોથા દિવસે વેસ્ટ ઈન્ડિઝે સાત વિકેટના નુકસાન પર ૧૨૬ રનથી પોતાનો બીજો દાવ શરૂ કર્યો હતો. શમર જોસેફે ૨૭ બોલમાં ૩૮ રનની મજબૂત ઇનિંગ રમી હતી. તેણે કેમાર રોચ સાથે ૬૧ રનની મહત્ત્વપૂર્ણ ભાગીદારી કરી હતી. પાકિસ્તાન તરફથી મોહમ્મદ અબ્બાસે ૫ વિકેટ લઈને વેસ્ટ ઈન્ડિઝને બીજી ઇનિંગમાં ૧૮૧ રનમાં ઓલઆઉટ કરી દીધું હતું આ સાથે પાકિસ્તાનને જીત માટે ૨૧૧ રનનો લક્ષ્યાંક મળ્યો હતો. પરંતુ પાકિસ્તાન ફક્ત ૧૨૦ રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું. પાકિસ્તાને પ્રથમ ઇનિંગમાં ૨૮૨ રન કર્યા હતા.

બીજી ઈનિંગમાં પાકિસ્તાન તરફથી ફક્ત ત્રણ બેટ્સમેન બે આંકડા સુધી પહોંચ્યા હતા, જેમાં કેપ્ટન બાબર આઝમના અણનમ ૫૮ રનનો સમાવેશ થાય છે. પાકિસ્તાન એક સમયે નવ વિકેટે ૭૯ રન કરી શક્યું હતું ત્યારબાદ બાબરે ૧૧ નંબરના બેટ્સમેન મોહમ્મદ અબ્બાસ (૨૩) સાથે છેલ્લી વિકેટ માટે ૪૯ રનની ભાગીદારી કરી પરંતુ ટીમને જીત અપાવી શક્યો નહોતો.

વેસ્ટ ઈન્ડિઝ તરફથી સીલ્સે શાનદાર બોલિંગ કરી ૨૦ રનમાં પાંચ વિકેટ લીધી. કેમાર રોચ અને જસ્ટિન ગ્રીવ્સે બે-બે વિકેટ ઝડપી હતી. ■

## ફિફાને જોઈએ છે ૪૦૨ અબજ રૂપિયા : ટ્રમ્પ સાથે શું છે કનેક્શન?

ઝુરિક (સ્વિટઝરલેન્ડ)ઃ તાજેતરમાં અમેરિકા, કેનેડા અને મેક્સિકોમાં ૨૩મા રોમાંચક ફૂટબોલ વર્લ્ડ કપનું સફળ આયોજન કરનાર ફેડરેશન ઇન્ટરનેશનલ દ ફૂટબોલ અસોસિયેશને વિશ્વ કપ પૂરો થયાના નવ જ દિવસની અંદર મોટો અને ચોંકાવનારો નિર્ણય લીધો છે અને આ નિર્ણય સંબંધમાં અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ સાથે પણ આડકતરી રીતે એક કનેક્શન છે.

ફિફાએ જાહેરાત કરી છે કે એ પોતાની નવી કંપની સ્થાપશે અને એનો ૨૧ ટકા હિસ્સો પ્રાઇવેટ ઇન્વેસ્ટર્સને વેચી દેશે.

### ફિફાની નવી કંપનીનું શું હશે નામ?

ફિફાની નવી કંપની ફિફા ફોર્વર્ડ એન્ટરપ્રાઇઝીસ તરીકે ઓળખાશે. આ નવી કંપની રાબેતા મુજબ દર ચાર વર્ષે વર્લ્ડ કપનું તેમ જ ક્લબ વર્લ્ડ કપનું આયોજન કરશે અને કમર્શિયલ કામકાજો પણ સંભાળશે.

### ફિફાને કેટલો ઈક્વિટી હિસ્સો વેચવો છે?

ફિફાના બેનર હેઠળ વિશ્વભરના ૨૧૧ દેશ એના મેમ્બર છે. હવે આ વખતથી ૨૧૧ દેશમાંથી ૪૮ દેશની ટીમ વર્લ્ડ કપમાં ભાગ લે છે.

૨૦૩૦ના વર્લ્ડ કપમાં ટીમોની સંખ્યા કદાચ ૬૪ ઉપર પહોંચશે. ફિફાને નવી કંપનીનો ૨૧ ટકા ઈક્વિટી હિસ્સો વેચવો છે.

એ સિવાયનો ૭૯ ટકાનો બહુમત હિસ્સો ફિફા પોતાની પાસે રાખશે અને નવી કંપની સ્થપાઈ ગયા પછી પણ ફિફા જ વૈશ્વિક સંચાલક સંસ્થા ગણાશે.

### ફિફાને કેટલા રૂપિયા જોઈએ છે?

ફિફા પોતાના ૨૧૧ મેમ્બર-રાષ્ટ્રમાં ફૂટબોલના વિકાસ કાર્યો સંબંધમાં જેટલા ડૉલરનો ખર્ચ કરે છે એ હવે ફિફા ત્રણગણો કરી નાખવા માગે છે.

એ હેતુસર તેમ જ અન્ય કેટલાંક કારણો બદલ ફિફા ૨૧ ટકા ઈક્વિટી હિસ્સો વેચવા માગે છે. ફિફા પ્રાઇવેટ ઇન્વેસ્ટરોને ૨૧ ટકા હિસ્સો વેચીને અંદાજે ૪.૨ અબજ ડૉલર (આશરે ૪૦૨ અબજ રૂપિયા) ઊભા કરવા માગે છે.

ફિફા નવા રોકાણ મારફત કરોડો રૂપિયા મળતા જ મેમ્બર રાષ્ટ્રોમાં વિકાસાર્થે વેચી દેવા માગે છે. નવા પ્રોજેક્ટમાં ફિફાની મુખ્ય સલાહકાર કંપની જેપી મોર્ગન છે.

આ નવી યોજના તૈયાર કરવામાં સૌથી મોટી ભૂમિકા સ્વાભાવિક રીતે ફિફાના પ્રમુખ જિયાની ઇન્ફેન્ટિનોની છે. ફિફાની નવી યોજના માટેના સંભવિત ઇન્વેસ્ટર ગ્રૂપની આગેવાની અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પના જમાઈ જેરીડ કુશનરના ભાઈ જોશુઆ કુશનરની છે. ■

## ટીમ ઈન્ડિયાનો સાથ છૂટતા ડૉચેટને કેકેઆરે સોંપી મોટી જવાબદારી

કોલકાતાઃ ભારતીય ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ સહાયક કોચ રેયાન ટેન ડૉચેટને નાઈટ રાઇડર્સ સ્પોર્ટ્સએ એક મોટી જવાબદારી સોંપી હતી. નેધરલેન્ડના ભૂતપૂર્વ દિગ્ગજ બેટ્સમેને ફ્રેન્ચાઇઝના 'હેડ ઓફ ક્રિકેટ સ્ટ્રેટેજી' તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. આ નવી ભૂમિકા સાથે ટેન ડૉચેટની ફરી એકવાર નાઈટ રાઇડર્સમા વાપસી થઈ હતી. તેઓ હવે ફ્રેન્ચાઈઝીની અલગ અલગ ટીમો માટે ખેલાડીઓની શોધ, ટીમ તૈયારી કરવાની રણનીતિ અને ભવિષ્યની યોજનાઓ પર કામ કરશે. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે પુષ્ટી કરી હતી કે ટેન ડૉચેટ અને ફિલ્ડિંગ કોચ ટી. દિલીપના કરારને લંબાવવામાં આવશે નહીં. ટેન ડૉચેટ કેકેઆર ફ્રેન્ચાઇઝમાં ખેલાડીઓની શોધ કરશે, પસંદગી, ટીમની યોજનાઓ અને પ્રદર્શન મૂલ્યાંકનમાં પણ મુખ્ય ભૂમિકા ભજવશે. ટેન ડૉચેટ કેરેબિયન પ્રીમિયર લીગ માં ટ્રિનબાગો નાઈટ રાઇડર્સ, આઈએલટી૨૦માં અબુ ધાબી નાઈટ રાઇડર્સ અને મેજર લીગ ક્રિકેટ (એમએલસી) માં લોસ એન્જલસ નાઈટ રાઇડર્સ માટે સહાયક કોચ તરીકે પણ સેવા આપશે. કેકેઆરએ એક નિવેદનમાં કહ્યું હતું કે ટેન ડૉચેટે જણાવ્યું હતું કે, ''આપણી વૈશ્વિક ફ્રેન્ચાઇઝીઓમાં કોચિંગ અને ટીમ મૂલ્યાંકન કરનારા લોકો સાથે કામ કરવાની, પ્રતિભાની શોધ કરવાની અને ખેલાડીઓના વિકાસ પ્રણાલીઓને મજબૂત બનાવવાની અને લાંબા ગાળાની ક્રિકેટ વ્યૂહરચના વિકસાવવાની એક અનોખી તક છે.'' ■

## એશિયન ગેમ્સમાં ભારતીય હોકી ટીમનો કેપ્ટન હરમનપ્રીત સિંહ

નવી દિલ્હીઃ જાપાનના આઈચી નાગોયામાં ૧૯ સપ્ટેમ્બરથી ચોથી ઓક્ટોબર દરમિયાન યોજાનારી એશિયન ગેમ્સ માટે બુધવારે જાહેર કરાયેલી ૨૦ સભ્યોની પુરુષ હોકી ટીમમાં ભારતે ફક્ત એક જ ફેરફાર કર્યો છે. ભારતે આદિત્ય અર્જુન લાલાગેના સ્થાન પર મિડફિલ્ડર રાજ કુમાર પાલને ટીમમાં સ્થાન આપ્યું છે. સ્ટાર ડિફેન્ડર અને ડ્રેગ-ફ્લિકર હરમનપ્રીત સિંહ ટીમની કેપ્ટનશિપ કરશે.


### ટીમઃ

ગોલકીપર્સઃ મોહિત એચએસ, સૂરજ કરકેરા.

ડિફેન્ડર્સઃ જરમનપ્રીત સિંહ, હરમનપ્રીત સિંહ (કેપ્ટન), અમિત રોહિદાસ, જુગરાજ સિંહ, સંજય, સુમિત, યશદીપ સિવાચ.

મિડફિલ્ડર્સઃ રાજિન્દર સિંહ, રાજ કુમાર પાલ, હાર્દિક સિંહ, મનપ્રીત સિંહ, નીલકાંત શર્મા, વિવેક સાગર પ્રસાદ.

ફોરવર્ડઃ દિલપ્રીત સિંહ, શિલાનંદ લાકડા, સુખજીત સિંહ, મનદીપ સિંહ, અભિષેક. ■




**હું ચૂપ નથી જ બેસવાનો. હું કોર્ટમાં જઈશ. મને આ વિલ બનાવટી અથવા તો મારા દાદા પાસેથી બનાવરાવી લીધેલું લાગે છે...**

'મારાથીય પહેલાં પપ્પાને અંદાજ આવી ગયો હતો કે દાદાએ બનાવેલા વિલને લઈને ઘરમાં તોફાન આવશે. એટલે જ એમણે રત્નાકરજીને દાદાની ઉત્તરક્રિયા પતી જાય પછીનો ટાઈમ આપ્યો હતો. ઘરમાં એ વાતનો કોઈને ખ્યાલ પણ નહોતો આવ્યો કે એમ. વી. એન્ટરપ્રાઈઝ મારા નામે થઈ ગયેલ છે. રત્નાકરજીએ એ જ દિવસે બૅન્કમાં આપવાના થતા સહીના નમૂનાઓની વિધિઓ કરી નાખી હતી. મને હજુ મારા નિર્ણયનું શું પરિણામ આવશે તેની ખબર નહોતી. મારા પપ્પા દાદાના અસ્થિફૂલ ગંગામાં પધરાવી આવ્યા. એના બીજા દિવસે સાંજે તેમણે રત્નાકરજીને ઘેર આવવાનું કહ્યું.'

'તમારા ભાઈઓ ક્યાં કામ કરતા હતા? અથવા શું કરતા હતા?'

'મોટો ભાઈ એમ.વી. એન્ટરપ્રાઈઝમાં જ કામ કરતો હતો, નાનો રાજસ્થાનની ખાણો સંભાળતો હતો. એ બેય પપ્પા ઉપર ગયા છે. સુંદર સ્ત્રીઓનું આકર્ષણ એમનેય ઓછું નથી. મોટો તો તોછડો અને તદ્દન બિનવ્યવહારુ છે. એ કહેવા ખાતર અમારા શો રૂમમાં કામ કરતો હતો. બાકી તે દારૂ પીવામાં અને રખડવામાં જ સમય પસાર કરતો. પપ્પાએ એ દિવસે સવારે બધાને કહ્યું હતું કે 'દાદા જે વિલ કરી ગયા છે તે માટે આજે સાંજે રાતે રત્નાકરજી આવશે.' તેમની આ જાહેરાતે ઘરના વાતાવરણને ઉતેજીત કરી નાખ્યું હતું.'

'મારા ભાઈઓ ભૂલી ગયા કે હજુ થોડા દિવસ પહેલા જ ઘરમાં કોઈનું મૃત્યુ થયેલું છે. રાતે બરાબર નવ વાગે રત્નાકરજી આવ્યા. સાથે એમનો એક સહાયક પણ હતો. મારી મમ્મી એટલે કે મીનાક્ષી પોતાના ભાવ છુપાવી ઉદાસ ચહેરે બેઠી હતી. રત્નાકરજીએ દાદાજીના મૃત્યુ બાબતે દુઃખ વ્યક્ત કર્યું. તેમના સ્મરણો વાગોળ્યા. એમની આંખો વારાફરતી અમારા સૌ ઉપર ફરતી હતી. એમને ખબર હતી કે હવે પછી કોને કેવો આંચકો લાગવાનો છે. એમણે વિલ વાંચવાનું શરૂ કર્યું, વિલ અંગ્રેજીમાં હતું. જોકે વાંચતા પહેલા રત્નાકરજીએ મારા દાદાની ઓરિજિનલ સહી બતાવી. સાથે એ વિલ રજિસ્ટર કરાવ્યાની તારીખ વાંચી સંભળાવી.'

એક એક વિગત ખુલતી જતી હતી. એ જેમ જેમ આગળ વાંચતા જતા હતા તેમ તેમ ત્યાં સોપો પડતો જતો હતો. પૂરેપૂરી વિગત પ્રમાણે એમ.વી.એન્ટરપ્રાઈઝનો સઘળો કારોબાર મને એટલે કે કુમારી સોનલ ઝવેરીને અપાયો હતો. અમે જે મકાનમાં રહેતા હતા તે ઉપરાંત દાદાજીના નામે નોંધાયેલી તમામ મિલકતો મારા નામે કરવાની હતી. રાજસ્થાનમાં આવેલી ખાણો મોહનલાલ ઝવેરી એટલે પપ્પાને સોંપાયેલી હતી. મારે એમ.વી. એન્ટરપ્રાઈઝના માલિક તરીકે મારી બંને ભાભીઓને વીસ વીસ લાખ રૂપિયા રોકડા આપવા એવુંય લખેલું હતું અને મારા બેય ભાઈઓને શું આપવું તે મારે નક્કી કરવું. રત્નાકરજીએ લગભગ અડધો કલાક સુધી તમામ વિગતો સમજાવી.

અમારા ઘરમાં જાણે ભૂકંપ આવ્યો. રાડારાડની શરૂઆત મોટાભાઈએ જ કરી. તેણે રત્નાકરજીને જ સવાલ કર્યો, 'સર આવું કોઈ વિલ છે એની જાણ તમે આજ સુધી અમને કેમ કરી નહીં?'

'મિસ્ટર સંજય આઈ હેવ નો પરમિશન ફોર ઈટ. આ વિલની ટર્મ કન્ડિશન મુજબ મારે આ વિલ મણિરામજીના મૃત્યુ બાદ જ ખોલવાનું હતું. તમને જાણ હોવી જોઈએ કે એમના મૃત્યુના એક કલાકમાં જ હું તમારે ત્યાં આવી ગયો હતો. મિસ્ટર મોહનલાલ અને સોનલ મેડમને મળીને આ વિલની જાણ કરી ગયો હતો. મારે વિલની ટર્મ કંડીશન મુજબ સોનલ મેડમને અને તમારા પપ્પાજીને જ મળવાનું હતું. એવું આમાં લખેલું છે. યુ મે રીડ ઈટ. હું આ વિલની વધારાની ફોટો કોપી લઈ આવ્યો છું. આપ દરેકને આપવાનો છું. ઓરિજિનલ કોપી મારી પાસે ત્યાં સુધી રહેશે જ્યાં સુધી આ વિલનો અમલ ન થાય. એ પણ ટર્મ કન્ડિશનનો એક ભાગ છે.'

'હું એકાએક ચાર નાના બાળકો સિવાય બધાની વેરી થઈ પડી. મારો ભાઈ મને ઘૂરકી રહ્યો હતો. મમ્મીની નજરમાં પપ્પા તરફ રીતસરની ઉપેક્ષા હતી. પણ સંજય એમ હાર માની લે તેવો નહોતો. તેણે એ જ વખતે કહ્યું, વોરાસાહેબ મારા પપ્પા અને તે પછી અમે બે ભાઈઓ મણિરામ ઝવેરીના સાચા વારસ છીએ. આ વિલ પ્રમાણે અમારે તો મુંબઈ જ છોડવું પડે તેવી હાલત થશે. મારા દાદાએ આવું વિલ શા માટે બનાવ્યું તે અમને સમજાતું નથી. મારા દાદા આવું કદી ન કરે. જરૂર એમના પર કોઈ દબાણ આવ્યું હશે. અમે આ વિલને નથી માનતા.'

'લીસન માય સન. ધીસ ઈઝ ધ લીગલ મેટર. યુ કાન્ટ ઈગ્નોર ઈટ. આ વિલ તમારા દાદાએ પોતાના ચિત્ત અને શરીરની સ્વસ્થ હાલતમાં બાનાવ્યું છે. તેવું એમણે પોતે જાહેર કરેલું છે.'

'એ હવે તો કોણ કહી શકે કે કેવી હાલતમાં બનાવેલું છે. એક જ કાગળથી અમે રસ્તા પર આવી જઈએ એ અમને નહીં પોષાય. આ છોકરી કાલે જ અમને આ ઘરમાંથી કાઢી નહીં મૂકે તેની શું ખાતરી?' રત્નાકરજી સહેજ મલક્યા. તેમણે પપ્પા સામે જોતાં કહ્યું, 'શેઠ તમે કંઈ નહીં બોલો.? તમને તો લીગલ મેટરની બધી જાણ છે. આ વિલનો અમલ કરાવવાની સતા પણ મને આપવામાં આવી છે. એટલે તમે મારી સ્થિતિ સમજો છે. પ્લીઝ સમજાવો તમારા ફેમીલી મેમ્બર્સને.'

પપ્પાએ પહેલીવાર બધા સામે જોયું. પણ પપ્પા કંઈ બોલે તે પહેલા જ ફરી સંજય તાડુક્યો, 'એ શું બોલશે. એમનામાં બોલવાની હિંમત હોત તો આજે એ પોતે જ પોતાની મિલકતથી હાથ ધોઈ બેઠા ન હોત. મને આમાં કંઈક ગરબડ લાગે છે.'

કંટાળેલા રત્નાકરજીએ કહી દીધું, 'ઓકે યુ મે ચેલેન્જ ધિસ વિલ ટુ લીગલ વે. કોર્ટ પોતે નક્કી કરશે કે વિલ જેન્યુન છે કે નહીં.'

મારો ભાઈ ઘડીક ચૂપ થઈ ગયો. પપ્પાએ ઉંચા અવાજે કહ્યું, 'જુઓ એ મારા બાપ હતા. એમનો પહેલો સગો હું છું. જ્યારે હું કંઈ નથી બોલતો તો તમે શા માટે હોબાળો કરો છો? આપણે એક છત હેઠળ રહેનારા, એક જ રસોડે જમનારા ફેમીલી મેમ્બર છીએ. જે હશે તે સાથે બેસીને ચર્ચી લઈશું. સોરી વોરાસાહેબ સંજયનું મન પર લેતા નહીં.'

'તમારી મમ્મી કંઈ બોલી કે વિરોધ કર્યો?'

'એ બહુ જ ચાલાક સ્ત્રી છે. એને જે બોલવું હતું તે સંજય બોલી રહ્યો હતો પછી તે શા માટે બોલીને પાધરી થાય. ખરેખર તો એના મનમાં હોળી સળગતી હશે.'

'એક મિનીટ વોરા સાહેબ. તમે વર્ષોથી અમારા દાદાના સોલીસીટર રહ્યા છો. મારા પપ્પા અને અમે બેય ભાઈઓએ અત્યાર સુધી એમાં જે કંઈ યોગદાન આપ્યું એ મુજબ અમારો એમાં ભાગ તો થાય ને? કાયદો શું કહે છે?'

રત્નાકરજી સમજી ગયા હતા કે વાત હવે જુદા પાટે ચડી રહી છે. તેમણે પોતાના શાંત સ્વભાવ પ્રમાણે કહ્યું, 'કાયદો એમ કહે છે કે એ બધું તમે તમારા દાદાની હયાતિમાં માગી શક્યા હોત. આઈ કાન્ટ ડુ એનીથીંગ ફોર યુ. નાઉ મિસ સોનલ ઝવેરી હેઝ ટોટલ પાવર ઓફ એમ.વી. મારાથી એમને કંઈ જ કહી ન શકાય.'

'એ અમને શા માટે કંઈ આપે? એ અમારી છે પણ શું?'

નાનોભાઈ જય જે અત્યાર સુધી મૂંગો બેઠો હતો તે અચાનક કૂદી પડ્યો. રત્નાકરજીએ મારી સામે જોયું અને નજર નીચી ઢાળી લીધી. મને થયું કે જો અત્યારે હું નહીં બોલું તો રત્નાકરજી મને ઢીલી સમજી લેશે. મેં એટલા જ જોરથી કહ્યું, 'જય, તમે શું બોલી રહ્યા છો તેની તમને ખબર છે ભાઈ? તમને મારા પર અવિશ્વાસ આવે છે? તમને આવું થાય તે સ્વાભાવિક છે. કારણ કે તમે મને કદી બહેન ગણી જ નથી. તમે અત્યાર સુધી એમ જ માનતા આવ્યા છો કે હું આ ઘરની સભ્ય જ નથી. હું આ ઘરમાં પપ્પા સિવાય બધાનો તિરસ્કાર જ પામી છું. મને ખબર નથી દાદા શા માટે એમની મિલકત મને સોંપતા ગયા છે. પણ જે રીતે તમે મારો વિરોધ કરો છો તે પરથી દેખાય છે કે હજુ પણ તમે મને આ ઘરની સભ્ય નથી માનતા. તમે શાંતિ રાખશો તો સૌ સારા વાના થશે. મને દાદા બહુ મોટી જવાબદારી સોંપતા ગયા છે. તમને ખાત્રી આપું છું કે હું કોઈને અન્યાય નહીં કરું.'

થોડીવાર કોઈ કંઈ જ બોલ્યું નહીં. મારા પપ્પા માથું ઝુકાવી બેસી રહ્યા. મારા ભાઈઓ એટલા તો અકળાઈ ગયા હતા કે એમનાથી કોઈ વાત સહન થતી જ નહોતી. એ વખતે સંજયે જે કહ્યું તે સાંભળીને રત્નાકરજી પણ સ્તબ્ધ થઈ ગયા. તે રીતસર બરાડ્યો, 'સોનલ સાંભળી લે. તું પહેલા પણ અમારી બહેન નહોતી અને ભવિષ્યમાં પણ નહીં હોય. રહી વાત આ વિલની, તો એ અમે ફોડી લઈશું.'

એ વખતે મને થયું કે હું ઉઠીને એને તમાચો મારું. પણ મેં ઠંડકથી કહ્યું, 'તમારી મરજી. પણ તેમ કરવાથી કદાચ તમે જ હેરાન થશો.'

રત્નાકરજીએ મારા પપ્પા સામે જોયું. પપ્પા સમજી ગયા. રત્નાકરજી જે સહાયકને લઈને આવ્યા હતા તે પહેલીવાર અમારા ઘેર આવ્યો હતો. તેની હાજરીમાં જે ભવાઈ થતી હતી તેનાથી પપ્પાને બહુ દુઃખ થતું હતું. તેમણે સંજયને કહ્યું, 'સંજય પ્લીઝ. ચૂપ થા અથવા અહીંથી ચાલ્યો જા.'

'પપ્પા ન તો હું અહીંથી જઈશ કે ન તો ચૂપ રહેવાનો છું. હું આજે જ મારા મામાને ફોન કરવાનો છું. મને યાદ છે એમણે મને વર્ષો પહેલા ચેતવ્યો હતો. મને ખબર નહોતી કે દાદા તમને પણ અંધારામાં રાખશે. જે ઈરાદા સાથે આ છોકરીની મા આ ઘરમાં આવી હતી તે ઈરાદા આ રીતે પૂરા થયા. હું ચૂપ નથી જ બેસવાનો. હું કોર્ટમાં જઈશ. મને આ વિલ બનાવટી અથવા તો મારા દાદા પાસેથી બનાવરાવી લીધેલું લાગે છે. મને થયેલો અન્યાય હું સાંખી નહીં લઉં. આ છોકરી તો અમને બેય ભાઈઓને કાલે આ ઘરની બહાર કાઢી મૂકશે. અમે ક્યાં જઈશું. વીસ વીસ લાખના ટુકડાથી અમે રાજી થઈને ચાલ્યા નહીં જઈએ સમજ્યા? પપ્પા તમારે પણ મને આ લડાઈમાં સાથ આપવો પડશે. જેને કંઈ ન મળવું જોઈએ તેને બધું જ મળી ગયું અને જેને બધું મળવું જોઈએ તેમણે ભિખારીની જેમ માગવાનું? મારાથી આ સહન નહીં થાય.'

'સંજયભાઈ હવે જો મારી મમ્મી વિશે કંઈ બોલ્યા છો તો એજ થશે જે તમે વિચારી રહ્યા છો. હું પણ હવે લડી લેવાની છું.'

મારા બોલવાની સાથે જ સંજયે ચોંકીને જોયું. એને તરત ખ્યાલ આવી ગયો કે હવે હું કોઈ સામાન્ય છોકરી નથી રહી. એમ.વી. એન્ટરપ્રાઈઝની માલિક છું. જો પોતે કંઈ આડું અવડું કરશે તો આ ઘરની બહાર નીકળવાનો વખત આવશે જ.

મારા આશ્ચર્ય વચ્ચે મારી મમ્મી ઊભી થઈ. તેણે મારી બાજુમાં આવી મારા ખભા પર હાથ મૂકતાં કહ્યું, 'સોનલ તારે કોઈ જ ચિંતા કરવાની જરૂર નથી. તારી એક મમ્મી મરી ગઈ છે, પણ હું હજુ જીવું છું. સંજય તમે લોકોએ આ શો તમાશો માંડ્યો છે? વિચાર તો કરો કે આપણા વડીલ ચાલ્યા ગયા. એમના આત્માને કેટલું દુઃખ થશે. સર, આઈ બેગ યોર પાર્ડન ફોર ઘેર મીસ બીહેવીયર...' મારી મમ્મીનું અચાનક આમ બોલવું મારા માટે આંચકારૂપ હતું. હું સમજી શકી નહોતી કે એ તેનો અભિનય હતો કે મારા તરફની લાગણી હતી. તેમ છતાં મને તે ક્ષણે ગમ્યું હતું. (ક્રમશઃ)■

---

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ફન વર્લ્ડ

### ભાષા વૈભવ...

મરાઠી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી બનાવો

| A | B |
|---|---|
| थेंब | બંધ |
| ढग | વરસાદ |
| चीखल | વાદળ |
| पाउस | ટીપું |
| धरण | કાદવ |

### જાણવા જેવું

શાક એટલે રસોઈના કામમાં આવે એવી ખેતરમાં પાકેલી વનસ્પતિ, રાંધીને અથવા તળીને ખાવાના કામમાં લેવાતી લીલોતરી, કંદ, ફળ, મૂળ અને પાંદડાં વગેરે ખવાય એવી લીલી વનસ્પતિ. ખોરાક તરીકે વપરાતી લીલોતરી અથવા જમવામાં વધારે રુચિ ઉપજાવવા માટે જે ફળ, મૂળ વગેરે મસાલા સાથે રાંધ્યાં, તળ્યાં હોય છે એ પણ શાક કહેવાય છે.

### ગુજરાત મોરી મોરી રે

અટપટી રીતે સમજાવતા સંબંધને ઓળખી કાઢો. કોઈ સ્ત્રીના એકમાત્ર જેઠના દાદાના સસરાની એકમાત્ર દીકરીનો એકમાત્ર દીકરો સ્ત્રીને સંબંધમાં શું થાય એ દિમાગ દોડાવી જણાવો.

અ) કાકાજી બ) સસરા
ક) મામાજી ડ) ફુઆજી

### નોંધી રાખો

*ક્યારેક એવું બને કે આખું જીવન અડધી અધૂરી આગમાં બળતા રહેવામાં જ વીતી જાય અને શીતળતા મળે ત્યારે મોડું થઈ ગયું હોય..*

### શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | ૨ | | | ૩ | ૪ | | ૫ |
| | | | | | ૬ | | | | |
| ૭ | ૮ | | | ૯ | | ૧૦ | | | |
| ૧૧ | | | ૧૨ | | ૧૩ | | | ૧૪ | |
| | | ૧૫ | | | ૧૬ | | ૧૭ | | |
| | ૧૮ | | ૧૯ | ૨૦ | | | | | ૨૧ |
| ૨૨ | | | ૨૩ | | ૨૪ | | | ૨૫ | |
| | | ૨૬ | | | | | ૨૭ | | |
| ૨૮ | | ૨૯ | | | | ૩૦ | | | |
| ૩૧ | | | | | | ૩૨ | | | |

**આડી ચાવી**

૧. અરાજકતા, અવ્યવસ્થા (૪)
૩. મૂઢ, બેવકૂફ (૪)
૬. પિત્રાઈ (૩)
૭. રૂઢી, ધારો (૩)
૧૦. વગર (૨)
૧૧. દોસ્તી (૨)
૧૨. આદર સત્કાર, સેવાચાકરી (૪)
૧૪. પાર્વતી (૨)
૧૬. બદલો કે બદલા તરીકેનું જે મળે તે (૪)
૧૮. એક પાંડવ (૪)
૨૨. મદારી (૨)
૨૩. દરેક પળ (૪)
૨૫. તહેવાર કે ઉત્સવનો દિવસ (૨)
૨૬. શાસ્ત્રીય જ્ઞાન (૨)
૨૭. પારો (૩)
૨૯. પીડા, આપદા (૩)
૩૧. ગણપતિ (૪)
૩૨. આદર, સન્માન (૪)

**ઊભી ચાવી**

૧. અધવચ, અદ્ધક (૫)
૨. ઉતાવળા સો બાવરા --- સો ગંભીર (૨)
૩. મનનો ઉકળાટ, કઢાપો (૫)
૪. કષ્ટ, પીડા (૩)
૫. મહેણું, ટોણો (૨)
૮. પાણી (૨)
૯. સવારે (૨)
૧૩. જન્મારો (૨)
૧૪. હૃદય (૨)
૧૫. આસક્તિ, પ્યાર (૨)
૧૭. સત્ય, સાચું (૨)
૧૮. સૈકો (૨)
૧૯. શારીરિક તપસ્યા (૫)
૨૦. ઉત્તમ, ચડિયાતું (૨)
૨૧. બધાને કાબૂમાં રાખનાર (૫)
૨૪. ઘડો (૨)
૨૫. પારકું (૨)
૨૬. ઉજ્જડ (૩)
૨૮. દંભ, ખોટો દેખાવ (૨)
૩૦. સ્વપ્નું (૨)

**ગયા વખતનો ઉકેલ**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ એ | ક | ૨ લ | ૩ સૂ | ૪ શે | | ૫ વા | ૬ રા | ણ | ૭ સી |
| ક | | ૮ બ | ચ | પ | ણ | | જ | | તા |
| ૯ લ | ૧૦ પ | | ના | | | ૧૧ સ | વી | તા | |
| ૧૨ વ્ય | સ | ન | | ૧૩ પા | ર | ખા | | | ૧૪ વાં |
| | લી | | ૧૫ આ | | | ૧૬ વ | રો | | કા |
| ૧૭ વા | | ૧૮ શુ | ક | | | ત | | ૧૯ ભ | |
| સ | | | ૨૦ મ | હં | ત | | ૨૧ સુ | વા | ૨૨ સ |
| | ૨૩ દ | ૨૪ બા | ણ | | | ૨૫ ક | | ૨૬ ની | ર |
| ૨૭ ધ્વ | | વ | | ૨૮ સ | ૨૯ રે | રા | ૩૦ શ | | વા |
| ૩૧ નિ | ર્મ | ળ | તા | | ૩૨ ખ | ર | ચી | પા | ણી |

### ઓળખાણ પડી?



લાવાથી ધગધગતા વોલ્કેનો કેટલાક દેશમાં જોવા મળે છે. વિશ્વનો સૌથી મોટો કાર્યરત વોલ્કેનો મૌના લોઆ કયા દેશમાં છે એની ઓળખાણ પડી?

અ) અફઘાનિસ્તાન બ) જાપાન ક) યુએસએ ડ) રશિયા

### ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

આપેલા વાક્યમાં એક ઉપયોગી લાકડું સંતાઈને બેઠું છે એ શોધી કાઢો જોઉં.

તમે તરી ગયા સાગર, અમે રહી ગયા કિનારે.

### માઈન્ડ ગેમ

વન્યસૃષ્ટિ મહત્ત્વની ગણાય છે. વિશ્વના કયા દેશમાં જંગલ વિસ્તાર જરાય નથી એ આપેલા વિકલ્પોમાંથી શોધી જણાવો.

અ) સાયપ્રસ બ) બેહરીન ક) ઓસ્ટ્રિયા ડ) આઈસલેન્ડ

### સુડોકુ-આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | ૪ | ૯ | | ૨ | | |
| ૯ | | | | ૨ | | | ૭ | |
| ૨ | ૫ | | | | ૧ | | | |
| ૫ | ૬ | ૧ | | | | ૩ | | |
| | | | | ૩ | | | | |
| | | ૭ | | | | ૬ | ૨ | ૯ |
| | | | ૮ | | | | ૪ | ૭ |
| | ૮ | | | ૪ | | | | ૨ |
| | | ૯ | | ૫ | ૭ | | | ૩ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોકસ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોકસમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

**સુડોકુ-ગઈકાલનો જવાબ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૭ | ૯ | ૩ | ૫ | ૨ | ૧ | ૪ | ૮ |
| ૫ | ૩ | ૪ | ૧ | ૬ | ૮ | ૭ | ૨ | ૯ |
| ૮ | ૨ | ૧ | ૯ | ૭ | ૪ | ૬ | ૫ | ૩ |
| ૭ | ૫ | ૮ | ૪ | ૯ | ૩ | ૨ | ૧ | ૬ |
| ૩ | ૯ | ૬ | ૨ | ૧ | ૫ | ૪ | ૮ | ૭ |
| ૪ | ૧ | ૨ | ૬ | ૮ | ૭ | ૩ | ૯ | ૫ |
| ૧ | ૮ | ૩ | ૭ | ૪ | ૯ | ૫ | ૬ | ૨ |
| ૨ | ૬ | ૫ | ૮ | ૩ | ૧ | ૯ | ૭ | ૪ |
| ૯ | ૪ | ૭ | ૫ | ૨ | ૬ | ૮ | ૩ | ૧ |

### ગયા ગુરુવારના જવાબ

| A | B |
|---|---|
| कावीळ | કમળો |
| कावळा | કાગડો |
| काळोख | અંધારું |
| कासव | કાચબો |
| काटकसर | કરકસર |

**ગુજરાત મોરી મોરી રેઃ** મામી

**ઓળખાણ પડી?** ખચ્ચર

**માઈન્ડ ગેમ :** Basel

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :** રણ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) ભારતી બુચ (૩) ભરત કજરિયા (૪) ડો. પ્રકાશ કટકિયા (૫) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૬) ધીરેન્દ્ર ઉદેશી (૭) પ્રતિમા પમાણી (૮) ભામિની સંપટ (૯) મુલરાજ કપૂર (૧૦) શ્રદ્ધા આશર (૧૧) જ્યોતિ ખાંડવાલા (૧૨) ખુશરૂ કાપડિયા (૧૩) મીનળ કાપડિયા (૧૪) હેમાંગી કે મારું (૧૫) વિપીન શાહ (૧૬) નૂતન વિપીન શાહ (૧૭) કમલ માતલિયા (૧૮) નિખિલ બંગાળી (૧૯) અમીશી બંગાળી (૨૦) ભાવના કર્વે (૨૧) પ્રવીણ વોરા (૨૨) મનીષા શેઠ (૨૩) ફાલ્ગુની શેઠ (૨૪) નંદુભાઈ અ. ગોઠી (૨૫) જયવંત પદમશી ચિખલ (૨૬) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૨૭) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૮) દેવેન્દ્ર સંપટ (૨૯) મહેશ સંઘવી (૩૦) વિણા સંપટ (૩૧) અંજુ ટોલિયા (૩૨) ડાયના સંતોકે (૩૩) અલકા વાણી (૩૪) નિતીન જયંતીલાલ બજરિયા (૩૫) નયના ગિરીશ મિસ્ત્રી (૩૬) રમેશભાઈ દલાલ (૩૭) હિનાબેન દલાલ (૩૮) જ્યોત્સના ગાંધી (૩૯) ઈનાક્ષીબેન દલાલ (૪૦) સુભાષ મોમાયા (૪૧) નીતા દેસાઈ (૪૨) પુષ્પા પટેલ (૪૩) તાહેર ઔરંગાબાદવાલા (૪૪) શીરીન ઔરંગાબાદવાલા (૪૫) મહેશ દોશી (૪૬) અબ્દુલ્લા એફ. મુનીમ (૪૭) વિજય આસર

feedback@bombaysamachar.com
મેલ મેટર્સ
અંકિત દેસાઈ

# ફ્રેન્ડ્સ, તમને જેન-ઝી સાથે અનુકૂળ થતાં આવડે છે?

**સમયનું** ચક્ર જ્યારે ફરે છે ત્યારે તેની સાથે માત્ર વર્ષો નથી બદલાતાં, પરંતુ પેઢીઓની માનસિકતા, તેમની ભાષા અને તેમના વિચારો વ્યક્ત કરવાની શૈલી પણ બદલાઈ જાય છે. તાજેતરના સમયમાં સીજેપી આંદોલન દરમિયાન આપણે સૌએ જોયું કે શરૂઆતમાં એવો એક સૂર ઊઠ્યો હતો કે આજની નવી પેઢી કે યુવાનો પોતાના મુદ્દા પર વધુ સમય ટકી નહીં શકે. લોકો એવું માનતા હતા કે યુવાનીની નાદાની કે ક્ષણિક આવેશમાં શરૂ થયેલું આ આંદોલન ધીમે ધીમે ફંટાઈ જશે, વિખેરાઈ જશે અને સત્તાધીશો કે સરકાર પર તેની કોઈ ખાસ અસર નહીં પડે, પરંતુ જેમ જેમ દિવસો વીતતા ગયા તેમ તેમ આ ચિત્ર તદ્દન ઊલટું સાબિત થયું. આ યુવાનો પોતાની માગણીઓ પ્રત્યે અતિશય સ્પષ્ટ રહ્યા, તેમનો અવાજ વધુ બુલંદ બનતો ગયો અને તેમની મક્કમતાએ સાબિત કરી દીધું કે નવી પેઢીને હળવાશથી લેવાની ભૂલ ભારે પડી શકે છે. પરિણામે સરકારે પણ ગંભીરતાથી વિચાર કરવાની ફરજ પડી.


AI

આ આખી ઘટનામાં રાજકીય પાસાંઓ સિવાય જે સૌથી વધુ ધ્યાન ખેંચનારી અને શીખવા જેવી બાબત હતી તે હતી સંવાદની શૈલીમાં લાવવામાં આવેલું પરિવર્તન. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પરિસ્થિતિની નજાકત અને નવી પેઢીના મૂડને પારખીને ત્વરિત અનુકુલન સાધ્યું. તેમણે પરંપરાગત ભાષણો કે ઔપચારિક મંચો છોડીને જેન-ઝી (Gen-Z)એટલે કે આજના યુવાનોને ગમે તે રીતે ઇન્સ્ટાગ્રામ પર સેલ્ફી મોડમાં વીડિયો શૂટ કરવાનું શરૂ કર્યું. યુવાનો જે માધ્યમ પર સૌથી વધુ સક્રિય હતા તે જ માધ્યમ પસંદ કરીને, તેમની જ ભાષા અને તેમના જ શૈલી-ટ્રેન્ડ્સનો ઉપયોગ કરીને તેમની સાથે સીધો સંવાદ સાધ્યો. આ કોઈ સામાન્ય બાબત નહોતી. આ ઘટના એ વાતનો જીવંત પુરાવો હતી કે જો તમારે નવી પેઢી સુધી તમારો અવાજ પહોંચાડવો હોય અથવા તેમની સાથે અસરકારક રીતે જોડાવું હોય તો તમારે તમારા જૂના આગ્રહો છોડીને તેમના ટ્રેન્ડ્સ અને તેમની દુનિયામાં પ્રવેશ કરવો જ પડે.

આ પ્રસંગ આપણને સૌને એક બહુ મોટો અને ઊંડો પ્રશ્ન પૂછે છે: શું આપણને આપણી દૈનિક જિંદગીમાં, આપણા ઘરમાં કે સંતાનો સાથે આપણને આ રીતે અનુકૂળ થતા આવડે છે?

અનુકૂળ થવાની આવી ચેષ્ટા આજના સમયમાં શા માટે આટલું બધું જરૂરી બની ગયું છે?

આજે મોટાભાગના વાલીઓ કે વડીલોની સૌથી મોટી ફરિયાદ એ હોય છે કે નવી પેઢી તેમની વાત સાંભળતી નથી, ઘરમાં સુમેળ નથી રહેતો કે બાળકો પોતાની અલગ જ દુનિયામાં ખોવાયેલા રહે છે, પરંતુ જો આપણે ઊંડાણપૂર્વક વિચારીએ તો સમજાશે કે સંવાદ તૂટવાનું મુખ્ય કારણ જનરેશન ગૅપ નથી, પણ એમની સાથે અનુકૂળતા સાધવાની આપણી અનિચ્છા છે. આપણે ઘણીવાર એવું ઇચ્છીએ છીએ કે આપણાં બાળકો કે નવી પેઢી આપણા જમાનાના નિયમો, આપણી ભાષા અને આપણી વિચારસરણી મુજબ વર્તે. પણ વાસ્તવિકતા એ છે કે સમય ક્યારેય રિવર્સ ગિયરમાં ચાલતો નથી. જો નેતાઓ કે વૈશ્વિક બ્રાન્ડ્સ યુવાનો સુધી પહોંચવા માટે તેમની ભાષા અને તેમનાં સોશ્યલ મીડિયા ટ્રેન્ડ્સ શીખી શકતા હોય, તો એક માતા-પિતા તરીકે કે સમાજના વડીલ તરીકે આપણે કેમ આપણી માનસિકતામાં થોડી લવચિકતા ના લાવી શકીએ?

નવી પેઢી સાથે સુમેળ સાધવા માટેનું પહેલું પગથિયું છે તેમની દુનિયાને સ્વીકારવી અને સમજવી. આજનો યુવાન ઇન્ટરનેટ, સોશ્યલ મીડિયા અને ટેક્નૉલૉજીના અતિ ઝડપી યુગમાં ઉછરી રહ્યો છે. તેની અભિવ્યક્તિની રીત અલગ છે, તેના આદર્શ અલગ છે અને તેના તણાવનાં કારણો પણ અલગ છે. જ્યારે આપણે તેમના રીલ્સ, તેમના મીમ્સ, તેમની ઑનલાઇન ભાષા કે તેમની લાઇફસ્ટાઇલને 'નકામી' કે 'સમયનો બગાડ' કહીને નકારી કાઢીએ છીએ, ત્યારે જ આપણે તેમની સાથે સંવાદનો દરવાજો બંધ કરી દઈએ છીએ. એના બદલે જો આપણે તેમના ટ્રેન્ડ્સ પ્રત્યે થોડી જિજ્ઞાસા દર્શાવીએ, તે શું જોઈ રહ્યા છે કે શું વિચારી રહ્યા છે તેમાં રસ લઈએ, તો તેમને એવો અહેસાસ થાય છે કે તે સમજાઈ રહ્યા છે.

કોઈને અનુકૂળ થવાનો અર્થ એવો ક્યારેય નથી કે તમારે તમારી મર્યાદાઓ કે સંસ્કારો છોડી દેવાનાં છે. તેનો સાચો અર્થ એ છે કે તમારે સંચારનાં માધ્યમો અને અભિવ્યક્તિની શૈલી બદલવાની છે. જેમ રેડિયોના જમાનામાં ટીવી આવ્યું અને આજે સ્માર્ટફોનનો યુગ છે, તેમ સંદેશો એ જ રહે છે, પરંતુ પ્રસારણનું માધ્યમ બદલાઈ જાય છે. જો તમે તમારાં સંતાનોને કોઈ શિખામણ કે મૂલ્ય આપવા માગતા હો તો તેમને ઔપચારિક કે આદેશાત્મક ભાષામાં કહેવાને બદલે તેમની સાથે મિત્ર બનીને, તેમની સાથે બેસીને કે તેમના પ્રિય માધ્યમ દ્વારા કહેશો તો તેની અસર દસ ગણી વધુ થશે.

વળી આજના યુવાનો કે ઝેન-ઝી પેઢી અત્યંત જાગૃત અને તાર્કિક છે. માત્ર એટલા માટે કોઈ વાત નહીં માને કારણ કે તે કોઈ વડીલે કહી છે. તે કારણ પૂછશે, તર્ક માગશે અને પોતાના વિચારો રજૂ કરશે. સીજેપી આંદોલન દરમિયાન યુવાનોની સ્પષ્ટતા અને ઝનૂને સાબિત કર્યું કે આ પેઢી ભલે સોશ્યલ મીડિયામાં મસ્ત દેખાતી હોય, પણ જ્યારે પોતાના હકની કે પોતાના ભવિષ્યની વાત આવે ત્યારે તે ખૂબ ગંભીર છે. આવી પેઢી સાથે જો તમારે તાલમેલ મિલાવવો હોય તો તમારે હુકમ ચલાવનાર વાલી બનવાને બદલે એક સહાનુભૂતિપૂર્વક સાંભળનાર બનવું પડે.

આવો સુમેળ સાધવા માટે આપણે આપણી 'અહંકાર' કે 'હું મોટો છું' વાળી માનસિકતામાંથી બહાર આવવું પડશે. જ્યારે આપણે બાળકો કે યુવાનો સાથે તેમના લેવલ પર જઈને વાત કરીએ છીએ પછી તે તેમની સાથે ગેમિંગ વિશે વાત કરવાની હોય, ઇન્સ્ટાગ્રામના કોઈ ટ્રેન્ડ પર હસવાની હોય કે પછી તેમના મનની મૂંઝવણ સેલ્ફી મોડ જેવા સરળ અને અનૌપચારિક વાતાવરણમાં સાંભળવાની હોય ત્યારે જ ખરા અર્થમાં પેઢીઓ વચ્ચેનો સેતુ બંધાય છે.

બદલાતા સમય સાથે જે વૃક્ષ વળે છે તે જ વાવાઝોડામાં ટકી રહે છે, જે કઠોર રહે છે તે તૂટી જાય છે. આપણા પરિવારમાં, ઘરમાં અને સમાજમાં સંબંધોની મધુરતા જાળવી રાખવા માટે નવી પેઢીના રંગમાં થોડું રંગાવું, તેમની ભાષા સમજવી અને તેમની સાથે કદમથી કદમ મિલાવીને ચાલવું એ જ આજના યુગની સૌથી મોટી જરૂરિયાત છે. જો આપણે આ કળા શીખી શકીએ તો નવી પેઢી આપણાથી દૂર ભાગવાને બદલે આપણને પોતાના સૌથી નજીકના મિત્ર અને માર્ગદર્શક માનવા લાગશે. ■




કૌશિક મહેતા feedback@bombaysamachar.com

# પત્નીની કમાણીની ક્રેડિટ બધાની, તો પતિની કેમ નહીં?

*ડિયર હની,*

જ્યારે સ્ત્રી સફળ થાય છે ત્યારે તેની સફળતા પાછળ તેના પતિ કે પરિવારનું સમર્થન કેટલું છે તે અચૂક પૂછવામાં આવે છે, પરંતુ પુરુષ સફળ થાય છે ત્યારે ભાગ્યે જ કોઈ તેની પત્ની કે પરિવારને એ સવાલ પૂછે છે કે 'તમારી કઈ સપોર્ટ સિસ્ટમ કે બલિદાનને કારણે તમારા પતિ આ મુકામે પહોંચ્યા?'

આ પ્રશ્ન સમાજના દરેક વર્ગ અને પરિવારમાં પુછાવો જોઈએ. સમસ્યા એ છે કે સમાજ હજુ પણ એ સ્વીકારવા તૈયાર નથી કે એક સ્ત્રી પોતાની સ્વતંત્ર બુદ્ધિ, મહેનત અને ક્ષમતાથી આગળ વધી શકે છે. પરંપરાગત રીતે સ્ત્રીને ઘર અને પરિવારની ધરી માનવામાં આવે છે, તેથી તેની સફળતામાં પણ પુરુષ (પિતા કે પતિ)ની હાજરી કે મંજૂરી શોધવામાં આવે છે.

હવે આ બીજું દૃશ્ય જુઓ કે જ્યારે કોઈ પુરુષ સફળ થાય છે ત્યારે સમાજ માની લે છે કે આ તેની પોતાની અંગત મેધાવી શક્તિ અને સંઘર્ષનું પરિણામ છે. આ પાછળ પત્નીએ ઘર સંભાળ્યું હોય, બાળકો ઉછેર્યાં હોય કે માનસિક ટેકો આપ્યો હોય, તેને હંમેશાં 'ફરજ' તરીકે જોઈને નજરઅંદાજ કરવામાં આવે છે.

કહેવાય તો છે કે 'દરેક સફળ પુરુષ પાછળ એક સ્ત્રીનો હાથ હોય છે,' પરંતુ આ વાક્ય માત્ર કાગળ પર કે ફિલ્મોમાં જ સારું લાગે છે. વાસ્તવિક જીવનમાં એ સ્ત્રીનો અદૃશ્ય શ્રમ ક્યારેય ગણાતો નથી. પતિ મોટો બિઝનેસમૅન કે અધિકારી બને ત્યારે પત્નીએ ઘરની ચિંતાઓમાંથી તેને મુક્ત રાખ્યો હોય છે છતાં ક્રેડિટ માત્ર પતિને જ મળે છે.

આ સવાલ એ વાતની યાદ અપાવે છે કે આપણે ભલે આધુનિક યુગમાં જીવતા હોઈએ, પરંતુ સફળતા અને ક્રેડિટ વહેંચવાની બાબતમાં આપણી સામાજિક દૃષ્ટિ હજુ પણ અસંતુલિત છે.

કેટલાંક ઉદાહરણો જોઈ જવા જેવાં છે. પૂજા ચેતેશ્વર પુજારાનું પુસ્તક 'ધી ડાયરી ઑફ એ ક્રિકેટર્સ વાઇફ' વાંચજો. એક ક્રિકેટર જ્યારે મેદાન પર સફળતાનાં શિખરો સર કરતો હોય છે ત્યારે તેની પત્ની ઘર, બાળકો, એકલતા અને સતત પ્રવાસના તણાવને કેવી રીતે મૂગા મોઢે સહન કરે છે તે વાસ્તવિકતા બહુ ઓછી ચર્ચાય છે. સફળતા ક્રિકેટરની ગણાય છે, પણ એની પાછળ પત્નીની જે માનસિક મજબૂતી હોય છે તે ભાગ્યે જ કોઈ જુએ છે.

આલ્બર્ટ આઇન્સ્ટાઇન અને મિલેવા મેરિક જાણીતાં નામ છે. આખી દુનિયા આઇન્સ્ટાઈનને સદીના મહાન વૈજ્ઞાનિક તરીકે પૂજે છે, પણ બહુ ઓછા લોકો જાણે છે કે તેમની પ્રથમ પત્ની મિલેવા મેરિક એક અત્યંત તેજસ્વી ભૌતિકશાસ્ત્રી હતાં. આઇન્સ્ટાઇનનાં શરૂઆતનાં ઘણાં સંશોધનો અને ગણિતની જટિલ ગણતરીઓમાં મિલેવાનો સિંહફાળો હતો છતાં ઘર અને બાળકોની જવાબદારીમાં મિલેવાનું કરિયર રોળાઈ ગયું અને ઇતિહાસે બધી જ ક્રેડિટ માત્ર આઇન્સ્ટાઇનને આપી. આજે કોઈ આઇન્સ્ટાઇનને નથી પૂછતું કે તેમની થિયરી પાછળ તેમની પત્નીનું કેટલું બલિદાન હતું.

મહાત્મા ગાંધીની વાત તો આપણે જાણીએ જ છીએ. આપણે 'રાષ્ટ્રપિતા' કહીએ છીએ, પણ તેમના 'મહાત્મા' બનવાની સફરમાં કસ્તુરબાનો ફાળો ક્યારેય એટલા જ વજનથી નથી મૂલવાયો. ગાંધીજીના આશ્રમો ચલાવવા, તેમના કઠિન નિયમોને અપનાવવા, જેલવાસ ભોગવવો અને પરિવારને સાચવવો - આ બધું કસ્તુરબાએ કર્યું. સમાજે તેને પત્નીની ફરજ માની લીધી, પણ જો કસ્તુરબાએ એ મજબૂત ટેકો ન આપ્યો હોત, તો કદાચ ગાંધીજી માટે આટલાં મોટાં આંદોલનો કરવાં શક્ય ન હોત.

આજના દાખલો જોઈએ. કૉર્પોરેટ જગતનું આ મોટું ઉદાહરણ છે. જેફ બેઝોસે જ્યારે એમેઝોન શરૂ કર્યું ત્યારે તેમની પત્ની મેકેન્ઝી સ્કોટે જ કંપનીનું શરૂઆતનું અકાઉન્ટિંગ સંભાળ્યું હતું અને કંપનીનાં પાયાનાં કામ કર્યાં હતાં, પરંતુ વર્ષો સુધી દુનિયા જેફ બેઝોસને 'સેલ્ફ-મેડ બિલિયોનેર' માનતી રહી. મેકેન્ઝી માત્ર 'અબજોપતિની પત્ની' તરીકે જ ઓળખાતી રહી, જ્યાં સુધી છૂટાછેડા પછી તેમની પોતાની દાનવીર તરીકેની સ્વતંત્ર ઓળખ ઊભી થઈ. વળી જો કોઈ સ્ત્રી કરિયરમાં ખૂબ આગળ વધી જાય અને જો તેના પારિવારિક જીવનમાં કોઈ અસંતુલન ઊભું થાય તો સમાજ તુરંત જ તેની સફળતાને જવાબદાર ઠેરવવા લાગે છે. એવું ચિત્ર ઊભું કરવામાં આવે છે કે વધુ પડતી હોશિયારી કે સફળતા સ્ત્રીના પારિવારિક જીવનને બગાડી નાખે છે. એમાંય પતિ કરતાં પત્ની વધુ કમાય કે વધુ લોકપ્રિય બને ત્યારે હજુ પણ અહમ ટકરાવના કિસ્સાઓ જોવા મળે છે.

આ બધા વચ્ચે કેટલાક પ્રેરણાદાયી કિસ્સા પણ છે. જ્યારે નારાયણ મૂર્તિએ 'ઇન્ફોસિસ'ની શરૂઆત કરવાનું નક્કી કર્યું ત્યારે તેમની પાસે મૂડી નહોતી. ત્યારે પત્ની સુધા મૂર્તિએ પોતાની બચતના ૧૦,૦૦૦ રૂપિયા આપીને પતિને બિઝનેસ શરૂ કરવામાં મદદ કરી હતી. એટલું જ નહીં, સુધાજી પોતે એક તેજસ્વી એન્જિનિયર અને લેખિકા છે. નારાયણ મૂર્તિ હંમેશાં જાહેરમાં સ્વીકારે છે કે સુધાના ટેકા અને તેની પોતાની સ્વતંત્ર કારકિર્દી વગર 'ઇન્ફોસિસ'નું સર્જન શક્ય નહોતું.

મેરી કોમ અને ઓન્લર કોમનો દાખલો તો સૌથી જાણીતો છે. વિશ્વમાં પાંચ વખત વર્લ્ડ ચૅમ્પિયન અને ઑલમ્પિક મેડલ વિજેતા બૉક્સર મેરી કોમ જ્યારે લગ્ન અને બાળકો પછી પણ રમતગમતમાં પરત ફર્યાં, ત્યારે તેમના પતિ ઓન્લર કોમે ઘર અને બાળકોની જવાબદારી પોતાના માથે લઈ લીધી. મેરી કોમ હંમેશાં ગર્વથી કહે છે કે જો ઓન્લરનો સાથ ન હોત, તો તે ક્યારેય દેશ માટે મેડલ ન જીતી શકી હોત.

આવા કિસ્સાઓ સાબિત કરે છે કે જ્યારે પુરુષ પોતાની પરંપરાગત માનસિકતામાંથી બહાર આવીને પત્નીની ક્ષમતાને પૂરા સન્માન સાથે સ્વીકારે છે ત્યારે સફળતા માત્ર વ્યક્તિગત નથી રહેતી, પણ સમાન ભાગીદારીનું ઉત્તમ ઉદાહરણ બની જાય છે. તું પણ આ વાતમાં જરૂર સહમત થશે જ.

તારો બન્ની

સંધ્યા છાયા
feedback.ladki@bombaysamachar.com
નીલા સંઘવી

# આટલી હદે જૂઠાણું?

હાલ એવાં પ્રસંગો, એવી વાતો જાણવા મળી રહી છે જેનાથી દિલ દુ:ખે છે, જીવ ગભરાય છે, કાંઈ ગમતું નથી એવું લાગે છે. બધી નકારાત્મક વાતો, હિંસા, આત્મહત્યાના કિસ્સાઓ સાંભળીને માનવતા પર પ્રશ્નાર્થ થાય છે. એમાંયે એક સ્ત્રી જયારે પોતાના જ પરિવારજનોને, વૃદ્ધોને હેરાન કરે ત્યારે આજની પેઢીના સંસ્કારો વિશે નવેસરથી વિચારવાની ઇચ્છા થાય છે. ના, મારું કહેવું એમ નથી કે આજની પેઢીના તમામ લોકો એવાં છે, પણ ઘણા બધા લોકો તે એવા છે જ, એનો પુરાવો ટી.વી. કે અખબારોમાં અપાતા સમાચારમાં પ્રતિબિંબિત થાય છે જ. આજકાલ મહિલાઓ દ્વારા ગુના કરવાનું પ્રમાણ વધી ગયું છે. હા, એ ખરું કે એ મહિલાઓએ બહુ સહન કર્યું છે. પતિ કે સાસરિયા સામે ચૂં કે ચાં કરવાની હિંમત સ્ત્રીઓમાં ન હતી. દહેજના નામે પણ મહિલાએ બહુ જ અત્યાચાર સહન કર્યાં છે, પણ શિક્ષણ વધતાં મહિલાઓ પગભર થઈ અને તેનામાં થોડી થોડી હિંમત આવતી ગઈ અને અન્યાય સામે લડત આપવાનું તે શીખી. એમાં કાંઈ ખોટું ન હતું. અન્યાય સાંખી ન લેવાય. પણ પછી ધીરે ધીરે સ્ત્રીઓ જબરી થવા લાગી. બહુ દબાયેલી સ્ત્રીને પાંખ આવતાં સ્પ્રિંગની માફક ઊછળી અને અન્યાય સહેનાર નારી પોતે અન્યાય કરતી થઈ ગઈ અને આજે તો જુઓ સાંપ્રત, સમૃદ્ધ પરિવારની સોનમ અને સિયા જેવી યુવતીઓ તો હત્યા કરવા સુધી પહોંચી ગઈ.

આજે એવાં વૃદ્ધ દંપતીની વાત કરવી છે જે પોતાની પુત્રવધૂથી ત્રસ્ત છે. જીતુભાઈ અને દિનાબહેનને એક માત્ર સંતાન એટલે કરણ. ખાધે પીધે સુખી પરિવાર. જીતુભાઈ પોતાનો વ્યવસાય કરતા અને દિનાબહેન ગૃહિણી. પોતાના પતિ અને પુત્રને બરાબર સાચવે સાથે સાથે ઠાકોરજીની પૂજા અર્ચના કરે. પતિ-પુત્રને ગરમાગરમ રસોઈ જમાડે. પૌષ્ટિક અને અવનવી વાનગીઓ બનાવીને ખવડાવે. હસતો-ખેલતો નાનકડો પરિવાર. કરણ ગ્રૅજ્યુએશન થતાં સુધીમાં સિયા સાથેની મૈત્રી પ્રેમમાં પરિણમી. ગ્રૅજ્યુએશન પછી કરણ પિતા સાથે તેમના વ્યવસાયમાં જોડાઈ ગયો.


AI

સિયા પણ કુમુદબહેન અને રમેશભાઈની એકની એક પુત્રી. સિયા બહુ જ લાડકોડમાં ઉછરી. ગ્રેજ્યુએશન પછી સિયાને એના પપ્પાએ પોતાની સાથે ઑફિસ જૉઇન કરવાનું કહ્યું ત્યારે સિયાએ કહ્યું, 'ના પપ્પા, ઑફિસ નહીં આવું. આટલો વખત ભણતાં ભણતાં થાકી ગઈ છું. હવે મારે આરામ કરવો છે. મિત્ર સાથે હરવું -ફરવું છે, પિક્ચર-પિક્નિક-પાર્ટી કરવી છે તેથી મને ઑફિસની જવાબદારી લેવામાં રસ નથી.'

'ઓ.કે. મારી દીકરી, પણ ભણતાં ભણતાં તે આ બધી મોજમજા કરી જ છે. પણ કાંઈ વાંધો નહીં તને જે ગમે એ કરવાની તને છૂટ છે...'

આમ સિયા તો મોજમસ્તીમાં લીન રહેતી. કરણ અને સિયા બંનેના ઘરમાં લગ્નની વાતો થવા માંડી. બંને પરિવાર મળ્યા અને લગ્ન ધામધૂમથી થઈ ગયાં.

કરણ-સિયા હનીમૂન પર જઈને આવ્યાં અને કરણ કામે વળગી ગયો. તેમની રૂટિન લાઇફ શરૂ થઈ. દિનાબહેન સવારે વહેલા ઊઠીને કરણ અને જીતુભાઈ માટે ચા-નાસ્તો બનાવે, પિતા-પુત્ર બન્ને સવારના ૧૦ વાગ્યે તો ટિફિન લઈને ઘરની બહાર નીકળી ગયા હોય. એ સમયે સિયા તો હજુ ઊંઘતી હોય. કરણને ખરાબ લાગતું. તે સમજતો હતો કે સિયાએ મમ્મીને મદદ કરવી જોઈએ. તેણે બે-ત્રણ વાર સિયાને સમજાવવાની કોશિશ કરી તો સિયા ભડકી, 'એ બધું મારાથી નહીં થાય, મેં કદી કામ કર્યું નથી. હું નોકરાણી નથી.' કરણ કંઈક વધારે બોલવા ગયો તો રડતી રડતી બહાર આવીને દીનાબહેનને કહેવા લાગી, 'જુઓ, તમારો દીકરો મને મારે છે.'

કરણ તો અવાક થઈ ગયો. એ તો મોટા અવાજે બોલ્યો પણ નથી, મારવાની વાત ક્યાંથી આવી? દીનાબહેને કરણની સામે જોયું. કરણે કહ્યું, 'મમ્મી, તને લાગે છે કે હું સિયા પર હાથ ઉપાડી શકું?' એટલે એમણે કહ્યું, 'સિયા, કરણ એવું કરી જ ન શકે.'

'એટલે તમે પણ એનું જ ઉપરાણું લ્યો છો. તમને પણ હું જ ખરાબ અને ખોટી લાગું છું.'

'મેં તને એવું કાંઈ નથી કહ્યું, બેટા.'

'તમે જે બોલો છો એનો અર્થ એવો જ થાય. લો, મારો તમે મને' કહીને દીનાબહેનના હાથ પકડીને તેમના હાથથી પોતાના ગાલ પર લાફા મારવા લાગી. દીનાબહેન ડરી ગયાં.

'અરે, અરે આ શું કરે છે?'

'તમે મને મારો છો અને પાછા પૂછો છો કે આ શું કરે છે.'

દીનાબહેન અને કરણ તો આઘાત પામી ગયાં. કોઈ આવું કઈ રીતે કરી શકે? પછી તો આ રોજનું થઈ ગયું. સિયા બધે એમ જ કહેતી ફરતી કે એનો પતિ અને સાસુ એને મારે છે. કરણે જીતુભાઈ સાથે આ બધી વાતની ચર્ચા કરતા કહ્યું, 'પપ્પા હવે આનો કાંઈક રસ્તો કરવો પડશે.'

'એકવાર હું સિયા સાથે વાત કરી જોઉં' જીતુભાઈએ કહ્યું, એ દિવસે રાત્રે જમીને બધાં બેઠાં હતા ત્યાં જીતુભાઈએ સિયાને કહ્યું, 'આવ, બેસ બેટા. કેમ છે તું.'

'ઠીક છું,' સિયાએ કહ્યું.

'જો બેટા, તું બહુ ડાહી દીકરી છે. તારાં લગ્ન થઈ ગયાં છે. તો તારા પતિ પ્રત્યે, પરિવાર પ્રત્યે તારી અમુક ફરજ છે. તે તારે નિભાવવી જોઈએ અને તું બધાને કહેતી ફરે છે કે પતિ અને સાસુ તને મારે છે. આવી ખોટી વાતો તું શા માટે કરે છે? હું તો શું કોઈ આ વાત સાચી માનવાનું નથી. ઘરમાં શાંતિથી રહે અને મજા કર. આવું ખોટું નહીં બોલવાનું.'

'મને હતું કે આ ઘરમાં તમે જ એક સારા છો, પણ તમેય આ લોકો જેવા જ નીકળ્યા. તમે મને આવું બધું કહો છો ને હવે જોજો હું આપણા સાતમા માળની ગૅલેરીમાંથી નીચે પડતું મૂકીશ અને ચિઠ્ઠી લખતી જઈશ કે તમારા ત્રણેયના ત્રાસથી મેં આત્મહત્યા કરી છે.'

જીતુભાઈને તો કાપો તો લોહી ન નીકળે એવી હાલત થઈ ગઈ. આ છોકરી ખરી છે. કેટલું ખોટું બોલે છે. હવે આને ઘરમાં ન રખાય. માતા-પિતા-પુત્રે મસલત કરી અને અંતે સિયાનાં માતા-પિતાને વાત કરીને તેને તેના પિયર મોકલી આપીને છુટકારાનો દમ ખેંચ્યો. ત્રણેયના મનમાં એક જ સવાલ હતો, કાઈ આટલું ખોટું કેવી રીતે બોલી શકે? ■

મુંબઈ સમાચાર YouTube ગુજરાતી
ગૃહિણી સાથે ગોસિપ
રોજિંદા કામકાજની વ્યસ્તતા વચ્ચે મેળવો હળવી પળો અને રસપ્રદ વાતોનો ખજાનો.
મુંબઈ સમાચારની ઓફિશિયલ ગુજરાતી યુટ્યૂબ ચેનલ પર સવારે ૧૧ વાગ્યે.
https://youtu.be/LHvDamPu_oA
આજે જ સબસ્ક્રાઇબ કરો અને જોડાયેલા રહો!

# મુંબઈ સમાચાર લાડકી

(ભાગઃ ૧)
**નામઃ સ્નેહલતા**
સમયઃ ૨૦૨૬
સ્થળઃ બાંદ્રા, મુંબઈ
ઉંમરઃ ૭૧ વર્ષ

## ગુજરાતી ફિલ્મોમાં અભિનય કરીશ એવું મેં સ્વપ્નેય નહોતું વિચાર્યું

કથા કોલાજ
કાજલ ઓઝા-વૈદ્ય
feedback.ladki@bombaysamachar.com

ગુજરાતી સિનેમાનો ત્યારે સુવર્ણ યુગ હતો. લોકકથાઓ અને લોકસાહિત્ય પર આધારિત સુંદર ફિલ્મો બનતી. ગુજરાતી ફિલ્મનું સંગીત સૌરાષ્ટ્રના ઘરઘરમાં ગુંજતું... ૧૯૭૪થી ૧૯૯૦ સુધીના સમયમાં ૮૫થી વધુ ફિલ્મોમાં એક જ નામ લોકોને હૈયે વસતું હતું, 'સ્નેહલતા'. આજે બાંદરાના મારા સુંદર ઘરમાં બેસીને મુંબઈ શહેરનું અર્બન ફેબ્રિક જોઉં છું ત્યારે મને જ મારો ભૂતકાળ જાણે પાછલા જન્મમાં જીવાયેલી જિંદગી હોય એવો લાગે છે. આજની ગુજરાતી ફિલ્મો સાવ જુદી છે. શહેરી વાર્તાઓ, આધુનિક પાત્રો અને અવનવા પ્રયોગો સાથે બની રહેલી ગુજરાતી ફિલ્મો જોઉં છું ત્યારે મને મારા સમયની ફિલ્મો યાદ આવે છે. ગુજરાતી સાહિત્યની ઉત્તમ વાર્તાઓ અને લોકસાહિત્યની, લોકજીભે સચવાયેલી કથાઓને ફિલ્મના પડદે ઉતારીને અમર કરવાનું કામ એ સમયના નિર્માતા અને દિગ્દર્શકોએ કર્યું. એમાંની કેટલીક ફિલ્મો લોકોને આજે પણ યાદ છે. શેઠ સગાળશા (૧૯૭૫), નાટક (૧૯૭૫), ભાદર તારાં વહેતાં પાણી (૧૯૭૬), હલામણ જેઠવો (૧૯૭૭), સદેવંત સાવળિંગા (૧૯૭૭), પાતળી પરમાર (૧૯૭૮), મોટા ઘરની વહુ (૧૯૭૮), ગરવો ગરાસિયો (૧૯૭૯), કોઈનું મીંઢળ કોઈના હાથે (૧૯૭૯), મેહંદીનો રંગ (૧૯૮૧), ભવ ભવના ભેરુ (૧૯૮૧), રાણી રિક્ષાવાળી (૧૯૮૨), ઢોલા મારુ (૧૯૮૩), સંપૂર્ણ મહાભારત (૧૯૮૩) - જેમાં મેં દ્રૌપદીની યાદગાર ભૂમિકા ભજવી હતી. હિરણને કાંઠે (૧૯૮૪), નાગમતી નાગવાલો (૧૯૮૪), મચ્છુ તારાં વહેતાં પાણી (૧૯૮૪), મેરૂ માલણ (૧૯૮૫), ભગવાન શ્રી કૃષ્ણ (૧૯૮૫) - રાધા તરીકેની ભૂમિકા, મોતી વેરાણા ચોકમાં (૧૯૮૭), પારસ પદમણી (૧૯૮૭) જેવી અનેક ફિલ્મોમાં જાતજાતનાં પાત્રો ભજવ્યાં. ગરબા, ફાઇટના, ઇમોશન અને સુખદુઃખના અનેક સીન કર્યા. સાચું કહું તો આ બધાં પાત્રોને હું સદેહે જીવી છું. ગુજરાતના ધોમધખતા ઉનાળામાં ગામડાનાં ખેતરો અને ધૂળ વચ્ચે ૧૦થી ૧૫ કિલોના ઘાઘરા પહેરીને નૃત્ય કર્યું છે. સાચેસાચ ઘોડા પર સવારી કરી છે, ૧૦-૧૦ કિલોની તલવાર ઉપાડી છે, હાથમાં દીવા પકડીને નૃત્ય કર્યું છે... અનેક અકસ્માતો અને ભયાનક ક્ષણોનો સામનો કર્યો છે. મારો આ પ્રવાસ બહુ રસપ્રદ રહ્યો છે. સંતોષકારક અને સ્નેહાળ પણ રહ્યો છે. સહકલાકારોએ ખૂબ સહકાર આપ્યો અને ફિલ્મના દર્શકો, ચાહકોએ ભરપૂર પ્રેમ આપ્યો. એક વ્યક્તિને પોતાની જિંદગીમાં જે કંઈ ઝંખના હોય એ બધી જ પૂરી થઈ છે એમ કહું તો હું જરાય ખોટું નથી કહેતી.



આજે, હું ભાગ્યે જ જાહેર કાર્યક્રમોમાં, ફિલ્મી, ટીવી સિરિયલ કે પાર્ટીમાં જાઉં છું. મારી દીકરી તૃષ્ણા મારો સૌથી મોટો સહારો છે. મારા પતિ સોહનલાલ કંવર ૧૯૮૯માં અમને બંનેને છોડીને ચાલી ગયા. એ પછી મારે માટે ફિલ્મી દુનિયામાં રહેવું નીરસ બની ગયું. અત્યાર સુધી જે ફિલ્મી કારકિર્દી મારા માટે મારા અસ્તિત્વનો પર્યાય હતી એ જ ફિલ્મી કારકિર્દીથી મુક્ત થઈ જવાનું મને યોગ્ય લાગ્યું... હું હવે શાંત અને એકાંત જીવન વિતાવું છું. ઘણી વાર ધારાવાહિક કે ટીવી સિરિયલમાંથી ઑફર આવે છે, પરંતુ એક શાંત અને નિરાંતની જિંદગી જીવ્યા પછી આ નવા સમયના કલાકારો, નવી સિસ્ટમ અને મોડર્ન જમાનાની વાર્તાઓ સાથે કદાચ હું ગોઠવાઈ ન શકું એવા વિચારથી મેં પાછા નહીં ફરવાનું જ નક્કી કર્યું છે. આ મારો સંકોચ હોઈ શકે. ઘણા મિત્રો અને પરિવારની વ્યક્તિઓ મને કહે છે કે મારે ફરી એક વાર ફિલ્મી કારકિર્દી, ટેલિવિઝન વિશે વિચારવું જોઈએ, પરંતુ હવે કદાચ એવું નહીં બને. મારા વિશે ઇન્ટરનેટ પર પણ વધુ માહિતી ઉપલબ્ધ નથી. કારકિર્દી દરમિયાન મેં બહુ ઇન્ટરવ્યૂ પણ નથી આપ્યા. હું સ્વભાવે જ થોડી ઇન્ટ્રોવર્ટ અને ચૂપ રહેનારી વ્યક્તિ છું. સેટ ઉપર પણ હું ઓછું જ બોલતી. જોકે, ઉપેન્દ્રભાઈ અને નરેશભાઈ સાથેની મારી જોડી સતત લોકપ્રિય રહી. ક્યારેક તો લોકો માનતા કે અમે સાચે જ પતિ-પત્ની છીએ... ગામડામાં જ્યારે અમે કાર્યક્રમોમાં હાજરી આપતા ત્યારે લોકો પૂછતા, 'ઉપેન્દ્રભાઈ નથી આવ્યા?' મને હસવું આવતું. ઉપેન્દ્રભાઈ ક્યારેય મને એકવચની નામે બોલાવતા નહીં. એ હંમેશાં સ્નેહલતાબેન કહીને સંબોધતા. સેટ ઉપર પરસ્પરના આદરને કારણે જ અમે એકબીજા સાથે આટલી ફિલ્મો કરી શક્યાં. ઉપેન્દ્રભાઈનું વાંચન ગજબ હતું. કોઈ પણ ફિલ્મની સ્ક્રિપ્ટ એમની પાસે આવે ત્યારે લોકકથા આધારિત ફિલ્મ હોય તો ઉપેન્દ્રભાઈ એમાં પોતાનું જ્ઞાન ચોક્કસ ઉમેરતા. અમે જ્યારે પ્રથમ ફિલ્મ સાથે કરી, ૧૯૭૪માં 'હોથલ પદમણી' ત્યારે ઉપેન્દ્રભાઈએ મને ગુજરાતી ભાષા અને ગુજરાતી ભાષા સાથે જોડાયેલી લોકવાર્તાઓની ઓળખ કરાવી. હું ગુજરાતી બોલી શકતી નહીં, પરંતુ ઉપેન્દ્રભાઈએ મારા સંવાદોની લઢણ અને ભાષા બંનેને સુધારવામાં મારી ખૂબ મદદ કરી. ઉપેન્દ્રભાઈ સાથે મેં લગભગ ૪૦ ફિલ્મોમાં કામ કર્યું. એક જૂના કૅમેરામૅન પ્રતાપ દવેએ એમના એક ઇન્ટરવ્યુમાં કહ્યું હતું, 'ઉપેન્દ્ર ત્રિવેદી અને સ્નેહલતા વચ્ચે ઘણી વાર સંવાદ કરતાં વધુ આંખો બોલતી. દિગ્દર્શક 'ઍક્શન' બોલે પછી બંને કલાકારો એકબીજાને જોતાં અને પછી જ સંવાદ શરૂ કરતાં. આ કારણે તેમના પ્રેમ અને વિરહનાં દૃશ્યો અત્યંત સ્વાભાવિક લાગતાં. અનેક દિગ્દર્શકો આ જોડીને 'એક ટેકની જોડી' કહેતા. જૂના નિર્માતાઓ આજે પણ કહે છે કે 'સ્નેહલતા મેકઅપ કરીને અને સંવાદો યાદ કરીને સેટ પર પહોંચતાં. ઘણી વાર લાઇટિંગ તૈયાર થવાની રાહ તેઓ પુસ્તક વાંચીને કે સંવાદો ફરી દોહરાવીને પસાર કરતાં. 'સ્ટાર' તરીકે રાહ જોવડાવવાની તેમની ટેવ નહોતી.'

મેં મારી કારકિર્દીની શરૂઆત મરાઠી નાટકોથી કરી. મારા પિતા મરાઠી રંગભૂમિ અને ફિલ્મોમાં નાનામોટા રોલ કરતા. હું બાળક તરીકે એમની આંગળી પકડીને એમના રિહર્સલમાં અને નાટકો જોવા જતી. એ જ સમયથી મારા મનમાં કદાચ અભિનયનાં બીજ રોપાઈ ગયાં હશે! રંગભૂમિની આવક અનિયમિત હોય. નાટક હોય, સારું ચાલતું હોય ત્યારે ખૂબ પૈસા આવે, પરંતુ ક્યારેક એવું બને કે છ-છ મહિના સુધી મારા પિતા પાસે કામ ન હોય. એવા સમયમાં મારા પિતા મને વાર્તાઓ કહેતા. અમે બંને રામાયણ, મહાભારત અને પુરાણોની વાર્તાઓનાં પાત્રો બનીને અભિનય કરતાં... મારા બાબા (પિતા) સાથેની મારી સ્મૃતિઓ બહુ મીઠી છે. મારી મા ઇચ્છતી હતી કે હું ભણું, ડૉક્ટર કે એન્જિનિયર બનું, પરંતુ મારા પિતા બરાબર જાણતા હતા કે મારો રસ અભિનયમાં છે. લગભગ ૧૨ વર્ષની ઉંમરે એમણે પહેલીવાર મને એમના એક મિત્ર, નિર્માતાની ઓળખાણ કરાવી. વિજય ભટ્ટ, એ સમયના ખૂબ જાણીતા નિર્માતા હતા. મારા પિતા પહેલાં એમની સાથે કામ કરી ચૂક્યા હતા. વિજય ભટ્ટની એક ફિલ્મ 'રામ રાજ્ય' બની રહી હતી. એમને એક નાનકડી પણ નોંધપાત્ર ભૂમિકા માટે ન બાળકી, ન યુવતિ એવી એક મહિલા કલાકારની જરૂર હતી. વિજય ભટ્ટે જોતાં જ મને પસંદ કરી લીધી. એ ફિલ્મથી મારી અભિનય કારકિર્દીની શરૂઆત થઈ. આજે એ બધા જ દિગ્દર્શકો, નિર્માતા અને કૅમેરામેનનો આભાર માનવાની ઇચ્છા થાય કે એમણે મારા અભિનયના પ્રવાસમાં કેટલું બધું શીખવાડ્યું. વિજય ભટ્ટ દરેક દૃશ્યને વિસ્તૃત રીતે સમજાવતા. દૃશ્યની આગળ અને પાછળ શું હશે એનો પણ ખ્યાલ આપતા. એને કારણે એક અભિનેતા માટે દૃશ્ય ભજવવું બહુ જ સરળ બની જતું. 'મેરે હમદમ મેરે દોસ્ત' (૧૯૬૮)ના નિર્માતા કેવલ કુમાર અને દિગ્દર્શક અમર કુમાર 'તુમસે અચ્છા કૌન હૈ' (૧૯૬૯) નિર્માતા અને દિગ્દર્શક પ્રમોદ ચક્રવર્તી, 'ચિરાગ' (૧૯૬૯) નિર્માતા પ્રેમજી અને દિગ્દર્શક રાજ ખોસલા હતા. ગુજરાતી ફિલ્મોમાં અભિનય કરીશ એવું તો મેં સ્વપ્નેય નહોતું વિચાર્યું... મારે દૂર દૂર સુધી ગુજરાતી ભાષા સાથે કોઈ લેવાદેવા જ નહોતી! (ક્રમશઃ)■

---

## માફીથી પણ મોટો શબ્દ છે... સમજણ

ઉડાન
મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી
શ્વેતા જોષી અંતાણી
feedback.ladki@bombaysamachar.com

**દરવાજો** એટલો જોરથી બંધ થયો કે માત્ર દરવાજો નહીં, બે પેઢી વચ્ચેનો સંવાદ પણ એક ક્ષણ માટે બંધ થઈ ગયો હોય એવું નંદિનીને લાગ્યું.

થોડીવાર સુધી એ દરવાજા સામે તાકી રહી. ટીનએજ દીકરી સાથેની ચર્ચામાં હાર હંમેશાં માના ભાગે જ આવતી હોય છે. પછી ધીમેથી લૅપટૉપ બંધ કર્યું. 'મારે તારું ભાષણ નથી સાંભળવું.' દીકરીના આ શબ્દો એના અસ્તિત્વ પર ઉઝરડા પાડતા ગયેલા. એની આંખોમાં ભીનાશ હતી, પરંતુ આંસુઓને બહાર આવવાની પરવાનગી એણે ના આપી. વર્ષો પહેલાં જ્યારે અન્વી નાની હતી, ત્યારે એ શા માટે રડે છે એનો જવાબ શોધ્યા વગર નંદિની જંપતી નહીં. આજે જોકે દીકરીને મન પોતાનાં આંસુઓની કિંમત કોડીની હશે એ જાણતી નંદિની એને મનોમન ખાળી ગઈ.

બીજી તરફ અન્વી પોતાના રૂમમાં ચક્કર મારી રહી હતી.

'મને તારા ભાષણ સાંભળવામાં રસ નથી.' પોતાના જ શબ્દો એને કાનમાં વારંવાર વાગી રહ્યા હતા. ગુસ્સો ધીમે- ધીમે ઓસરી રહ્યો હતો, પરંતુ અંદર એક અજાણી બેચેની હતી જાણે. એ રાત્રે પહેલીવાર મમ્મીએ એને જમવા માટે બોલાવી નહોતી. કોઈએ દૂધનો ગ્લાસ ટેબલ પર મૂક્યો નહોતો. કોઈએ પૂછ્યું નહોતું કે 'કાલે ટેસ્ટ છે ને? બધું તૈયાર છે?'

સવારે ઍલાર્મ વાગ્યો. અન્વી ઊઠી. રસોડામાં ગઈ. ગૅસ બંધ હતો. નાસ્તો તૈયાર નહોતો. નંદિની હૉલમાં બેઠી પોતાની ઑફિસની ફાઇલ ગોઠવી રહી હતી. 'બ્રેડ છે... ટોસ્ટર ત્યાં છે, દૂધ ફ્રિજમાં છે,' આટલું કહી એ ફરી પોતાના કામમાં પરોવાય ગઈ.

અન્વીએ પહેલીવાર પોતાનો નાસ્તો જાતે બનાવ્યો. કામ તો ખરેખર પાંચ જ મિનિટનું હતું. પણ એ પાંચ મિનિટે એને વર્ષોની એક એવી હકીકત સમજાવી, જેના વિશે એણે ક્યારેય વિચાર્યું જ નહોતું. રોજ સવારે કોઈ એની પાંચ મિનિટ બચાવતું હતું અને બદલામાં ક્યારેય આભારના બે શબ્દ પણ માગતું નહોતું. થોડા દિવસો પસાર થયા. નદિની હવે અન્વીને દરેક બાબત યાદ અપાવતી નહોતી. સ્પોર્ટ્સ શૂઝ સાફ છે કે નહીં, ઍડ્‌મિટ કાર્ડ બૅગમાં છે કે નહીં, પાણીની બૉટલ ભરેલી છે કે નહીં, હવે એ બધું અન્વીએ જ જોવાનું રહેતું. શરૂઆતમાં એને લાગ્યું કે મમ્મી બદલાઈ ગઈ છે. પછી સમજાયું કે મમ્મી બદલાઈ નહોતી. મમ્મીએ માત્ર પોતાની જગ્યા પરથી થોડું પાછળ ખસીને એને પોતાની જવાબદારી તરફ આગળ ધકેલી હતી. એક સાંજે પ્રૅક્ટિસથી પાછી ફરતી વખતે અન્વીએ હૉલમાં નજર કરી.



નંદિની સોફા પર બેઠી બેઠી જ ઊંઘી ગયેલી. બાજુમાં ખુલ્લું લૅપટૉપ હતું. ટેબલ પર અડધી પીધેલી ચા ઠંડી પડી ગઈ હતી. દવાનું એક પૅકેટ ત્યાં બાજુમાં પડ્યું હતું. અન્વી ધીમેથી નજીક ગઈ. એણે પહેલીવાર પોતાની મમ્મીને માત્ર 'મમ્મી'તરીકે નહીં, પરંતુ એક સ્ત્રી તરીકે જોઈ. આંખોની નીચે પડેલા કાળા કુંડાળા,વાળમાં વધી રહેલી સફેદી, નિસ્તેજ ત્વચા, સમયે નંદિનીના ચહેરા પર પોતાના હસ્તાક્ષર મૂકી દીધા હતા. અચાનક અન્વીને બાળપણનું એક દૃશ્ય યાદ આવ્યું. આઠ વર્ષની હતી ત્યારે એક વખત એને ભારે તાવ આવેલો. આખી રાત નંદિની એની બાજુમાં બેસી રહી. પોતે આંખ પણ મીંચી નહોતી. બીજા દિવસે સવારે અન્વીને એટલું જ યાદ હતું કે તેલ ઊતરેલો જોઈ મમ્મીની આંખમાં થાક નહીં પણ ચહેરા પર હાશકારો હતો. આજે સમજાયું કે એ હાશકારા પાછળ કદાચ આખી રાતનો થાક છુપાયેલો હતો જે એની નજરે આજ સુધી નહોતો ચડ્યો. પછી બીજો પ્રસંગ યાદ આવ્યો. રાજ્યકક્ષાની સ્પર્ધા પહેલાં અન્વી નર્વસ હતી. મમ્મીએ કહ્યું હતું, 'જીતે કે હારે, મેદાનમાં ઊતરવાની હિંમત જ સૌથી મોટી જીત છે.'એ દિવસે અન્વીને લાગ્યું હતું કે મમ્મી માત્ર પ્રોત્સાહન આપી રહી છે. આજે સમજાયું કે કદાચ એ પોતાની જિંદગીના અનુભવનો નીચોડ કહી રહી હતી. દરેક મા દરરોજ એક નવા મેદાનમાં ઊતરતી હોય છે. ફરક માત્ર એટલો હોય છે કે એની જીત માટે કોઈ મેડલ નથી મળતો.

રાત્રે જમતી વખતે અન્વીએ થાળી પીરસતાં ધીમેથી પૂછ્યું, 'મમ્મી... આજે બહુ થાકી ગઈ છે?' નંદિનીએ નવાઈથી એની સામે જોયું. 'થોડું.' 'કાલથી ચા હું બનાવી દઈશ.' વાક્ય ખૂબ નાનું હતું. પણ સંબંધોમાં કેટલાક શબ્દો માફી કરતાં પણ મોટા હોય છે. નંદિનીના ચહેરા પર હળવું સ્મિત આવી ગયું. એ સ્મિતમાં કોઈ વિજય નહોતો. કોઈ ફરિયાદ પણ નહોતી. માત્ર એક શાંત આશ્વાસન હતું કે કદાચ દીકરી હવે મોટી થઈ રહી હતી. ઉંમરમાં નહીં, સમજણમાં.

ટીનએજ એ જીવનનો એવો પડાવ છે જ્યાં યુવાનો દુનિયાને સમજવાની ઉતાવળમાં હોય છે. એ પોતાનાં સપનાંઓ, પોતાની ઓળખ અને પોતાની સફળતા માટે સંઘર્ષ કરતા હોય છે, પરંતુ ઘણી વાર આ જ સફરમાં એ ભૂલી જાય છે કે ઘરમાં કોઈ એવી વ્યક્તિ પણ છે, જે એમની દરેક સફળતા પાછળ નિઃશબ્દ ઊભી રહી છે. માતા-પિતા સંતાનો પાસેથી ક્યારેય સંપૂર્ણતા માગતા નથી. એ માત્ર એટલી અપેક્ષા રાખે છે કે તમે જે સન્માન દુનિયાને આપો છો, એમાંથી થોડો હિસ્સો એમને પણ આપો, કારણ કે બહારના લોકો આપણા વ્યક્તિત્વને ઓળખે છે, પરંતુ ઘરના લોકો આપણા અસ્તિત્વ સાથે જીવતા હોય છે.

-અને જે દિવસે દીકરી પોતાની માતાને માત્ર 'મમ્મી' નહીં, પરંતુ પોતાનાં જેટલાં જ સપનાંઓ, થાક, લાગણીઓ અને અસ્તિત્વ ધરાવતી એક સ્ત્રી તરીકે જોવાનું શીખી જાય છે એ દિવસે એનામાં સમજણનું એક પીંછું વધુ ઉમેરાય જતું હોય છે. ■

---

ટીના દોશી
feedback.ladki@bombaysamachar.com

### ટપાલ ટિકિટમાં અનોખી નારી

## ઉપનયન સંસ્કારનો મંત્ર રચનારઃ શકુંતલા

નામ : શકુંતલા
ઓળખ : પૌરાણિક પાત્ર
ટપાલ ટિકિટ બહાર પડીઃ ૨૨.૬.૧૯૬૦
ટિકિટનું મૂલ્યઃ ૧.03 રૂપિયા

***આત્મા વૈ પુત્ર નામાસિ... ઉપનયન સંસ્કારમાં ઉચ્ચારાતો આ મંત્ર કોણે રચ્યો હતો એ જાણો છો?***

એનું નામ શકુંતલા. એ વિશ્વામિત્ર અને મેનકાની કન્યા હતી. ઇન્દ્રના કહેવાથી વિશ્વામિત્રનો તપોભંગ કરવા મેનકા સ્વર્ગમાંથી ધરતી પર આવી હતી. થોડા જ સમયમાં મેનકા પોતાના ઉદ્દેશમાં સફળ થઈ. વિશ્વામિત્ર તપભ્રષ્ટ થયા. કાળક્રમે મેનકાએ પુત્રીને જન્મ આપ્યો. તેને માલિની નદીને કિનારે મૂકીને મેનકા જ્યાંથી આવી હતી ત્યાં પાછી ચાલી ગઈ. સિંહ, વાઘ અને અન્ય જંગલી પ્રાણીઓથી ભરેલા વનમાં સૂતેલી બાળાને પક્ષીઓ ચોમેરથી વીંટળાઈ વળ્યાં. હિંસક પશુઓ તેને મારી ન નાખે એ માટે પક્ષીઓ તેની રક્ષા કરવા લાગ્યાં. એ જ સમયે કણ્વ ઋષિ ત્યાંથી પસાર થતા હતા. તેમણે આ કન્યાને જોઈ. તેને દીકરી માનીને પોતાના આશ્રમમાં લઈ આવ્યા. શકુન્તો એટલે કે પક્ષીઓએ આ બાળાનું રક્ષણ કર્યું હતું એટલે કણ્વ ઋષિએ તેનું નામ શકુંતલા પાડ્યું. આ શકુંતલાની સ્મૃતિમાં ભારત સરકારે ૨૨ જૂન ૧૯૬૦ના રોજ ૧ રૂપિયો ને ત્રણ પૈસાની ટપાલ ટિકિટ બહાર પાડેલી.




શકુંતલા ફૂલ જેવી કોમળ હતી. ચાંદની જેવું શીતળ રૂપ હતું. તે નાનપણથી જ ધર્મ પ્રત્યે આસક્ત હતી. કણ્વ ઋષિના સાન્નિધ્યમાં તેણે ધર્મ અને ન્યાયનું શિક્ષણ પ્રાપ્ત કર્યું. આશ્રમમાં ગુંજતા વેદમંત્રો અને મધુર સામગાનનો વચ્ચે શકુંતલા ધર્મશાસ્ત્રમાં પારંગત થઈ ગઈ. કણ્વ ઋષિ માટે શકુંતલા સર્વસ્વ હતી. શકુંતલા ને ખબર હતી કે પોતે વિશ્વામિત્ર અને મેનકાની દીકરી છે, છતાં માતા કહો, પિતા કહો કે જે ગણો તે, તે કણ્વને જ માનતી હતી! એક વાર કણ્વ ઋષિ ફળફળાદિ લાવવા બહાર ગયા. એ જ વખતે મૃગયા ખેલવા નીકળેલો દુષ્યંત રાજા આશ્રમમાં આવી ચડ્યો. તેણે શકુંતલાને જોઈ. ને જોતો જ રહી ગયો. શકુંતલાનું સૌંદર્ય જોઈને તે મંત્રમુગ્ધ બની ગયો. એણે કહ્યું : 'તું આ જ ઘડીએ મારી સાથે ગંધર્વવિવાહ કર...'

દુષ્યંતનો પ્રસ્તાવ સાંભળીને શકુંતલા શરમાઈ ગઈ. સ્ત્રીસહજ લજ્જાથી એના ગાલ લાલ થઈ ગયા. એણે કણ્વ ઋષિ પાછા આવે ત્યાં સુધી દુષ્યંતને થોભી જવા કહ્યું, પરંતુ દુષ્યંત માટે પળનોય વિલંબ અસહ્ય હતો. તેણે શકુંતલા ને કહ્યું : 'મારું મન તારા પર આસક્ત થયું છે. હું એક ક્ષણનો વિલંબ પણ સહી શકું તેમ નથી. માટે તું આ જ ઘડીએ મારી સાથે ગંધર્વલગ્ન કર...' શકુંતલા પણ દુષ્યંત પ્રત્યે અદમ્ય આકર્ષણથી ખેંચાઈ રહી હતી. છતાં મન પર સંયમ રાખીને એ બોલી : 'રાજન મારો પુત્ર યુવરાજ થશે એવું વચન મને આપો. પછી જ મારો અને તમારો સંગમ થશે.' દુષ્યંતે વગર વિચાર્યે વચન આપી દીધું. ત્યાર પછી દુષ્યંત અને શકુંતલાએ ગંધર્વવિવાહ કર્યા.

કેટલોક સમય શકુંતલા સાથે ગાળ્યા પછી દુષ્યંત ચાલ્યો ગયો. થોડી વાર પછી કણ્વ ઋષિ ફળફળાદિ લઈને આવ્યા. શરમની મારી શકુંતલા પિતા પાસે ન ગઈ. એટલે દિવ્ય દૃષ્ટિથી કણ્વ ઋષિએ સઘળું વૃત્તાંત જાણી લીધું. પ્રસન્ન થઈને બોલ્યા : 'પુત્રી, તેં ધર્મનો અનાદર કર્યો નથી. ક્ષત્રિયને માટે ગાંધર્વવિવાહ જ શ્રેષ્ઠ કહેવાય છે. તેં જેને પતિ તરીકે સ્વીકાર્યો છે તે દુષ્યંત ધર્માત્મા અને મહાત્મા છે. તેના થકી તને મહાબળવાન અને પરાક્રમી પુત્ર જન્મશે...' ઋષિની વાણી સાચી પડી. શકુંતલાએ એક સુંદર પુત્રને જન્મ આપ્યો. એ છ વર્ષનો થયો ત્યારે આશ્રમના સિંહ, વાઘ, વરાહ, ભેંસ અને હાથીઓને પકડતો. તેમને ઝાડ સાથે બાંધી દેતો અને તેમના પર સવારી કરી રમ્યા કરતો. એ સર્વનું દમન કરતો એટલે આશ્રમવાસીઓએ એનું નામ સર્વદમન પાડ્યું.

સર્વદમનનું અસાધારણ બળ અને પ્રતિભા જોઈને કણ્વ ઋષિએ કહ્યું : 'યુવરાજપદના અભિષેક માટેનો સમય થયો છે...' આ સાંભળીને શકુંતલા સર્વદમનને લઈને દુષ્યંત રાજા પાસે ગઈ. બોલી : 'હે રાજન, તમે તમારી પ્રતિજ્ઞાનું પાલન કરો. તમારા પુત્રનો યુવરાજપદે અભિષેક કરો...'

શકુંતલાનાં વચન સાંભળીને દુષ્યંતે કહ્યું : 'મને કોઈ પ્રતિજ્ઞાનું સ્મરણ નથી. અને હું તને ઓળખતો પણ નથી...' આવા આકરા શબ્દો સાંભળીને શકુંતલા ભોંઠી પડી ગઈ. પણ પછી સ્વસ્થ થઈને તેણે દુષ્યંતને વેદ, મનુ અને પ્રાચીન કવિઓને ટાંકીને ધર્મબોધ આપ્યો : 'રાજન, હું તમારી પત્ની છું. પતિવ્રતા છું. મને અવગણશો નહીં. પ્રાચીન કવિઓ જાણે છે કે પતિ પત્નીમાં પ્રવેશીને ફરી પુત્ર રૂપે જન્મે છે. એ જ પત્નીનું પત્નીપણું છે... તમે પ્રતિજ્ઞાનો ત્યાગ ન કરો. મારી સાથેનો તમારો સમાગમ સત્ય થાઓ, પણ તમને જો આ અસત્યનો જ પ્રસંગ લાગતો હોય તો આ હું ચાલી. તમારા જેવા સાથે મારે મળવાનું ન હોય. તમારા વિના પણ મારો આ પુત્ર પૃથ્વીનું અવશ્ય પાલન કરશે...'

શકુંતલા આમ કહીને ત્યાંથી ચાલી નીકળી. તે જ ઘડીએ ઋત્વિજો, પુરોહિતો, આચાર્યો અને મંત્રીઓથી વીંટળાયેલા દુષ્યંતને સંબોધીને અંતરિક્ષમાંથી દેવવાણી થઈ : 'હે રાજન, શકુંતલા તારી પત્ની છે. સર્વદમન તારો પુત્ર છે. તું એમનો અનાદર ન કર. જીવતા પુત્રને ત્યજી દઈ જીવતા રહેવું એ દુર્ભાગ્ય છે. તું એમનો સ્વીકાર કર...'

દેવવાણી સાંભળીને પ્રસન્ન થયેલા દુષ્યંતે પુરોહિતો અને મંત્રીઓને કહ્યુંઃ 'હું જાણું છું કે સર્વદમન મારો પુત્ર છે. પરંતુ શકુંતલાના કહેવા માત્રથી હું મારા પુત્રનો સ્વીકાર કરી લઉં તો લોકોના મનમાં શંકા ઊઠે, પરંતુ દેવવાણી સાંભળ્યા પછી તમારા મનમાં શંકાનું કોઈ કારણ નહીં રહ્યું હોય, ખરું ને ?'

પછી દુષ્યંતે સર્વદમન અને શકુંતલાનું ધામધૂમથી સ્વાગત કર્યું. કહ્યું : 'દેવી, તું મારી પત્ની છે અને આ બાળક મારો પુત્ર છે એ વાત હું જાણતો હતો. પણ આપણા બે સિવાય એ લગ્નની વાત ત્રીજું કોઈ જાણતું નહોતું, તેથી આપણા સંબંધની શુદ્ધિ માટે મારે આવું વર્તન કરવું પડ્યું... પણ હવે આપણે સાથે જ રહીશું.'

અને શકુંતલાના જીવનમાં સુખનો સૂરજ ઝળહળવા લાગ્યો. ■

ફોકસ
કલ્પના શાહ
feedback.ladki@bombaysamachar.com

# લો બજેટમાં આજકાલ કેવી રીતે બનશો ફૅશનેબલ?



ફૅશન હવે ફક્ત મોંઘી બ્રાન્ડ્સ, ડિઝાઇનર કપડાં અને ઊંચી કિંમતની એક્સેસરીઝનો પર્યાય નથી. આ બદલાતા યુગમાં સ્ટાઇલનો અર્થ વ્યક્તિની પસંદગી, વ્યક્તિત્વ અને સર્જનાત્મકતાને અસરકારક રીતે વ્યક્ત કરવાનો થઈ ગયો છે. આ જ કારણ છે કે આજના યુવાનો મર્યાદિત બજેટમાં પણ એવો લુક બનાવી શકે છે જે મોંઘા ફૅશન ટ્રેન્ડથી ઓછો નથી. સોશ્યલ મીડિયા, ઑનલાઇન શૉપિંગ પ્લૅટફૉર્મ અને થ્રિફ્ટ ફૅશનની વધતી જતી લોકપ્રિયતાએ ફૅશનેબલ દેખાવાના રીત-રિવાજોને સંપૂર્ણપણે બદલી નાખ્યા છે. હવે લોકો જૂનાં પરિધાનોને નવા અંદાજમાં પહેરવામાં અને સ્થાનિક બજારમાંથી ખરીદેલી વસ્તુઓને સ્માર્ટ રીતે સ્ટાઇલ કરવામાં વધુ રસ દાખવી રહ્યા છે, કારણ કે આવું કરવાથી ઓછા બજેટમાં પણ પોતાને ફૅશનબલ અને આકર્ષક રીતે રજૂ કરી શકાય છે. ઓછા બજેટમાં ફૅશનબલ બનવાના અને દેખાવાના કેટલાક અન્ય ઉપાયો પણ છે. આવો, તેને ક્રમવાર જાણીએ.

### બ્રાન્ડેડ કપડાં જ બધું નથી

એ વાત સાચી છે કે બ્રાન્ડેડ કપડાંની ગુણવત્તા સારી હોય છે, પરંતુ તે ઘણી વખત ખૂબ મોંઘાં પણ હોય છે. એ પણ જરૂરી નથી કે બધાં બ્રાન્ડેડ કપડાં ફૅશનેબલ જ દેખાય. તેથી સૌપ્રથમ એવાં બ્રાન્ડેડ કપડાં પર પૈસા ખર્ચવાનું બંધ કરો જે અત્યંત મોંઘાં હોય. થોડી સમજદારી અને જાગૃતતા સાથે તમે ઓછી કિંમતમાં પણ એવાં કપડાં ખરીદી શકો છો, જે તમને બ્રાન્ડેડ કપડાં સ્ટાઇલિશ અને ફૅશનેબલ દેખાડે. કપડાંની પસંદગી કરતી વખતે બ્રાન્ડ કરતાં તેની ડિઝાઇન, ફિટિંગ, રંગ અને તમારા વ્યક્તિત્વને અનુકૂળતા પર વધુ ધ્યાન આપો. આ રીતે તમે ઓછા ખર્ચે પણ આકર્ષક અને ટ્રેન્ડી લૂક મેળવી શકો છો.

### સ્કાર્ફ સાથે ફ્યુઝન કરો

ઘણી વખત દુપટ્ટાનો રંગ ફીકો પડી જાય કે તે જૂનો લાગી જાય, તો લોકો તેને ફેંકી દેતા હોય છે, પરંતુ આ જ દુપટ્ટો તમારી ડ્રેસિંગ સ્ટાઇલને કેટલો ફૅશનેબલ બનાવી શકે છે તેની તમે કલ્પના પણ નહીં કરી શકો. તમે તમારા દુપટ્ટાનો ઉપયોગ સ્કાર્ફ તરીકે કરી શકો છો. આ રીતે તેને જીન્સ અને ટૉપ સાથે પણ સરળતાથી સ્ટાઇલ કરી શકાય છે. એક સામાન્ય ટૉપ સાથે સ્કાર્ફ તરીકે પહેરેલો દુપટ્ટો તમારા લુકમાં નવી તાજગી અને આકર્ષણ ઉમેરે છે. આ નાનકડો ફેરફાર તમારા સાદા દેખાવને સ્ટાઇલિશ અને ટ્રેન્ડી બનાવી શકે છે, જેથી તમે ઓછી મહેનત અને ઓછા ખર્ચે પણ કૂલ અને ફૅશનબલ દેખાઈ શકો છો.

### બેન્ડ પહેરો

જો તમને ફંકી અને અલગ પ્રકારનો લુક ગમતો હોય તો તમે વિવિધ રંગોના બેન્ડ્સ ટ્રાય કરી શકો છો. જ્યારે તમે પાયજામા અને લૂઝ શર્ટ પહેરો છો ત્યારે તેની સાથે રંગબેરંગી બેન્ડ્સ પહેરવાથી તમારો લૂક વધુ સ્ટાઇલિશ, અને યુનિક દેખાશે.

### તમારા ટૉપને ફરીથી ડિઝાઇન કરો

જો તમારી પાસે કેટલાંક જૂનાં ટૉપ પડ્યા હોય અને તમે તેને નકામા સમજીને ફેંકી દેવાનું વિચારી રહ્યા હો તો એવું ન કરો. સૌપ્રથમ તમારાં બધાં જૂનાં ટૉપ એકત્રિત કરો અને પછી તમારી ક્રિએટિવિટીનો ઉપયોગ કરો. તમે કેટલાંક ટૉપને કાપીને અથવા તેમાં નાની-મોટી ડિઝાઇનમાં ફેરફાર કરીને નવા પ્રકારનાં ટૉપ બનાવી શકો છો. જૂના કપડાંને નવા અંદાજમાં રીડિઝાઇન કરવાથી તમને એક અનોખો અને આકર્ષક લુક મળશે. આ રીતે તમે તમારી ક્રિએટિવિટી દ્વારા ઓછા ખર્ચે નવો અને ફૅશનેબલ ટૉપ તૈયાર કરી શકો છો.

### સેલનો લાભ લો

તમારી સ્ટાઇલમાં નવો બદલાવ લાવવા માટે સેલનો સમય સૌથી ઉત્તમ માનવામાં આવે છે. પછી તે વર્ષના અંતનો સેલ હોય કે સીઝનના અંતનો, બંને તમારા માટે ખૂબ ફાયદાકારક સાબિત થઈ શકે છે. સેલ તમને નવાં-નવાં કપડાં અજમાવવાની તક આપે છે. જોકે, સેલમાં ખરીદી કરતી વખતે સમજદારી રાખવી જરૂરી છે. ખાસ કરીને જો તે ઑફ-સીઝન સેલ હોય તો એ જરૂર તપાસો કે જે કપડાં તમે ખરીદી રહ્યા છો તેનો ટ્રેન્ડ આવતા વર્ષે પણ રહેશે કે નહીં. ઉપરાંત, શું તમે તેમાં થોડો ફેરફાર કરીને તેને વધુ ફૅશનેબલ બનાવી શકશો? જો જવાબ 'હા' હોય તો એ ખરેખર ફાયદાકારક ખરીદી ગણાશે.

### જંક જ્વેલરી ટ્રાય કરો

એવા બજારમાં જાઓ જ્યાં ઓછી કિંમતે વધુ વિવિધતા અને સારી વસ્તુઓ મળી રહે. ત્યાંથી સસ્તી અને આકર્ષક જંક જ્વેલરી ખરીદી શકો છો. તેમાં હાર, કાનના ઇયરરિંગ્સ, વીંટી, કડા વગેરેનો સમાવેશ થઈ શકે છે. જંક જ્વેલરીની સૌથી મોટી ખાસિયત એ છે કે તેને લગભગ દરેક પ્રકારનાં કપડાં સાથે પહેરી શકાય છે. પછી તે પરંપરાગત સલવાર-સૂટ હોય કે આધુનિક વેસ્ટર્ન ડ્રેસ, જંક જ્વેલરી તમારા લૂકમાં ચાર ચાંદ લગાવી શકે છે. ઓછી કિંમતમાં સ્ટાઇલિશ અને ટ્રેન્ડી દેખાવા માટે આ એક ઉત્તમ વિકલ્પ છે. ■



# ઝડપથી લોકપ્રિય થઈ રહેલો ટ્રેન્ડ નો-મેકઅપ મૉન્સૂન લૂક

નિખાર
નીલોફર
feedback.ladki@bombaysamachar.com

ચોમાસાની ઋતુ આમ તો એક રાહત લઈને આવે છે, પરંતુ મહિલાઓની ત્વચા માટે આ ઋતુ ઘણા પડકારો પણ ઊભા કરે છે. બફારો, પરસેવો, વારંવાર ભીંજાવું અને વાતાવરણમાં વધેલા ભેજને કારણે ભારે મેકઅપ ચહેરા પર ટકી શકતો નથી. ફાઉન્ડેશન ડાઘાવાળું દેખાવા લાગે છે, કાજલ ફેલાઈ જાય છે અને ત્વચા નિસ્તેજ દેખાવા લાગે છે. આ જ કારણ છે કે તાજેતરનાં વર્ષોમાં આ દિવસો માટે 'નો-મેકઅપ લુક'નો એક નવો ટ્રેન્ડ શરૂ થયો છે.

'નો-મેકઅપ લુક'નો મતલબ મેકઅપ બિલકુલ ન કરવો એવો નથી. તેનો અર્થ છે ત્વચાને એટલી સ્વસ્થ અને કુદરતી રીતે ચમકદાર બનાવવી કે ભારે મેકઅપ વગર પણ તે આકર્ષક દેખાય. આ લુક વાસ્તવમાં ચહેરાની કુદરતી સુંદરતાને વધારે છે અને ત્વચાને શ્વાસ લેવાની તક આપે છે. તેથી ચોમાસામાં સુંદર દેખાવાનો સૌથી સરળ રસ્તો છે, ત્વચાની બેઝિક કૅર પર ધ્યાન આપવું. જો ત્વચા સાફ, હાઇડ્રેટેડ અને સ્વસ્થ હશે તો તેને છુપાવવા માટે વધારે મેકઅપની જરૂર પડતી નથી. તેથી દિવસની શરૂઆત ચહેરાની સફાઈથી કરો. ચોમાસાની ઋતુમાં ધૂળ અને ભેજ ત્વચાના રોમછિદ્રોમાં જમા થઈ જાય છે, તેથી એવું ફેસવૉશ પસંદ કરો જે ત્વચાને સાફ કરે, પરંતુ તેનું કુદરતી ભેજ ન છીનવી લે. આ પછી લાઇટવેઇટ મોઇશ્ચરાઇઝર લગાવો. ઘણી મહિલાઓ એવું વિચારે છે કે બફારામાં મોઇશ્ચરાઇઝરની જરૂર નથી હોતી, પરંતુ વાસ્તવમાં ભેજની અછત થવા પર ત્વચા વધુ પ્રમાણમાં તેલ ઉત્પન્ન કરવા લાગે છે. તેથી 'ઑઇલ-ફ્રી મોઇશ્ચરાઇઝર' એક ઉત્તમ વિકલ્પ છે.

આ ચોમાસાની ઋતુમાં વાદળો પાછળ છુપાયેલો સૂર્ય પણ ત્વચાને નુકસાન પહોંચાડી શકે છે, તેથી નિષ્ણાતોનું કહેવું છે કે વર્ષાઋતુમાં પણ સનસ્ક્રીનનો નિયમિત ઉપયોગ કરવો જોઈએ. તે ત્વચાને ટેનિંગ, પિગમેન્ટેશન અને સમય કરતાં પહેલાં ઘરડી દેખાતી અટકાવે છે. 'નો-મેકઅપ લુક'ની સૌથી મોટી ખાસિયત એ જ છે કે સ્વસ્થ ત્વચા પોતે જ ચમકતી દેખાય છે અને સનસ્ક્રીન આ ચમકને જાળવી રાખે છે. અને હા, આ બધામાં ખાનપાનનું પણ ખૂબ મોટું યોગદાન હોય છે. ત્વચામાં ચમક માત્ર બાહ્ય પ્રોડક્ટ્સથી નથી આવતી, તેની પાછળ ખોરાક અને જીવનશૈલીની મહત્ત્વપૂર્ણ ભૂમિકા હોય છે. ચોમાસામાં તાજાં ફળો, લીલાં શાકભાજી ખાવાં જોઈએ અને પૂરતા પ્રમાણમાં પાણી પીવું જોઈએ. કાકડી, ટમેટાં, પપૈયું, તડબૂચ અને લીંબુ જેવા ખાદ્યપદાર્થો ત્વચાને અંદરથી પોષણ આપે છે.

જો ત્વચાને કુદરતી રીતે ચમકાવવી હોય તો સંતુલિત આહારને પ્રાથમિકતા આપવી પડશે. વાસ્તવમાં 'નો-મેકઅપ લુક'નું એક સામાજિક પાસું પણ છે. આજની મહિલાઓ માત્ર સૌંદર્ય પ્રસાધનો પર નિર્ભર રહેવાને બદલે પોતાની કુદરતી ઓળખનો સ્વીકાર કરી રહી છે. આ ટ્રેન્ડ આત્મવિશ્વાસ વધારે છે અને સુંદરતાના પરંપરાગત માપદંડોને પડકારે છે. ચોમાસાની ઋતુમાં કેટલાક સરળ ઘરેલું ઉપાયો પણ ત્વચાની ચમક વધારવામાં મદદ કરે છેઃ જેમ કે, દહીં અને ચણાનો લોટનો ફેસ પૅક ત્વચાને ઊંડાણપૂર્વક સાફ કરે છે. મધ ત્વચાને જરૂરી ભેજ પૂરો પાડે છે. જ્યારે ગુલાબજળ ત્વચાને તાજગીનો અહેસાસ કરાવે છે. જોકે કોઈપણ ઘરેલું ઉપાયનો ઉપયોગ કરતાં પહેલાં ત્વચાની સેન્સિટિવિટીનું ધ્યાન રાખવું જોઈએ. દરેક વ્યક્તિની ત્વચા અલગ હોય છે, તેથી જે ઉપાય એક વ્યક્તિ પર સારો પ્રભાવ પાડે છે તે બીજી વ્યક્તિ પર પણ એવું જ પરિણામ આપે તે જરૂરી નથી.

ત્વચાની સુંદરતા ફક્ત ક્રીમ અને ફેસ પૅક દ્વારા જ પ્રાપ્ત થતી નથી. પૂરતી ઊંઘ અને તણાવમુક્ત જીવનશૈલી પણ જરૂરી છે. મોડી રાત સુધી જાગવાથી, સતત મોબાઇલ સ્ક્રીન સામે જોતા રહેવાથી અને માનસિક તાણથી ચહેરાની ચમક ઓછી થઈ શકે છે. આ જ કારણ છે કે નિષ્ણાતો સ્વસ્થ ત્વચા માટે દરરોજ ૭થી ૮ કલાકની ઊંઘ જરૂરી માને છે. વાસ્તવમાં પૂરતી ઊંઘ ત્વચા માટે સૌથી સસ્તી અને અસરકારક સૌંદર્ય સારવાર છે. તેથી, ચોમાસામાં નો-મેકઅપ લુક ફક્ત ફૅશન ટ્રેન્ડ નથી, પરંતુ કુદરતી સૌંદર્યને અપનાવવાનું પ્રતીક છે અને એ વાતની શીખ પણ મળે છે કે સુંદર દેખાવા માટે હંમેશાં ભારે મેકઅપની જરૂર નથી હોતી. ■

**નો-મેકઅપ લુકના સાત ગોલ્ડન રૂલ્સઃ**

- દિવસમાં બે વાર માઇલ્ડ ફેસવૉશથી ચહેરો સાફ કરો.
- ઑઇલ-ફ્રી મોઇશ્ચરાઇઝરનો ઉપયોગ કરો.
- હાલના દિવસોમાં પણ સનસ્ક્રીન લગાવવાનું ભૂલશો નહીં.
- મોસમી ફળો ખાઓ અને પુષ્કળ પાણી પીઓ.
- ભારે ફાઉન્ડેશન અને ક્રીમ આધારિત મેકઅપથી બચો.
- અઠવાડિયામાં ઓછામાં ઓછું બે વાર નેચરલ ફેસ પૅકનો ઉપયોગ કરો.
- રોજ પૂરતી ઊંઘ લો. સ્વસ્થ ત્વચા માટે સારી ઊંઘ જરૂરી છે.

ફૅશન પ્લસ
નમ્રતા નદીમ
feedback.ladki@bombaysamachar.com

# ચોમાસામાં રાખો જૂતા-ચંપલની સંભાળ દરેક પગલું હશે સુરક્ષિત ને સ્ટાઈલિશ



વરસાદની પહેલી છાંટ જ્યાં એકતરફ ગરમીમાંથી રાહત આપે છે, ત્યાં જ આપણા જૂતા-ચંપલ માટે નવી મુશ્કેલીઓ લઈને આવે છે. પાણી, કાદવ, ભેજ અને લપસણી જગ્યાઓને કારણે મોંઘા જૂતા થોડા જ દિવસોમાં ખરાબ થઈ જાય છે. લેધરના જૂતામાં તિરાડો પડી જાય છે. ચમકતા સ્માર્ટ શૂઝમાંથી દુર્ગંધ આવવા લાગે છે અને ચંપલની પકડ નબળી પડી જાય છે. ઘણા લોકો ચોમાસુ પૂરું થાય ત્યાં સુધી પોતાના મનપસંદ જૂતા કબાટમાં સાચવીને રાખી દે છે, પરંતુ આવું કરવાથી જૂતા સુરક્ષિત નથી રહેતા, બલકે ખરાબ થઈ જાય છે. જોકે, જો થોડી સાવચેતી રાખવામાં આવે તો ચોમાસામાં પણ જૂતા સાફ અને સુરક્ષિત રહી શકે છે. ચાલો જાણીએ કે તેના માટે શું કરવું.

### યોગ્ય ફૂટવેર પસંદ કરો

સૌપ્રથમ, વરસાદને અનુકૂળ યોગ્ય ફૂટવેર પસંદ કરવાં મહત્ત્વપૂર્ણ છે. ચોમાસામાં લેધરના જૂતા પહેરવાનું બને ત્યાં સુધી ટાળવું જોઈએ, કારણ કે લેધર પાણી ઝડપથી શોષી લે છે, જેનાથી તે તરત જ ખરાબ થઈ જાય છે. તે કડક પણ થઈ જાય છે અને ઘણી વાર ફાટી પણ જાય છે. આ દિવસોમાં પીવીસી, ઈવીએ ફોમ, રબર અને ઝડપથી સુકાઈ જાય તેવા સિન્થેટિક મટીરિયલના જૂતા અને સૅન્ડલ પહેરવા માટે યોગ્ય વિકલ્પ છે. આ ફૂટવેર હલકાં હોય છે, ઝડપથી સુકાઈ જાય છે અને તેમાં લપસવાની શક્યતા પણ ઓછી રહે છે, પરંતુ આ ફૂટવેર સાથે પણ એક વાત હંમેશાં ધ્યાનમાં રાખવી જોઈએ કે જ્યારે પણ બહારથી ઘરે આવો ત્યારે જૂતાને સાફ કર્યા વગર ક્યારેય રેકમાં ન મૂકવા જોઈએ. જો જૂતા ગંદા થઈ ગયા હોય તો સૌથી પહેલાં સાફ પાણીથી તેને ધોઈ લો, પછી નરમ કપડા કે બ્રશથી તેને સારી રીતે લૂછી લો. જૂતાને સાફ અને સૂકવીને જ રેકમાં મૂકવા જોઈએ. જો જૂતા પર ડાઘ રહી જાય તો તેને હળવા સાબુવાળા પાણીથી સાફ કરી લેવા જોઈએ. જ્યારે જૂતા ગંદા થાય ત્યારે જ તેને સાફ કરવા જોઈએ, એવું ન વિચારતા કે પછી કરી લઈશું. જો લાંબા સમય સુધી જૂતામાં ગંદકી ચોંટેલી રહે, તો જૂતાનો રંગ અને કાપડ બંને ખરાબ થઈ જાય છે.

### તડકામાં નહીં પણ હવામાં સૂકવો

વરસાદમાં જ્યારે જૂતા પલળી જાય ત્યારે તેને તડકામાં ન સૂકવવા જોઈએ. મોટાભાગના લોકો આ જ ભૂલ કરે છે. યાદ રાખો કે પ્રખર તડકો કે હીટરની ગરમી જૂતાના ગુંદરને નબળો પાડી શકે છે અને તેનો આકાર પણ બગાડી શકે છે. તેને બદલે જૂતાની અંદર છાપું કે ટિશ્યૂ પેપર ભરી દો જેથી તે તેનો ભેજ શોષી લે અને પછી તેને હવા ઉજાસવાળી જગ્યાએ રાખીને કુદરતી રીતે સુકાવા દો. આ દિવસોમાં જૂતામાંથી દુર્ગંધ આવવાની પણ એક સમસ્યા ઊભી થાય છે, કારણ કે સતત પાણી અને કાદવના સંપર્કમાં રહેવાને લીધે બૅક્ટેરિયા અને ફૂગ ઝડપથી વધે છે. આનાથી બચવા માટે જૂતાને પૂરેપૂરા સુકાવા દો. અઠવાડિયામાં એક કે બે વાર તેમાં બેકિંગ સોડા છાંટીને રાતભર છોડી દો અને સવારે તેને ખંખેરી લો. તમે ઇચ્છો તો એન્ટિ-ફંગલ, ફૂટ પાવડર કે શૂ-ડિયોડ્રન્ટનો પણ ઉપયોગ કરી શકો છો.

### આ દિવસોમાં બે જોડી જૂતા રાખો

બીજી ઋતુઓમાં રોજ એક જ જોડી જૂતા સતત પહેરીને ઘરની બહાર જાવ તો ચાલી જાય, પરંતુ વરસાદના દિવસોમાં ઓછામાં ઓછી બે જોડી જૂતા રાખો. જો રોજ એક જ જોડી પહેરશો તો આખી ઋતુમાં તેને પૂરેપૂરા સુકાવાનો ક્યારેય મોકો નહીં મળે. એટલા માટે જ કહેવાય છે કે ચોમાસામાં ઓછામાં ઓછી બે જોડી જૂતા ચોક્કસ રાખો અને તેને વારાફરતી પહેરો. આનાથી તેમનું આયુષ્ય પણ વધશે અને દુર્ગંધ જેવી સમસ્યા પણ નહીં રહે. આ દિવસોમાં જૂતાના ઇનસોલનું પણ ધ્યાન રાખવું જરૂરી છે, કારણ કે આ જ એ વસ્તુ છે જે જૂતાનો ભેજ શોષી લે છે. જો શક્ય હોય તો તેને કાઢીને અલગથી સૂકવો. આજકાલ બજારમાં એન્ટિ-બૅક્ટેરિયલ અને ક્વિક-ડ્રાય ઇનસોલ પણ મળે છે જે ચોમાસા માટે સારા સાબિત થાય છે.

### જૂતાને હવા ઉજાસવાળી રેકમાં રાખો

ચોમાસામાં જૂતાને બંધ પ્લાસ્ટિક બેગમાં રાખવાનું ટાળો. આનાથી ભેજ અંદર જ ભરાઈ રહે છે અને પછી તેના લીધે જૂતામાં ફૂગ લાગી જાય છે. એટલા માટે વરસાદના દિવસોમાં જૂતાને સૂકી અને હવા ઉજાસવાળી રેકમાં જ રાખો. સિલિકા જેલનાં નાનાં પૅકેટ અથવા ભેજ શોષી લેતી વસ્તુઓ પણ આ દિવસોમાં જૂતાના કબાટમાં રાખી શકાય છે. એક બીજી વાતનું પણ ધ્યાન રાખો કે જૂતા સુંદર હોય તે ઠીક છે, પણ તેમની સુંદરતા કરતાં પણ વધુ જરૂરી એ છે કે તે મજબૂત અને સુરક્ષિત હોય. એટલા માટે વરસાદની ઋતુમાં એવા જૂતા પસંદ કરો જેના સોલ પર સારી ગ્રીપ હોય, ઘસાઈ ગયેલા સોલવાળા જૂતા વરસાદમાં અકસ્માતનું કારણ બની શકે છે. જો સોલ ઘસાઈ ગયો હોય તો સમય રહેતાં તેને બદલાવી લેવો જોઈએ. સાથે જ કેનવાસ કે ફેબ્રિકના જૂતાને મશીનમાં વારંવાર ધોવાનું ટાળવું જોઈએ, કારણ કે તેનાથી તેમનો આકાર બગડી શકે છે. આ જૂતાને હાથથી હળવા ડિટર્જન્ટથી સાફ કરો અને હવામાં સૂકવો.

જો આ રીતે સજાગ રહેશો તો વરસાદની ઋતુ જૂતા અને ચંપલની દુશ્મન સાબિત નહીં થાય. નિયમિત સફાઈ અને યોગ્ય સાચવણીથી મોંઘામાં મોંઘા ફૂટવેર પણ આ દિવસોમાં પહેરી શકાય છે. કપડાં ભલે ગમે તેટલા સારા હોય, પણ વ્યક્તિની અસલી શાન તો સારા જૂતાથી જ થાય છે. એટલા માટે જૂતાની સંભાળ રાખવી જ જોઈએ.

### ચોમાસામાં જૂતાની સાચવણીના સોનેરી નિયમો

- વરસાદમાં નિયમિત પહેરવા માટે ઓછામાં ઓછી બે જોડી જૂતા રાખો.
- આ દિવસોમાં લેધર ફૂટવેર પહેરવાનું ટાળો તો વધારે સારું.
- જ્યારે પણ જૂતા ગંદા થાય ત્યારે તેને સાફ પાણીથી સાફ કરો.
- જૂતાને ક્યારેય પ્રખર તડકામાં કે હીટર પાસે ન સૂકવો.
- જૂતાનો ભેજ દૂર કરવાનો રસ્તો એ છે કે તેમાં અખબાર ભરીને રાખી દો.
- હંમેશાં સારી ગ્રીપવાળા સોલ જ પસંદ કરો.
- વરસાદના દિવસોમાં જૂતાને પ્લાસ્ટિક બૅગમાં રાખવાનું ટાળો.
- આ દિવસોમાં તમારા પગ સ્વચ્છ અને સુકા રાખો, તો જ તમારા જૂતા લાંબા સમય સુધી સુરક્ષિત રહેશે. ■

ફૅશન
પ્રતિમા અરોરા
feedback.ladki@bombaysamachar.com

# કૉલેજ ફૅશન જે કૅઝ્યુઅલ પણ હોય ને સ્માર્ટ પણ...



નવું શૈક્ષણિક સત્ર માત્ર નવાં પુસ્તકો, નવા મિત્રો અને નવાં સપનાંઓની શરૂઆત જ નથી હોતી, પોતાની જાતને એક નવા અંદાજમાં રજૂ કરવાની તક પણ હોય છે. ખાસ કરીને કૉલેજમાં પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓ માટે તો આ વિશેષરૂપે ઉત્સાહ અને જિજ્ઞાસાથી ભરેલું હોય છે. દરેક વ્યક્તિ ઇચ્છે છે કે તેમનું વ્યક્તિત્વ સૌથી વધુ આકર્ષક લાગે અને હા, નવી ફૅશન માત્ર મોંઘાં કપડાં પહેરવાથી જ નથી થતી, પરંતુ તે તમારા આત્મવિશ્વાસ અને વ્યક્તિત્વના નિખારથી પણ ઓળખાય છે. આજે યુવાનો ફૅશનને પોતાની ઓળખનો એક ભાગ માને છે. સોશ્યલ મીડિયા અને સેલિબ્રિટી ટ્રેન્ડનો પ્રભાવ ચોક્કસ છે, પણ દરેક ટ્રેન્ડ દરેક વ્યક્તિ પર સારો જ લાગે તે જરૂરી નથી. એટલા માટે જ કૉલેજ ફૅશનનો પહેલો નિયમ છે- પોતાની પસંદગી, શરીરનો દેખાવ અને ઋતુ અનુસાર કપડાંની પસંદગી કરો. જુલાઈના અંતમાં અને ઑગસ્ટની શરૂઆતમાં સામાન્ય રીતે દેશના મોટાભાગના વિસ્તારોમાં ચોમાસું સક્રિય હોય છે અને આશરે આ જ સમયે કૉલેજોનું નવું સત્ર શરૂ થાય છે. એવામાં દરેક ફ્રેશર ઇચ્છે છે કે તે કૉલેજમાં ઍડ્મિશન લેતાંની સાથે જ પોતાની ફૅશન સ્ટાઇલનો જલવો બતાવી દે, પરંતુ ઘણીવાર અતિઉત્સાહમાં કપડાં પસંદ કરતી વખતે હવામાન અને અનુકૂળતાનું ધ્યાન રાખ્યા વિના, આકર્ષિત કરનારી સ્ટાઇલની ફૅશન પસંદ કરી લેવી તમને પ્રશંસાના પાત્ર નહીં પરંતુ મજાકનું પાત્ર બનાવી દે છે. એટલા માટે જ જુલાઈના છેલ્લા દિવસોમાં અને ઑગસ્ટની શરૂઆતમાં કૉલેજ જવાનું શરૂ કરનારાઓએ પોતાનાં કપડાંની પસંદગી કરતી વખતે ઋતુનું પણ ખાસ ધ્યાન રાખવું જોઈએ. આ દિવસોમાં એવાં કપડાં યોગ્ય રહે છે જે વરસાદમાં ભીંજાઈ ગયા પછી પણ જલદી સુકાઈ જાય, હળવાં હોય અને આખો દિવસ આરામદાયક લાગે. કૉટન-બ્લેન્ડ, લિનન-બ્લેન્ડ અથવા ડ્રાય-ફિટ ફેબ્રિક આના માટે સારો વિકલ્પ છે. આ દિવસોમાં બહુ ભારે ડેનિમ કે એવાં કપડાં જે પાણી શોષી લે છે તે વધુ અગવડતા ઊભી કરે છે. આજકાલ, પોલો ટી-શર્ટ અથવા અન્ય આરામદાયક ટી-શર્ટ કૉલેજમાં રોજબરોજ પહેરવા માટે સારો વિકલ્પ છે. સાદા શર્ટ, કુર્તી, સ્ટ્રેટ ફિટ જીન્સ, ચિનો પેન્ટ, કાર્ગો કે આરામદાયક ટ્રાઉઝર પણ સારા વિકલ્પો છે. છોકરીઓ કૉટન કુર્તી સાથે જીન્સ કે પ્લાઝો પહેરી શકે છે, છોકરાઓ સાદા શર્ટ અને ચિનો પેન્ટ સાથે સ્માર્ટ પણ સહજ લુક મેળવી શકે છે.

ફૂટવેર પણ ફૅશનનો એક મહત્ત્વપૂર્ણ હિસ્સો છે. વરસાદની ઋતુમાં એવા જૂતા પહેરો જેની જમીન પર ગ્રીપ સારી હોય અને જે જલદી સુકાઈ જતા હોય. વૉટર-રેઝિસ્ટન્ટ સ્નીકર્સ, સ્પોર્ટ્સ શૂઝ અથવા સારી ગુણવત્તાના સૅન્ડલ આ દિવસોમાં સારા રહે છે. કૉલેજ ફૅશન માત્ર કપડાં પૂરતી મર્યાદિત નથી હોતી. બૅગ, ઘડિયાળ, બેલ્ટ અને ચશ્માં જેવી એક્સેસરીઝ પણ વ્યક્તિત્વને નિખારવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. બૅગ એવી હોવી જોઈએ જેમાં લૅપટૉપ, પુસ્તકો અને જરૂરી સામાન સરળતાથી રાખી શકાય. આજકાલ એવું જોવા મળે છે કે જે ટ્રેન્ડ સોશ્યલ મીડિયા પર ચાલી રહ્યો હોય, વિદ્યાર્થીઓ તેને સૌથી પહેલાં અપનાવવા માગે છે, પરંતુ આ સમજદારી નથી, કારણ કે ઘણીવાર જરૂરિયાત કરતાં વધુ પડતા ફૅશનેબલ કપડાં કૉલેજમાં તમને હાસ્યનું પાત્ર બનાવી દે છે. ખરેખર તો કૉલેજ કૅમ્પસમાં આધુનિકતાની સાથે સાદગીનો પણ ક્રેઝ હોય છે. આ જ કારણ છે કે આજે 'સ્માર્ટ કૅઝ્યુઅલ' સ્ટાઇલ સૌથી વધુ લોકપ્રિય માનવામાં આવે છે. આ દિવસોમાં યુવાનોમાં ટકાઉ ફૅશન એટલે કે સસ્ટેનેબલ ફૅશન પણ ઝડપથી લોકપ્રિય થઈ રહી છે. ઓછાં પરંતુ સારી ગુણવત્તાવાળાં કપડાં ખરીદવાં, સ્થાનિક હૅન્ડલૂમ અને બ્રાન્ડ્સને પ્રાથમિકતા આપવી તેમ જ જૂનાં કપડાંને નવી રીતે પહેરવાં, તે માત્ર પર્યાવરણ માટે જ સારું નથી પરંતુ તમારી એક અલગ ઓળખ ઊભી કરવા માટે પણ જરૂરી છે, કારણ કે કૉલેજ લાઇફ એ આત્મવિશ્વાસ વધારવાનો પણ સમય હોય છે. યાદ રાખો કે જો તમારો પહેરવેશ સ્વચ્છ, પ્રસંગને અનુરૂપ અને આરામદાયક હશે તો એ જ તમારું સૌથી મોટું ફૅશન સ્ટેટમેન્ટ બનશે. ■

# શૅરબજારમાં સુધારો : સેન્સેક્સ ૮૮૯ પોઈન્ટ ઊછળ્યો, નિફ્ટીએ ૨૪૨૫૦ની સપાટી કુદાવી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: એફઆઈઆઇની લેવાલી અને એચડીએફસી બૅંક, લાર્સન ઍન્ડ ટુબ્રો, ઇન્ફોસિસ જેવા બ્લુ-ચિપ શેરોમાં લેવાલીને કારણે બુધવારે બેન્ચમાર્ક સેન્સેક્સ લગભગ ૮૮૯ પોઈન્ટ ઉછળ્યો, જ્યારે નિફ્ટી ૨૪,૨૫૦ પર બંધ થયો હતો.

ત્રીસ શેરો ધરાવતો સેન્સેક્સ ૮૮૮.૬૮ પોઈન્ટ અથવા ૧.૧૬ ટકા વધીને ૭૭,૬૫૪.૬૦ પર બંધ થયો, જેમાં તેના ૨૫ શેરો લાભ સાથે અને પાંચ શેર નુકસાન સાથે બંધ થયા. દિવસ દરમિયાન, તે ૯૯૯.૫૭ પોઈન્ટ અથવા ૧.૩૦ ટકા વધીને ૭૭,૭૬૫.૪૯ની ઊંચી સપાટીને અથડાયો હતો.

જ્યારે પચાસ શેરો ધરાવતો નિફ્ટી ૨૬૪.૮૫ પોઈન્ટ અથવા ૧.૧૦ ટકા વધીને ૨૪,૨૫૦.૨૦ પર બંધ થયો. નિફ્ટીના ૩૮ શેર વધ્યા અને ૧૨ શેર ઘટીને બંધ થયા હતા

સેન્સેક્સ પેકમાંથી, હિન્દુસ્તાન યુનિલિવર સૌથી વધુ ૪.૭૦ ટકા અને ઇન્ફોસિસ ૪.૫૦ ટકા ઉછળ્યો હતો. ત્રિમાસિક પરિણામો પછી લાર્સન ઍન્ડ ટુબ્રો ૨.૫૫ ટકા વધ્યા. ટ્રેન્ટ, ટાટા સ્ટીલ, ભારતી એરટેલ, ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ, એચડીએલ ટેક અને એચડીએફસી બૅંક પણ વધ્યા હતા.

જ્યારે અદાણી પોર્ટ્સ સૌથી વધુ ૩.૧૯ ટકા ઘટ્યો હતો. મહિન્દ્રા અને મહિન્દ્રા, જેણે તેનો ટ્રક અને બસ વ્યવસાય રૂ. ૫૨૫ કરોડમાં એસએમએલમાં મહિન્દ્રાને ટ્રાન્સફર કરવાની જાહેરાત કરી, તેમાં ૧.૫૧ ટકાનો ઘટાડો થયો. એસએમએલ મહિન્દ્રાના શેર ૨૦ ટકા વધીને રૂ. ૪,૫૬૫.૫૦ના ઉપલા સર્કિટ સ્તરે બંધ થયા. સેન્સેક્સ શેરોમાં પાવર ગ્રીડ, ભારત ઇલેક્ટ્રોનિક્સ અને એનટીપીસી સૌથી વધુ ઘટનારા શેરોમાં સામેલ હતા.

પ્રાઈમરી માર્કેટમાં આર્ડી ઇન્ડસ્ટ્રીઝનો રૂ. ૪૨૫.૮૭ કરોડનો બુક બિલ્ડ ઇશ્યૂ પાંચમી ઑગસ્ટ, ૨૦૨૬ના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખૂલશે અને સાતમી ઑગસ્ટ, ૨૦૨૬ના રોજ બંધ થશે. શેરની ફાળવણી ૧૦ ઑગસ્ટ, ૨૦૨૬ના રોજ તેમ જ બીએસઇ અને એનએસઈ પર લિસ્ટિંગ તારીખ ૧૨ ઑગસ્ટના રોજ થશે. પ્રાઇસ બેન્ડ રૂ.૫૦થી રૂ.૫૩ પ્રતિ શેર છે. અરજી માટે લોટ સાઇઝ ૨૮૧ શેર છે.

પેજસન એગ્રો ઇન્ડિયા લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૬ના પહેલા ક્વાર્ટરના રૂ. ૪૫.૦૩ કરોડની સરખામણીમાં ૨૦૨૭ના પ્રથમ ક્વાર્ટરમાં રૂ.૬૭.૯૪ કરોડની આવક નોંધાવી છે, જે વાર્ષિક ધોરણે ૫૧ ટકાની વૃદ્ધિ દર્શાવે છે.

કંપની ગ્રીનફિલ્ડ પ્રોજેક્ટનું વિસ્તરણ અને સંકલિત કાજુ પ્રોસેસિંગ કામગીરીની પ્રક્રિયા ક્ષમતા વધારી રહી છે. વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ મંગળવારે લેવાલી નોંધાવી હતી. એક્સચેન્જ ડેટા અનુસાર, એફઆઈઆઈએ પાછલા સત્રમાં રૂ. ૭૫૫.૩૩ કરોડના ઇક્વિટી શેર ખરીદ્યા હતા.

માર્કેટ એનાલિસ્ટ જણાવે છે કે, આજે મોડેથી યુએસ ફેડરલ રિઝર્વના નીતિગત નિર્ણય પહેલા ભારતીય ઇક્વિટી બજારો ઊંચા સ્તરે બંધ થયા હતા, જેમાં નબળા વૈશ્વિક સંકેતો કરતાં સ્થાનિક ફંડામેન્ટલ્સ વધુ મજબૂત હતા. મજબૂત કોર્પોરેટ કમાણી, ઇન્ફર્મેશન ટૅક્નોલૉજી શેરોમાં સતત ખરીદી અને મજબૂત રૂપિયાએ રોકાણકારોના સેન્ટિમેન્ટને ટેકો આપવામાં મદદ કરી હતી. એશિયન બજારોમાં એઆઈ, ટૅક્નોલૉજી શેરોમાં ચાલુ રહેલી વેચવાલી અને મધ્ય પૂર્વના તણાવમાં વધારો થવાથી ક્રૂડ ઑઇલના ભાવ તાજેતરના ઉચ્ચ સ્તરે રહ્યા હોવા છતાં ભારતીય બજાર પર આજે અસર જોવાઈ નહોતી.

ગ્લોબલ ઑઇલ બેન્ચમાર્ક, બ્રેન્ટ ક્રૂડ ૩.૭૯ ટકા વધીને ૮૭.૨૮ ડોલર પ્રતિ બેરલ પર પહોંચ્યો હતો. બીએસઇ સ્મોલકૅપ સિલેક્ટ ઇન્ડેક્સ ૧.૧૮ ટકા અને મિડકૅપ સિલેક્ટ ઇન્ડેક્સ ૦.૨૭ ટકા વધ્યો હતો.

સેક્ટરલ ધોરણે, આઈટી ઇન્ડેક્સ ૨.૪૦ ટકા વધ્યો હતો, ત્યારબાદ મેટલ (૨.૨૬ ટકા), ટેલિકોમ્યુનિકેશન (૧.૭૦ ટકા), કોમોડિટીઝ (૧.૪૦ ટકા), હેલ્થકેર (૧.૨૬ ટકા), ટોચની ૧૦ બૅંકો (૧ ટકા) અને નાણાકીય સેવાઓ (૦.૮૮ ટકા)નો ક્રમ રહ્યો હતો.

ઑટો, વીમા, ઑઈલ અને ગૅસ, પાવર, રિયલ્ટી, સેવાઓ અને મધ્યમ ખાનગી બૅંકોમાં વેચવાલીનું દબાણ જોવા મળ્યું હતું

બીએસઇ પર કુલ ૨,૫૯૩ શેર વધ્યા, જ્યારે ૧,૬૫૨ ઘટ્યા અને ૧૭૯ યથાવત્ રહ્યા.

બજારના સાધનોએ જણાવ્યું કે, પરંપરાગત આઈટી શેરોમાં નવી આશાવાદને કારણે ક્રૂડ ઑઇલના ભાવમાં ઉછાળો આવ્યો હોવા છતાં ભારતીય ઇક્વિટીએ ઘણા વૈશ્વિક સૂચકાંકો કરતાં વધુ સારો દેખાવ કર્યો, જ્યારે નિફ્ટી આઈટી ઇન્ડેક્સ આ મહિને ૧૭ ટકાથી વધુ વધ્યો છે, ત્યારે મોટાભાગની ફ્રન્ટલાઇન ટેક કંપનીઓના કમાણી અંદાજો સાથે સુસંગત હતી, જેણે રોકાણકારોનો વિશ્વાસ પાછો મેળવવામાં મદદ કરી.

એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાનો કોસ્પી ૫.૯૮ ટકા ઘટ્યો. જાપાનનો નિક્કી ૨૨૫ પણ નીચો રહ્યો, જ્યારે શાંઘાઈનો એસએસઈ કમ્પોઝિટ ઇન્ડેક્સ અને હૉંગકૉંગનો હેંગ સેંગ ઇન્ડેક્સ ઊંચો રહ્યો. યુરોપના બજારો મોટાભાગે નીચા સ્તરે ટ્રેડ કરી રહ્યા હતા. મંગળવારે યુએસ બજારો મોટાભાગે ઊંચા સ્તરે બંધ થયા. મંગળવારે, સેન્સેક્સ ૬૯.૮૬ પોઈન્ટ અથવા ૦.૦૯ ટકા ઘટીને ૭૬,૭૬૫.૯૨ પર બંધ થયો હતો. નિફ્ટી ૧૦.૬૦ પોઈન્ટ અથવા ૦.૦૪ ટકા ઘટીને ૨૩,૯૮૫.૩૫ પર બંધ થયો હતો. ■

# સોનામાં ₹ ૬૭નો સાધારણ ઘસરકો, ચાંદીમાં મામૂલી ₹ છનો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અમેરિકી ફેડરલ રિઝર્વની આજે સમપાન થઈ રહેલી નીતિવિષયક બેઠક પૂર્વે લંડન ખાતે સત્રના આરંભે સાવચેતીના અભિગમ વચ્ચે સોના અને ચાંદીના ભાવ સાંકડી વધઘટે અથડાતા રહ્યાના નિર્દેશોને ધ્યાનમાં લેતા આજે સ્થાનિક ઝવેરી બજારમાં ખાસ કરીને ડૉલર સામે રૂપિયામાં સતત ચોથા સત્રમાં સુધારાતરફી વલણ જળવાઈ રહેતાં આયાત પડતરો ઘટવાને કારણે સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૬૭નો સાધારણ ઘસરકો આવ્યો હતો, જ્યારે ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. છનો મામૂલી સુધારો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં મુખ્યત્વે સોનામાં રોકાણકારો, જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ શુષ્ક રહી હતી. તેમ જ ડૉલર સામે રૂપિયામાં પણ સુધારાતરફી વલણ રહેતાં આયાત પડતરો ઘટવાથી હાજરમાં વેરારહિત ધોરણે ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૬૭નો ઘટાડો આવ્યો હતો, જેમાં ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૧,૪૧,૬૫૪ના મથાળે અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૧,૪૨,૨૨૪ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે ૯૯૯ ટચ ચાંદીમાં જ્વેલરી ઉત્પાદકોની માગ નિરસ રહી હતી, પરંતુ ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. છના સાધારણ સુધારા સાથે રૂ. ૨,૧૭,૩૫૫ના મથાળે રહ્યા હતા.

આજે લંડન ખાતે સત્રના આરંભે સાવચેતીના અભિગમ વચ્ચે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૧ ટકા વધીને ઔંસદીઠ ૪૦૩૨.૫૯ ડૉલર અને ઑગસ્ટ ડિલિવરી વાયદામાં ભાવ ૦.૨ ટકા ઘટીને ૪૦૩૧.૯૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૦.૯ ટકા વધીને ઔંસદીઠ ૫૭.૬૩ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

અમેરિકા અને ઈરાન વચ્ચે રાજદ્વારી સ્તરે વાટાઘાટો થશે અને શાંતિ કરાર થવાના અને અમેરિકી ફેડરલ રિઝર્વ વ્યાજદર યથાવત્ રાખે તેવા આશાવાદ સાથે હાલ સોનાને ઔંસદીઠ ૪૦૦૦ ડૉલર આસપાસની સપાટીએ લેવાલી નીકળતા ટેકો મળી રહ્યો હોવાનું જેફરીઝની માલિકીની ટ્રેડ્ડ ડૉટ કૉમના વિશ્લેષક નિકોસ ઝુબોરોસે જણાવ્યું હતું.

નોંધનીય બાબત એ છે કે આજે મોડી રાત્રે અમેરિકી ફેડરલ રિઝર્વની બે દિવસીય નીતિવિષયક બેઠકનું સમાપન થશે અને સીએમઈ ફેડ વૉચ ટૂલ પર બજાર વર્તુળો બેઠકના અંતે વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો વધારો થાય તેવી માત્ર ૩૬ ટકા શકયતા જોઈ રહ્યા છે, જ્યારે સપ્ટેમ્બરમાં વ્યાજદરમાં વધારાની ૮૦ ટકા શક્યતા બજાર વર્તુળો જોઈ રહ્યા છે. જોકે, બજારની નજર બેઠકના અંતે ફેડરલ રિઝર્વના અધ્યક્ષના નિવેદન પર સ્થિર થઈ છે અને જો તેમાં તંગ નાણાનીતિના સંકેત આપવામાં આવશે તો સોનાના ભાવ વર્ષ ૨૦૨૬ની નીચી ઔંસદીઠ ૩૯૪૧ ડૉલરની સપાટી સુધી ઘટી શકે છે અને જો હળવી નાણાનીતિના સંકેત આપે તો ઔંસદીઠ ૪૧૦૦ ડૉલર સુધીનું બાઉન્સબૅક જોવા મળી શકે છે, એમ નિકોસે ઉમેર્યું હતું.

વધુમાં બૅન્ક ઑફ ઈંગ્લેન્ડ અને બૅન્ક ઑફ જાપાન પણ આ સપ્તાહની બેઠક દરમિયાન વ્યાજદર યથાવત્ રાખે તેવી ધારણા બજાર વર્તુળો મૂકી રહ્યા છે. દરમિયાન આજે કોમર્ઝબૅન્કે આ વર્ષના અંતે સોનાના ભાવનો અંદાજ ઘટાડીને ઔંસદીઠ ૪૫૦૦ ડૉલરનો અને ચાંદીનો ભાવનો અંદાજ ઔંસદીઠ ૬૭ ડૉલર આસપાસનો મૂક્યો હોવાનું એક યાદીમાં જણાવ્યું હતું. ■

# ડૉલર સામે રૂપિયામાં વધુ છ પૈસાનો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ, વિદેશી સંસ્થાકીય રોકાણકારોનો ગઈકાલે જોવા મળેલો રૂ. ૭૫૫.૩૩ કરોડનો આંતરપ્રવાહ અને ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહેતા સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે સતત ચોથા સત્રમાં ડૉલર સામે રૂપિયામાં સુધારાતરફી વલણ જળવાઈ રહેતાં વધુ છ પૈસાના સુધારા સાથે ૯૫.૭૬ના મથાળે બંધ રહ્યો હતો. જોકે, આજે ક્રૂડતેલના ભાવમાં ઘટ્યા મથાળેથી સુધારાતરફી વલણ રહ્યું હોવાથી તેમ જ અમેરિકી ફેડરલ રિઝર્વની આજે સમાપન થતી બે દિવસીય નીતિવિષયક બેઠકને ધ્યાનમાં લેતા સાવચેતીના અભિગમ વચ્ચે સુધારો મર્યાદિત રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૫.૮૨ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૯૫.૭૦ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૫.૮૦ અને ઉપરમાં ૯૫.૪૮ સુધી મજબૂત થયા બાદ અંતે ગઈકાલના બંધ સામે છ પૈસા વધીને ૯૫.૭૬ની સપાટીએ બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે રૂપિયામાં ૧૭ પૈસાનો અને તે પૂર્વેના બે સત્રમાં ૭૪ પૈસાનો સુધારો નોંધાયો હતો. એકંદરે આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં તેજીનું વલણ અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ગઈકાલે ઈક્વિટીમાં લેવાલી રહેવાની સાથે ડૉલર ઈન્ડેક્સમાં જોવા મળેલી નરમાઈનો રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હોવાનું મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયો ૯૫.૨૦થી ૯૫.૯૦ની રેન્જમાં જોવા મળે તેવી શક્યતા નકારી ન શકાય.

તાજેતરમાં અમેરિકા અને ઈરાન વચ્ચે થોડો સમય યુદ્ધ બંધ રહ્યા બાદ ગઈકાલે ઈરાને અમેરિકી દળો પર મિસાઈલ હુમલો કર્યો હતો, પરંતુ મિસાઈલને સફળતાપૂર્વક આંતરી લેવામાં આવ્યા હોવાનું અમેરિકી સેન્ટ્રલ કમાન્ડે જણાવતા ગઈકાલે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના ભાવ વધી આવ્યા હતા. આજે બ્રેન્ટ ક્રૂડતેલના ભાવ ગઈકાલના બંધ સામે ૩.૭૮ ટકા વધીને બેરલદીઠ ૮૭.૨૭ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૦૪ ટકા ઘટીને ૧૦૧.૨૨ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો.

વધુમાં આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૮૮૮.૬૮ પૉઈન્ટનો અને ૨૬૪.૮૫ પૉઈન્ટનો સુધારો આવ્યો હોવાથી રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હતો. ■

# ધાતુમાં આગળ ધપતો ભાવઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: લંડન મેટલ એક્સચેન્જ ખાતે આજે કોપર સહિતની ધાતુઓના ભાવમાં નરમાઈનું વલણ રહ્યું હોવાના નિરુત્સાહી અહેવાલ સાથે આજે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ ખાસ કરીને નિકલ, કોપર, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને ઝિન્ક સ્લેબમાં છૂટીછવાઈ સ્ટોકિસ્ટોની વેચવાલી અને વપરાશકારોની નિરસ માગ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. એકથી સાતની પીછેહઠ જોવા મળી હતી. જોકે, આજે એકમાત્ર ટીનમાં ઘટ્યા મથાળેથી સ્ટોકિસ્ટોની લેવાલીને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૩૨ વધી આવ્યા હતા, જ્યારે અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલીનું દબાણ ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં નિકલના ભાવ કિલોદીઠ રૂ. સાત ઘટીને રૂ. ૧૬૬૩, કોપર કેબલ સ્ક્રેપ, કોપર સ્ક્રેપ હેવી અને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ ઘટીને અનુક્રમે રૂ. ૧૩૧૩, રૂ. ૧૩૦૬ અને રૂ. ૧૨૦૯, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને રૂ. ૩૪૩ અને કોપર આર્મિચર, કોપર વાયરબાર અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને અનુક્રમે રૂ. ૧૨૯૨, રૂ. ૧૩૯૦ અને રૂ. ૩૮૪ના મથાળે રહ્યા હતા. જોકે, આજે એકમાત્ર ટીનમાં ઘટ્યા મથાળેથી સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત ડીલરોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૩૨ વધીને રૂ. ૫૩૮૮ના મથાળે રહ્યા હતા. ■

# શિકાગો પાછળ સોયા તેલમાં નરમાઈ, વેપાર પાંખાં

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે ૭૦ સેન્ટનો ઘટાડો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ હતા, જ્યારે આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૨૧ રિંગિટ વધી આવ્યા હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે કામકાજો પાંખાં રહ્યા હોવાથી આયાતી તેલમાં માત્ર શિકાગો પાછળ સોયાતેલમાં રૂ. પાંચનો ઘટાડો આવ્યો હતો અને દેશી તેલમાં મથકો પાછળ માત્ર સરસવમાં રૂ. પાંચનો ઘટાડો આવ્યો હતો. આ સિવાય અન્ય તમામ દેશી-આયાતી તેલમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એડબ્લ્યુએલના સન રિફાઈન્ડના રૂ. ૧૭૬૦, ઑગસ્ટ ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૪૬૦ અને ઑગસ્ટ તથા સપ્ટેમ્બર ડિલિવરી શરતે સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૭૦, ઈમામીના ઑગસ્ટ અને સપ્ટેમ્બર ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૪૫૫, એવીઆઈના સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૬૦, ગોલ્ડન એગ્રીના રેડી અને ઑગસ્ટ ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૪૯૦, પતંજલિ ફૂડ્સના આરબીડી પામોલિનના ૧૦ દિવસમાં ડિલિવરી શરતે રૂ. ૧૪૮૫ અને સપ્ટેમ્બર ડિલિવરી શરતે સોયા રિફાઈન્ડના રૂ. ૧૫૦૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૭૨૦, ગોકુલ એગ્રોના આરબીડી પામોલિનના ઑગસ્ટ અને સપ્ટેમ્બર ડિલિવરી શરતે રૂ. ૧૪૮૦ અને રિલાયન્સ કન્ઝ્યુમરના સન રિફાઈન્ડના ઑગસ્ટ તથા સપ્ટેમ્બર ડિલિવરી શરતે રૂ. ૧૭૪૦ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો.

આજે ગુજરાતમાં ગોંડલ મથકે મગફળીની ૧૩૦૦ ગૂણીની અને રાજકોટ મથકે ૮૦૦ ગૂણીની આવક સામે બન્ને મંડીમાં વેપાર મણદીઠ રૂ. ૧૧૫૦થી ૧૬૦૦માં ટકેલા ધોરણે થયા હતા. તેમ જ આજે ગોંડલનાં મથકો પર ૧૦ કિલોદીઠ સિંગતેલના ભાવ રૂ. ૧૭૦૦, વૉશ્ડ કૉટનના રૂ. ૧૫૮૦ અને કોટન રિફાઈન્ડના રૂ. ૧૬૨૦થી ૧૬૨૫ના મથાળે રહ્યા હતા, જ્યારે રાજકોટ મથકે સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૭૦૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૭૦૦માં ટકેલા ધોરણે થયા હતા.

વધુમાં આજે મધ્ય પ્રદેશનાં મથકો પર સોયાસીડની અંદાજે ૧૫,૦૦૦ ગૂણીની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૬૯૫૦થી ૭૧૫૦માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૭૧૦૦થી ૭૧૫૦માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે હાજર બજારમાં ૧૦ કિલોદીઠ આરબીડી પામોલિનના રૂ. ૧૪૮૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૯૫, સન રિફાઈન્ડના રૂ. ૧૭૨૦, સિંગતેલના રૂ. ૧૭૪૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૬૫૦ અને સરસવના રૂ. ૧૭૩૫ની સપાટીએ રહ્યાના અહેવાલ હતા. ■

# ખાંડમાં મથકો પાછળ ₹ ૩૦થી ૮૦નો ઉછાળો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈ: મહારાષ્ટ્રની અને ઉત્તર પ્રદેશની ખાંડ મિલો પર સ્થાનિક તેમ જ દેશાવરોની માગ પ્રબળ રહેતાં ગઈકાલે ઉત્તર પ્રદેશની ખાંડ મિલો પર ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦થી ૩૦નો અને મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ક્વિન્ટલે રૂ. ૨૫થી ૪૦નો ઉછાળો આવ્યો હોવાના પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગને ટેકે હાજરમાં ખાંડના ભાવમાં ક્વિન્ટલે રૂ. ૩૦થી ૮૦નો ઉછાળો આવ્યો હતો. તેમ જ મથકો પાછળ નાકા ડિલિવરી ધોરણે પણ ભાવ ક્વિન્ટલે રૂ. ૪૦ વધી આવ્યા હતા.

નોંધનીય બાબત એ છે કે ગઈકાલે સરકારે આગામી પહેલી ઑગસ્ટથી અમલી બને તેમ ખાંડના ડીલરો પર ૪૦૦૦ ક્વિન્ટલની સ્ટોક મર્યાદા લાદવાની સાથે ખાંડની ખરીદી પેટેની આવક થાય ત્યારથી ૩૦ દિવસ સુધી સ્ટોક રાખવાની મર્યાદા રાખવામાં આવી છે. તેમ જ સરકારી પોર્ટલ પર નિયમિતપણે સ્ટોકની માહિતી આપવાની રહેશે. જોકે, સરકારી વિતરકો અને એજન્સીઓને મર્યાદામાંથી મુક્તિ આપવામાં આવી છે. આ સંદર્ભે ઑલ ઈન્ડિયા સુગર ટ્રેડ એસોસિયેશનના અધ્યક્ષ પ્રફુલભાઈ વિઠ્ઠલાણીએ જણાવ્યું હતું કે અગાઉ ઈન્ડિયન સુગર મિલ્સ એસોસિયેશન (ઈસ્મા)અને નેશનલ ફેડરેશન ઑફ કૉઑપરેટિવ સુગર ફેક્ટરીઝે ખાંડનો પર્યાપ્ત સ્ટોક હોવાનું જણાવ્યું હોવા છતાં જુલાઈ મહિનાના પહેલા પખવાડિયામાં ખાંડના ભાવ વધી આવતા સરકારે આ નિર્ણય ઉતાવળમાં લીધો હોય તેમ જણાય છે. જોકે, અમે સરકારને સહકાર આપવા તૈયાર છીએ, પરંતુ હાલના તબક્કે જોઈએ તો દેશની કુલ માગ પૈકી મહારાષ્ટ્રમાં ૩૭ ટકા, ઉત્તર પ્રદેશમાં ૩૭ ટકા અને કર્ણાટકમાં ૧૩ ટકા જેટલો અથવા તો કુલ ૮૭ ટકા જેટલો સ્ટોક છે અને હાલની સ્ટોક મર્યાદાને ધ્યાનમાં લેતા મુખ્યત્વે પશ્ચિમ બંગાળ અને પૂર્વના આસામ, અરૂણાચલ, મેઘાલય સહિતનાં સાત રાજ્યોમાં પુરવઠો પૂરો પાડવાની ચિંતા સપાટી પર આવે તેવી શક્યતા નકારી ન શકાય આથી અમે ટૂંક સમયમાં આ સંદર્ભે સરકારને રજૂઆત કરશું, એમ તેમણે ઉમેર્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગને ટેકે આવક સામે ઉપાડ જળવાઈ રહ્યો હતો. તેમ જ મથકો પરના પ્રોત્સાહક અહેવાલે હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવ ક્વિન્ટલે રૂ. ૩૦ વધીને રૂ. ૪૫૧૨થી ૪૫૮૨ અને મિડિયમ ગ્રેડની ખાંડના ભાવ ક્વિન્ટલે રૂ. ૩૪થી ૮૦ વધીને રૂ. ૪૬૦૬થી ૪૭૩૨ આસપાસ ગુણવત્તાનુસાર ધોરણે રહ્યા હતા. ■

## મુંબઈ

# ડૉ. આંબેડકરની જન્મજયંતીની ઉજવણી દરમિયાન ધ્વનિ પ્રદૂષણનાં ધોરણોનો ભંગ કરવા બદલ ચાર સામે કેસ

લાતુર: મહારાષ્ટ્રના લાતુર શહેરમાં આ વર્ષે ૧૪ એપ્રિલે ડો. બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતી નિમિત્તે નીકળેલા સરઘસ દરમિયાન ધ્વનિ પ્રદૂષણના નિયમોનું કથિત રીતે ઉલ્લંઘન કરવા બદલ પોલીસે ચાર વ્યક્તિઓ સામે કેસ નોંધ્યા છે.

પોલીસ દ્વારા પ્રતિબંધો લાદવામાં આવ્યા હોવા છતાં, સરઘસમાં વધુ ડેસિબલ ધરાવતી સાઉન્ડ સિસ્ટમ્સના ઉપયોગ અંગેની તપાસ બાદ આ કાર્યવાહી કરવામાં આવી છે. પોલીસે જણાવ્યું હતું કે સરઘસના આયોજકો સાથે બેઠકો યોજીને અને અખબારો દ્વારા વારંવાર જાહેર અપીલ કરીને ખાસ સૂચના આપવામાં આવી હતી કે તેઓ વધુ ડેસિબલ ધરાવતી સાઉન્ડ સિસ્ટમનો ઉપયોગ ન કરે. આમ છતાં ૧૪ સમિતિઓએ નિયમોનું ઉલ્લંઘન કર્યું હતું, જેના પરિણામે અતિશય ધ્વનિ પ્રદૂષણ થયું હતું. ત્યારબાદ, આ ૧૪ સમિતિઓના પ્રમુખો અને સાઉન્ડ સિસ્ટમના માલિકોને નોટિસ જારી કરીને તેમને તેમના ખુલાસા રજૂ કરવા માટે ૬૦ દિવસનો સમય આપવામાં આવ્યો હતો, એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

કાયદેસરની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ, ૨૯ જુલાઈએ લાતુરની અદાલતમાં રામાબાઈ નગર, ભોઈ ગલી સમિતિના પ્રમુખ સોપાન દિનેશ તાતે અને સાઉન્ડ સિસ્ટમના માલિક બલવંત પાંડુરંગ બન્સોડે વિરુદ્ધ કેસ દાખલ કરવામાં આવ્યા હતા.

એક અલગ કેસમાં, વીર હણમંતવાડી, મોતી નગર સમિતિના પ્રમુખ દુષ્યંત બાલાજી કાંબલે અને સાઉન્ડ સિસ્ટમના માલિક અભિજિત ભરત સાલુંકે સામે પર્યાવરણ (સંરક્ષણ) અધિનિયમ અને ધ્વનિ પ્રદૂષણ (નિયમન અને નિયંત્રણ) નિયમો, ૨૦૦૦ ની કલમ ૧૫ અને ૧૯ હેઠળ કાર્યવાહી કરવામાં આવી છે.

પોલીસે જણાવ્યું હતું કે કાયદેસરની નોટિસનો સમયગાળો પૂર્ણ થયા બાદ બાકીની ૧૨ સમિતિઓના પ્રમુખો અને સાઉન્ડ સિસ્ટમ્સના માલિકો સામે કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવશે. (પીટીઆઈ) ■

# હાઈ કોર્ટે એસડીપીઆઈના બે નેતા સામેના તડીપારના આદેશને રદ કર્યો

મુંબઈ: બોમ્બે હાઈકોર્ટે 'સોશિયલ ડેમોક્રેટિક પાર્ટી ઓફ ઈન્ડિયા' (એસડીપીઆઈ)ના બે પદાધિકારીઓ સામે મુંબઈ પોલીસે જારી કરેલા તડીપારના આદેશો રદ કર્યા છે. કોર્ટે અવલોકન કર્યું હતું કે 'બાબરી મસ્જિદ તોડવી જોઈતી નહોતી' તેમ કહેવું એ રાષ્ટ્રવિરોધી નથી.

ન્યાયમૂર્તિ માધવ જામદારની સિંગલ બેન્ચે મંગળવારે આપેલા ચુકાદામાં જણાવ્યું હતું કે, પોલીસની કાર્યવાહી પસંદગીલક્ષી અને અરજદારોના ધર્મથી પ્રભાવિત જણાતી હતી. મસ્જિદના ધ્વંસ અંગે અભિપ્રાય વ્યક્ત કરવો એ રાષ્ટ્રવિરોધી કૃત્ય ગણી શકાય નહીં. દરેકને પોતાનો મત વ્યક્ત કરવાનો અધિકાર છે. કોર્ટે રોઝ અબ્દુલ વહાબ ખાન અને મોહમ્મદ રફીક ગુલામ રસૂલ અન્સારી સામેના તડીપારના આદેશો રદ કર્યા હતા.

ન્યાયપીઠે પોલીસની એ બાબતે પણ ટીકા કરી કે તેમણે માત્ર બે અરજદારોને જ નિશાન બનાવ્યા હતા, જ્યારે અન્ય રાજકીય પક્ષોના કાર્યકરોએ પણ તે દેખાવોમાં ભાગ લીધો હતો. અદાલતે નોંધ્યું કે એફઆઈઆરમાં માત્ર સૂત્રોચ્ચારનો ઉલ્લેખ હતો અને તેમાં વ્યક્તિઓ કે જાહેર સંપત્તિને કોઈ નુકસાન થયાનો નિર્દેશ નહોતો; અદાલતે વધુમાં ઉમેર્યું કે માત્ર અટકળો કે આશંકાઓના આધારે મૂળભૂત અધિકારોને મર્યાદિત કરી શકાય નહીં. ડિસેમ્બર ૨૦૨૫માં, મુંબઈ પોલીસે આ બંને વ્યક્તિઓને એક વર્ષ માટે મુંબઈમાંથી તડીપારના આદેશો જારી કર્યા હતા.

પોલીસે આ કાર્યવાહી વક્ફ બિલ, સિમેન્ટના ગોદામોને કારણે થતા વાયુ પ્રદૂષણ અને બાબરી મસ્જિદના મુદ્દાને લગતા વિરોધ પ્રદર્શનોમાં તેમની સહભાગિતા બદલ નોંધાયેલી ત્રણ એફઆઈઆર બાદ કરી હતી. (પીટીઆઇ) ■

# ઘોડબંદર રોડ-થાણે પર ત્રણ કલાક ટ્રાફિક ખોરવાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણે: થાણે-ઘોડબંદર રોડ પર કાપૂરબાવડી પાસે માલથી લદાયેલો એક ટ્રક ડિવાઈડર સાથે અથડાતા થયેલા ઍક્સિડન્ટને કારણે બુધવારે વહેલી સવારના ત્રણ કલાકથી વધુ સમય માટે અહીં ટ્રાફિક જૅમ થઈ ગયો હતો. થાણે ડિઝાસ્ટર કંટ્રોલના જણાવ્યા મુજબ કાપૂરબાવડી બ્રીજ પાસે પેટ્રોલ પંપ નજીક વહેલી સવારના ઘોડબંદર રોડથી થાણે તરફ આવી રહેલા એક ટ્રકના ડ્રાઈવરનો વાહન પરથી નિયંત્રણ છૂટી જતા ટ્રક ડિવાઈડર સાથે જોશભેર ભટકાઈને ઍક્સિડન્ટ થયો હતો.

આ ટ્રક રાજસ્થાનથી ચૂનો લઈને ઘોડબંદર માર્ગે મહાડ જઈ રહ્યો હતો ત્યારે કાપૂરબાવડી પાસે ઍક્સિડન્ટ થયો હતો. સવારના પીક અવર્સમાં ડિવાઈડર સાથે ટ્રક અથડાઈ હોવાને કારણે તેને રસ્તા પરથી હટાવવા માટે ટ્રાફિક પોલીસ, પોલીસ વિભાગ, જેસીબી મશીન સહિત ક્રેને ભારે જહેમત બાદ લગભગ ત્રણ કલાકે ટ્રકને હટાવ્યો હતો.

આ દરમ્યાન જોકે રોડ પર ભારે ટ્રાફિકની સમસ્યા સર્જાઈ હોવાનું ટ્રાફિક પોલીસે જણાવ્યું હતું. ■

# નવી મુંબઈના બંધમાં ડૂબી ગયેલા યુવકનો ત્રણ દિવસે મૃતદેહ હાથ લાગ્યો

થાણે: નવી મુંબઈમાં આવેલા બંધમાં તરવા માટે ગયેલા અને ડૂબી ગયેલા ૨૮ વર્ષના યુવકનો મૃતદેહ છેક ત્રણ દિવસે હાથ લાગ્યો હોવાનું ફાયરબ્રિગેડે જણાવ્યું હતું. નવી મુંબઈ મહાનગરપાલિકાના રિજનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટના ચીફ સચિન કદમના જણાવ્યા મુજબ મૃતક અંકુશ ગોડ નવી મુંબઈના વિષ્ણુનગરમાં એક ચાલીમાં રહેતો હતો. રવિવારે તે થાણે-બેલાપુર રોડ પર આવેલા મોગલી ડેમમાં તરવા માટે ગયો હતો ત્યારે તે ડૂબી ગયો હતો. તેના ડૂબી જવાની જાણ થતા તેને બચાવવા માટે ફાયરબ્રિગેડ દ્વારા રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. ઊંડા પાણીમાં બચાવ કામગીરી હાથ ધરવાની હોવાથી નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સની ટીમની પણ મદદ લેવામાં આવી હતી. જોકે સતત ત્રણ દિવસ શોધ બાદ પણ તેનો કોઈ પત્તો લાગ્યો નહોતો. છેક બુધવારે સવારના ૭.૩૦ વાગ્યાની આસપાસ તેનો મૃતદેહ ડેમમાંથી મળી આવ્યો હતો. (પીટીઆઇ) ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# રાજકોટમાં હાઈ કોર્ટ બેન્ચની માગ ફરી બુલંદ, ૧૧ જિલ્લાના બાર એસોસિયેશન હડતાળમાં જોડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ સૌરાષ્ટ્રના મહત્વના શહેર રાજકોટમાં હાઇકોર્ટની બેન્ચની લાંબા સમયથી ચાલી રહેલી માંગ ફરી એક વખત બુલંદ બની છે. સૌરાષ્ટ્ર અને કચ્છના વકીલોએ તેમની આ માંગ સાથે આંદોલન ફરી શરૂ કર્યું છે. રાજકોટ સહીત સમગ્ર સૌરાષ્ટ્ર કચ્છના બાર એસોસિએશને એક દિવસની હડતાલ પણ પાડી હતી.

હાઇકોર્ટ બેન્ચની સ્થાપનાની માંગ સાથે વકીલો અર્જન્ટ કેસો સિવાયની તમામ કોર્ટ કાર્યવાહીથી દુર રહ્યા હતા. જેના પગલે પ્રદેશની અંદાજે ૧૫૦ જેટલી અદાલતોમાં દૈનિક કામગીરી પર અસર થઈ હતી.



પ્રવિણ સેદાણી

સૌરાષ્ટ્ર-કચ્છના વકીલોએ રાજકોટ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે પહોંચીને તેમની આ માંગણી અંગે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર સોંપ્યું હતું. આવેદનપત્ર મારફતે રાજ્ય સરકાર અને સંબંધિત સત્તાધીશોને રાજકોટમાં હાઇકોર્ટ બેન્ચની સ્થાપના માટે જરૂરી કાર્યવાહી હાથ ધરવાની માંગ કરવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજકોટમાં હાઇકોર્ટ બેન્ચની માંગ વર્ષ ૧૯૮૩થી સતત કરવામાં આવી રહી છે.

રાજકોટમાં બેન્ચની સ્થાપના થવાથી સૌરાષ્ટ્ર અને કચ્છના હજારો અરજદારોને અમદાવાદ સુધી જવાની જરૂર નહીં રહે. જેના કારણે સમય અને ખર્ચ બંનેમાં રાહત મળશે તેમજ ન્યાય મેળવવાની પ્રક્રિયા વધુ ઝડપી બનશે. નોંધવા જેવી બાબત એ છે કે, ગુજરાત હાઇકોર્ટમાં ચાલતી તકરારોમાંથી ૪૦ ટકા જેટલી લીટીગેશન તકરારો સૌરાષ્ટ્ર અને કચ્છમાંથી આવેલા છે. માટે રાજકોટને હાઇકોર્ટ બેંચ મળે તો ગુજરાત હાઇકોર્ટનું ભારણ ઘટશે અને કેસોની પેન્ડન્સી ઘટશે જેના થકી લોકો ઝડપી અને સસ્તો ન્યાય મળશે. ■

# ભાવનગરમાં ચાંદીપુરા વાઈરસનો વધુ એક કેસઃ સર.ટી.હોસ્પિટલમાં દાખલ, ત્રણ શંકાસ્પદ બાળદર્દીમાંથી એકનો રિપોર્ટ પોઝિટિવ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર જિલ્લામાં ચાંદીપુરા વાયરસનો ખતરો હજુ ટળ્યો નથી. ગત તા. ૯ જુલાઈએ મેલાણા ગામના બાળકનું ચાંદીપુરા વાયરસથી મૃત્યુ થયાની સત્તાવાર પુષ્ટિ બાદ હવે સર ટી. હોસ્પિટલમાં દાખલ કરાયેલા ત્રણ શંકાસ્પદ બાળ દર્દીઓમાંથી કાળતળાવ ગામના ૯ માસના બાળકનો ગાંધીનગર સ્થિત જીબીઆરસી લેબનો રિપોર્ટ પોઝિટિવ આવતા આરોગ્ય તંત્ર ફરી દોડતું થયું છે. બીજી તરફ મેલાણા અને ગણેશગઢ ગામની બે બાળકીના રિપોર્ટ નેગેટિવ આવતા તબીબોએ રાહતનો શ્વાસ લીધો હતો. સોમવારે એક જ દિવસમાં ગારિયાધાર તાલુકાના ગણેશગઢ ગામની અઢી વર્ષની બાળકી, વલ્લભીપુર તાલુકાના મેલાણા ગામની બે થી અઢી વર્ષની બાળકી અને કાળતળાવ ગામના ૯ માસના બાળકને ચાંદીપુરા જેવા લક્ષણો સાથે બાળરોગ વિભાગમાં દાખલ કરવામાં આવ્યા હતા. મેલાણા, ગણેશગઢ અને કાળતળાવ ગામના ત્રણે બાળકોના સેમ્પલ તપાસ માટે ગાંધીનગરની જીબીઆરસી લેબમાં મોકલવામાં આવ્યા હતા. ત્રણેય રિપોર્ટમાંથી કાળતળાવ ગામના ૯ માસના બાળકમાં ચાંદીપુરા વાયરસની પુષ્ટિ થઈ હતી. આ અંગે સર ટી. હોસ્પિટલના ઈન્ચાર્જ મેડિકલ સુપ્રિટેન્ડેન્ટ ડૉ. અશોક વાળા જણાવ્યું હતું કે, ‘‘જીબીઆરસી ગાંધીનગરના રિપોર્ટમાં એક કેસ પોઝિટિવ આવ્યો છે.

ગઈકાલે સર ટી. હોસ્પિટલમાં દાખલ શંકાસ્પદ ત્રણ બાળ દર્દીઓના કેસમાંથી માત્ર કાળતળાવ ગામના ૯ માસના બાળકનો ગાંધીનગર રિપોર્ટ ચાંદીપુરા વાયરસ માટે પોઝિટિવ આવ્યો છે. બાળકને આઈસોલેશન વોર્ડમાં સઘન સારવાર આપવામાં આવી રહી છે, જ્યારે અન્ય બંને બાળકીના રિપોર્ટ નેગેટિવ આવ્યા છે. ■

# રાજકોટ મનપાની સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં ₹ ૪.૨૦ કરોડનાં વિકાસકામોને મંજૂરી, ૧૩ દરખાસ્તો પાસ

રાજકોટ મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં શહેરના વિકાસને લગતા મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા હતા. બેઠક દરમિયાન કુલ રૂ. ૪.૨૦ કરોડના વિકાસકામોને મંજૂરી આપવામાં આવી હતી.

સ્ટેન્ડિંગ કમિટીએ શહેરના મુખ્ય રાજમાર્ગો પર થર્મોપ્લાસ્ટ રોડ માર્કિંગની કામગીરી સહિત કુલ ૧૩ વિકાસલક્ષી દરખાસ્તોને મંજૂરી આપી હતી. આ કામગીરીથી શહેરમાં ટ્રાફિક વ્યવસ્થા વધુ સુવ્યવસ્થિત બનશે તેમજ માર્ગ સલામતીમાં વધારો થશે તેવી આશા

**મંજૂર કરાયેલાં વિકાસકામો આગામી સમયમાં તબક્કાવાર શરૂ કરવામાં આવશે**

વ્યક્ત કરવામાં આવી છે.

આ ઉપરાંત શહેરમાં બાળકોને વધુ સારી પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માટે બે નવી આંગણવાડીના નિર્માણને પણ મંજૂરી આપવામાં આવી છે. મનપા દ્વારા મંજૂર કરાયેલા વિકાસકામો આગામી સમયમાં તબક્કાવાર શરૂ કરવામાં આવશે. ■

# જામનગરમાં બે વર્ષ પહેલાં ગુમ થનાર યુવાનની પત્નીએ જ પ્રેમી સાથે મળી હત્યા કર્યાનો ઘટસ્ફોટ થયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

જામનગર શહેરમાંથી બે વર્ષ પહેલાં ગુમ થયેલા એક યુવાનના પ્રકરણમાં ચોંકાવનારો ઘટસ્ફોટ થયો છે. શરૂઆતમાં ગુમ થયાનો કેસ ગણાતો આ બનાવ હવે પ્રેમપ્રકરણમાં થયેલી હત્યામાં ફેરવાયો હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે. મૃતકની પત્ની અને તેના પ્રેમીએ મળીને પૂર્વયોજિત કાવતરાના ભાગરૂપે યુવાનની હત્યા કરી મૃતદેહને દરેડ વિસ્તારમાં આવેલા એક કારખાનામાં ઊંડો ખાડો ખોદી દાટી દીધો હોવાનો પોલીસને શંકા આધારીત ખુલાસો થયો હતો.

પોલીસ તપાસ મુજબ, મૃતક જીગ્નેશ ધર્મેશભાઈ માવદીયાની પત્ની પૃથ્વી માવદીયાને નિલેશ મનસુખભાઈ કછેટીયા સાથે પ્રેમસંબંધ હતો. બંનેએ મળીને જીગ્નેશને રસ્તામાંથી દૂર કરવાનો પ્લાન બનાવ્યો હતો. તેના ભાગરૂપે જીગ્નેશને દારૂમાં સાયનાઇડ ભેળવી પીવડાવવામાં આવ્યું હતું, જેના કારણે તેનું મોત થયું હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે.

હત્યા બાદ બંને આરોપીઓએ પુરાવાનો નાશ કરવા મૃતદેહને દરેડ વિસ્તારમાં આવેલા એક કારખાનામાં લઈ જઈ અંદાજે ૧૨થી ૧૫ ફૂટ ઊંડો

**પતિને દારૂમાં સાઈનાઇડ ભેળવી પીવડાવતા તેનું મોત થયું**

ખાડો ખોદી જમીનમાં દાટી દીધો હોવાનું તપાસમાં બહાર આવ્યું છે.

આ સમગ્ર ઘટના બાદ પૃથ્વી માવદીયા સતત પરિવારજનોને એવું કહેતી રહી હતી કે તેનો પતિ ઓસ્ટ્રેલિયા ગયો છે અને જ્યાં તે નોકરી કરે છે ત્યાં કંપનીમાં મોબાઇલ ફોન રાખવાની કે વાત કરવાની મંજૂરી નથી. આ રીતે તેણે લગભગ બે વર્ષ સુધી પરિવારજનોને ગેરમાર્ગે દોર્યા હતા.

દરમિયાન મૃતકના ભાઈ અશોક ધરમશીભાઈ માવદીયાએ પોતાના ભાઈનો સંપર્ક કરાવવા આગ્રહ રાખતા અને પોલીસ સમક્ષ જવાની વાત કરતાં પત્ની ગભરાઈ ગઈ હતી. ત્યારબાદ પોલીસની પૂછપરછ દરમિયાન સમગ્ર કાવતરાનો ભેદ ખુલ્યો હોવાનું જાણવા મળ્યું હતું.

પોલીસે આરોપીઓના જણાવ્યા મુજબ દરેડ વિસ્તારમાં દર્શાવેલા સ્થળે ફોરેન્સિક નિષ્ણાતોની હાજરીમાં ખોદકામ શરૂ કર્યું છે. જમીનમાંથી માનવ અવશેષો મેળવવાની કાર્યવાહી ચાલી રહી છે, જેની વૈજ્ઞાનિક તપાસ બાદ વધુ પુરાવા એકત્ર કરવામાં આવશે.

આ સમગ્ર પ્રકરણમાં પોલીસે મૃતકની પત્ની પૃથ્વી બેન અને તેના પ્રેમી નિલેશ કછેટીયા સામે હત્યા સહિતના ગંભીર ગુનાઓ નોંધવાની કાર્યવાહી હાથ ધરી છે. બે વર્ષ સુધી ગુમ વ્યક્તિ તરીકે નોંધાયેલા કેસનો અંત પ્રેમપ્રકરણમાં થયેલી સનસનાટીભરી હત્યાના ભેદ સાથે આવતા સમગ્ર જામનગરમાં ભારે ચકચાર મચી છે. ■

# કચ્છના ૬૫ ટકા ડેમ ખાલીખમ, જળસંકટ ઉકેલવા વરસાદના સાર્વત્રિક રાઉન્ડની જરૂરિયાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ રણપ્રદેશ કચ્છમાં અડધો અષાઢ વીતી ગયા છતાં સંતોષકારક વરસાદ ન વરસતાં જિલ્લામાં જળસંકટની સ્થિતિ ઘેરી બની છે. અત્યાર સુધીમાં મોસમનો સરેરાશ માત્ર ૧૯ ટકા જેટલો જ વરસાદ નોંધાયો છે, જે સમગ્ર રાજ્યના તમામ ઝોનમાં સૌથી ઓછો છે. પૂરતા વરસાદના અભાવે જિલ્લાના મધ્યમ અને નાની સિંચાઈના કુલ ૧૯૦ પૈકી ૬૫ ટકા ડેમો હાલ તળિયાઝાટક બન્યા છે.

મધ્યમ સિંચાઈ યોજના હેઠળના કાયલા, સાનઘ્રો, રુદ્રમાતા અને ડોણ જેવા મુખ્ય ડેમો સાવ ખાલીખમ થઈ ગયા છે.

હાલ મધ્યમ કક્ષાના ડેમોમાં માત્ર ૨૫ ટકા અને નાની સિંચાઈના ડેમોમાં ૧૨ ટકા જેટલો જ જળસંગ્રહ બાકી રહ્યો છે.

છેલ્લા એક મહિનામાં નવી આવક ન થતાં અને વપરાશ વધતાં જળસ્તરમાં ઝડપથી ઘટાડો નોંધાયો છે. તાલુકાવાર સ્થિતિ જોઈએ તો માત્ર રાપર અને ભચાઉમાં કંઈક અંશે સારો વરસાદ થતાં નવા પાણીની આવક થઈ છે, જ્યારે બાકીના આઠ તાલુકાઓમાં સ્થિતિ ચિંતાજનક છે.

હાલમાં વરસેલો ધીમીધારનો વરસાદ ખેતી માટે થોડો આશ્વાસનરૂપ રહ્યો છે, પરંતુ ડેમ-તળાવોને છલકાવવા માટે ભારે વરસાદનો એક સાર્વત્રિક રાઉન્ડ અત્યંત જરૂરી બન્યો છે. ભૂતકાળમાં ઓગસ્ટ અને સપ્ટેમ્બરમાં પાછોતરો વરસાદ સારો રહ્યો હોવાના અનુભવોને આધારે હવે માલધારીઓ, ખેડૂતો અને ગ્રામજનો આગામી દિવસોમાં સર્જાનારી વરસાદી સિસ્ટમ પર મીટ માંડીને બેઠા છે. ■

# પશ્ચિમ રેલવે દ્વારા બાંદ્રા અને ગાંધીધામથી ચાલતી પાંચ સ્પેશ્યલ ટ્રેનોના ફેરા લંબાવાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ મુસાફરોની વધતી જતી ભીડ અને સતત રહેલી માંગને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ દ્વારા કચ્છ જિલ્લામાંથી આવતી-જતી પાંચ અગત્યની સ્પેશિયલ ટ્રેનોના ફેરા લંબાવવાનો મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો હતો. આ નિર્ણયથી આગામી ઓગસ્ટ માસ દરમિયાન મુંબઈ તેમજ બિહાર તરફ પ્રવાસ કરતા કચ્છના પ્રવાસીઓને મોટી રાહત મળશે.

રેલવે પ્રશાસન દ્વારા જાહેર કરાયેલી વિગતો મુજબ, બાંદ્રા ટર્મિનસ અને ભુજ વચ્ચે ચાલતી દ્વિ-સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન (નંબર ૦૯૦૩૭)ના

**પાંચ અગત્યની સ્પેશ્યલ ટ્રેનોના ફેરા લંબાવવાનો મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો**

ફેરા આગામી ૮ થી ૨૯ ઓગસ્ટ સુધી તથા સામે પક્ષે ટ્રેન નંબર ૦૯૦૩૮ (ભુજ-બાંદ્રા ટર્મિનસ)ના ફેરા ૯ થી ૩૦ ઓગસ્ટ સુધી લંબાવવામાં આવ્યા છે. આ ઉપરાંત, બાંદ્રા ટર્મિનસ-ભુજ સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન (નંબર ૦૯૦૦૯) ૯ થી ૩૦ ઓગસ્ટ અને ટ્રેન નંબર ૦૯૦૧૦ (ભુજ-બાંદ્રા ટર્મિનસ) ૧૦ થી ૩૧ ઓગસ્ટ સુધી કાર્યરત રહેશે. જ્યારે બાંદ્રા-ભુજ વચ્ચેની અન્ય એક સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન (નંબર ૦૯૦૧૧) ૧૧ થી ૨૫ ઓગસ્ટ અને સામે પક્ષે ટ્રેન નંબર ૦૯૦૧૨ (ભુજ-બાંદ્રા) ૧૨ થી ૨૬ ઓગસ્ટ સુધી સેવા આપશે.

કચ્છના આર્થિક પાટનગર ગાંધીધામથી ઉપડતી ટ્રેનોના ફેરામાં પણ વધારો કરવામાં આવ્યો છે. જે અંતર્ગત ગાંધીધામ અને ભાગલપુર વચ્ચે ચાલતી સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન (નંબર ૦૯૪૫૧)ના ફેરા ૨૮ ઓગસ્ટ સુધી અને ભાગલપુર-ગાંધીધામ સ્પેશિયલ ટ્રેન (નંબર ૦૯૪૫૨)ના ફેરા ૩૧ ઓગસ્ટ સુધી લંબાવવામાં આવ્યા છે.

રેલવે તંત્ર દ્વારા જણાવાયું છે કે, આ તમામ વિસ્તૃત ટ્રેનો માટેનું એડવાન્સ ટિકિટ બુકિંગ તા. ૨૯ જુલાઈથી રેલવેના તમામ પીઆરએસ કાઉન્ટરો તથા આઈઆરસીટીસીની વેબસાઇટ પર શરૂ થઈ જશે. ટ્રેનોના સમય, કોચ સંયોજન અને સ્ટોપેજ સંબંધિત વધુ વિગતો મેળવવા માટે મુસાફરોને રેલવેની અધિકૃત વેબસાઇટની મુલાકાત લેવા અનુરોધ કરવામાં આવ્યો છે. ■

# ગાંધીધામમાં શિપિંગ બિઝનેસમેનનું અપહરણ કરી ૫.૫૫ કરોડની ખંડણી વસૂલનારા સાત આરોપી ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ પૂર્વ કચ્છના ઔદ્યોગિક પાટનગર ગાંધીધામ ખાતે એક જાણીતા શિપિંગ બિઝનેસમેનને બંધક બનાવી, ઢોર માર મારીને દુબઈ રહેતા તેમના ભાઈ પાસેથી વિડિઓ કોલ મારફતે ૫.૫૫ કરોડ રૂપિયાની માતબર ખંડણી પડાવવાના સનસનાટીભર્યા કેસનો પૂર્વ કચ્છ પોલીસે પર્દાફાશ કર્યો છે. પોલીસે ગણતરીના દિવસોમાં જ આ કાવતરાના માસ્ટરમાઈન્ડ અને ફરિયાદીના અંગત મિત્ર સહિત સાત આરોપીઓની ધરપકડ કરી હતી. ઘટનાની વિગત મુજબ, અંજાર ખાતે રહેતા અને શિપિંગ બિઝનેસ સાથે સંકળાયેલા દિલીપભાઈ ગોકળભાઈ મજેઠીયા (ઠક્કર)નું ગત ૨૧ જુલાઈના રોજ તેમની ઓફિસના પાર્કિંગમાંથી કપટપૂર્વક અપહરણ કરવામાં આવ્યું હતું. જાણીતા મિત્રના ઓળખીતા હોવાનો દાવો કરીને જાવેદ સાથચા અને તેના સાગરીતો તેમને ગાંધીધામના સપનાનગર સ્થિત ઘરે લઈ ગયા હતા. ત્યાં તેમને દોરડાથી બાંધી, ગળા પર છરી રાખીને ૨૦ લાખ રૂપિયાની ખંડણી માંગવામાં આવી હતી.

દિલીપભાઈએ આંગડિયા મારફતે ૨૦ લાખનો હવાલો આપ્યો હતો, પરંતુ પોલીસ સક્રિય થતાં આરોપીઓ નાણાં લીધા વિના જ તેમને રસ્તામાં ઉતારીને ફરાર થઈ ગયા હતા. જોકે, પોલીસ તપાસ દરમિયાન મોટો ઘટસ્ફોટ થયો હતો કે, બંધક બનાવ્યા તે દરમિયાન આરોપીઓએ દુબઈ રહેતા દિલીપભાઈના ભાઈ નરેશભાઈને વીડિયો કોલ કરી, જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. તેનાથી ડરીને નરેશભાઈએ ક્રિપ્ટો કરન્સી મારફતે ૫,૮૪,૪૨૦ યુએસ ડૉલર (ભારતીય મૂલ્ય રૂ. ૫.૫૫ કરોડ) ટ્રાન્સફર કરી આપ્યા હતા. રેન્જ આઈજી અને એસપીના માર્ગદર્શન હેઠળ પોલીસે ૧૦ અલગ-અલગ ટુકડીઓ બનાવી તપાસ હાથ ધરી હતી. ટેકનિકલ અને હ્યુમન સર્વેલન્સના આધારે બહાર આવ્યું કે ફરિયાદીનો ખાસ મિત્ર હર્ષ સદાદપુરી (રહે. અંજાર) આ આખા કાવતરાનો મુખ્ય સૂત્રધાર હતો. દેવામાં ડૂબેલા હર્ષે દિલીપભાઈની આર્થિક સ્થિતિથી વાકેફ હોવાથી આ પ્લાન બનાવ્યો હતો. ક્રિપ્ટો કરન્સી મારફતે નાણાં ટ્રાન્સફર કરાવવા માટે આદિપુરના રાજ ઘનવાણી સહિતના અન્ય ગુનાહિત પૃષ્ઠભૂમિ ધરાવતા સાગરીતોની મદદ લેવાઈ હતી. પોલીસે દિલ્હીથી માસ્ટરમાઈન્ડ હર્ષની ધરપકડ કરી સાત આરોપીઓને જેલભેગા કર્યા હતા અને તેમની પાસેથી રૂ. ૯.૬૮ લાખ રોકડા તથા ૧૧ મોબાઈલ ફોન જપ્ત કર્યો હતો. ફરાર સાગરીતો હજુ ફરાર હોઈ પોલીસ તેમને શોધી રહી છે. ઝબ્બે થયેલા તમામ આરોપીઓ અગાઉ સાયબર ફ્રોડ, ઓઇલ ચોરી અને પ્રોહિબિશન મુખ્ય આરોપી જાવેદ અને તેના બે ચોરી અને પ્રોહિબિશન જેવા ગંભીર ગુનાઓમાં સંડોવાયેલા હોવાનું પણ બહાર આવ્યું છે. ■

# જામનગરના સણોસરી ગામમાં એસએમસીનો દરોડોઃ ₹ ૧.૦૮ કરોડથી વધુનો દારૂનો જથ્થો ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

જામનગર ગુજરાત રાજ્યની મોનિટરિંગ સેલ (એસએમસી) ગાંધીનગરની ટીમ અને લાલપુર પોલીસની સંયુક્ત કાર્યવાહીમાં લાલપુર તાલુકાના સણોસરી ગામની સીમમાં આવેલી એક વાડી પર દરોડો પાડી ઈંગ્લીશ દારૂનો વિશાળ જથ્થો ઝડપી પાડવામાં આવ્યો હતો. પોલીસે કુલ અંદાજે રૂ. ૧,૦૦,૮૫,૫૩૦નો મુદ્દામાલ કબજે કરી ત્રણ આરોપીઓની ધરપકડ કરી હતી, જ્યારે મુખ્ય સુત્રધાર સહિત અન્ય દસ આરોપીઓ ફરાર હોવાનું બહાર આવ્યું હતું.

પોલીસ ફરિયાદ મુજબ, તા. ૨૮ જુલાઈની રાત્રિથી તા. ૨૯ જુલાઈના પરોઢિયા દરમિયાન સણોસરી ગામની સીમમાં નગાભાઈ ભીમશીભાઈ ડાંગરની વાડીમાં ટેન્કર મારફતે દારૂનો વિશાળ જથ્થો ઉતારવામાં આવ્યો હોવાની બાતમીના આધારે સ્ટેટ મોનિટરિંગ સેલે દરોડો પાડ્યો હતો.

કાર્યવાહી દરમિયાન પોલીસે નગાભાઈ ભીમશીભાઈ ડાંગર (ઉ.વ. ૭૦), હેમત નગાભાઈ ડાંગર (ઉ.વ. ૩૦) તથા સુરજપ્રકાશ સુમેરસિંહ જાટ (ઉ.વ. ૩૨, મૂળ રાજસ્થાન)ની ધરપકડ કરી હતી.

પોલીસની તપાસમાં ખુલ્યું હતું કે સણોસરીના ગોવિંદ ભાયા ડાંગર દ્વારા રાજસ્થાનના જીતેન્દ્રસિંહ અને પવનસિંહના સંપર્કથી પંજાબના પટિયાલાથી ભારતીય બનાવટનો વિદેશી દારૂ મંગાવવામાં આવ્યો હતો.પોલીસે દરોડો પાડી સમગ્ર કાવતરાનો પર્દાફાશ કર્યો હતો. પોલીસે સ્થળ પરથી ટ્રક કિંમત રૂ. ૨૦ લાખ, દારૂની ૫,૯૩૦ બોટલો કિંમત રૂ. ૭૭.૦૯ લાખ, ઉપરાંત મકાનમાંથી મળેલી ૪૮ બોટલો, રોકડ રકમ, ત્રણ મોટરસાયકલો, મોબાઇલ ફોન, ફાસ્ટેગ, દસ્તાવેજો તથા અન્ય સામાન સહિત કુલ રૂ. ૧,૦૦,૮૫,૫૩૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. ■

# કચ્છમાં ૧૬ નાયબ મામલતદારોની વહીવટી કારણોથી આંતરિક બદલી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ કચ્છ જિલ્લા કલેક્ટર કચેરી દ્વારા વહીવટી સુગમતા અર્થે મહેસૂલી મહેકમમાં ફરજ બજાવતા વર્ગ-૩ ના ૧૬ નાયબ મામલતદારોની આંતરિક બદલીઓના હુકમો કરવામાં આવ્યા હતા.

જાહેર કરાયેલા આદેશ મુજબ, અંજાર મામલતદાર કચેરીના આર.પી. પ્રજાપતિને ભુજ કલેક્ટર કચેરીની નવરચિત લેન્ડ ગ્રેબિંગ-૨ શાખામાં તથા ભુજ હક્કપત્રક શાખાના એમ.એસ. ઝાલાને ભુજ પ્રાંત કચેરી ખાતે શિરસ્તેદાર તરીકે નીમવામાં આવ્યા છે. આ ઉપરાંત, ગાંધીધામના એ.પી. બેડીયાવદરને કલેક્ટર કચેરીની મહેસૂલ શાખામાં મુકાયા છે.

અન્ય ફેરબદલોમાં, મહેસૂલ શાખા ભુજના એ.એચ. કટારાને અંજાર પ્રાંત કચેરીની સમાજ સુરક્ષા શાખા, ટી.આર. વ્યાસને ભુજ જમીન સંપાદન અને કે.સી. સુથારને અપીલ શાખામાં જવાબદારી અપાઈ છે. જ્યારે વી.એમ. ગઢવીને

**અંજાર મામલતદાર કચેરીના આર. પી. પ્રજાપતિની ભુજ કલેક્ટર કચેરીની નવરચિત લેન્ડ ગ્રેબિંગ-૨ શાખામાં બદલી**

અબડાસા એટીવીટી, એમ.જે. સીસોદિયાને ભુજ હક્કપત્રક શાખા, એચ.એમ. જોષીને લખપત મભોયો-૨ તેમજ પી.એ. મોદીને ગાંધીધામ મહેસૂલ સાથે ચોમાસું કામગીરીનો વધારાનો ચાર્જ સોંપાયો છે.

તદુપરાંત, એમ.પી. અંદરપાને અંજારથી ભુજ મહેસૂલ, એસ.જી. ઠક્કરને લખપત દબાણ-૨, એ.આર. ઝાલાને ભુજ ગ્રામ્ય મહેસૂલ (ચોમાસું ચાર્જ સાથે), એ.આર. વ્યાસને ભુજ મેજિસ્ટ્રેટ શાખા, જે.એન. ઝાલાને લખપત એટીવીટી અને નખત્રાણા પ્રાંત કચેરી તથા જી.એલ. હુનને ભુજ હક્કપત્રક સાથે કલેક્ટર પી.એ. તરીકેની નવી જવાબદારી સોંપવામાં આવી હોવાનું જાણવા મળ્યું હતું. ■

# અમરેલીના સાવરકુંડલામાં ઇન્ગોરીયા બનાવતા દારૂખાનામાં દુર્ઘટનામાં યુવકનું સારવાર દરમિયાન મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમરેલી જિલ્લાના સાવરકુંડલામાં દિવાળીના તહેવાર દરમિયાન ઉપયોગમાં લેવાતા પરંપરાગત કોકડા (ઇન્ગોરીયા) બનાવવાની પ્રક્રિયા દરમિયાન ગંભીર દુર્ઘટના સર્જાઈ હતી. હર્બલ દારૂખાનામાંથી કોકડા તૈયાર કરતી વખતે અચાનક તિખારો ઉડતા આગ ભભૂકી ઊઠી હતી, જેમાં ૧૭ વર્ષીય કિશન બાબુભાઈ મકવાણા ગંભીર રીતે દાઝ્યો હતો. યુવકને તાત્કાલિક સારવાર માટે રાજકોટ ખસેડવામાં આવ્યો હતો, પરંતુ સારવાર દરમિયાન તેનું દુઃખદ અવસાન થયું હતું. પ્રાથમિક માહિતી અનુસાર, કોકડા બનાવવા માટે કોલસો, સૂરોખાર અને ગંધક જેવા પદાર્થોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો હતો. આ દરમિયાન ઇલેક્ટ્રિક ઘંટીમાં શોર્ટ સર્કિટ થવાથી અથવા પ્રક્રિયા દરમિયાન તિખારો ઉડતા આગ લાગી હતી, જેના કારણે સમગ્ર ઘટના બની હોવાનું બહાર આવ્યું હતું. સાવરકુંડલા પોલીસ ઘટનાની જાણ થતાં જ સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી હતી. સમગ્ર બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે. સાવરકુંડલા પોલીસ ઇન્સ્પેક્ટર કે.બી. સોલંકીએ જણાવ્યું હતું કે, ‘‘ઇન્ગોરીયા બનાવવાની પ્રક્રિયા દરમિયાન તિખારો ઉડતા આ દુર્ઘટના બની હતી. ગંભીર રીતે દાઝેલા યુવકનું રાજકોટમાં સારવાર દરમિયાન મોત થયું છે. મૃતદેહનું પોસ્ટમોર્ટમ ચાલી રહ્યું છે અને સમગ્ર ઘટનાની તપાસ હાથ ધરવામાં આવી છે.’’

આ દુર્ઘટનાએ સમગ્ર વિસ્તારમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. દિવાળી જેવા તહેવારોમાં ફટાકડા અથવા દારૂખાનાં સંબંધિત સામગ્રી તૈયાર કરતી વખતે અત્યંત સાવચેતી રાખવાની જરૂરિયાત આ ઘટનાએ ફરી એકવાર ઉજાગર કરી છે. ■

# ભુજ તાલુકાના ધાણેટી ખાતે ટ્રાફિક સમસ્યાના ઉકેલ માટે ₹૩૫.૬૫ કરોડના ખર્ચે બે અંડરપાસ મંજૂર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ તાલુકાના ઔદ્યોગિક રીતે વિકસતા ધાણેટી ગામના સર્વાંગી વિકાસ અને વર્ષો જૂની ટ્રાફિક સમસ્યાના કાયમી ઉકેલ માટે રાજ્ય સરકાર દ્વારા રૂ. ૩૫.૬૫ કરોડના ખર્ચે બે અંડરપાસના નિર્માણ માટે મંજૂરી આપવામાં આવી છે. સ્થાનિક ઉદ્યોગો, ચાઇનાક્લે અને ટ્રક ટ્રાન્સપોર્ટ વ્યવસાય તેમજ ભવિષ્યની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને ધાણેટી ગ્રામ પંચાયત અને ગ્રામજનો દ્વારા કરાયેલી રજૂઆતો રંગ લાવી છે.

ધાણેટીના રામકૃષ્ણ નગર ખાતે રૂ. ૧૭.૫૦ કરોડના ખર્ચે વ્હીકલ અંડરપાસ તેમજ ભુજ-ભચાઉ હાઇસ્પીડ કોરિડોર પર ધાણેટી બસ સ્ટેશન પાસે રૂ. ૧૮.૧૫ કરોડના ખર્ચે લાઇટ વ્હીકલ અંડરપાસ અને બંને બાજુ સ્લિપ રોડનું નિર્માણ કરવામાં આવશે.

ધોરીમાર્ગ પર સતત વધતા

**ધાણેટી અને આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં આનંદનો માહોલ છવાયો છે**

વાહનવ્યવહાર વચ્ચે ગ્રામજનો, ખેડૂતો, પશુપાલકો અને શાળાના બાળકોની સુરક્ષા માટે આ અંડરપાસ અત્યંત જરૂરી હતા. બજેટ મંજૂર થતાં જ ધાણેટી અને આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં આનંદનો માહોલ છવાયો છે. સ્થાનિક આગેવાનો, વેપારીઓ અને ઉદ્યોગકારોએ આ નિર્ણયને આવકારી જણાવ્યુ હતું કે, અંડરપાસ બનવાથી અકસ્માતો અટકશે અને વાહનવ્યવહાર વધુ સુગમ બનશે. ■

# ગાગોદર નજીક એસએમસીની ટીમ ત્રાટકી ₹ ૪૮.૩૫ લાખના શરાબ ભરેલા ટ્રેલર સાથે બે ઝડપાયા, કૂલ ₹ ૭૮.૫૭ લાખનો મુદ્દામાલ જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ પૂર્વ કચ્છ પોલીસને ઊંઘતી રાખીને સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે વધુ એકવાર સપાટો બોલાવ્યો હતો. ગાંધીધામ બી ડિવિઝન પોલીસે રૂ. ૫૧ લાખનો દારૂ ભરેલું ટેન્કર પકડ્યાના ગણતરીના કલાકોમાં જ રાજ્યસ્તરની એસએમસીએ ગાગોદર પોલીસ મથકની હદમાંથી રૂ.૪૮.૩૫ લાખનો વિદેશી શરાબ ભરેલું ટ્રેલર ઝડપી પાડતાં પૂર્વ કચ્છમાં બૂટલેગરો બેફામ બન્યા હોવાનું વધુ એકવાર ફલિત થયું હતું. મળતી માહિતી મુજબ, એસએમસીની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે સામખિયાળી તરફ જતા ધોરીમાર્ગ પર આવેલી જય ગોગા રાજસ્થાન હોટેલના પાર્કિંગમાં વિદેશી દારૂ ભરેલું એક ટ્રેલર પડ્યું છે. જેના આધારે પોલીસે દરોડો પાડીને ટ્રેલર સાથે તેના ડ્રાઇવર અને ક્લીનરને ઝડપી લીધા હતા. મોડી રાત્રે ટ્રેલરને પોલીસ મથકે લાવી તપાસ કરતા તેમાંથી અલગ-અલગ બ્રાન્ડની વ્હિસ્કીની કુલ ૧૩,૫૦૦ બોટલો (કિંમત રૂ ૪૮,૩૫,૬૬૬) મળી આવી હતી.

પોલીસની પ્રાથમિક પૂછપરછમાં ટ્રેલર ચાલક શ્રવણકુમાર પુરારામ મેઘવાલ (રહે. ચૌહટન, બાડમેર, રાજસ્થાન)એ ખુલાસો કર્યો હતો કે સાંચોરના નારાયણ દીપારામ જાટે તેને બાડમેરમાં દારૂ ભરેલું ટ્રેલર સોંપી સામખિયાળી પહોંચાડવા જણાવ્યું હતું. આ ફેરા માટે તેને રૂ ૩૦,૦૦ રૂપિયા મળવાના હતા, જેમાંથી રૂ ૫,૦૦૦ આપવાની લાલચ આપી તેણે ચેનારામ ડોલુરામ જાટને ક્લીનર તરીકે સાથે રાખ્યો હતો.

આરોપીએ વધુમાં કબૂલ્યું હતું કે ગત ૧૯ જુલાઈના રોજ પણ તે આ જ રીતે દારૂનો જથ્થો લઈને કચ્છ આવ્યો હતો. સામખિયાળી ટોલ નાકાથી ૨૦૦ મીટર આગળ ટ્રેલર ઊભું રાખ્યા બાદ 'જય માતાજી' કોડવર્ડ બોલીને આવેલી એક અજાણી વ્યક્તિને ગાડી સોંપી દીધી હતી, જે માલ ખાલી કરીને બીજા દિવસે ટ્રેલર પરત આપી ગઈ હતી. પોલીસ તપાસ દરમિયાન ટ્રેલરમાંથી મળેલા આરસી બુક અને ઇન્સ્યોરન્સ કાગળો મુજબ પોલીસને ગેરમાર્ગે દોરવા માટે વાહનની નંબર પ્લેટ બદલવામાં આવી હતી. દારૂ રાજસ્થાનની ડિસ્ટિલરીમાંથી ભરીને સાંચોર, નેનાવા બોર્ડરથી ધાનેરા, ડીસા, રાધનપુર અને સાંતલપુર થઈ સામખિયાળી તરફ જઈ રહ્યો હતો. રસ્તામાં ગાગોદર પાસે હોટેલ પર રોકાયા તે દરમિયાન જ રાજ્યસ્તરની પોલીસે ત્રાટકીને બંને આરોપીઓને દબોચી લીધા હતા. પોલીસે રૂ ૪૮.૩૫ લાખનો દારૂ, રૂ ૩૦ લાખનું ટ્રેલર, રૂ.૧૧,૯૩૦ ની રોકડ રકમ અને રૂ.૧૦,૦૦૦ ના બે મોબાઈલ ફોન મળી કુલ રૂ.૭૮.૫૭ લાખનો મુદ્દામાલ જપ્ત કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ■